ગાદ્યરંગ

ગાંધીકુલ

ગદ્યરંગ


: સંપાદકો :

પ્રો. વ્રજરાય મુકુન્દરાય દેસાઈ, એમ. એ.
અંગ્રેજીના અધ્યાપક, એમ. ટી. બી. કૉલેજ, સૂરત
પ્રો. કુંજવિહારી ચૂનીલાલ મહેતા, એમ. એ.
ગુજરાતીના અધ્યાપક, એમ. ટી. બી. કૉલેજ, સૂરત



ગાંડીવ સાહિત્ય મંદિર
હુવાડિયો ચકલો : સુરત

મુદ્રક : પ્રકાશક
ધ્રુવકુમાર ન. માલવી
ગાંડીવ સાહિત્ય મંદિર વતી–
'ગાંડીવ' મુદ્રણાલય
હવાડિયો ચકલો, **સૂરત**



(સર્વ હક સ્વાધીન)

સંવત ૨૦૧૩
સન ૧૯૫૭
કિં. ૩–૪–૦

વિવેચન તથા લેખન દ્વારા
ઉપાસ્ય શક્તિ અને સૌન્દર્યધામ
તરીકે
ગુજરાતી ગદ્યની
પ્રતિષ્ઠા કરનાર
પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીને
આદરપૂર્વક

પ્રાસ્તાવિક

શિક્ષિત જિજ્ઞાસુને લક્ષમાં રાખી આ સંગ્રહની યોજના કરી છે. એવા વાચકને ગુજરાતી ગદ્યસાહિત્યની વિવિધતા તથા શક્તિ અને રસમયતાનું ભાન કરાવવું, અને તેટલો તેની જિજ્ઞાસાને વેગ આપવો એવો આ સંગ્રહનો ઉદ્દેશ છે. જિજ્ઞાસુએ મન ભરવા માટે માત્ર નવલસાહિત્ય તરફ મીટ માંડવાની જરૂર નથી એમ સમજી નવલકથા નવલિકા સિવાયના ગદ્યમાંથી ગુજરાતનું અર્વાચીન જીવન, એનું વૈચારિક અને સામાજિક ચિત્ર, ઉપસાવવાનો અહીં એક નમ્ર પ્રયત્ન છે.

ગુજરાતી ગદ્યશૈલીના ઉત્કૃષ્ટ પ્રકારોનું દર્શન નવલસાહિત્યમાં થાય છે તે અહીં નથી—ગોવર્ધનરામાદિ કર્તાઓ અહીં નથી—એટલું જ નહિ, ઇતર સઘળા સમર્થ ગદ્યકારો પણ આ સંગ્રહમાં લઈ શકાયા નથી. તેમ જ એમાં સમાતા ગદ્યકારોનું ઉત્તમ પ્રતિનું જ ગદ્યલેખન અહીં રજૂ થયું છે એમ પણ નથી. અહીં જે વિષયનો એમનો લેખ લેવાયો છે તેથી વધારે રસિક વા ઉપયોગી વા મહત્ત્વપૂર્ણ વિષયો પણ એમણે ગદ્યમાં આલેખેલા છે. કર્તાઓની વ્યક્તિતા કરતાં, એકંદરે જોતાં, ગુજરાત પ્રદેશના માનસની વૈયક્તિક વિવિધતા તથા સમગ્રતા દર્શાવવા તરફ આ સંગ્રહનો ઝોક છે. ગુજરાતી ગદ્ય સાહિત્યની વિવિધતા અને શક્યતાઓનું અહીં આછુંપાતળું દર્શન કરાવી શકાયું હોય તો અમે અમારો પ્રયત્ન સફળ સમજીશું.

આ લેખો છેલ્લાં સોથી ઓછાં વર્ષોમાં લખાયા છે. એ સમયમાં આપણા જીવનક્રમમાં અનેક નાનાંમોટાં પરિવર્તન થયાં છે. એ છતાં ગુજરાતનું જીવનચિત્ર અને વિચારતંત્ર આ લેખોમાં પ્રગટ થાય છે તે જ સામાન્ય રીતે આજ પણ વર્તમાન છે. પ્રમાણવૃદ્ધિની દિશામાં પ્રગતિ થઈ છે, પણ પાયાનું તત્ત્વ અહીં દર્શાવાય છે તે જ રહ્યું છે. છેલ્લાં સો વર્ષનો અહીં ઇતિહાસ નથી. પણ એ ઇતિહાસની જીવંત

કાચી સામગ્રી વા પ્રત્યક્ષવત્ જીવનનાં સર્વ નહિ તો અનેક પાસાં અહીં દૃષ્ટિગોચર થશે; એ પાસાંના ઘડનારાનું માનસ ચિત્ર ખડું થશે. એ સામગ્રી પર ઝીણી વેધક નજર નાખીને કે ઉપરછલ્લી નજર નાખીને પણ વાચકની ચિત્તસ્થલી પર આધુનિક ગુજરાતનો સ્થિર ખ્યાલ આકાર પામે એવી સંપાદકોની અપેક્ષા છે.

સઘળા શિક્ષિત વાચકો નવલકથાકાર કે નવલિકાકાર થવાની ઉમેદ રાખતા ન હોય, પરંતુ દરેક એક યા બીજા પ્રકારનું ગદ્યલેખન—પ્રસિદ્ધિ અર્થે નહિ પણ પોતાની અંગત વ્યાવહારિક જરૂરિયાતને વા પોતાના માનસિક વલણને અનુલક્ષીને—કેળવવાની તો ઉમેદ રાખે જ. એવા શિક્ષિત વાચકોને પોતપોતાની રુચિને અનુસરતું ગદ્યલેખન કેળવવાને ઉપયોગી દૃષ્ટાંતો મળી રહે એટલું વૈવિધ્ય આ ટૂંકા બસો પાનાંના ફલક ઉપર ગોઠવાયું છે. લખવા માટે તો કોણ જાણે પણ વાંચવાને માટે રુચિતંત્રના વિકાસની એક વધારે તક આ સંગ્રહથી મળશે. સૌ વાચનનો આરંભ પ્રથમ તો આનંદની જ શોધમાં થવો જોઈએ. મન ભરવાની, મન સમૃદ્ધ કરવાની, વિવેચકનો નીરક્ષીરવિવેક કેળવવાની તથા ઐતિહાસિક દૃષ્ટિ ખીલવવાની વાત તો પછી આવે. અમને આશા છે કે અહીં આપેલા લેખો વાચકના આનંદનું કારણ બનશે: મનોરમ નીવડશે. એથી વિશેષ ઇચ્છનારને 'ઉપોદ્‌ઘાત' સહાયભૂત થશે.

આ સંગ્રહની રચના કરવા પ્રેરણા કરી તે કાર્યમાં ઉત્તેજન તથા માર્ગદર્શન આપવા માટે પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના અમે ખૂબ ઋણી છીએ. એના પ્રકાશનનું સાહસ ઉપાડવા માટે શ્રી નટવરલાલ માળવી તથા ગાંડીવ સાહિત્ય મંદિર, સૂરતના આભારી છીએ. પ્રકાશનની સંમતિ આપનાર કર્તાઓ વા તેમના પ્રતિનિધિઓનો કૃતજ્ઞતાપૂર્વક નિર્દેશ અન્યત્ર કર્યો છે. વાચકો તથા વિવેચકો તરફથી મળનાર સૌ સૂચનાઓ ધ્યાનથી વિચારી ભવિષ્યમાં સંગ્રહની ઉપયોગિતા વધારવા અમને હોંશ છે.

એમ. ટી. બી. કૉલેજ,
સૂરત, તા. ૧૦-૭-૫૬

વ્રજરાય દેસાઇ
કુંજવિહારી મહેતા

ઉપોદ્ઘાત

ગુજરાતી ગદ્યનો વિકાસ

આનંદશંકરે એક સ્થળે કહેલું કે અર્જુન પહેલાં પણ બાણાવળી હતા. અંગ્રેજીમાં કહે છે કે એકિલિઝ પહેલાં પણ મહાવીરો હતા. ઇતિહાસરૂપ કાવ્ય અર્જુન કે એકિલિઝને ઓળખેઓળખાવે એનો અર્થ એ નથી કે વાસ્તવિક રીતે જોતાં તેમની આગળ કોઈ વીર પૂર્વજ થયા નથી. આ હકીકત બીજાં અનેક ક્ષેત્રો પેઠે ગુજરાતી ગદ્યને પણ લાગુ પડે છે. આધુનિક જીવનનું ઘડતર નર્મદાદિના સમયથી થવા માંડ્યું. આધુનિક વિચારપ્રણાલીઓનો આરંભ ત્યારથી થયો, અને સામાજિકાદિ જીવનની પુનર્ઘટના અર્થે વિચારોનો પ્રસાર કરવાની આવશ્યકતા ઊભી થતાં સ્પષ્ટ સરળ સમુચિત ગદ્યલેખનનો આરંભ થયો. પરંતુ તે પહેલાં શિષ્ટ સંસ્કૃતમય ગદ્યલેખન ન હતું એવી ભ્રમણાનો આધુનિક સંશોધને પૂરો નિરાસ કર્યો છે. વસ્તુતઃ સિદ્ધરાજ અને હેમચંદ્રના સમયમાં સંસ્કૃત ભાષા દ્વારા પ્રાદેશિક ભાષાના ઉત્થાનનો યુગ શરૂ થએલો ને તેના ફળરૂપ તત્કાલીન હેતુઓને અનુલક્ષીને વિવિધ કોટિનું ગદ્ય ખેડાતું ચાલ્યું. અર્વાચીન યુગના આરંભ પૂર્વે એ ઉત્થાન વિશીર્ણ દશાને પામેલું, એટલે ઓગણીસમા શતકમાં જાણે પહેલવહેલા જ આપણે નવજીવન અનુભવતા થયા ને તેથી ત્યારે જ પ્રથમ ગદ્ય–સાહિત્ય સર્જંતા થયા એ લાગ્યું, ને યથાર્થ રીતે લાગ્યું.

કવિ દલપતરામના જન્મવર્ષમાં સ્વામી સહજાનંદ સૌરાષ્ટ્ર તથા ગુજરાતમાં ઠેરઠેર વ્યાખ્યાનસભાઓ યોજી વેદાન્તાદિ તત્ત્વચર્ચા કરતા હતા. તેની નોંધો 'વચનામૃત' નામે પ્રસિદ્ધ છે, ને હજી પણ જિજ્ઞાસુઓ વાંચે છે એટલું જ નહિ, કેટલાક તેનો નિત્ય પાઠ કરે છે. ગદ્યની ઐતિહાસિક શ્રેણીમાં કોઈ એને પૂર્વકાળના અંતિમ પરિપાકરૂપે મૂકે, તો કોઈ એને વર્તમાન ગદ્યના પ્રારંભિક સ્વરૂપ લેખે ગણે. એ ગદ્યનો પ્રવાહ એક અલગ નીકમાં રહ્યો હોવાથી ભવિષ્યના ગદ્યઘડતરમાં એનો ભાગ ન જેવો જ છે. નર્મદાદિના શ્રેષ્ઠ ગદ્યના નમૂના ખરેખર નમૂનેદાર બની શક્યા છે તેના મૂળમાં એ લેખકોની વ્યક્તિમત્તાનું બળ તો છે જ; વળી તેમને મળેલી ને સ્વપ્રયત્ને મેળવેલી અંગ્રેજી સંસ્કૃત સાહિત્યની કેળવણી પણ છે. છતાં પ્રેમાનન્દાદિથી આરંભી દયારામ તથા સહજાનન્દી કવિઓ દ્વારા ગુજરાતી ભાષાનું વિવિધલક્ષી ખેડાણ થઈ ચૂક્યું હતું એ હકીકતનો એ ગદ્યના ઘડતરને સુસાધ્ય નહિ તો ઓછું દુઃસાધ્ય બનાવવામાં જેવોતેવો ફાળો નથી. વિવેચક નવલરામે એ સૌ કવિઓનો ઉલ્લેખ કરી 'સંસ્કૃતમય ગુજરાતી' નામે લેખમાં કહ્યું છે :

'તેમનામાં ભાષાબળ જોઈએ તેવું હોવાથી તે કામ તેઓને હાથ કેવું સફળ થયું તે ગુજરાતની તમામ પ્રજા જાણે છે. પ્રયાસ, અભ્યાસ ને સૂક્ષ્મ બુદ્ધિ એ તેમને બેશક બહુ જ વાપરવાં પડ્યાં હશે અને તે પ્રમાણે જે હાલના લખનાર કરે તો તેમને પણ માલૂમ પડે કે ગુજરાતી ભાષા મનના ધાર્યા વિચાર બહાર પાડવાને કેવી બળવાન છે.'

આ સમજદારીના બોલ લખનાર નવલરામ નર્મદાશંકરથી માત્ર ત્રણ વર્ષ નાના હતા, ને 'આપણી દેશજનતા' લખાતી વેળા દુર્ગારામ મહેતાજીની 'માનવ ધર્મસભા'ને સ્થપાયાં માંડ પચ્ચીસ વર્ષ થયાં હતાં. ગુજરાત વર્નાકયુલર સોસાયટી (ગુજરાત વિદ્યાસભા), અમદાવાદ અને બુદ્ધિવર્ધક સભા, મુંબઈ તો માનવધર્મસભા પછી કેટલેક વર્ષે સ્થપાઈ. એ જોતાં તો સ્પષ્ટ થાય છે કે ગુજરાતી ભાષામાં ને તેના લખનારામાં

જે સ્વત્વ ને સત્ત્વ હતાં તેમણે જ મુખ્યત્વે ગુજરાતી ગદ્યનો વિકાસ સરળ બનાવ્યો. શૈલીના આપણા આદર્શનો પણ ક્રમિક વિકાસ થયો છે, એટલે એક તરફ જ્યે નર્મદાદિ પ્રત્યે આપણને વડીલપણું દાખવવું ઘટતું નથી, તો બીજી તરફ નિરપેક્ષ ધોરણોથી આપણી ગદ્યશૈલીઓની તુલના થાય તે જ યોગ્ય છે. એ ધોરણોનો ખ્યાલ બાંધવામાં નીચેની ચર્ચા તથા 'ગદ્યરંગ'માં આવતા લેખો સાહાય્ય કરશે.

'અર્વાચીન ચિન્તનાત્મક ગદ્ય'ના કર્તા પ્રો. ત્રિવેદી લયદ્રાણાની દૃષ્ટિએ નર્મદની શૈલીને 'ડમણિયા પ્રકારની' કહે છે, છતાં સ્વીકારે છે કે ૧૮૭૦ના નર્મદનાં 'વિચાર–શૈલી ઘણા વિષયમાં પરિપક્વ થયાં છે. આ સમયનો "આપણી દેશજનતા"નો નિબંધ સમર્થ અને હજી પણ પરિપક્વ કહી શકાય એવો છે.' (પૃ. ૧૮) ઓગણીસમી સદીના ઉત્તરાર્ધના ચાર અગ્રણીઓને આનંદશંકર ધ્રુવે જળાશયો કલ્પ્યા છે : નર્મદ વેગીલો જુસ્સાવાળો જળધોધ છે, નવલરામ શાન્ત નિર્મળ તળાવ, ગોવર્ધનરામ વિશાળ ગંભીર 'મીઠો મહેરામણ', અને મણિલાલ 'આડાં અવળાં વહેતાં અનેક નાનાં ઝરણાંને પોતામાં ખેંચી લઈ આસપાસનાં ખેતરોને વધારે ફળદ્રૂપ કરતી મહા નદી'. 'નાટકશાળા'ના લેખકને અનુલક્ષીને પ્રો. ત્રિવેદી કહે છે કે પ્રત્યક્ષ બોધ સારુ કે ઉદ્બોધનને પ્રસંગે નવલરામનો ગદ્યઢાળો નર્મદાશંકરને વારંવાર અનુસરે છે, છતાં 'શૈલીમાં સમત્વ, વિચારમાં વધારે સમન્વય, પદ્ધતિમાં વધારે તટસ્થતા, અને સિદ્ધિમાં વધારે સ્થિરદ્યુતિત્વ એ લક્ષણો નવલરામને નર્મદથી ગદ્યકાર અને વિવેચક તરીકે જુદા પાડે છે." (પૃ. ૩૭) એ જ ગ્રંથમાં આ સમર્થ વિવેચક અન્યત્ર કહે છેઃ 'નર્મદ યુગના ગદ્યકારોમાં નર્મદ, નવલરામ ને નંદશંકર પછી મનઃસુખરામનું નામ આવે... એમના પુરોગામીઓમાં નંદશંકર અને નવલરામને બાદ કરતાં, એમની શૈલીની પ્રૌઢિ અને "સમતા" બીજામાં ભાગ્યે જ જણાય છે. કોઈ સ્થળે તો અનુગામી ગોવર્ધનરામનો રણકો સંભળાય છે. વળી સંસારનીતિ વિષે પણ સૂક્ષ્મ વિચાર કરવાનું બળ મનઃસુખરામનું જણાય છે.' (પૃ. ૧૦૮)

નર્મદને ભલે આપણે યુગપ્રવર્તક કહીએ, પણ આ સૌ અને અન્ય લેખકો ચારપાંચ વર્ષના ગાળામાં જન્મેલા, એ વિચારતાં આપણી નજર યુગની વિવિધ સમૃદ્ધિ ઉપર ઠરવી જોઈએ.

એક યુગ અને બીજા યુગ વચ્ચે અંતર પણ કેટલું થોડું છે! થિયૉસૉફિનાં સ્થાપક મદામ બ્લાવાત્સ્કિને આવકાર આપવા મુંબઈના આર્યસમાજીઓએ યોજેલા સમારંભમાં નર્મદાશંકર હાજર રહેલા; અને તે સમયે મણિલાલ નભુભાઈ એલ્ફિન્સ્ટન કૉલેજમાં વિદ્યાર્થી હતા. ગોવર્ધનરામથી ત્રણ વર્ષે નાના પણ નવ વર્ષ વહેલા અવસાન પામેલા મણિલાલ દ્વિવેદીને જે સિદ્ધિ 'સમગ્ર પ્રાચીન સંસ્કૃતિનું રહસ્યદર્શી જ્ઞાન બલપ્રદ રસાયન તરીકે વર્તમાન જીવનમાં યુક્તિપૂર્વક અવતારવા'ના કાર્યમાં મળી તે ગોવર્ધનરામ સિવાય કોઈ પુરોગામીને પ્રાપ્ત થઈ ન હતી. 'તેજસ્વી વેગવતી વાણીના ઉપદેશક...મણિલાલ વિષયનું નિરૂપણ યથેચ્છ યથાપ્રતિજ્ઞ, સમગ્ર રીતે સૌષ્ઠવાપન્ન કરે છે...તેમની બરી બૂબી કઠિનમાં કઠિન વિષયને સુગમ કરી આપવામાં છે...એ વિષયને પરિભાષાથી મુક્ત કરી શકે છે...એમાં એક જ વિચાર વીગત કે દલીલ વારંવાર કે નવી નવી રીતે આવે છે...પણ ઉપદેશકના દૃષ્ટિબિન્દુને યોગ્ય નિબન્ધનરીતિમાં આ લક્ષણ અનિવાર્ય છે. એ એનું દૂષણ નથી.' (પૃ. ૧૨૪) ધર્મતત્વના એ પ્રખર વિચારક રાજકારણ સંબંધે પણ કેવી મૂલગામી વિચારણા કરે છે તે અત્રે સંકલિત લેખ દર્શાવશે. એમાં મણિલાલ કહે છે કે 'યથાર્થ અને સમગ્ર હૃદયથી આવા કાર્યને ઉપાડનાર એક નર હોય તો પણ બહુ છે.' (પૃ. ૨૬) એ લેખના વર્ષ ૧૮૯૬ના મધ્યમાં એ નર આફ્રિકાથી પોંગોલા સ્ટીમરમાં કલકત્તા આવવા ઊપડનાર હતો, એની મણિલાલને શી બબર! મણિલાલ અને ગાંધી બંનેને મન જીવનનું કોઈ ક્ષેત્ર બીજા ક્ષેત્રથી નિરપેક્ષ નથી, ને સૌના પાયામાં 'ધર્મ' છે.

પંડિત ગદ્યકારો પણ વિવિધ કોટિના હતાઃ 'રમણભાઈ શુદ્ધ વિચારક છે; માત્ર બુદ્ધિની ભૂમિ ઉપર રહી સૂક્ષ્મ પર્યેષણ તે કરી

શકે છે. નરસિંહરાવની દૃષ્ટિ કવિની છે....તેમની બધી વિચારણા ચિત્રમય રીતિમાં પ્રગટ થાય છે, અથવા તેને કવિતાની ભાવના દેવાય છે. વળી તે ચિન્તનના પ્રાથમિક સ્વરૂપમાં હોય છે તેથી સાવધાન છતાં કાચા માલ જેવી છે. "વિવર્તલીલા"નો આખો ગ્રંથ આ રીતિનું રમણીય નિદર્શન છે. રમણભાઈને વાંચતાં રમણભાઈનું વ્યક્તિત્વ ભૂલી જવાય છે. નરસિંહરાવના વ્યક્તિત્વનો પરામર્શ.....પદે પદે થાય છે. રમણભાઈની વાણીમાં બુદ્ધિનો નિશ્ચય છે. નરસિંહરાવમાં હૃદયની શ્રદ્ધા છે.' (પૃ. ૮૬) 'આનંદશંકરની ગદ્યશૈલી કવિતા જેમ સૂક્ષ્મ ધ્વનિમાં રાચે છે, કલ્પનાને જાગ્રત કરે છે. (એમનો) ગુણવિશેષ પ્રસન્નતા છે, ઔદાર્ય છે, સ્વચ્છતા છે; તે વિનોદ કરે પણ આક્ષેપ કે કટાક્ષ ન કરે.' (પૃ. ૧૨૫) 'તેમના નિબન્ધોમાં પણ બુદ્ધિની ભૂમિકા પર વિચારોનું વિવેચન, અને બનતી, બનેલી હકીકતોનું રહસ્યદર્શન છે, પણ ક્રિયા માટે ઉદ્બોધન નથી.' (પૃ. ૧૬૭).

'ગોવર્ધનરામ, આનંદશંકર, ગાંધીજી વગેરેએ સળંગ પ્રકરણબદ્ધ મીમાંસાના ગ્રંથ થોડા જ લખ્યા છે, છતાં તેમની અભિવ્યક્ત વિચારણામાં વૈયક્તિક અપૂર્વતા અને સંગતિ છે.' (પૃ. ૧૬)એ કથન પંડિત યુગમાં ગુજરાતી ગદ્યે આગળ પગલાં માંડ્યાં તેનું દ્યોતક છે. દુર્ગારામ-નર્મદાશંકરની વિચારણામાં મધ્યવર્તી બીજ ન હોવાથી (એમના લેખો) એક જ વૃક્ષનાં ડાળાંપાંદડાં છે એવું ભાન થતું નથી. એક જ વ્યક્તિની ભાષા અને ઊર્મિ અને નિખાલસતા હોવા છતાં વિચાર–મોજાંઓમાં પિંડનાં અંગોનો પરસ્પર સંબંધ જોઈ શકાતો નથી.' (પૃ. ૧૬) પણ પંડિતયુગ આવતાં એ સ્થિતિ આપણા ગદ્યે વટાવી દીધી હતી. 'ક્લેશ અન્યાય પાપ અને જડતા વચ્ચે ટકી રહેલું, પ્રીતિ સમભાવ મર્મગામી કલ્પના અને સર્વસ્પર્શી વિદ્વત્તા જ જોઈ શકે એવું સૌન્દર્ય' દર્શાવીને 'ગાંધીજી પહેલાં કોઈ ગુજરાતી વ્યક્તિએ ગુજરાતી સમાજને સંસ્કારવામાં અનન્ય–સાધારણ અર્પણ કર્યું હોય તો તે મહર્ષિ ગોવર્ધનરામે'. 'પ્રજાના હૃદયને સુકોમળ અને ભાવનાપરાયણ કરવાનું કાર્ય એમણે કર્યું. તે કાર્યને

કલાપી ખબરદાર હાકેાર અને સૌથી વિશેષ કવિવર નાનાલાલે પુષ્ટિ આપી. ગુજરાતી ભૂમિની રતિ સાથે તેમણે લેાકની ભારતીય દૃષ્ટિ ખીલવી.' (ઉપેાદ્‌ઘાત, અર્વાચીન ચિન્તનાત્મક ગદ્ય)

આફ્રિકાથી 'કર્મવીર મહાત્મા' મેાહનદાસ ગાંધી સ્વદેશ આવતાં આપણા રાજકીય જીવનમાં પરિવર્તન થયું: ભાવનાશીલ દૃષ્ટિ સાથે વાસ્તવ દૃષ્ટિનું સંયેાજન થયું. વયમાં ગેાવર્ધનરામ અને ગાંધીજી વચ્ચે પૂરાં પંદર વર્ષનું અંતર ન હતું, અને આનંદશંકર તથા હાકેારના તેા એ સમવયસ્ક. સૂરતના નર્મદનું કાવ્ય દૂર રાજકેાટમાં ગાંધીજીના ગેાઠિયા નિશાળિયાએા ગાતા. 'સરસ્વતીચંદ્ર' પણ ગાંધીજીએ વાંચેલું–કયારે તે કેાણ જાણે !* વિચારસરણીમાં ગાંધીજીના ગુજરાતી પુરેાગામી તરીકે 'શાંતિદાસ' નવલિકાના કર્તા, ત્રીજી ઔદ્યોગિક પરિષદના પ્રમુખ, રાજકેાટ સાહિત્ય પરિષદના પ્રમુખ અને અમદાવાદ કેાંગ્રેસ (૧૯૦૨)ના સત્કારપ્રમુખ અંબાલાલ સાકરલાલ દેસાઈ, એમ. એ., એલ એલ. બી., (૧૮૪૪–૧૯૧૪) હતા. આ અને એવી અન્ય હકીકતેાને। ગાંધીજીની ભાવનાપ્રીતિ તથા વાસ્તવદૃષ્ટિના અનુસંધાનમાં વિચાર કરતાં જણાય છે કે એાગણીસમી સદીના મધ્યમાં જે પુનરુત્થાનનેા આરંભ થયેા તેનું પૂર્ણ પરિપકવ ફળ ગાંધીજી દ્વારા પ્રાપ્ત થયું. તેમની દૃઢ બલવતી પણ વિનમ્ર વ્યક્તિમત્તાએ એ ફળનેા આસ્વાદ ગુજરાત તથા ભારતને કરાવ્યેા.

સ્વદેશના તખ્તા પર ગાંધીજી પ્રગટ થયા ત્યારે ગુજરાતમાં તેના પંડિતેા પૂર બહારમાં હતા, પણ રણજીતરામ, શ્રી અરવિંદશિષ્યેા મુનશી પુરાણી તથા ઈન્દુલાલ યાજ્ઞિક આદિ ઉદય પામ્યા હતા અને "ધૂમકેતુ" વિજયરાય વિશ્વનાથ વિષ્ણુપ્રસાદ એ સૌના ઉદયની તૈયારી હતી. પરંતુ તે પૂર્વે ભારત અને આફ્રિકા વચ્ચે દરિયાઈ પ્રવાસમાં સ્ટીમરના નેાટપેપર ઉપર ૧૯૦૬માં ગાંધીજીએ 'હિન્દ સ્વરાજ' લખ્યું હતું તથા તેથી પણ પહેલાં આફ્રિકામાં 'ઇન્ડિયન ઓપીનિયન'ની

---

*મહાદેવભાઈની ડાયરી. ભા. ૧, પૃ. ૩૭

ગુજરાતી આવૃત્તિ ચલાવેલી. શૈલીની સાદાઈનો આદર્શ એ કોઈ નવીન ધડાકો ન હતો. શૈલીની સાદાઈ તે અણઘડપણું નથી, પણ વાણીનું તપ છે; સંપૂર્ણ સ્પષ્ટ દર્શનનું એ પરિણામ છે; અર્થપૂર્ણ વીગતની પૂરી પકડનું પરિણામ છે; સ્થળસમયને અનુરૂપ વિવેક કરી મનહૃદયનો ઊંડો ખળભળાટ શમાવી લઈ સ્વસ્થતાથી સમર્મ નર્મગર્ભ જોઈતું જ બોલવાલખવાના નિશ્ચયનું પરિણામ છે. ગાંધીજીને કલાનો વા ઊર્મિના આવેગનો અણગમો કે તિરસ્કાર ન હતો. જાગ્રત સમાધિ (મિલ્ટનની waking bliss, ના ઉપાસકને સંગીત સાંભળતાં મોહિત થઈ જવાય તેમાં વાંધો ન હતો—એમના એક શિષ્ય મશરૂવાળાને હતો, ત્યારે બીજા શિષ્ય કાલેલકર પંડિતદૃષ્ટિ અને કલાદૃષ્ટિ બંનેનો ગાંધીજીની શૈલી સાથે વિનિયોગ કરી શૈલીની સાદાઈને વળી વધારે — સર્વથા — મનોરમ બનાવે છે. પછીનાં વર્ષો માટે એ આપણી ગદ્યશૈલીનો આદર્શ બન્યો છે કેમકે કાલેલકર ગાંધીજી તથા આનંદશંકરના એક પૂરા અનુગામી છે. કિશોરલાલે સંનિષ્ઠ સ્વતંત્ર વિચારણા કરી ૩૬ તાત્ત્વિક માન્યતાઓ તપાસી સરળ ગદ્યમાં તેમનું વિવેચન કર્યું, ને ગાંધીમતનો પાયો ચિરસ્થાયી કર્યો.

હવે જે લેખકો આવે છે તેમણે પાંડિત્યના આવશ્યક રોચક અંશો પચાવી દીધા છે. ગાંધીજીના રાષ્ટ્રપ્રેમની પૂરી પકડ એમના ઉપર હતી જ, કેમકે નર્મદાશંકર જેને દેશજનતા કહે છે એ આગલી બે પેઢીના પ્રયત્નોને પરિણામે મુનશી આદિ ઊછરતા યુવાનો માટે લોહીનો ગુણ બની ગયો હતો. વીસમી સદીના ત્રીજા દશકમાં રાષ્ટ્રનું આત્મભાન પૂરું જાગ્રત થયું; ભાષાની શક્તિ સિદ્ધ થઈ; મૂલ્યોનું પરિવર્તન થયું. કેળવણીનો પ્રભાવ પણ જેવો તેવો ન હતો. અંગ્રેજ વા યુરોપીય લેખકોની શૈલીની ચમકનું આકર્ષણ ભારે હતું. ગોવર્ધનરામનું પૂર્વ–પશ્ચિમના સંમિલનનું સ્વપ્ન મર્યાદિત અર્થમાં સિદ્ધ થવા લાગ્યું હતું. એ સિદ્ધિનાં જુદાં જુદાં પ્રતીકો મુનશી, રામનારાયણ આદિ; વિજયરાય,

વિષ્ણુપ્રસાદ આદિ; ગગનવિહારી, જ્યોતીન્દ્ર આદિ; ઉમાશંકર, યશવંત આદિ.

આજે વસ્તુરાગી તથા કૌતુકરાગી તત્ત્વો એકસરખાં એકસામટાં પ્રકાશમાન છે, અને તેમનું સંમિશ્રિત તેજ અનેરા રંગો ઉપજાવે છેઃ મૃત્યુનાં ઘેરાં વાદળ વચ્ચે સમભાવ તથા સ્વાશ્રયના વીરોચિત દૃઢ આત્મપ્રત્યયનો આન્તર પ્રકાશ;[૧] ઘરને ખૂણે, રંગભવનમાં, શાળા કૉલેજ મહોલ્લાના ચોગાનમાં સંગીતની રેલછેલનાં ઊડતાં ઊછળતાં તેજબિન્દુ; જીવસટોસટની બે બાજી વચ્ચે ઘેરાવા છતાં પ્રકૃતિની પાંખમાં પેસી છૂટાં પંખી પેઠે મહાલતા થનગનતા કુમારજીવનના સ્વાભાવિક ઉલ્લાસના મધુર ટમકાર;[૨] અનુભવ બહુશ્રુતત્વ અવલોકન અને વિચારણાને અંતે રેલાતાં પ્રફુલ્લ ઉદાર હાસ્યના ચમકારા;[૩] નર્મમર્મપૂર્ણ રસપાંડિત્યની પ્રકૃતિસૌન્દર્ય પ્રત્યે અહોભાવપ્રેરિત મંદ મલકતી સ્વચ્છ ચમકતી દીપ્તિ,[૪] તો વળી અભિનિવેશથી વિદ્વત્તાનો અન્યથા વિનિયોગ કરી સત્યસ્થાપનાર્થે તીક્ષ્ણ ચાબખા મારતા પુણ્યપ્રકોપનો વિસ્ફારિત તાપ, અથવા અસત્ય મૂર્તિઓ ભાંગવાની અદાથી ઠેકડી કરતી મસ્તીની ચમક એક આંખમાં તો બીજીમાં દાના દુશ્મનની અદાથી પૂજ્યબુદ્ધિ દર્શાવતું ન્યાયના સંતોષનું ઢળતું તેજ[૫]; કાળા કોયલાને ટેકે બેસી માનસી યાત્રામાં માણસાઈના દીવાની અલગાર નિંહાળવાની તથા ભૌતિક જીવન પણ તેવા જ રાગથી માણવાની લપાતીછુપાતી ટગુમગુ કરતી અભીપ્સાના ક્વચિત ભારેલા, ક્વચિત ભડભડ બળતા, અગ્નિની અકળાતી–અકળાવતી ઉષ્મા[૬]; તેજસ્વી બુદ્ધિના રંગદર્શી[૭] ચમકારાથી વિજળી પેઠે ક્ષણ બે ક્ષણ માનવ ભાવોનું તથા જગતનું અંતર ખોલી આપી હસતાં હસતાં અભિનવ દર્શન કરાવતો સ્વૈરવિહારી કિરણસમવાય;[૭] પુરાણા ધર્મરત સ્થાપત્યનો જ્ઞાનપૂર્વક આનંદ માણતાં માણતાં કોયા ભગતની મર્માળી વાણીના પડછાયાનાં આછાં તેજથી અંકાયેલી વ્યથિત પ્રભા[૮]; ઊંચા નભના સંચારી પક્ષીરાજની સ્નેહીઓના માળા પ્રતિ સ્થિર દૃષ્ટિની વેધક પણ શીતળ તેજ–

વર્ષા;[૯] જીવનસંઘર્ષની મધ્યમાં ભીડાયેલા જગત વચ્ચે આત્મવશ પ્રસન્ન: તટસ્થ વ્યવસ્થિત વિચારણાનો અખંડ દીપ;[૧૦] પોતે પૂર્ણ પ્રકાશિત પણ સોપાન પછી સોપાન ચઢતો જતો દૃષ્ટિક્ષેત્રને ક્રમશ: વિકસાવતો બુદ્ધિને ભરી દેતો તેજતારક[૧૧].

किमिव हि मधुराणां मण्डनं नाकृतीनाम् । આ સૌ તેજમંડિત આકૃતિઓ: ધર્મ વડે મધુર છે: સૌન્દર્ય ઉપાસ્ય છે, કલા ધર્મની મોટી બહેન છે; કલાને ય ધર્મ છે; ક્રાન્તિ પણ ધર્મ્ય હોય ત્યારે જ સ્વીકાર્ય છે. ધર્મને આજે સંસ્કૃતિ કહીએ છીએ. ક્યારે ય પણ બુદ્ધિની પકડ ખૂએ તે ગુજરાતી નહિ. દિલ્હીના એક સમુદાયમાં સૌ પ્રાદેશિકોએ પોતપોતાની પ્રદેશીય વિશિષ્ટતા કહી બતાવી, ત્યારે પડકારના ઉત્તરમાં છેલ્લે શ્રી. મંગળદાસ પકવાસાએ કહેલું: ગુજરાતની 'કૉમનસેન્સ'. એ હૈયાસૂઝ વા. કોઠાસૂઝ ગુજરાતી જીવનના સૌ રંગોનું શાસક તત્ત્વ.

ભારતીય ચિન્તનમાં અને જીવનરીતિમાં પૃથ્વી સમસ્તને માર્ગદર્શક થવાની શક્તિ છે એ ગાંધીજીએ અને તેમના અનુગામી પંડિત જવાહરલાલે દર્શાવ્યું. એ માર્ગદર્શન આપવા કરતાં એ માર્ગદર્શનની શક્તિ કેળવવાને અનુરૂપ નમ્રતાથી આપણા જગતપ્રવાસી લેખકોએ જગતને આપણી સમક્ષ એકાકાર કરી બતાવ્યું છે. 'ડમણિયા' શૈલીથી આરંભી એરોપ્લેનની ગતિ માફક સીધાં ઊંચાં ઊંડાં ચઢાણ-ઉતરાણવાળું તથા એકધારી સીધી સરલ ગતિવાળું ગદ્ય આપણી ભાષાના કર્તાઓએ કેળવીને નિપજાવ્યું છે. ગુજરાતી ગદ્યે વિવિધ ગતિપ્રકારો સિદ્ધ કરી બતાવ્યા છે.

---

૧. પાણી મૂક ! ૨. મને સાંભરે છે; છૂટાં પંખીડાં ૩. છત્રી; આકાશનાં પુષ્પો ૪. સૌન્દર્યની ઉપાસના ૫. પ્રાંશુલભ્ય ફલ; શ્રી નરસિંહરાવ ૬. 'ચકલા'ની પાંખ પર ૭. ફોટોગ્રાફ પાડવા વિષે ૮. કાવેરી કુંજમાં ૯. કલકત્તાથી ચીન ૧૦. ક્રાન્તિની પ્રક્રિયાઓ ૧૧. કલાનો ધર્મ.

હવે એને અપેક્ષા છે એના ઘડનારાંની: શબ્દનો, તેના અર્થભાવનો, ધ્વનિ રંગનો સૂક્ષ્મ ભેદજ્ઞાન સહિત પ્રેમ કેળવી નિત્યવ્યવહારમાં સાહિત્ય-કોટિના ગદ્યને વણી લેનારની. ગદ્ય આમ તો નિત્યવ્યવહારનું સાધન છે. શિક્ષિત મનુષ્યને ગદ્યલેખન યા વાચન અંતરના આનંદનું દ્વાર ઉઘાડી દે એ સારી વાત છે. એમ બનવું જ જોઈએ. છતાં પોતાના વ્યવહારને ઉપયુક્ત એવી કોઈ ને કોઈ ગદ્યકોટિઓ આ સંગ્રહ દ્વારા વાચક અપનાવતાં શીખે તો એ વાચક તો લાભ પામશે, પણ નિત્યવ્યવહારમાં આનંદની વૃદ્ધિ થશે.

ર.

અનુક્રમણિકા

લેખાંક	લેખ		કર્તા	પૃષ્ઠાંક
૧	આપણી દેશજનતા	...	નર્મદાશંકર દવે	૧
૨	નાટકશાળા અને ગોપીચંદ નાટક	...	નવલરામ પંડ્યા	૯
૩	કાળચક્ર	...	મનઃસુખરામ ત્રિપાઠી	૧૭
૪	રાષ્ટ્રીય સભા અને સંસાર સુધારા સમાજ	...	મણિલાલ દ્વિવેદી	૨૩
૫	વિવર્તલીલા ૧૬	...	નરસિંહરાવ ભોળાનાથ	૩૧
૬	સ્વ. ગોવર્ધનરામ ત્રિપાઠીનો ઉચ્ચ વાક્પ્રભાવ	...	રમણભાઈ નીલકંઠ	૩૭
૭	એક અજવાળી રાત્રિ	...	આનંદશંકર ધ્રુવ	૪૭
૮	અંબાલાલભાઈ અને સૂરત કૉંગ્રેસ	...	બળવંતરાય ઠાકોર	૫૧
૯	કુંભ અને લક્ષ્મણ ઝૂલા	...	મોહનદાસ ગાંધી	૫૬
૧૦	સાહિત્યમાં રસ	...	અતિસુખશંકર ત્રિવેદી	૬૫
૧૧	જીવનતીર્થ હરદ્વાર	...	દત્તાત્રેય કાલેલકર	૬૯
૧૨	મૂલ્ય પરિવર્તન	...	કનૈયાલાલ મુનશી	૭૩
૧૩	ફોટોગ્રાફ પાડવા વિષે	...	રામનારાયણ પાઠક	૮૧
૧૪	માયાવાદ તથા લીલાવાદ	...	કિશોરલાલ મશરૂવાળા	૯૦
૧૫	'ચકલા'ની પાંખ પર	...	વિજયરાય વૈદ્ય	૯૬
૧૬	પ્રાંશુલભ્ય ફલ	...	વિશ્વનાથ ભટ્ટ	૧૦૭
૧૭	સૌન્દર્યની ઉપાસના	...	વિષ્ણુપ્રસાદ ત્રિવેદી	૧૧૩
૧૮	શ્રી નરસિંહરાવ ભોળાનાથ	...	લીલાવતી મુનશી	૧૨૧
૧૯	આકાશનાં પુષ્પો	...	ગગનવિહારી મહેતા	૧૨૮
~~૨૦~~	છત્રી	...	જ્યોતીન્દ્ર દવે	૧૩૬
૨૧	છૂટાં પંખીડાં	...	પ્રભુદાસ ગાંધી	૧૪૩
૨૨	પાણી મૂક !	...	કિશનસિંહ ચાવડા	૧૫૪

૨૩	કલાનો ધર્મ	...	મનસુખલાલ ઝવેરી	૧૬૦
૨૪	મને સાંભરે છે	...	વિનોદિની નીલકંઠ	૧૬૮
૨૫	કાવેરી કુંજમાં	...	ત્રિભુવનદાસ લુહાર:સુન્દરમ્	૧૭૩
૨૬	કલકત્તાથી ચીન	...	ઉમાશંકર જોશી	૧૮૩
૨૭	ક્રાન્તિની પ્રક્રિયાઓ	...	યશવન્ત શુકલ	૧૯૩

ઉપરોકત કર્તાઓ વા તેમના પ્રતિનિધિઓ પૈકી જેમણે નીચે દર્શાવેલાં તેમનાં પુસ્તકોમાંથી લેખો લેવાની પરવાનગી આપવા કૃપા કરી છે તેમનો સંપાદકો આભાર માને છે :—

'આપણી દેશજનતા' – બુદ્ધિવર્ધક ગ્રંથ, ૧૮૭૦; 'નાટકશાળા' – નવલગ્રંથાવલિ; 'કાળચક્ર' – બુદ્ધિવર્ધકગ્રંથ, ૧૮૬૭; 'રાષ્ટ્રીય સભા અને સંસાર સુધારા સમાજ' – સુદર્શન, ૧૮૯૬; 'વિવર્તલીલા ૧૬' –વિવર્તલીલા; 'સ્વ. ગોવર્ધનરામ ત્રિપાઠીનો ઉચ્ચ વાકપ્રભાવ' – વસંત, સંવત ૧૯૭૨; 'એક અજવાળી રાત્રિ' – આપણો ધર્મ; અંબાલાલભાઈ અને સૂરત કૉન્ગ્રેસ' – પ્રયોગમાળા, અંબાલાલભાઈ; 'કુંભ અને લક્ષ્મણ ઝૂલા' – આત્મકથા; સાહિત્યમાં રસ'– નિવૃત્તિવિનોદ; 'જીવનતીર્થ હરદ્વાર' –જીવનનો આનંદ; 'મૂલ્ય પરિવર્તન' – આદિ વચનો ભા. ૧; ફોટોગ્રાફ પાડવા વિષે' – સ્વૈરવિહાર, ભા. ૨; 'માયાવાદ તથા લીલાવાદ' – જીવન શોધન; 'ચકલાની પાંખ પર' – બુસ્કી અને તરી; 'પ્રાંશુલભ્ય ફલ' – વિવેચન મુકુર; 'સૌન્દર્યની ઉપાસના' – વિવેચના; 'શ્રી નરસિંહરાવ ભોળાનાથ' – રેખાચિત્રો; 'આકાશનાં પુષ્પો' – આકાશનાં પુષ્પો; 'છત્રી' રંગતરંગ ભા. ૩; 'છૂટાં પંખીડાં' – જીવનનું પરોઢ; 'પાણી મૂક !' – અમાસના તારા; 'કલાનો ધર્મ' – પર્યેષણા; 'મને સાંભરે છે' – સંસ્કૃતિ, ઑકટૉબર '૪૮; 'કાવેરી કુંજમાં' – દક્ષિણાયન; 'કલકત્તાથી ચીન' – સંસ્કૃતિ, નવેમ્બર, ૧૯૫૨; ક્રાન્તિની પ્રક્રિયાઓ' – પ્રજાબંધુ ગુજરાત સમાચાર દિવાળી અંક.

કુલ પૃષ્ઠ સંખ્યા ૨૦ + ૨૦૪ + ૪ = ૨૨૮.

'જળની શોધમાં તૃષિત પાન્થ આગળ અમુક જળાશયના ગુણ વર્ણવવા બેસવું તે કરતાં એ જળાશય તરફ અંગુલિ-નિર્દેશ કરવો તે વધારે ઇષ્ટ છે; તથાપિ...આપણા સાહિત્યનો ઇતિહાસ વિલોકતાં એટલો ઉદ્‌ગાર કાઢ્યા વિના રહેવાતું નથી કે ખરેખર આપણી ભૂમિ ઉપર પ્રભુની મહેર છે !'

'સુદર્શન ગદ્યાવલિ'ની પ્રસ્તાવનામાં] —આનંદશંકર ધ્રુવ

☆

આપણી દેશજનતા

નર્મદાશંકર લાલશંકર દવે

(૧૮૩૩-૧૮૮૬)

તે જ દેશમાં રહેનાર, એવા અક્કેક જણની પોતપોતાની સ્થિતિ જુદી જુદી હોય છે તો પણ તે જ દેશનાં તે જ હવાપાણીને, તે જ ભાષાને, તે જ ધર્મનીતિને, તે જ રીતભાતને ને તે જ રાજ્યસત્તાને અક્કેક જણ એક સરખો જ આધીન હોય છે તેથી તે જ દેશમાં રહેનારા સર્વ જણની એક સામાન્ય સ્થિતિ થઈ રહે છે; વળી દેશ, ભાષા તથા ગુણકર્મ ઉપરથી દેશદેશના જનસમૂહની સ્થિતિ જુદી જુદી હોય છે. એ જોતાં, અક્કેક દેશના જનોની પોતાના સંબંધમાં જે એક સામાન્ય સ્થિતિ હોય છે તે પાછી બીજા દેશની જનતા સંબંધમાં વિશેષ સ્થિતિ થાય છે. એ સ્થિતિ અથવા એ સ્થિતિનું જે સ્વરૂપ તે દેશજનતા અથવા દેશપણું.

એક ભાષા બોલતું ને એક ધર્મ-રીતભાત રાખતું એવું એક મોટું સંપીલું ટોળું હોય ને એ બીજા ટોળાથી જુદું છે એમ તે સમજતું હોય તો પણ જ્યાં સુધી તે દેશના જુદા જુદા ભાગમાં ભટકયા કરે ત્યાં સુધી તે ટોળાને દેશજનતા છે એમ કહેવાશે નહિ. શિવાજીએ રાજ્ય સ્થાપ્યું તેની પહેલાં મરાઠાઓની, શીખનું રાજ્ય મંડાયું તેની પહેલાં શીખ લોકોની, અને પીંઢારાની દેશજનતા નહોતી. જ્યાં સુધી એક જનસમૂહે એકાદ ઠેકાણે સ્થાયી વાસ કર્યો નથી (તે દેશના વતની થયા નથી-રાજ્ય સ્થાપી ઠરી ઠામ પડ્યા નથી), પોતાની સ્થિતિ વધારે સારી કરવાનો ઉદ્દેશ રાખ્યો નથી, ઉદ્યોગની સમૃદ્ધિ વધારી નથી,

પોતાના જનમાલ વગેરેની વ્યવસ્થા તથા બહારના શત્રુથી સંભાળ રાખી નથી, વિદ્યા કળા કૌશલ્યથી પદાર્થોને સતેજ ને સુંદર કર્યા નથી અને નીતિ ધર્મ જાને સદાચારી થઈ પોતાનો ને જગદીશ્વરનો–આત્મા પરમાત્માનો–સંબંધ જાણ્યો નથી (ને એ સઘળું, પછી ગમે તેવી રીતે પણ, કર્યું નથી) ત્યાં સુધી તે સમૂહની દેશજનતા છે એમ કહેવાશે નહિ. દેશીપણું એટલે એક દેશના હોવું એટલું જ નહિ પણ એક દેશના છીએ એવું જે અભિમાન રાખવું તે પણ. 'પણું' એ જાતિ-સ્થિતિ બતાવે છે તેમ વટ-અભિમાન પણ બતાવે છે.

દરેક દેશના લોક જાણે છે કે આપણે સમૂહરૂપે એક છીએ અને બીજા દેશના સમૂહ થકી જુદા છીએ. એ જે સમજ અને એ સમજમાં રહેલું પોતાના સમૂહ વિષે જે અભિમાન અને એ અભિમાને પ્રાપ્ત થતા જે યશ તે-તે-થી દેશજનતા સઘળી કીર્તિમાન ને સુંદર કાંતિમાન શોભી રહે છે.

આપણે એક દેશરૂપી માતાનાં છોકરાં ભાંડુ છીએ–સમસુખી ને સમદુઃખી છીએ-પારકા દેશના સંબંધમાં આપણે જુદાં છીએ ને આપણા લાભાલાભ સરખા છે માટે સહુ એક જ છીએ અને ઘરઘરનાં –સઘળા જણનાં–દેશનાં યશસુખને માટે આપણે પરસ્પર ઐકય રાખવું જ જોઈએ એ જ્ઞાન દેશજનતામાં અપ્રગટ ને પ્રગટ રહેલું જ છે. એ જ્ઞાનથી દેશભક્તિ–દેશાભિમાન–ઉત્પન્ન થાય છે અને પછી અનેક ઉદ્યમના યશ તથા અનેક સદ્‌ગુણના યશ અને ઉત્તમ સુખ એ પ્રાપ્ત થાય છે. દેશ ભાષા ધર્મ ને રાજ્ય એ દેશજનતાની દેહનાં મુખ્ય અંગ છે, સમાનતાનું વ્યાપી રહેવું એ તેનો પ્રાણ, વિષમતા જાણનાર ને અભિમાન રાખનાર 'હું' એ તેનો આત્મા, અને સદ્‌ગુણસમૃદ્ધિ એ તેના યશ છે એમ હું સમજું છું.

જ્યારે એક દેશજનતા બીજી કોઈ દેશજનતાની સામે યુદ્ધ કરે છે ત્યારે તે જય પરાજય પ્રમાણે કાં તો જગતમાં પ્રકાશી રહે છે કે

કાં તો નિસ્તેજ થઈ રહે છે, કાં તો સામીને પોતાનામાં સમાવી લે છે કે કાં તો એનામાં પોતે સમૂળી લય પામી જાય છે.

'ઉત્પત્તિ સ્થિતિ ને લય એવો ક્રમ સર્વદા ને સર્વત્ર છે અને કાળ પરત્વે ઘણીક દેશજનતા પ્રકાશી નાશ પામી છે, કેટલીક જૂનામાંની આપણા જેવી નિસ્તેજ છે ને ઘણીએક નવા પોતપોતાના ઉત્કર્ષમાં છે અને હવે પછીનીને વિષે તો શું બોલવું? કાળ કોઈને તેની તે જ સ્થિતિમાં રહેવા દેતો નથી' એ આપણે જાણીએ છ, ને જાણીએ છ તો પણ આપણે આપણા સ્વભાવથી તથા ઉત્તેજન આપતી આશાથી પ્રવૃત્તિમાં મચીએ છ અને આરોગ્યસુખ, સમૃદ્ધિસુખ, યશસુખ ઇત્યાદિને માટે મથીએ છ ને અનુકૂળપ્રતિકૂળ યોગ પ્રમાણે સુખદુઃખ ભોગવીએ છ – પણ મથીએ છ ! ને મથવું જ જોઈએ. આપણી દેશજનતા પરદેશી રાજ્યસત્તાથી ને આપણા જ દોષથી નિર્બળ ને નિસ્તેજ થઈ ગઈ છે, (ઈશ્વરનો પાડ માનો, ભાઈ, કે હજુ સમૂળી નાશ પામી નથી) તેને સબળી અને સતેજ કરવી જ જોઈએ. પણ પાછી નવા લોહીથી સબળી અને સતેજ કરવાના ઉપાયો કામે લગાડીએ તેની પહેલાં આપણી દેશ-જનતાનું સ્વરૂપ પ્રથમ કેવું હતું, કાળ પરત્વે ઉત્તરોત્તર કેવું નિસ્તેજ થતું ગયું ને આજે કેવું છે એ વિષે આપણે સારી પેઠે જાણી લેવું જોઈએ.

આપણી વર્તમાન સ્થિતિ તો આપણે જાણીએ છ તો પણ પ્રસંગોપાત્ત અહીં વાક્યમાં મૂકવી જરૂરની છે. ઘરડા ને જુવાન એ એમાં જૂના ને નવા વિચાર દેખાય છે. જૂના નવામાં લય પામવા જાય છે અને ઘરડાઓ જશે એટલે પછી કેવળ નવાનું જ પ્રબળ (પ્રાબલ્ય) થશે. દેશજનતા સબળી ને સતેજ કરવા વિષે આપણો મુખ્ય ઉદ્દેશ છે, ને એને માટે આપણે આપણા વિચારો બહાર પાડીએ છ પણ જોઈએ તેટલી ઉતાવળથી અમલમાં આણી શકતા નથી. આપણા નવા વિચાર જે ગુજરાતીમાં 'સુધારા'ને નામે પ્રચાર પામે છે તે વિષે હાલના વિચાર-વંતોમાં મતભેદ છે. કેટલાક વિચારોમાં તો સહુ જ મળતા છે પણ ધીમે કે ઉતાવળે અમલમાં આણવા એ વિષે કોઈ આમ કહે છે ને કોઈ આમ

કહે છે. કેટલાક વિચારમાં વિચારવંતો થોડાઘણા મળતા આવે છે ને કેટલાકમાં તો કેવળ જુદા પડે છે. એ વિષે થોડાક વિચાર આજે કરીએ, પણ તે પહેલાં આપણે જોવું જોઈએ કે દેશજનતા પ્રતિ હાલ આપણી (સર્વ હિન્દુની) ચાલેલી વૃત્તિ કેવી છે. દેશના સર્વ ભાગમાં સઘળી જાતના જુવાનો–બ્રાહ્મણથી માંડીને તે ઢેડા સુધી ને રાજકુંવરથી માંડીને તે દૂબળા સુધી–સહુ જ વિદ્યાભ્યાસ કરે છે. પ્રાકૃત ભાષામાં પુસ્તકો લખાય છે ને દેશાભિમાન વિષયનાં પણ લખાય છે. આગગાડીથી ને વર્તમાનપત્રોથી દેશના જુદા જુદા ભાગોના લોકને પરસ્પર સંબંધ વધે છે. આપણે સઘળા જ ઇચ્છીએ છીએ કે આપણા દેશની યશશ્રી વધે ને એને માટે કેટલાક જણ બની આવતો ઉદ્યોગ કરે છે જ. એ સારી રીતભાત ને ધર્મ સંબંધી આચાર એમાં ફેરફાર કરવા વિષે, વિદ્યા કળા વૃદ્ધિ કરવા વિષે, રાજા પ્રજાના ધર્મ સમજવા વિષે, ઈશ્વર નીતિ સંબંધી વિચારોમાંથી સાચા ને અનુકૂળ આવે તેવા શોધી પાળવા વિષે, પ્રેમ શૌર્યાદિ સદ્‌ગુણની વૃદ્ધિ કરવા વિષે અને ઉત્તમ સુખ પ્રાપ્ત કરવા વિષે દેશી વિદ્વાનો જ્યાં ત્યાં ચર્ચા ચલાવે જ છે. જમાનો બદલાયો એમાં કંઈ જ શક નથી. આજકાલ કોઈને જૂના ધર્મમાર્ગ ઉપર આસ્થા નથી જ ને નવો ધર્મમાર્ગ કયો સ્વીકારવો તેનો નિશ્ચય નથી ને છે તો સ્વીકારવાનું કોઈનામાં શૌર્ય નથી. અર્થાત્ ધર્મ વિષયમાં આપણે નિઃસ્પૃહ છીએ. એ જોતાં દેશજનતાનું ધર્મ અંગ બળહીણ છે. જો કે નિકટ સંબંધવાળી પ્રાકૃત ભાષાઓ છે ને એ સહેલથી આવડી શકે તેવી છે તો પણ કોઈ એક ભાષા દેશમાં સર્વત્ર નથી ત્યાં સુધી દેશજનતાનું ભાષા અંગ પણ લૂલું જ કહેવાય. પરદેશી રાજ્ય છે એટલે દેશજનતાનું રાજ્ય-અંગ નિર્બળ જ કહેવાય. તો પણ વર્તમાન રાજ્યથી જોઈએ તેટલા પૂરતા તો નહિ પણ જનમાલના રક્ષણ સંબંધી ને વિદ્યાવિચાર સંબંધી ઘણા ઘણા લાભ છે માટે એને હાલ આપણી દેશજનતાનું સબળ અંગ કહીએ તો ખોટું નથી. વળી એક દેશના છીએ, સહુના ઉદ્દેશ એક જ છે, ઉદ્દેશને અર્થે પરિશ્રમ કરીએ છીએ એ સંધું જોતાં આપણી દેશજનતાને ધોકો

લાગે તેવો સંભવ નથી. હા, રાજ્યમાં ઊથલપાથલ થાય તો ધોકો લાગે, કારણ કે હજી આપણી દેશજનતાનું નવું સ્વરૂપ પૂરું ઘડાયું નથી ને અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ થઈ દેશજનતા મરણ પામે; માટે આપણું મન સંતોષી વર્તમાન રાજ્ય ક્ષેમ રહે એમ આપણે ઇચ્છવું જોઈએ.

સહુની ઇચ્છા સુખ પ્રાપ્ત કરવાની છે. 'ભાગ્ય પ્રમાણે સુખ મળે છે', 'યોગને આધીન સુખ છે,' 'સુખ તો માની લીધેલું છે,' ને 'સંતોષમાં સુખ છે' એમ લોકો કહે છે, પણ એમ કહી જાણી સુખને માટે બને તેટલો પ્રયત્ન નથી કરતું એવું કોઈ નથી. માણસનો સ્વભાવ જ છે કે તડકો લાગે તો છાંયડામાં જવું ને તડકામાં ફરતાં લાભ થતો હોય તો તડકો વેઠવો. વળી કોઈ પણ માણસ સુખથી ધરાતો જ નથી: તે નવાં નવાં તથા વધારે વધારે સુખની ઇચ્છા રાખે છે જ. કોઈ કહે ઇચ્છા પૂરી પડે ત્યારે જ સુખ મળ્યું કહેવાય; પણ ઇચ્છા પૂરી પડે એટલે નવી ઇચ્છા થવાનો સંભવ છે જ. ત્યારે હવે સુખ તે કયું? રૂડી ઇચ્છા થઈ કે પરિશ્રમ કરવો ને આશા રાખવી એ ખરું સુખ છે. એકનું સુખ ઘણા જણના સુખના ઉપર આધાર રાખે છે માટે ઘણાને સુખ થાય તેવો દરેક જણે પરિશ્રમ કરવો જોઈએ. આપણા દેશમાં ઘણા જણ સમૃદ્ધિમાન થાય, ઘણા જણ વિદ્વાન થાય, ઘણા જણ સદ્‌ગુણી ને ધર્મી થાય, ઘણા જણ શૂરવીર થાય, ઘણા જણ યશસ્વી થાય – (થોડામાં કહું છું કે) ઘણા જણ હમણાંના કરતાં ઘણું જ સારું સંસારસુખ, સમૃદ્ધિસુખ, વિદ્યાસુખ, ધર્મનીતિસુખ, ને રાજ્ય સંબંધી સુખ ભોગવતા થાય તેને માટે આપણે સહુએ ઇચ્છા રાખવી ને ખંતે પરિશ્રમ કરવો. દેશ યશસ્વી કરવાનો – આપણી દેશજનતા સબળી ને સતેજ કરવાનો – ઘોરી રસ્તો આ જ છે કે આપણે આપણા નવા વિચાર–સુધારાના વિચાર–ખંતથી ને ઉતાવળથી અમલમાં આણવા.

હવે જે આપણે સહુને લહાવા લેવા છે તે સંસાર ધર્મ–નીતિ–વિદ્યા–રાજ્ય એ સંબંધી ઉત્તમ સુખના લેવા છે ને એને માટે બહુ જ શ્રમ કરવાનો છે. આપણે છીએ ત્યારે નરમ સ્વભાવના ને સંતોષી, ને

થવું છે ત્યારે ઉગ્ર પ્રકૃતિના દેશાભિમાની ને અસંતોષી. ઘણા કાળનું જડત્વ કાઢવું છે, દેશજનતાનું સ્વરૂપ નવું ઘડવું છે, એ સઘળાં કારણથી થોડા જણથી સુધારાના વિચાર વહેલા અમલમાં આવી શકતા નથી. પણ નવા વિચારે આ વીસ વરસમાં લોકોના મન ઉપર જે અસર કરી છે તે શું થોડી છે? ના, ના, 'સુધારા'એ ઘણું જ કામ કર્યું છે ને હવે આટલો જ બોધ સહુના મનમાં ઠસવો આવશ્યક છે કે દરેક જણે પોતાના કામનો વિચાર પોતે જ કરવો, પોતાને બળે જ કામ કરવું ને પોતે જેને સાચું માન્યું તેને લોકાપવાદના ભયથી હઠી ન જતાં અમલમાં આણવું. પછી કદી દુઃખ થયું તો ધીરજથી સાંખવું ને એમાં કીર્તિ માનવી. ઇતિહાસોથી જણાય છે કે ચાલતા વિચારથી જુદા નવા સુધારા સંબંધી વિચારો કાઢયા છે તેઓએ બહુ બહુ દુઃખો સહન કર્યાં છે. જે વિચારોને લોક ધિક્કારતા તે જ વિચારો લોકે અમલમાં આણ્યા છે ને નવા કાઢનારાઓને લોક હાલ મોટામાં મોટું માન આપે છે. 'નાત બહાર રહેવું પડશે ને પછી દુઃખ થશે' એ વિચારો કંઈ શૂરવીરના હોય નહિ, માટે સાચી વાત સમજાઈ કે તેને તરત અમલમાં આણવાનો જોસ્સો સહુનામાં થવો જોઈએ. એ જોસ્સો લોકમાં નથી આવ્યો ત્યાં સુધી દેશજનતા સબળી થવાને બહુ જ વાર લાગવાની.

કેટલાક કહે છે કે હજી સમો નથી આવ્યો, પણ સમો જો નથી આવ્યો તો પાછળ કહ્યા પ્રમાણે 'સુધારો' આટલું કામ કેમ કરી શક્યો? સમો જો નથી આવ્યો તો ઘરડા ને શાસ્ત્રી પુરાણીઓ કેમ કહેતા થયા છે કે પુનર્વિવાહ થાય તો સારું? નાતમાં આજકાલ હોકારા થાય છે તે શું ધર્મના જોસ્સાને લીધે? ના, ધર્મનું બહાનું ને બાનગી અદાવત એ જ હોકારાનું કારણ છે; બાકી ધર્મનો જોસ્સો ઘરડાંઓમાં પણ દેખાતો નથી. લોકનામાં બહાર પડવાનો જોસ્સો નથી એ વાત ખરી; બાકી વખતનો વાંક જરા ય નથી. સમયે તો ભાષણો કરાવ્યાં, નિબંધો લખાવ્યા, ને સહુના ઉપર અસર કરી. જે છે તે જ સમય જોસ્સો પણ કરાવશે. ભાઈઓ, સમય તો કહે છે કે વિચારોને અમલમાં

આણેા, પણ આપણે જ હડી જઈએ છીએ. ભૂતકાળમાં એકાદું નવું મત દેશના એકાદા ભાગમાં પ્રથમ ચાલતું ને બીજા ભાગના લેાકથી ખંડિત થતું; ને કદી લેાકમાં તે પ્રસરતું તેા ઘણી વારે. આજકાલ દેશના સઘળા લેાકનેા ઉદ્યમ દેશને અર્થે છે. આપણા વિચારને ખંડિત થવાનું ભય નથી. નાત બહાર મુકાયા તેા વહેવાર રાખવાને બીજા સ્નેહીએા ઘણા છે. હવે એવેા સારેા સમેા તે બીજાને કયેા આવવાનેા છે? જ્યારે આવવાના સમયમાં આપણા વિચારનું નક્કી પ્રબળ થવાનું છે ત્યારે આપણે પ્રથમથી જ જોસ્સેા બહાર કાઢી માન કાં ન મેળવવું ને ધાર્યો ઉદ્દેશ વહેલેા કેમ ન પાર પાડવેા? ભાઈએા, આપણે તેા દેશજનતામાં નવું લેાહી આણવું છે ને એ લેાહી શૂરવીર થયા વિના આવનાર નથી ત્યારે સંસારસ્થિતિમાં થેાડા દહાડા ને થેાડું કે દુઃખ પામીશું તેથી સાચેા વિચાર અમલમાં આણતાં અટકી રહીશું તેા આગળ જતાં શું ઉકાળી શકીશું? ભાઈએા, આ સમયને ઘણેા જ અનુકૂળ સમજવેા કે સંસારી વિષયમાં જોહ્મા થવાનેા પ્રસંગ છે ને એથી બીજા વિષયેા માટે તૈયાર થવાને કવાયત મળતી થશે. આપણા સત્તાધારી લેાક મુસલમાનની પેઠે હજી આંહીં વસ્યા નથી ને તેઓ આપણી સાથે દિલથી હળતા નથી, અર્થાત્ તેઓથી આપણને સહવાસનેા લાભ નથી તે છતાં અંગ્રેજી પુસ્તકેાથી પ્રાપ્ત થતા જ્ઞાનને લીધે આપણામાંના કેટલાએકે રાજનીતિ વિષય જાણ્યેા છે ને પૂર્વના રાજપ્રધાન કરતાં ને સ્મૃતિકાર કરતાં વિશેષ જ્ઞાન ધરાવે છે એ શું થેાડા હર્ષની વાત છે? કાયદા જાણનારા વકીલેા ને ઇજનેરી કામ જાણનારા ઘણા જણ થયા છે એ શું દેશને લાભદાયક નથી? અર્થાત કાળનેા કંઈ જ વાંક નથી, પણ આપણેા જ દેાષ છે કે આપણે જૂના બંધનમાંથી મુક્ત થવાનેા જોસ્સેા રાખતા નથી. પણ કંઈ નહિ, નિત્યના બેાધથી આપણે સાચી ને લાભકારી વાતને સારુ કેસરિયાં કરીશું જ.

જો અંગ્રેજી રાજ્ય ન થયું હેાત ને ઔરંગજેબ જેવાઓનું રાજ્ય રહ્યું હેાત તેા આપણી દેશજનતા વધારે ચંપાઈ ગઈ હેાત ને વેળાએ

મરી પણ ગઈ હોત; પણ વર્તમાન રાજ્યથી આપણો દહાડો ફરવા માંડ્યો છે, રાજ્ય સંબંધી હક ને સ્વતંત્રતાના હક થોડા મળે, મોડા મળે અથવા ન મળે તો ચાલે; પણ દેશજનતા ગઈ–આપણી ભાષા, આપણું હિન્દુપણું, આપણું હિન્દુ લોહી ગયું–એટલે પછી આપણે જ નહિ. દેશજનતાનો વિચાર અને પૂર્વજોના યશનું સ્મરણ અને તેના ઉપર ભક્તિ એ વડે જ મનને વિદ્યાની ને સદ્‌ગુણની કેળવણી વહેલીમોડી પણ આપી શકાય છે. દેશજનતાને પ્રકાશિત કરનાર મહાત્મા જ હોય છે. વિદ્વાનો, શૂરવીરો ને શ્રીમંતોએ આ એ ઉદ્દેશને અર્થે પોતાના મન તન ને ધનની ઉદારતા પોતે પ્રસંગે દુઃખ ભોગવીને પણ બતાવવી જોઈએ. હિન્દુસ્તાનમાં બહોળી વસ્તી હિન્દુની છે ને હિન્દુની જ દેશજનતા હજી રહી છે માટે આટલી વાર મેં હિન્દુઓને જ સંભળાવ્યું, પણ હવે હું દેશના સર્વ જાતના વતનીને કહું છું. પારસી ને મુસલમાન હિન્દુસ્તાનની ભૂમિને શરણે છે. હિન્દુસ્તાનની ભૂમિ તેમનું ભરણપોષણ કરે છે. એઓ હિંદુઓના ભાઈઓ છે. એઓએ પણ હિંદુની સાથે દેશના કલ્યાણને અર્થે પરિશ્રમ કરવામાં ખંતથી સામેલ થવું જોઈએ. ઓ પ્રભુ! ગ્રીસની, રોમની, ફ્રાન્સની, જર્મનીની, અમેરિકાની, ઇંગ્લંડની, ઈરાનની, અરબસ્તાનની, તાતારની દેશજનતાએ અક્કેક વાર પોતાનો પ્રકાશ જગતમાં દેખાડ્યો છે, પોતાનો સુંદર વેશ ભજવ્યો છે, તેમ અમારી હિન્દુસ્તાનની દેશજનતા જગતના ઇતિહાસમાં ક્યારે પ્રકાશશે? દેશીઓ! હવે પ્રભુની જ ઇચ્છા થઈ હોય એવું ચિહ્નો ઉપરથી જણાય છે—ઘણા કાળનાં જડ થએલાં આપણાં મન ચંચળ થવા લાગ્યાં છે. હવે તો નક્કી ને વહેલી ફળવાની આશાથી ઉત્તેજન લઈ લઈ આપણે રાત દિવસ પ્રેમશૌર્યનાં કામો કરતાં રહીએ!–જય મળશે ને આપણી દેશજનતા પાછી નવા રૂપમાં જગતમાં પ્રકાશ આપશે! એ સમો પ્રભુ વહેલો દેખાડે!

નાટકશાળા ને ગોપીચંદ નાટક

નવલરામ લક્ષ્મીરામ પંડ્યા

(૧૮૩૬-૧૮૮૮)

નાટકશાળા એ સુધારાની નિશાની છે. કાળિદાસાદિકનાં સર્વોત્તમ નાટકો સંસ્કૃતમાં છે એ જ તે કાળના આપણા સર્વોત્તમ સુધારાની અચૂક સાબિતીઓ ગણાય છે. વિદ્યાના ગ્રંથ તો તે બનાવનારની જ બુદ્ધિનો પુરાવો હોય. કાવ્યો પણ 'ગણ્યોગાંઠ્યો અમુક વર્ગ જ સુધરેલો હતો' તે કરતાં વધારે સિદ્ધ કરી શકતાં નથી. ચોપાનિયાં ને વર્તમાનપત્રોની વિદ્વત્તા પણ શું બતાવે છે? એ જ કે તેના વાંચનારાઓ એવી વાતો સમજવાને લાયક છે બસ. પરંતુ આખો જનસમૂહ જ્ઞાન, વિચાર તથા મનોવૃત્તિમાં કેવો છે તેની ખરેખરી આરસી તો નાટકશાળા જ છે, કેમકે ત્યાં તો વાંચનાર ને ન વાંચનાર આખી આલમ વખતોવખત આવી જાય છે, અને તેથી તે બધાને ગમતાં, સમજાતાં, અને સરસ લાગતાં નાટકો જ ત્યાં ભજવવામાં આવે છે. માટે જે દેશનાં નાટકો સુઘડ, સરસ, ને સૂક્ષ્મ વિચારથી ભરેલાં, તે દેશના લોક પણ સુઘડ, સૂક્ષ્મ વિચાર કરવાની સ્થિતિએ પહોંચેલા છે એમ જે માનવામાં આવે છે તે સામાન્યપણે વાજબી જ છે.

એ જ કારણથી નાટકશાળા એ સર્વોત્તમ શિક્ષાગુરુ ગણાય છે. પાઠશાળા કે પુસ્તકશાળાથી પણ એની સત્તાને પહોંચી શકાતું નથી. લોકનાં જ્ઞાન, નીતિ, ને વિચાર ઉપર નાટકશાળા દ્વારા જેટલી અસર કરી શકાય છે તેટલી કોઈ પણ બીજે રસ્તે કરવી એ અશક્ય જ છે. એક અંગ્રેજી વિદ્વાન કહી ગયો છે કે મારા હાથમાં કોઈ પણ દેશનાં ગીત બનાવવાનું

કામ આપો, અને પછી તેની ઉન્નતિને માટે ત્યાંના કાયદા બાંધનારા કેવું ડહાપણ કે મૂર્ખાઈ વાપરે છે તેની હું જરા પણ પરવા રાખીશ નહિ. આપણે આપણા દેશના ખુદ અનુભવ ઉપરથી જાણીએ છીએ કે જ્યાં સુધી આપણા ભાટચારણો - ભાટાઈ કરનારા નીચ અભાગિયા થઈ ગયા નહોતા, ત્યાં સુધી તે આપણો શૂરાતનનો કાંટો મદોન્મત્ત વિદેશી વિજયી-ઓની સામે પણ કેટલો ઊંચો રાખવાને શક્તિમાન થયા હતા—એટલો ઊંચો કે તેના ગુણગાનમાં જ રાજસ્થાનનો ઇતિહાસકર્તા ટૉડસાહેબ પાને પાને ગુલતાન થઈ ગયેલો માલૂમ પડે છે. તેમ જ જરભક્તિનાં ગીતોએ દેશની કેટલી ખરાબી કરી છે તે કોઈને અજાણ્યું નથી. ટૂંકમાં ગીતકાવ્યની અસર-સારી કે નઠારી-બેહદ જ છે. તે છતાં ગીત દેશમાં એક વાર ફેલાય ત્યાર પછી જ એવી અસર કરી શકે; પણ નાટકશાળા તો જનસમૂહની વચ્ચે જ સાદ કરતી ઊભી રહે છે, અને તેનો મનોહર સાદ સાંભળી લોક દોડ્યા આવે છે. આખા દેશની મનોવૃત્તિને નાટકશાળા જે માર્ગે વાળવા ચાહે તે માર્ગે વાળી શકે.

નાટકશાળાનો બોધ-સારો કે નઠારો-માણસના મનમાં ચોંટી બેસે છે તેવો તેને કોઈનો પણ બેસતો નથી. નાટકના તખતા ઉપર સીતાશીલનું સાક્ષાત્ અનુકરણ જોનારના મન ઉપર પતિવ્રતા ધર્મની જેટલી છાપ પડે તેટલી કોઈ પણ કથા પુરાણથી પાડી શકાતી નથી. રાવણવધ જોઈ જુલમગાર રાજાને જેટલી ચાનક મળે તેટલી બીજે કયે માર્ગે મળવાની હતી? શકુંતલાનો એક બેલ સ્વયંવરનો જેટલો બોધ કરે તેટલો કરોડો નિબંધોથી પણ થઈ શકે નહિ. પ્રજામતને અનુસરવું એના જેવો રાજાનો બીજો કોઈ પણ ધર્મ નથી એ વાત ભવભૂતિએ સીતાપરિત્યાગના સંબંધમાં કેવી સરસ રીતે ઉત્તરરામ-ચરિતમાં પ્રબોધી છે! અલબત્ત, એ નાટકો તેવી રીતે ઉસ્તાદોના હાથથી લખાયેલાં જોઈએ જ, અને તેમ થાય એ હેતુથી તો અમે આ વિષય હાથમાં લીધો છે. કહેવાની મતલબ એ છે કે દેશમાં સુબોધ કે કુબોધ ફેલાવવાનું નાટકશાળા જેવું એકે સાધન નથી. દેશને સુરસિક-

શૂરવીર કે કૂવડ ને બાયલો કરવો, એ નાટકશાળાના વ્યંગ્ય પણ સફળતમ બોધની ઉપર જ બહુધા આધાર રાખે છે. નાટકશાળા એ સુધારા કે કુધારાનું એક મહા જબરદસ્ત હથિયાર છે, અને વિચારવંત સુધારકો હમેશાં તેને પોતાના પક્ષમાં લેવા કદી ચૂકતા નથી.

અમારો હેતુ એમ નથી કે નાટકો બોધપ્રધાન હોવાં જોઈએ. નાટક લખનારે બોધ કરવા ઉપર લક્ષ રાખવું જોઈએ, એમ પણ અમે કહેતા નથી. અમારા વિચારમાં તો બોધ કરવો છે એ વાત જ તે ભૂલી જાય તો સૌથી સારું છે. જેમ શ્રોતા ઉપર મારે અસર કરવી છે એમ ધારી જે ભાષણ આપે છે, તે કદી પણ અસર કરનારો વક્તા થઈ શકતો નથી, તેમ જ બોધ ઉપર નજર રાખનારાં નાટકો તો નકામાં ટાયલાં જ સમજવાં, કે જે ઘોળીનાં કૂતરાંની પેઠે, નહિ ગામનાં કે નહિ ઘાટનાં, એવાં હોય છે. એવાં ટાયલાં તો હાલ બહુ યે લખાય છે, પણ તેને કોઈયે નાટકશાળા હાથમાં પકડતી નથી; અને હાથમાં પકડવાં જ ન જોઈએ. રસ જે કાવ્યનાટકોનું લક્ષણ તે જેણે છોડ્યું, તે કાવ્ય-નાટકે તો પોતાનો સ્વધર્મ જ છોડ્યો, અને તેમ થયું એટલે તે કશા કામનું રહ્યું નહિ. સુબોધ એ સારા નાટકનું સ્વાભાવિક ફળ છે, પણ તેનો ઉદ્દેશ નથી. શુદ્ધ ને ઊંચા રસમાં સ્વાભાવિકપણે જ સારો બોધ સમાયેલો છે, પણ તે બોધનરૂપે નહિ; અને બોધનરૂપે નથી તે માટે જ તે વધારે અસર કરે છે. જેમ કહેણી કરતાં રહેણી જ ખરેખરી બધાને સુબોધદાયક ગણાય છે, તેમ સરસ નાટકનાં પાત્રો ભાષણો આપીને નહિ પણ પોતાનાં મહાન આચરણોથી જ સુનીતિનો બોધ રામબાણ રીતે કરે છે. આ કારણથી વ્યવહારમાં તો સારાં નાટકોથી રસ ને સુબોધ બંને મળે છે જ. રસ એ જ કાવ્યનાટકોનો ઉદ્દેશ છે એમ કહેવું એ માત્ર રસશાસ્ત્રની સાંકેતિક જ કોટિ છે. પરંતુ એ કોટિને અહીંયાં છેડવાની જરૂર એટલા માટે પડી છે કે હાલ સુધારકોમાં થોડાક ટાયલાંપક્ષી નીકળ્યા છે, તેઓ નીતિનાં ભાષણો જ કાવ્યનાટકમાં જોઈને રાજી થાય છે, અને તેની પેઠે અમે પણ એવાં ટાયલાં જ

આગતા હોઇશું એમ સમજી, રસિક મંડળ, (કે જેનો જ આ વિષયની સાથે ખાસ ઇલાકો છે) તે અમારી આ દેશોપયોગી સલાહને મોં મચડી કાને જ ધરે નહિ એવી અમને દહેશત રહે છે. અમે કાવ્યનાટકોને રસમય, ને રસોદ્દેશી જ જોવાને ઇચ્છીએ છીએ, અને તેવાં નથી તેથી જ ભારે ખરાબી થાય છે એ અમારે આ ઠેકાણે ફરિયાદ કરવાની છે.

નાટકશાળાઓની સામે ફરિયાદ કાંઈ આજકાલની નથી. મુંબઈનાં વર્તમાનપત્રો બૂમ પાડી પાડીને થાકી ગયાં, અને હવે તો સભ્ય ગૃહસ્થોએ ત્યાં જવું જ માંડી વાળ્યું છે. તો પણ નાટકશાળાઓ ન સુધરતાં ઊલટી બગડતી જ જાય છે. છેલ્લાં આહદસ વર્ષથી તો આ ચેપ ગુજરાતને લાગ્યો છે, અને ત્યાં પણ એનો ફેલાવો બહુ જ થયો છે. જ્યાં જોઈ એ ત્યાં પથરાબોધક ને રાખબોધક એવાં ખોટાં ખોટાં ઠગાઈ ભરેલાં નામો ધારણ કરી દેશની નીતિરીતિમાં કેવળ બગાડો કરતી જ (કોણ જાણે કયાંથી ઉત્પન્ન થઈ) અજ્ઞાન ને અણઘડ નાટકમંડળીઓ ભિખારીનાં ટોળાંની પેઠે ગામેગામ રખડતી માલૂમ પડે છે. એ ટોળીઓ થોડી હતી ત્યાં સુધી તો કાંઈક સારું લાગતું. પણ હવે તો મુંબઈની પેઠે જ ગુજરાતના લોક કાયર થવા મંડ્યા છે. મુંબઈની પેઠે જ અહીંયાં પણ છોકરાઓ ભણવુંગણવું છોડી જ્યાં જઈએ ત્યાં નાટકના બીભત્સ રાગડા જ કાઢતા જોવામાં આવે છે. કેટલાક તો એની પછાડી નીકળી પણ જાય છે.

આ રીતે ચોતરફ ગુજરાતમાં પોકાર ઊઠી રહ્યો છે, તો પણ એનો ખરો ઉપાય કોઈ ને સૂઝતો નથી. માત્ર પોકારથી કાંઈ પણ ફાયદો થવાનો નથી. તેમ જ સારા માણસો કંટાળી એવાં નાટકો જોવા જવાનું જ છોડી દેવા લાગ્યા છે. તેથી પણ તેનું જોર કાંઈ ઓછું થઈ જાય એમ અમને લાગતું નથી. એથી તો ઊલટું ફળ એ થાય છે, કે સભ્ય માણસોને જોઈ પહેલાં જે કાંઈ સંકોચ પડતો હતો તે દૂર થઈ નાટકોમાં મૂર્ખાઈ, ને અસભ્યતા વધતી જાય છે. માટે સમજુ ને શાણા માણસની ફરજ તો એ છે, કે નાટકો જોવા જઈ તેની જે ખોડખાંપણો માલૂમ પડે તે જાહેરમાં મૂકવી. આપણાં ગુજરાતી વર્તમાનપત્રોને માલૂમ નથી,

પણ વિલાયતમાં તો તેઓ પોતાનું એક એ કામ જ સમજે છે કે આગલી રાત્રે જે નાટક થયું હોય તેને વિષે બીજે દહાડે પોતાના વિચાર પ્રગટ કરવા. આમ કર્યા વિના બિચારા નાટકવાળા પોતાના ગુણદોષ શી રીતે જાણે, અને ન જાણે તો પછી પોતપોતાને ઊંધે રસ્તે જ ચાલ્યા જાય તેમાં નવાઈ શી? વર્તમાનપત્રોએ જ નહિ પણ ખાનગી ગૃહસ્થોએ પોતાના મિત્રમંડળમાં નાટક કેવી રીતે ભજવાયેલું તેની ચર્ચા કરવી જોઈએ, કે સુધરેલો લોકમત બંધાય, અને સુધડ લોકમત બંધાયા પછી નાટકટોળીઓની તાકાત નથી કે તેઓ હાલના જેવાં ઢંગ કે ઢાળ વિનાનાં નઠારાં નાટકો તખતા ઉપર આણવાની હિંમત કરે.

હાલ નઠારાં નાટકો થાય છે તેનો દોષ તો અમે નાટકટોળીઓ કરતાં નઠારા લોકમતને જ આપીએ છીએ. સભ્ય ગૃહસ્થો કંટાળીને કે ગમે તે કારણથી તેને પૂરું ઉત્તેજન આપતા નથી, અને તેથી તેનો મોટો આધાર નીચ વર્ગના લોકોને જ રાજી કરવા ઉપર રહેલો છે. જે એ નાદાન શ્રોતાઓ વિદૂષકનું મૂર્ખાઈ કે બેહયાઈભર્યું બટકબોલું સાંભળીને જ રાજી થઈ તાબોટા પાડતા દેખાય, તો સ્વાભાવિક જ છે કે નાટકમંડળીઓ એવું બટકબોલું જ આખા નાટકમાં આણવાની. જે જોનારાને દાદરા ઠૂમરી કે ખ્યાલ ટપ્પા જ કે ગઝલ રેખતા પર વિશેષ ભાવ હોય છે, તો નાટકમાંના રાજા ને બુઢ્ઢા પંડિતો પણ ઠોળિયા બની ભર સભામાં કાને હાથ દઈ રાગોટા જ કાઢવા મંડી જાય છે. જે એવા લોકને બીભત્સ વાતના ઇશારા ગમે છે, તો સભ્ય નાટકમંડળી પણ તજવીજે તજવીજે તેમ જ કરવા દોરાવાની, ને દોરાય છે જ. અરે અમને તો દહેશત લાગે છે કે જો આ નાટકોનું વલણ વેળાસર સુમાર્ગે વાળવામાં નહિ આવે, તો તે બગડીને જતે દહાડે ભવાઈના જેવાં જ થઈ જશે.

આવી હાલ આપણી નાટકશાળાઓની સ્થિતિ આખા ગુજરાત ખાતે છે, અને તેને સુધારવાનો ખરો ઉપાય એ જ છે કે તેનું વિવેચન, નિરંતર વિવેચન, ખરા રસજ્ઞ પુરુષોની તરફથી થવું જોઈએ. નાટકનો શોખ એક વાર લોકમાં ઉત્પન્ન થયો છે તે જતો રહેવાનો નથી, અને

નાટકટોળીઓ ગમે એવી છે પણ તે દિન પર દિન વધતી જ જવાની એ નિશ્ચય કરીને જાણવું; માટે એને સુધારવી, સુમાર્ગે વાળવી, અને લોકની આંખ આગળ શુદ્ધ ને ઊંચા રસનાં નાટકો મૂકવાં કે સ્વાભાવિક રીતે જ તેઓ તેને પસંદ કરશે, અને હાલના કચરા કે ટાયલાંને ધિક્કારતાં શીખશે. બાળકના હાથમાંથી જોખમકારી રમકડું લઈ લેવું હોય, તો તેનો સર્વોત્તમ ઉપાય એ જ છે કે બીજું નિર્દોષ પણ તેથી યે રઢિયાળું તેની આગળ ધરવું. તેમ ન કરતાં ખેંચતાણ કરવા જઈએ, તો બેમાંથી એકનો હાથ કપાય એ જ ફળ થાય. અર્થાત્ નઠારાં નાટકને કાઢવાનો ઉપાય એ જ છે, કે સારાં નાટકને ઓળખી તેને ઉત્તેજન આપવું, અને તેના જે દોષ હોય તે વિવેકથી બતાવવા.

ગોપીચંદ નાટકનો વિષય તો કયાંનો કયાં રહ્યો, અને અમે તો નાટકશાળાના નિરાળા વિષય ઉપર જ બહુ ઊતરી પડ્યા એમ કોઈને લાગશે ખરું, પણ આ વિવેચન આરંભવા પહેલાં તેમ કરવાની જરૂર હતી. આ નાટક અમારા હાથમાં આવ્યું ત્યારે પ્રથમ વાંચીને તો એમાં કાંઈ ઝાઝો માલ નથી એમ કહી તેની એક સાધારણ નોંધ લેવાનો જ ઠરાવ કર્યો, પણ તેમ કરવા જતાં અમારા મનમાં ઉપલા વિચારો એક પછી એક ઊઠતા ગયા, અને છેવટે અમને એમ લાગ્યું કે આવા ભજવાતા નાટકનું તો વિસ્તારથી વિવેચન કરવું એ અમારી હાલને સમે ખાસ ફરજ છે.

નાટક બે પ્રકારનાં કહેવાય છેઃ વાંચવાનાં અને ભજવી બતાવવાનાં. એમાં ભજવી બતાવવાનાં તે જ નાટક ખરાં, અને ઉપર જે નાટકનું બળ વર્ણવ્યું તે એવાં જ નાટકોનું સમજવું. વાંચવાનાં નાટક તો ફક્ત બીજા પુસ્તક જેવાં છે, અને તેની અસર ટૂંકી હદમાં જ રોકાઈ રહે છે. આપણી ભાષામાં વિદ્વાનોએ કેટલાંક નાટક લખ્યાં છે, પણ તે માત્ર વાંચવા લાયક છે. કેટલાંક વર્ષ ઉપર સૂરતની કોઈ નાટકમંડળીએ "ભટનું ભોપાળું" કેટલીક વાર ભજવી બતાવ્યું હતું, અને "લલિતા દુઃખદર્શક" કેટલાક ફેરફારની સાથે કોઈ કોઈ વખત નાટકના તખતા

ઉપર આવ્યા કરે છે ખરું, પણ તે સિવાય એમાંનું કોઈ પણ બીજું નાટક ભજવવાનો પ્રયત્ન થયો એમ અમારા જાણ્યામાં નથી.

ભજવાતાં નાટક તો હાલ આપણા દેશમાં કાંઈ ઓર જ પ્રકારનાં છે. ઘણીક નાટકમંડળીઓ પાસે તો લખેલાં નાટકો જ હોતાં નથી, પણ કથાભાગ યાદ રાખી પાત્રો પોતાની મરજીમાં આવે તેમ તે તે પ્રસંગાનુસાર બોલી લે છે. આવા બિનતૈયારીના બકબકાટમાં તો કોઈ પણ ભલીવાર શી રીતે હોઈ શકે? કેટલીક મંડળીઓ પાસે પદબંધ આખ્યાનો હોય છે. તે આખ્યાન સૂત્રધાર ગાઈ બતાવે છે ત્યારે પાત્રોને શું બોલવું તેની ખબર પડે છે. આના જેવું તો અસ્વાભાવિક કે હસવા જેવું બીજું એકે નથી. સૂત્રધાર રાગડો કાઢી રહે, કે તેનો ભાવાર્થ અભણ પાત્ર પોતે જેમ સમજે તેમ ભાંગીતૂટી ભાષામાં બોલે; અને તેમાં છેવટે અગત્યનો પ્રશ્ન પૂછ્યો હોય જેનો જવાબ સામા પાત્રે જુસ્સાથી તત્કાળ જ દેવા જોઈએ એમ હોય, તો પણ બિચારું સામું પાત્ર મોં વકાસીને ઊભું જ રહે છે, અને શો જવાબ દેવો તે સૂત્રધાર તાનમાનથી રાગ ધુમાવતો દોઢ પહોરે ગાઈ રહે છે, ત્યારે જ તેને માલૂમ પડે છે. આ તો દૃશ્ય કાવ્ય નહિ, પણ શ્રાવ્ય કાવ્ય જ થયું. એવા નાટક કરતાં તો પડદાબડદા આઘા ફેંકી દેવાડી એકલા સૂત્રધારને જ સામે બેસાડી બધું આખ્યાન ગવડાવ્યું હોય, તો વધારે રસ પડે, અને તે બિચારા સૂત્રધારને પણ પોતાનું સંગીતચાતુર્ય દેખાડવાનું બરાબર બની આવે. આ રીત પ્રથમ દક્ષિણીઓએ હાલનાં નાટક ઊભાં કર્યાં ત્યારે અજ્ઞાન ને આળસુ પાત્રોથી પાઠ તૈયાર થઈ શકે નહિ એમ ધારી દાખલ કરી હતી, પણ પાછળથી તેમને માલૂમ પડ્યું કે દરેકે પોતપોતાનો થોડો પાઠ તૈયાર કરવો એ અજ્ઞાનને જેવું લાગે છે તેવું કાંઈ અઘરું કામ નથી. હાલ પૂનાની સારી નાટકમંડળીઓએ આ અણઘડપણાની રીત ઘણા વખતથી છોડી દીધી છે, અને સંસ્કૃત કે અંગ્રેજી પદ્ધતિ પ્રમાણે જ નાટક કર્યા જાય છે. ગુજરાતીઓએ પણ હવે તો તેમ કરવું જ ઘટે છે.

થોડીક આપણી મંડળીઓ પાસે લખેલાં નાટક હોય છે ખરાં,

અને તે પ્રમાણે ભજવવાને પાત્રો તો પોતાના તરફથી બનતી મહેનત પણ કરે છે, પરંતુ તેમાં બધો દોષ નાટક લખનારનો જ હોય છે. એ નાટકો એવી તો અણઘડ રીતે લખાયેલાં હોય છે કે જેણે તે જોયાં નથી તેને તેનો વિચાર પણ આવવો મુશ્કેલ પડશે. આ નાટકો ઘણું કરીને છપાતાં નથી, અને તેથી તે વાંચનારી આલમની નજરે કવચિત જ પડે છે. એમાંનાં કોઈ કોઈ છપાય છે, પણ તેના બનાવનારની હિંમત જ કોઈ વર્તમાનપત્ર કે ચોપાનિયા ઉપર અભિપ્રાયને માટે મોકલવાની થતી નથી. બેચાર વરસ પર એવું એકાદ ચીંથરું અમારી ઉપર આવ્યું હતું. તેણે અમારી ઉપર મોકલવાની હિંમત ચલાવી તે ઉપરથી જ અમે અટકળ બાંધી હતી, કે તે ભજવાતું નહિ પણ ભજવાતાં નાટકો જોઈ કોઈ જુવાનિયાએ બનાવેલું નાટક હશે. એવાં બીજાં પણ હાલની નઠારી નાટકશાળાનાં નઠારાં નકલી નાટકો હાલ ઘણાં છપાય છે, અને તે ઉપરથી જણાય છે કે નાટકશાળાના દોષ શુદ્ધ પુસ્તકવર્ગમાં પણ પેસવા માંડ્યા છે.

ભજવાતું નાટક તેના બનાવનાર તરફથી તો અમને આ પહેલ-વહેલું જ મળે છે, અને તેથી તેનું વિવેચન અમારે કાંઈક વિસ્તારથી જ કરવું જોઈએ. અલબત્ત, એનું વિવેચન બીજાં પુસ્તકોનું જેવા માપથી કરીએ છીએ તેવા માપે કરવું એ વાજબી કહેવાય નહિ. હાલ ભજવાતાં નાટકોના ગુણદોષ તો ઉપર કહેલી નાટકશાળાની સ્થિતિનો વિચાર કરી રહેમનજરથી જ બતાવવા જોઈએ, કેમકે એવાં નાટકો વિવેચક કે વિદ્વાન વર્ગને નહિ, પણ સામાન્ય શ્રોતાજનોને પ્રસન્ન કરવાને અર્થે જ લખા-યેલાં છે. ઉપર અમે વર્તમાનપત્રોને દરેક ખેલની નોંધ લેવા ભલામણ કરી છે ત્યાં તેણે પણ આવી રહેમનજરથી જ વર્તવું જોઈએ એમ અમારો અભિપ્રાય છે.

કાળચક્ર

મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી

(૧૮૪૦-૧૯૦૭)

આ પૃથ્વી ઉપર કશું નિશ્ચળ નથી. સર્વના અવસ્થાન્તર થયા જાય છે. સૂર્યની પણ આપણે ત્રણ અવસ્થા દેખીએ છીએ, ચંદ્રની કળામાં પણ ક્ષયવૃદ્ધિ દેખીએ છીએ, દેશની અવસ્થામાં અને લોકની અવસ્થામાં પણ અન્તર થાય છે, તો મનુષ્ય માત્રની અવસ્થામાં અન્તર થાય એમાં તો નવાઈ જ શી? જન્મથી મરણ પર્યન્તના અવકાશમાં આપણી સર્વની અવસ્થામાં અગણિત ફેરફાર થાય છે, અને તે એવી રીતે થાય છે કે તેમાં કોઈને ગમ પડતી નથી. એક પળમાં એક સુખી દુઃખસાગરમાં બૂડી જાય છે; અને એક પળમાં એક દુઃખી સુખસાગરમાં તરે છે. પૂર્વે એશિયા ખંડ પ્રતાપી હતો અને યુરોપ ખંડ જંગલી હતો, તેનું અવસ્થાન્તર જુઓ! આગળ ઇંગ્રેજ લોક કશી ગણતરીમાં જ નહોતા તે જ ઇંગ્રેજ લોક આજ શિરોમણિ લોક ગણાય છે. ઘણાં મનુષ્યો કંગાળ અવસ્થામાં હતાં તેને આપણે કોટ્યાધિપતિ થયેલાં સાંભળ્યાં છે અને દીઠાં છે; અને કોટ્યાધિપતિ તે કંગાળ થયેલાં દીઠાં છે અને સાંભળ્યાં છે. એ પ્રકારની ઘટમાળ આપણે નિરંતર જોઈએ છીએ. પરંતુ એ અવલોકન કર્યાનો ઉપયોગ માત્ર બુદ્ધિમાન પુરુષો જ કરી શકે છે. સાધારણ મનુષ્યો અદ્‌ભુત અવસ્થાન્તર પોતાની આંખે જુએ છે પણ તે ઉપરથી કશો બોધ લેતાં નથી; તેથી તેમને હાથે બહુ અનર્થ થાય છે અને તેઓ પોતે પણ બહુ વાર દુઃખી થાય છે.

સંવત્ ૧૯૨૦–૨૧ની મુંબઈમાં અને સંવત ૧૯૨૧–૨૨ ની મુંબઈમાં કેટલો અંતર પડ્યો તે જુઓ! આપણા દેખતાં ગરીબ

મનુષ્યો ધનવાન લક્ષાધિપતિ થયા, અને આપણા દેખતાં જ લક્ષાધિપતિ પાછાં ગરીબ થઈ ગયાં. આજથી દોઢ વર્ષની મુંબઈમાં અને આજની મુંબઈમાં ચમત્કારિક ફેર દેખાય છે. એક ક્ષણમાં જળ ત્યાં સ્થળ અને સ્થળ ત્યાં જળ થઈ જાય છે. જ્યાં ભરતીથી અગાધ જળ ભર્યું હોય છે ત્યાં ઓટ આવે છે ત્યારે કાંકરા ઊડે છે અને જ્યાં કાંકરા ઊડતા હોય છે ત્યાં જળજળમય થઈ રહે છે. એ બધો યે કાળચક્રનો મહિમા છે. એ વાત મનુષ્ય માત્રે પોતાના સ્મરણમાં નિરંતર રાખવી જોઈએ. કોઈને દુર્બળ દેખી કારણ વિના ધિક્કારવું નહિ, તેમ પ્રબળ દેખી ત્રાસવું નહિ. સર્વ સાથે હળીમળી રહેવું. મનુષ્યને મનુષ્ય પ્રમાણે જ ગણવાં. જે વેળા મુંબઈમાં સોનારૂપાનો વરસાદ વરસતો હતો તે વેળા, સ્વપ્નમાં પણ કોઈ જાણતું હતું કે દેવાળાં કાઢવા વેળા આવશે? અને જેનું નામ દઈએ નહિ તેની ખુશામત કરવી પડશે? તે તો શું, પણ તેથી અધિક થયું છે. જે તારા જેવા ચળકતા તે જ કોયલા જેવા કાળા પડી ગયા છે. તે વેળાની ચંચળ લક્ષ્મી ઉપર વધારે વિશ્વાસ રાખી જે અહંકારમાં છકી ગયા હશે તેને લક્ષ્મી ગયાથી વિશેષ દુઃખ થવાનું.

સમજુ મનુષ્યને સંપત્તિમાં હર્ષ અને વિપત્તિમાં શોક થતો નથી. સમજુ મનુષ્ય સંપત્તિમાં છલકાઈ જતાં નથી તેમ વિપત્તિમાં સુકાઈ જતાં નથી. તેમની વૃત્તિ સર્વ અવસ્થામાં સમાન રહે છે. તેઓ સંપત્તિ અને વિપત્તિ એ દેહના ધર્મ સમજે છે. જેમ શરીરને બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા સ્વાભાવિક રીતે પ્રાપ્ત થાય છે, તેમ સુખદુઃખ પણ સ્વાભાવિક રીતે પ્રાપ્ત થવાનું જ, એવો તેમને દૃઢ નિશ્ચય થયો હોય છે. એવા મનુષ્યનાં અંતઃકરણ સંતોષથી આનંદમાં રહે છે. આ સૃષ્ટિના સર્વ પ્રપંચને જે ચંચળ અને ક્ષણભંગુર સમજે છે તે મનુષ્ય યથાર્થ ચાલે છે. કયી વેળા સુખ આવશે કે કયે કાળે દુઃખ આવશે તે કોઈથી કળાતું નથી. આપણામાં કહેવત છે કે, રામચંદ્રજી સરખાને પણ કાલે શું થશે તેની જાણ થઈ નહોતી. પહેલે દિવસે રાજ્યાસન ઉપર બેસવાનો નિશ્ચય થયો તેની સામગ્રીઓ થવા માંડી અને આખા શહેરમાં મહોત્સવ

થઈ રહેલો, પછી જે દિને રાજ્યાભિષેક થવાનો હતો તે જ દિને વનવાસ જવું પડ્યું.

તેમ કેટલીક દેવકથાઓમાં આપણે સાંભળ્યું છે કે કેટલાક રંક એક ક્ષણમાં રાજા થઈ ગયા છે, એ પ્રકારે મનુષ્યની સ્થિતિમાં દુઃખ-સુખ આવ્યાં જાય છે. દશા પછી એકાદશા સર્વના પ્રારબ્ધમાં છે જ છે. એમ છે તો ચલિત સંપત્તિથી અહંકાર શા વાસ્તે કરવો જોઈએ, તેમ વિપત્તિથી નિરાશ શા વાસ્તે થવું જોઈએ? આપણા લોક જે કંઈ ભવિષ્યમાં થવાનું હોય છે તેને અદૃષ્ટ, એટલે દેખાય નહિ એવું કહે છે એ સત્ય છે. અદૃષ્ટ એ એક મહાન અંધકારથી ભરેલું જંગલ છે, તેમાં મનુષ્ય માત્ર પંથી એટલે મુસાફર છે. કયી વેળા કેવી રીતે અને કોનાથી એ દુઃખમાં આવી પડશે એ કળાતું નથી. કોઈ વેળા તો એક પગલાને અન્તરે મોત ઊભું હોય છે, તે પેલા પંથીને એક પળમાં હતો ન હતો કરી દે છે. આહા! આપણી કેવી ક્ષણભંગુર અવસ્થા છે! પાણીના પરપોટા જેવી આપણી અવસ્થા, તે ઉપર ભમત જોઈએ તો મોટા પર્વત જેવડો કરીએ છીએ, એ કેવી મૂર્ખતા! એ કેટલી ઘડી ટકવાનો? આપણી દેહનો જ પ્રથમ ભરોસો નથી તો તેની અવસ્થાનો તો ભરોસો કયાંથી જ હોય?

'આશનાં ભુવન આકાશ સુધી રચે,
પણ મૂર્ખ! એ મૂળમાં ભીંત કાચી.'

માટે ભાઈઓ! કાળચક્રમાં તમારી અવસ્થા ફરે પણ તમે હારશો નહીં. એક તાપ મોટાં મોટાં લીલાં કચ ખેતરને સુકવી નાખે છે, તો આપણા ઉપર તો વિવિધ તાપ છે તે ઓચિંતો આવી કઈ વેળા આપણને સૂકવી નાખશે તે આપણે ચેતી શકતા નથી.

તમારી પાસે અસંખ્ય નાણું હશે, તમારી પાસે ભારે અધિકાર હશે, કે તમારી પાસે મનુષ્યનું કે અંગનું બળ હશે, તેના ઉપર વિશ્વાસ રાખી કોઈને પીડશો નહિ. ધનની, અધિકારની કે શરીરની સંપત્તિ

તમારે સ્વાધીન નથી, એ પારકેા માલ છે, તમારી પાસેથી એક પળમાં તેનેા માલધણી ખૂંચી લેશે, તે વેળા વીલે મેાંએ રેાવું પડશે. કંઈ પણ સંપત્તિ હેાય તેા તેને લેાકેાપકારમાં વાવરી, વાવ્યું એ જ તમારું સમજજો. આપણે જોતા રહીએ છીએ અને આપણી વહાલામાં વહાલી વસ્તુ જતી રહે છે, એ નિશ્ચય છે. રાવણના જેવી સંપત્તિ કેાઈની નહેાતી એવું કહેવાય છે, તે પણ એક પળમાં જતી રહી; તેા આપણી સંપત્તિનું તેા શું ગજું? આપણી દશા પળ પછી કેવી થશે એ કેાઈ જાણતું નથી; (અને એ કેાઈ નથી જાણતું એ જ સારું છે) માટે આપણે કાળચક્રમાં છીએ એવું સમજી કેાઈ પ્રાણીને કશા પ્રકારે પીડા ન કરતાં, જેમ તમારાથી બને તેમ પ્રાણી માત્રનું સારું કરવા પ્રયત્ન કરશેા.

જેમ સંપત્તિ સદાકાળ રહેતી નથી તેમ વિપત્તિ યે સદાકાળ રહેતી નથી. જગતમાં જે મહાન પુરુષેા થઈ ગયા છે અને થાય છે તે બહુ કરીને વિપત્તિમાંથી નીકળીને જ ઉદય પામેલા છે. કાળચક્રનેા મહિમા મેાટેા છે. જેમ રથના ચક્રના પરિધિનેા એક ભાગ એક ક્ષણે રથનેા ભાર વેઠી ધૂળમાં રગદેાળાય છે, તે જ ભાગ બીજી ક્ષણે ભારથી મુક્ત થાય છે એટલું જ નહિ પણ ઊંચે આકાશમાં રમી રહે છે; તેમ મનુષ્યનું ભાગ્ય ફરતું રહે છે. માટે કેાઈએ નિરાશ થઈ ગાડી અટકાવવી નહિ. સારું કરનારનું સારું જ થાય છે એવેા નિશ્ચય કરી સારા કામમાં મચ્યા રહેવું.

દૈવદેવી (અદૃષ્ટ) પેાતે આંધળી છે. પેાતાના એક હાથમાં સુખનેા હાર રાખે છે અને એક હાથમાં દુઃખની ફાંસી રાખે છે. મહાવેગમાં ઊડતાં પેાતાની છાયા સર્વ લેાક પર નાખી અવિવેકપણે હાર કે ફાંસી પહેરાવી દે છે. પછી સર્વની દેારી પેાતાના હાથમાં રાખી તેમને રમાડે છે. ઘડીમાં હસાવે છે અને ઘડીમાં રડાવે છે, એ પ્રમાણે નાટક કરે છે. મૂર્ખ મનુષ્યેા તેના ઉપર વિશ્વાસ રાખી તેના ભક્ત થાય છે. બુદ્ધિમાન પુરુષેાએ તેનેા વિશ્વાસ રાખવેા નહિ, કારણ કે તે બહુ નિર્દય

છે. એક સુખી કુટુંબને એક પળમાં તેના રત્ન જેવા જુવાન પુત્રોને જંએ કરી એ અવિવેકી દૈવ દુઃખમાં બુડાડે છે. શ્રીમંતને ભિખારી કરી દે છે, અને રાજાને બંદીવાન કરે છે. દુષ્ટ દૈવનાં કામ એવાં છે. એવું એવું નિરંતર જોઈને વિદ્વાન લોક દૈવથી ત્રાસી તેનો એટલે ભવિષ્યના ગર્ભનો વિશ્વાસ કરતા નથી.

એક સોલન નામે પંડિત થઈ ગયો છે, તે એક સમયે મહા પ્રતાપી અને ચક્રવર્તી જેવા ક્રીસસ નામના સુખી રાજા પાસે આવી ચઢ્યો. સર્વ વાત સાનુકૂળ જોઈ બલિરાજાની પેઠે ક્રીસસે બહુ ગર્વથી પેલા પંડિતને પોતાની સર્વ સમૃદ્ધિ બતાવી પૂછ્યું કે: "જગતમાં સુખી કોણ છે?" તે રાજાના મનમાં એવી આશા હતી કે મને સુખી કહેશે, પણ પેલા પંડિતે એક સદ્‌ગુણી મનુષ્ય થોડા દિવસ ઉપર મરણ પામ્યો હતો તેનું નામ દીધું, પેલા રાજાનું માન ભંગ થઈ ગયું તેથી પેલા પંડિતની યોગ્યતા પ્રમાણે તેનો સત્કાર કર્યો નહિ. પંડિતને તો સર્વ સમાન હતું. તે સમજ્યો કે રાજા મદાંધ છે તેથી મારા વચનની તુલના કરી શકતો નથી. પછી રાજાને કહ્યું કે "સદા તો તમે સુખી દેખાઓ છો, પણ એક પળ પછી શું થશે તે કોઈ જાણતું નથી એવા વિચારથી હું મરણ સુધી કોઈને સુખી કહેતો નથી." પણ રાજાને કશું રુચ્યું નહિ. થોડા દિવસ ગયા નહિ એટલામાં એક શત્રુએ આવી ક્રીસસને જીતી બંદીવાન કર્યો; ત્યારે પેલા પંડિતના શબ્દ સાંભર્યા. પછી યથાસ્થિત વાત પોતાના જીતનારને કહી, જેથી તેને પણ સાન આવી અને ક્રીસસને છોડી મૂક્યો.

પૃથ્વીરાજ નામે મહા પ્રખ્યાત રાજા થઈ ગયો. તે બહુ શૂરવીર હતો. ક્રીસસની પેઠે તેને એક શત્રુએ જીતી બંદીવાન કર્યો, તે વેળા તેનો ચંદ નામે મહા કુશળ કવિ પોતાના પ્રિય રાજાના મનનું સમાધાન કરવા કહે છે કે—

વિદ્યા, ભલપણ, સમુદ્રજળ, ઊંચપણું, આકાશ,
ઉત્તર પંથ, દૈવગતિ પાર નહિ, પૃથિરાજ!

ભાઈઓ ! આપણે કશાનો ગર્વ અથવા અહંકાર કરવો નહિ. તેમ નિરાશાથી મરણતુલ્ય થઈને ગાડું અટકાવવું પણ નહિ. એમ કર્યાથી સહેજ ચક્ર ફર્યાથી ઉદય થવાનો હોય છે તો તે અટકી પડે છે. પ્રભુ સારે માર્ગે પ્રેરો એવી પ્રાર્થના કરી અવસ્થાન્તર સારુ તત્પર રહેવું. જેમ ગળણામાં પાણી ગળતાં સૂક્ષ્મ પદાર્થ રહી જાય છે તેમ પુણ્ય કે પાપનાં આપણાં કામ આપણામાં રહેવાનાં. અને સુખદુઃખના દિવસ સમાન રીતે આપણામાં થઈ વહી જવાના. એ સત્ય સમજજો.

એ કાળચક્રમાં આપણું જ્ઞાન આવી શકતું નથી. જ્ઞાનના ઉપર કશાનું બળ ચાલતું નથી. જ્ઞાન તેજરૂપ છે. જે જ્ઞાનનો આશ્રય કરે છે તેને કાળચક્રનો ઓછો ભય રહે છે. જ્ઞાનના મુખ આગળ કાળચક્ર નિરુપાય થઈ જાય છે. ઓ દેશીઓ ! કાળચક્રની મહાપીડામાંથી છૂટવું હોય તો જ્ઞાનની ધરીનો આશ્રય કરો. સંસારમાં જ્ઞાન એ જ સુખકર છે.

ઈશ્વરની ગતિ અતર્ક્ય છે. ઈશ્વરની રચના અગમ્ય અને અકથ્ય છે. એક મનુષ્ય પ્રાણીની સ્થિતિ પણ યથાર્થ કળી શકવા આપણે સમર્થ નથી; તો પ્રાણીમાત્ર, પૃથ્વી અને બ્રહ્માંડ વિષે યથાસ્થિત જાણવાની તો આશા જ શી ? ઈશ્વરની કૃતિ એવી અનંત છે કે તેનો એક વેશ પણ યથાર્થ જાણવાને આપણી પરિમિત શક્તિ અયોગ્ય છે, આપણું કામ એટલું જ છે કે સારી બુદ્ધિથી ઉદ્યોગ કરવો, અને તેનું જે ફળ મળે તેમાં સંતોષ પામવો – અર્થાત્ આપણું મન ઈશ્વરને સમર્પણ કરવું. એ નિયમથી વિપરીત ચાલે છે તેને દુઃખ વિના બીજો કાંઈ લાભ થતો નથી.

☆

રાષ્ટ્રીય સભા અને સંસારસુધારા સમાજ

મણિલાલ નભુભાઇ દ્વિવેદી

(૧૮૫૦–૧૮૯૮)

(૧)

કૉંગ્રેસની સ્થાપના થઈ ત્યારથી અત્યાર સુધી સંસારસુધારણાની એક સમાજ (કૉન્ફરન્સ) પણ કૉંગ્રેસની બેઠક સમાપ્ત થયા પછી કૉંગ્રેસના જ મંડપમાં પ્રતિ વર્ષે ભરવામાં આવે છે. આપણા રાજ્યકર્તા અને તેમના હિમાયતીઓ તરફથી વારંવાર એવું કહેવામાં આવે છે કે 'તમે કૉંગ્રેસ કરી રાજકીય હકો માગો છો, પણ તમારો સંસાર સુધરશે નહિ ત્યાં સુધી રાજકીય સુધારો થવાનો નથી.' આ દલીલને અનુમોદન આપી આપણા કેટલાક આગેવાનોએ સંસારસુધારણાની સમાજની યોજના પણ કૉંગ્રેસની પછવાડે લાગુ કરી દીધી. જો કે કૉંગ્રેસની પેઠે તે સમાજમાં સર્વ વિભાગોમાંથી પ્રતિનિધિઓ આવતા નથી એટલે તે સમાજ જે કાંઈ ઠરાવો કરે તે આખા દેશના વિચાર છે એમ કહેવાઈ શકતું નથી, તો પણ કૉંગ્રેસની તુરત પછવાડે અને તે જ મંડપમાં એ સમાજ મળે એ સ્થિતિને કેટલાક કૉંગ્રેસના આગેવાનો નાપસંદ કરવા લાગ્યા છે.

આપણા દેશમાં આજકાલ જે ધર્મભાવનાનો ધ્વનિ સર્વત્ર વ્યાપતો ચાલે છે તેને પરિણામે એમ સમજવામાં આવ્યું છે કે આપણો સંસાર પાશ્ચાત્ય લોકો બતાવે છે તેવો ખરાબ નથી કે તેવી ખામીઓવાળો પણ નથી; ઊલટો ઘણાં સૂક્ષ્મ, હિતકર અને સર્વ દેશી ધોરણો ઉપર રચાએલો છે. કોઈ પણ વસ્તુ એકાન્તનિર્દોષ હોતી નથી; તેમાં

સુધારવાની, ગોઠવવાની, વ્યવસ્થા કરવાની બહુ જરૂર છે; તથાપિ આપણી સંસારવ્યવસ્થાનાં ધોરણોનો પાશ્ચાત્ય સંસારવ્યવસ્થાનાં ધોરણો સાથે મુકાબલો કરતાં આપણે આપણી વ્યવસ્થામાં ન ઇચ્છવા લાયક કે પાશ્ચાત્ય વ્યવસ્થાથી સુધારી શકાય તેવું અતિ સ્વલ્પ જણાઈ શકે છે...પાશ્ચાત્ય દેશો અને આ દેશ વચ્ચેનો સંબંધ જેમ જેમ વધારે નિકટ થતો જાય છે, તેમ તેમ સમજાય છે કે સાંસારિક અનીતિ અને દુર્દશાનો વિસ્તાર જેટલો અને જેવડો ઇંગ્લંડ આદિ દેશોમાં છે તેટલો અને તેવડો આ દેશમાં નથી. એવી સાંસારિક દુઃસ્થિતિ છતાં ઇંગ્લંડમાં પ્રજા-સત્તાકવત્ રાજસંસ્થા નભી શકે છે, તો આ દેશમાં તેથી ઊતરતી નહિ એવી સંસારસ્થિતિ સાથે રાજકીય સુધારણા કેમ ન થઈ શકે? વસ્તુતઃ આ બે સ્થિતિને ઘણો નિકટનો સંબંધ હોવાનો સંભવ નથી, અને રાજ્યકર્તા વિદેશીય હોય ત્યાં તો એ સંબંધ બલાત્કારે જ ઉપજાવવો પડે.

આ સ્થિતિ લક્ષમાં લઈ આ વર્ષે કોંગ્રેસ કમિટિના એક સેક્રેટરી ઓનરેબલ મિ. બાલ ગંગાધર ટિળકે પૂનામાં એવો વાદ ઉઠાવ્યો કે કોંગ્રેસના મંડપમાં સંસારસુધારા સમાજને મળવા ન દેવી; એમ થાય તો જ કોંગ્રેસનું કામ આગળ વધવા દેવું. આ ઉપરથી પૂનામાં બે મોટા પક્ષ પડી ગયા, અને આખા દેશમાં ચર્ચા થવા લાગી. ભય એવું ઉત્પન્ન થયું કે રાજ્યકર્તાઓ હવે તો આપણા અંદર અંદરના આવા દેખીતા કુસંપ ઉપર આંગળી કરી એમ કહેશે કે તમે રાજકીય હકો માટે કેવળ નાલાયક છો. કોંગ્રેસના સમારંભમાં વિઘ્ન આવે તેટલી હદ સુધી પોતાના ઝનૂનને ખેંચી જવામાં મિ. ટિળકે ખરેખર ભૂલ કરી છે, તો પણ તેણે ઉઠાવેલો પ્રશ્ન ઘણો ગાંભીર્યવાળો અને વિચારવા જેવો છે એમાં સંશય નથી,

(૨)

રાષ્ટ્રીય સભા અને સંસારસુધારા સમાજના મહત્ કાર્યની શુભતાના ભવ્ય ભવિષ્યની આશાથી અળગા થઈ વર્તમાન, જેવું છે તેવું પણ, આપણા ઘરમાં બેહા બેહા એકાન્તમાં વિચારીએ. આજ અગીઆર

વર્ષ થયાં રાષ્ટ્રીય સભા ચાલે છે ને પ્રતિવર્ષે એકંદરે સરાસરી જોતાં લગભગ લાખ રૂપીઆનો ખર્ચ થાય છે. શ્રમ, આયાસ અને કાલવ્યય થાય તે જુદો. એ બધાનું પરિણામ કેટલું અને કેવું આવ્યું છે એ પ્રશ્ન અગીઆર વર્ષ પછી પૂછવાનો પરિપૂર્ણ અવકાશ છે. આરંભની સ્થિતિ વીતી ગઈ છે. રાષ્ટ્રીય સભા એક બળવાખોર અને એવડા મંડળ છે તે કલ્પના હવે અસ્તપ્રાય થઈ છે. થોડાક અંગ્રેજી કેળવણી પામેલા પણ યથેષ્ટ નોકરીચાકરી ને અધિકાર પામી ન શકેલા દેશીઓનું એ એક ટોળું છે એ અપવાદ પણ હવે બહુ વજનદાર ગણાતો નથી. સમગ્ર પ્રજાનું ઐકમત્ય એ સભાના કાર્યમાં નથી, મુસલમાનો આદિ કોઈ કોઈ જુદા રહે છે-એવી આ કાર્યની લઘુતા ઉપજાવવાની યુક્તિ પણ નિષ્ફળ થઈ છે. આરંભે જે અડચણો પ્રત્યેક મહત્ કાર્યને નડે છે તે આવા જ પ્રકારની હોય છે. ને તે અડચણો તથા લોકપ્રવાદની પાર જ્યારે તે કાર્ય સજીવ અને સબલ રહી શકે છે ત્યારે તે તેના સ્વરૂપનું કાંઈક સામર્થ્ય દર્શાવી શકે છે.

આમ તો કોઈનાથી કહી શકાશે નહિ જ કે રાષ્ટ્રીય સભાએ કાંઈ કર્યું નથી. ધારાસભાનો હક, સ્થાનિક સ્વરાજ્ય, કેળવણી, પબ્લિક સર્વિસ તથા હાલનું રૉયલ કમિશન, દેશના એકંદર કારોબારમાં વધારે નરમાશ, દેશીઓના હકની વધારે કદર, ઠેઠ વિલાયતની પાર્લમેન્ટ સુધી આ દેશના પ્રશ્નો ઉપર અધિક લક્ષ, અને મિ. દાદાભાઈની પાર્લમેન્ટમાં ચૂંટણી તથા સિવિલ સર્વિસ વિષેનો મિ. પોલવાળો ઠરાવ, એ આદિ અનેક પરિણામો આ સભાના પ્રયત્નનાં જ પરોક્ષ કે અપરોક્ષ ફલ છે એ વાત નિઃસંશય છે. પણ જે વ્યય, સમય અને શ્રમ એમાં ખર્ચાય છે એને અનુરૂપ એ ફલ ગણાય કે નહિ?

આ પ્રશ્નનું ઉત્તર 'હા' એમ આપતાં મન પાછું હઠે છે. આવા સંયોગો વચ્ચે ચાલે, તેનું ફલ આટલું થયું તે પણ બહુ છે એમ કહેનારા મળે; ને તે કાંઈ ખોટા ન કહેવાય; તો પણ પૂના તેમ જ તે પહેલાં ઘણે સ્થલે જે દેખાવ થાય છે તે જોતાં આવાં સાધનોથી આ

કામ કેમ પાર પડશે ? આ સંધ કયારે કાશીએ પહોંચશે ? એવા વિતર્ક ઉત્પન્ન થાય છે. બીજી બાજુએથી વિલોકી આ મહાકાર્યનું સ્વરૂપ બાંધવા જતાં, કોઈ એમ કહે કે નાતાલની રજામાં સહેલસપાટા માટે ભેગા મળેલા લોકો પોતપોતાનું સામર્થ્ય કે જે વકતૃત્વ વિના અન્ય રહ્યું નથી. તે જણાવવા, અને એકબીજાને હળીમળી મહાલવા ભેગા થાય છે ને રાજકીય વિષયને ઉદ્દેશી વિચારોની રચનાઓના કિલ્લા હવામાં ગોઠવે છે, તો તે બહુ અયથાર્થ ન કહેવાય. ત્રણ ચાર બેઠકોમાં સો બસો વાતોના ઠરાવ ઝપાટાબંધ પસાર કરી આપણે એક એકને હસ્તધૂનન કરી વેરાઈ જઈએ છીએ ને પાછા ફરી નાતાલ આવે ત્યારે એ વાતને સંભારીએ છીએ. દર વર્ષે પાંચ પાંચ સાત સાત હજાર માણસો એની એ વાતોની ચર્ચા કરી ઊઠી ઊભા થાય અને બાર માસે ફરી ભેગા મળે ત્યારે ઘાંચીના બળદ પેઠે ઘેરના ઘેર – એ વાત આપણા પ્રયત્નને દીપાવે તેવી ગણાશે ?

રાષ્ટ્રીય સભા અને તેના ઉદ્દેશ તથા તેના ઠરાવ અને તે ઠરાવોનો મર્મ પ્રત્યેક જને ગામડામાં ને ખેતરોમાં, ઝૂંપડા ને વગડાના લોકોમાં સારી રીતે સમજાવતા જવો જોઈએ; ને એકે અવાજે સમગ્ર પ્રજા એક મળતી થાય તેવો યત્ન કરતા જવો જોઈએ. જન દીઠ એક પૈસો લેવાની જે યોજના આ વખતની કોંગ્રેસમાં ચર્ચાવાની હતી તેવી કોઈ યોજના જોઈએ છે, પણ તે વિષયે તો કાંઈ સાંભળવામાં પણ આવ્યું નહિ. કોંગ્રેસને નામે ભેગા મળેલા અને ભેગા મળતા આટલા બધા જનોના મોઢામાં પોતાની શક્તિ જણાવનારી જીભ પરમેશ્વરે બહુ ટૂંકી કરી હોય એમ લાગે છે; કેમકે તે ઠેઠ હૃદયને પહોંચી તેનો ઊભરો અને પ્રત્યાઘાત બહાર લાવતી જણાતી નથી. યથાર્થ અને સમગ્ર હૃદયથી આવા કાર્યને ઉપાડનાર એક નર હોય તો પણ બહુ છે...અમારા દેશને વક્તા જોઈતા નથી, શ્રોતા જોઈતા નથી, પાંડિત્ય જોઈતું નથી; જોઈએ છે હૃદય, હૃદયનો આઘાત અને પૂર્ણ હૃદયથી પૂર્ણ સ્વાર્પણ કરી એકની એક વાત પાછળ તન મન અને ધન ફના કરનારો કોઈ મહા

વીર નર. અમને ઘણા સુરેન્દ્રો આપો, ઘણા દાદાભાઈ આપો, ઘણા મહેતા આપો.

એમ પણ નથી લાગતું કે આવી રીતે થોડોક સમય પ્રતિ વર્ષ મળવાથી પરસ્પરમાં સ્નેહભાવનો કોઈ જાણવાજોગ વધારો થાય છે, ને લોકોની સમગ્ર રૂપે એકતા વધે છે. રાજકીય વિષયમાં સર્વનું સમાન હિત છે. ધર્મ, દેશ, નાત, જાત, બધા ભેદમાં પણ આ એક જ વિષય એવો છે કે તે ઉપર સર્વનો અભેદ છે. એટલા વિષયને લઈને (લીધે) પરસ્પર પ્રતિ સર્વે સામાજિકો અમુક પ્રકારની સહનશીલતા દર્શવે છે એ પણ ખરું છે. પણ એકત્રતાને કર્તવ્યની ભૂમિકા પર ઉતારવા જેટલો પ્રેમભાવ કે કર્તવ્યને જીવનરૂપ કરી દે તેવી ઊંડાઈ એવા ઐક્યમાં હોય એમ માની શકાતું નથી. કોંગ્રેસમાં આવનારમાંના જેમને અન્ય વ્યવસ્થા ન હોય તેમને માટે એક અધીં જગન્નાથપુરી જેવું સૂવાબેસવાનું અને જમવાનું સ્થાન હોય છે, તેથી આ મહાભારત કાર્યને પાર ઉતારનાર હૃદયને પ્રધાન ગણતું ઐક્ય ઉદ્ભવે એ બહુ શંકાસ્પદ છે. આજ અગીઆર વર્ષના પ્રયાસથી તો ઊપજ્યું નથી. જેમને વ્યાપાર, રોજગાર, ધંધો, આદિ સ્વાર્થ હોય તેવા વિદેશીઓનું તેટલા પૂરતું ઐક્ય થાય એ સહજ છે; પણ જે હૃદયની રાષ્ટ્રીય સભાને અતિ આવશ્યકતા ને અપેક્ષા છે તે હૃદય ઉપજાવે કે જાગ્રત કરે એવો આ સમાજના મળવા માત્રથી જે પરોક્ષ લાભ માની શકાય તેની બહુ શંકા છે.

(૩)

સંસાર સુધારો અને રાષ્ટ્રીય ઉન્નતિ એ બેનો સંબંધ નથી એમ તો કહેવાય નહિ, પણ તેમાં સ્થિતિરીતિને લેઈ કેટલોક વિશેષ રહે છે. જે દેશમાં રાજા અને પ્રજા નાત જાત વર્ણ વિચાર ધર્મ આદિ સર્વ પ્રકારથી એક હોય ત્યાં એ બે સંસ્થાને અતિ નિકટ સંબંધ છે, સમવાય સંબંધ છે એમ પણ કહીએ તો ચાલે...પણ આપણા દેશની રાજ્યપદ્ધતિ જુઓ, ને તેમાંથી આપણા દેશની સ્થિતિનું અનુમાન કાઢો; રાજ્યના આદર્શમાં પ્રજાનું પ્રતિબિંબ કેવું પડે છે તે જુઓ. રાજા

પરદેશી, પરજાતિ, પરધર્મી છે; પ્રજા રાજયસંબંધ માત્રથી રાજા સાથે સંબંધવાળી છતાં રીતભાત વિચારઆચાર ધર્મજાતિ આદિથી ભિન્ન છે. આ દેશ ઉપરનું રાજ્ય એ સમગ્ર હિંદ પ્રજાની સ્થિતિરીતિથી આદર્શ-રૂપ પરિણામ નથી. તૂટી પડતા ઘરની પાયા બહાર ધસી પડતી ભીંતોને કુબજે રાખી પડવા ન દે તેવી કમાનોવાળા છાપરા જેવું એ રાજ્ય છે. રાજા અને પ્રજા ઐહિક તેમ પારમાર્થિક સુખની ભાવનાઓ જુદી રાખે છે, એટલે કે ઉભયની પ્રવૃત્તિનાં નિયામક કારણ એક નથી, અને પ્રવૃત્તિનું સ્વરૂપ પણ એક નથી. વળી રાજાપ્રજાના લાભ પણ સમાન નથી. રાજાનો લાભ હિંદુસ્તાનની બહાર છે, પ્રજાનો લાભ હિંદુસ્તાનમાં છે. આવી રીતે સર્વથા અસમાન એવા રાજ્યમાં સંસારની સ્થિતિ અમુક પ્રકારની જોઈએ તો જ રાજકીય હકોને યોગ્ય થવાય, તો જ અમુક રાજ્યપદ્ધતિ આ દેશમાં દાખલ કરી શકાય એમ માનવું ન્યાયયુક્ત નથી. એમ કહી શકાય ખરું કે અંગ્રેજો પોતાના દેશમાં જે પદ્ધતિથી રાજ્ય ચલાવે છે તેવી જ પદ્ધતિ આપણે જ્યારે રાષ્ટ્રીય સભા દ્વારા માગીએ છીએ ત્યારે આપણી સાંસ્કારિક સ્થિતિ પણ તે દેશના જેવી કરવી જોઈએ. આવું કહેવામાં સત્ય રહેલું છે, પણ એમાં ય થોડા વિવેકની જરૂર છે.

વિશુદ્ધ બલિષ્ઠ લોકમત અને કર્તવ્યભાવના એ બે સમસ્ત પ્રજામાં વધારવાને અર્થે જીવનનો હેતુ, પ્રવૃત્તિનો નિયમ, ઐહિક અને પારત્રિકનો સંબંધ, સુખ સંપત્તિ મહત્તા ઇત્યાદિનાં સ્વરૂપ, તે સ્પષ્ટ રીતે સમજાવવાની આવશ્યકતા છે. આપણા દેશમાં ધર્મભાવના અને વ્યવહારભાવના આજપર્યંત ગમે તેવી વિપરીત સ્થિતિને પામી છે તો પણ તેમાં જ એ સર્વ વાતનાં ઉત્તમ બીજ રહેલાં છે—એ સર્વ વાતનાં ઉત્તમોત્તમ સ્વરૂપ સંગ્રહાએલાં છે. ધર્મ અને વ્યવહારમાં જે કાંઈ આપણી પાસે અત્યારે છે તેને તેના પૂર્વ રૂપ ઉપર લઈ જવાથી આપણને જે ઇષ્ટ છે તે સહજે સિદ્ધ થાય તેમ છે. સહજે સિદ્ધ થાય એમ એટલા માટે છે કે આપણા ઘરને ભાંગી નાખીને તેને સ્થાને નવું

ઉપજાવવવા કરતાં છે તેને જ ફેરફાર કરી નવું થાય તે કરતાં પણ અધિક બનાવી શકાય એ સહજ અને સ્વાભાવિક છે. ઇતિહાસમાં પણ એ જ વાતની સાક્ષી છે. કોઈ પણ દેશમાં તે દેશના ઇતિહાસની અવગણના કરીને સ્થાપેલો રિવાજ કે સુધારો ટક્યો નથી, પણ હાનિકારક થયો છે. હાનિ એવી કે તે દેશને પોતાના ભૂતકાળનો તિરસ્કાર ઉપજવાથી તે દેશ નીચ અને નિર્માલ્ય થયો છે, અને નવી વાત બરાબર સ્વીકારી ન શકવાથી અધમતા અને ગુલામગિરીમાં ઊતર્યો છે. આપણને અત્યારે બલિષ્ઠ લોકમત, સ્વાર્પણયુક્ત કર્તવ્ય, એ બેની અપેક્ષા છે. એ લોકમત અને સ્વાર્પણમય કર્તવ્ય શાને આધારે બંધાશે? સુધારાની ધૂનમાં આપણે 'આપણું' એવું કાંઈ રાખ્યું હશે તો તેને માટે પ્રાણાર્પણ કરવા સુધીની દૃઢતા રાખી કર્તવ્યપરાયણ થઈશું. પણ આપણે આપણા દેશને, આપણા ગામને, આપણાં માબાપને, આપણા ધર્મને, આપણા સાહિત્યને, સર્વને ગાળો દેતા અને સર્વનો તિરસ્કાર કરતા થયા છીએ. શાને માટે પ્રાણાર્પણ કરીશું? પાશ્ચાત્ય રીતરિવાજ ધારણ કરીને રાજ્યપ્રસાદ પ્રાપ્ત કરી નિર્વાહ મેળવી કૃતાર્થ થઈશું. બીજું શું બની શકશે?

અને સ્વાર્પણમય કર્તવ્ય તથા શુદ્ધ બલિષ્ઠ લોકમત તે જ્ઞાતિભેદ તોડવાથી, પુનર્લગ્ન કરવાથી કે પ્રાર્થના ગાવાથી થનાર છે? કોઈ પણ મહત્કાર્ય શુદ્ધ હૃદયના આઘાત વિના આખી દુનિયામાં કદાપિ ઉદ્ભવ્યું નથી; એ હૃદય ક્યાંથી આવશે? જે એકતાની આપણ સર્વે રાતદિવસ વ્યાખ્યાનોમાં અને લેખોમાં બૂમો પાડી ગરજ બતાવીએ છીએ તે શરીરસંબંધોમાં કે બુદ્ધિ વિલાસોમાં સિદ્ધ થનાર નથી; શરીર અને બુદ્ધિની પારના હૃદયમાં આપણી સર્વોત્તમ સર્વોપરિ અને હમણાં હમણાં સર્વમાન્ય થતી ધર્મભાવનામાં સિદ્ધ થવાનું છે. 'સુધારો' એ આપણું સ્વત્વ ખોવાનો, આપણી ઉન્નતિનો એકનો એક માર્ગ ભૂંસી નાખવાનો, આપણો ઇતિહાસ પાણીમાં બોળવાનો, વિશ્વનિયમોની વિરુદ્ધ વર્તન કરવાનો અને પરમોપકારક સર્વમાન્ય જીવનભાવનાનો અસ્ત સાધવાનો

અવિચારી પ્રયત્ન છે.

આમ છે ત્યારે આ દેશ પરત્વે જે સંબંધ સંસાર અને રાજ્ય વચ્ચે ન હોઈ શકે અને નથી તે વ્યર્થ રીતે ઉપજાવી કાઢી 'સુધારા'ના પ્રયાસને આવશ્યક ઠરાવવો એમાં કાંઈ સાર નથી...આપણા સંસારમાં સુધારાનો ઘણો અવકાશ છે, પણ આપણો સંસાર લેશ પણ એવો નથી કે જે રાષ્ટ્રીય સુધારા આપણે માગીએ છીએ તેને કોઈ રીતે પ્રતિકૂલ થાય. આપણી માગણીઓ ન સ્વીકારવાનું એ એક બહાનું છે, અને શાણા દેશીઓ તેનો શા આધારે સ્વીકાર કરી લે છે તે હજી જાણવાનું છે. આપણો સંસાર એટલો જ સુધારો માગે છે કે જે જે ભાવનાઓ અત્યારે પંથ, સંપ્રદાય, ધર્મ, નાત, જાત, કર્મ, ક્રિયા, ઇત્યાદિમાં રહેલી છે તેમને તેમના પૂર્વના શુદ્ધ સ્વરૂપ ઉપર લાવવી. એમાં જ આપણું અને સર્વનું કલ્યાણ છે. આવાં કારણોને લીધે રાષ્ટ્રીય સભાથી સંસારસુધારા સમાજનું કામ જુદું પડે એ વાતને અમે ઘણા પ્રેમપૂર્વક અનુમોદન આપીએ છીએ, અને એમ થયું છે તેથી સંતુષ્ટ છીએ. પોતાના નિશ્ચયને અમલમાં આણવાની હિંમતની ખામીને 'આખી કોમના લોક અમારી સાથે આવે ત્યાં સુધી અમે રાહ જોઈ એ છીએ' એવી દલીલ આપી તરતાં આવડે તો જ પાણીમાં પગ મૂકવાના નિશ્ચય જેવી દલીલ કરવી એ એવા સમાજના સર્વ કાર્યનું નિઃસાર સૂત્ર છે, અને નિઃસારતા એટલે વ્યર્થ ફાટફૂટ અને કલહ વિના બીજું ઉપજાવી શકે એમ નથી. એ રીતે રાષ્ટ્રીય સભાને ઉપકારને બદલે મોટો અપકાર થાય છે.

☆

વિવર્તલીલા ૧૬

નરસિંહરાવ ભોળાનાથ

(૧૮૫૯–૧૯૩૭)

ગઈ કાલે મને પિતાતુલ્ય ગણનારી, હું વાત્સલ્યથી પુત્રી સમાન માનું છું એવી, તરુણી દૂર દેશાવર જતી હતી તેને આનન્દથી વદાય આપી તેના ઉત્સાહમાં, હર્ષમાં, હું સહભાગી થયો. આજ એક મિત્રનું કોમળ બાળક એકાએક મરણોન્મુખ પડેલું તે મરણશય્યા સમીપ બેસી મિત્રને આશ્વાસન આપ્યું, એનાં ભયદુઃખમાં હું સહભાગી થયો. શિશુ કલાક પછી પ્રભુના જ્યોતિર્ધામમાં ગયું.

આમ હર્ષશોકના પરસ્પર વિરુદ્ધ ભાવમાં સહભાગી થનારું મારું હૃદય કેવું ગણવું? ઊંડા હૃદયમાં કાંઈ વિકાર નહિં, મિત્રગણ જોડે માત્ર લાગણીનો આભાસ કરનારું, નાટક કરનારું, અસત્ય હૃદય ગણવું? હર્ષ અને શોક બંને ભાવ નટખેલની માફક મેં ધારણ કર્યા હતા?—આ પ્રશ્નો મારા હૃદયને ક્ષણભર ગૂંગળાવવા લાગ્યા.

અથવા જરાક ઊંડો ઊતરું; બૌદ્ધમતમાં સ્વીકારેલી પાંચ ભાવનાઓમાંથી પ્રથમ ત્રણ ભાવનાઓ–મૈત્રી મુદિતા અને કરુણાનાં સ્વરૂપ જોઉં : સર્વ માનવ બન્ધુઓ તરફ સ્નેહ, પ્રેમ તે મૈત્રી, અન્યના સુખમાં સુખી થવું તે મુદિતા, અન્યના દુઃખમાં સહભોગ તે કરુણા, આ ત્રણેનો અંતર્ગત સંબંધ જોતાં જણાય છે કે કરુણા અને મુદિતા એ બંને મૈત્રીરૂપી સમાન તત્ત્વમાંથી નીકળેલા ફાંટા છે. અર્થાત્ મારા હૃદયના પેલા બે વિરુદ્ધ ભાસતા ભાવમાં સૂત્રરૂપે અંતર્ગત ભાવના મૈત્રી જ. આમ જોતાં અસત્યતાનો આરોપ મારા હૃદય ઉપર નહિં મૂકું.

છતાં, છતાં, અન્યનાં સુખદુઃખ તે અન્યનાં જ; પોતાનાં નહિં એમ ખરું ? એમ હોય તો ઉપર કહેલી ભાવનાઓમાં ઊનતા જ આવે. તો પણ આ સમભાવ રાખનારું હૃદય તો લગભગ પરમ પિતાના સમભાવનો જ પ્રતિધ્વનિ કરનારું કની ? ઉચ્ચોચ્ચ ભાવનારૂપ પરમેશ્વરનું હૃદય તે જ આદર્શરૂપ જાણીને માનવે ભાવનાત્રય કેળવવાની જરૂર છે. એમ ઈશ્વરરૂપ થવાય શું ? આ શું ઉદ્ધત મનોરથબન્ધન ! ઈશ્વર સાથે બેસવું છે ?-હા, અને ના. આદર્શસિદ્ધિ ઇષ્ટ, માટે હા; માનવ આખરે પ્રભુનું બચ્ચું, માટે ના.

પરંતુ આ હૃદયની કેળવણીનો પ્રયોગ તે ઈશ્વરની સમભાવની ભાવનાના જ સમરૂપ પ્રયોગ છે. આ ખરું હોય તો આપણે ઈશ્વરની મૈત્રી, કરુણા અને મુદિતા પોતાનાં હૃદયના પ્રયોગ સાથે અનુભવીએ છીએ એમ ઉન્નત લાગણીના શિખર ઉપર ચઢી જવાય છે. કેપલર, ગ્રહોનાં અંતરો વિશેના પોતાના સિદ્ધાન્તની પરીક્ષા મનન વડે કરતે કરતે, એ સિદ્ધાન્તની ભવ્યતાથી ચકિત થઈને સહસા બોલી ઊઠયો હતો; "અહા પ્રભુ ! હું તારા જ મનના વિચારો તારી પાછળ પાછળ રહીને ચિન્તું છું !" આ બનાવમાં પ્રભુના જ્ઞાનસ્વરૂપ જોડે માનવના જ્ઞાનનો નિકટ સંબન્ધ સૂચવાય છે. તે જ રીતે હૃદયભાવના પ્રદેશમાં ઉપર કહેલી ભાવનાત્રયની કેળવણીમાં, પ્રયોગમાં, પ્રભુના હૃદયગુણ જોડે માનવબાલના હૃદયગુણનો નિકટ સંબન્ધ પ્રગટ થાય છે. "અહા પ્રભુ ! હું તારા હૃદયના જ ભાવ તારી સાથે અનુભવું છું."-આમ માનવ પોતાના બન્ધુઓ સાથે સહભોગી થવાની સાથે, ઉદ્‌ગાર કરી શકે.

પ્રભુને વિશે આમ માનવ જેવા હૃદયભાવ અર્પવા તેમાં માનવધર્મારોપણનો (anthropomorphismનો) દોષ કોઈને જણાશે. પરંતુ સર્વ ઉચ્ચ ભાવનાઓ પ્રભુના સંપૂર્ણ સ્વરૂપમાંથી જ નીકળે છે એ દૃષ્ટિનું સ્મરણ રાખીશું તો આ દૂષણ નહિં પણ ખરું સ્વરૂપદર્શન જણાશે.

પોતાના માનવબન્ધુની સાથે સમભાવ થવાના હૃદયગુણની પ્રશંસા એક જ વાક્યમાં એક અંગ્રેજ નવલકથાકારની કૃતિમાં મેં વાંચી છેઃ—

'તરુણ વર્ગની સાથે હાસ્યમાં શામિલ ના થવાય તો એવા મનુષ્યનું ઉચિત સ્થાન કબરસ્તાનમાં ભૂતડાંના મંડળમાં જ છે.' આ ઉત્કટ વચનમાં સમાએલું સત્ય સમજ્યા એવું છે; કોઈ પણ માણસને વૃદ્ધ કહેવો કે તરુણ તે એના હૃદયના લક્ષણ ઉપર આધાર રાખે છે. એક પ્રસંગે બે વૃદ્ધ માણસો મેળાવડામાં એકઠા થયા; એક સભાના પ્રમુખ તરીકે, બીજો પ્રમુખનો ઉપકાર રજૂ કરનાર તરીકે. પ્રમુખ બોલ્યાઃ અમને બે બુઢ્ઢા બુઢ્ઢાને બોલવા ઊભા કર્યા છે. ઇ.; પેલો બીજો વૃદ્ધ બોલ્યોઃ "પ્રમુખને બુઢ્ઢાપણાનું માન જોઈતું હોય તો ભલે; પણ હું તો એ આરોપ સ્વીકારતો નથી. જ્યારે હું બાલક, તરુણ, સ્ત્રી, પુરુષ—બધાં યે તરફ સમભાવ રાખતો બંધ થાઉં, એમનાં હાસ સાથે હસવું, રુદન સાથે રોવું, એ વ્યાપાર બંધ થાય, ત્યારે મને વૃદ્ધ કહેજો, ત્યાં સુધી નહિં." મૈત્રી ની ભાવના જગતમાંથી લુપ્ત થશે ત્યારે કરુણા અને મુદિતાની ભાવનાઓ પણ, માળાનો દોરો ખેંચી લેતાં મણકા ગરી પડે તેમ, ગરી પડશે. જગતને—માનવગણને જોડનારું અમૂલ્ય બંધન તૂટી જશે. આ કલ્પાન્તકાળનો પ્રલય દૂર, દૂર સુદૂર રહેજો!

મૈત્રીની ભાવના સંસારમાં સ્ત્રીપુરુષના પ્રેમસમ્બન્ધમાં રૂપાન્તર પામી પ્રગટ થાય છે. આ માટે સ્ત્રીપુરુષ વચ્ચે પરસ્પર હૃદયપ્રવેશ આવશ્યક પૂર્વસ્થિતિ છે, છતાં સ્ત્રીના હૃદયના ગૂઢ ઊંડાણમાં પ્રવેશ થવો પુરુષને કેટલો અઘરો છે તે ઘણા ચિન્તકોએ સ્વીકાર્યું છે. એક ચિન્તકે તો પુરુષના હૃદયની અગમ્યતા પણ એટલે જ અંશે દર્શાવી છેઃ

'પુરુષ લજ્જાભય તજીને ખુલ્લાં વચનો વાપરે છે, છતાં, એનો ગૂઢ આત્મા જોઈશું તો, પુરુષને સ્ત્રી જેટલી અગમ્ય ગૂઢ હોય છે, તેટલો જ ગૂઢ અગમ્ય પુરુષ સ્ત્રીને હોય છે, અને આમ ના હોત તો શારીર વિષય ઉપરાંત પ્રેમ એ વસ્તુ જ ના રહેત. અન્યોન્યની અગમ્ય

ગૂઢતા જ, એ ગૂઢતાના અન્ધકારમાં ચિરકાળ પ્રવૃત્ત થતાં, ટટળાવતાં, પ્રકાશનાં કિરણશરથી વિશિષ્ટ એ ગૂઢતા જ, પુરુષ અને સ્ત્રીને એકત્ર સંબદ્ધ કરી રાખે છે.'

આ ગૂઢતામાં, અગમ્યતામાં, જે આકર્ષણ રહ્યું છે તે અતિ-પ્રકટતામાં લુપ્ત થવાનું. પરબ્રહ્મના સ્વરૂપ વિશે એક પ્રસંગે મેં કહ્યું હતું કે એ માનવબુદ્ધિ વડે માત્ર અર્ધપરામર્શ થઈ શકે એવું જ છે, પૂર્ણ સંગ્રહણ થાય એવું નથી; એ પરબ્રહ્મ સ્ત્રીના હૃદયના જેવા પકડમાંથી સટકી સરી જાય છે. આપણે ધારીએ કે આપણે એ સર્વાંશે જાણીએ છીએ તે જ વખતે આપણે એને ઓછામાં ઓછું જાણીએ છીએ. આમ કહેવામાં સ્ત્રીહૃદયની અગમ્યતા તે સ્ત્રીના કપટ-મય સ્વભાવનું ફળ છે એમ અન્યાયયુક્ત દોષારોપણ કરવાનો હેતુ નથી. માનવસમાજના જગતજૂના બંધારણમાં કાલક્રમે ઘડાઈ ગએલાં વ્યવહાર-બન્ધનો સ્ત્રીના હૃદયને પ્રકટ થતાં રોકે છે. પરબ્રહ્મને માયાનું આવરણ તેમ સ્ત્રીહૃદયને આ વ્યવહારબન્ધનોનું આવરણ નિગૂઢ રાખે છે. તેથી જ આપણે ઓળખીએ છીએ એમ માનીએ તે જ વખતે આપણે ઓળખથી સુદૂર હોઈ એ છીએ :

यस्यामतं तस्य मतं मतं यस्य न वेद सः ।
अविज्ञातं विजानतां विज्ञातमविजानताम् ॥

એમ કેનોપનિષદમાં દર્શાવેલી સ્થિતિ પૂર્ણ રીતે જણાય છે.

☆

પરબ્રહ્મની અગમ્ય ગૂઢતા, પૂર્ણ સંગ્રહણ થવા માટે અશક્યતા, માનવબુદ્ધિના પક્ષથી જોતાં જ છે.

"અકળ અવિનાશી એ નવ જ જાએ કળ્યો"

એમ નરસિંહ મહેતા કહે છે તે આ સ્વરૂપ અને આ ગ્રહણશક્તિના અસામર્થ્યને ધ્યાનમાં લઈને જ. તેમ જ

"અરધ ઊરધની માંહિ મહાલે"

એમ, એ પરબ્રહ્મના સર્વવ્યાપક સ્વરૂપનો વિચાર કરીને. બાકી અન્ય સાધન વડે એ જ અગમ્ય, એ જ અગ્રાહ્ય, તે ગમ્ય અને ગ્રાહ્ય બને છે. ગોપીઓને ઉદ્ધવનો જ્ઞાનોપદેશ ગળે કેમ ના ઊતર્યો?

"તમારા પ્રભુ સઘળે રે, અમારા તો એક સ્થળે."

બ્રહ્મનું વ્યાપકરૂપે વેરાઈ ગયેલું સ્વરૂપ એમને તૃપ્ત કરતું નહોતું. એમને તો નિકટ પરિચય મળે એવું પરમ પુરુષનું સ્વરૂપ જોઈતું હતું; માટે જ દૃષ્ટાન્તથી ગોપીઓ કહે છે :—

"તમો રીઝો ચાંદરણે રે, અમો રીઝું ચન્દ્ર મળ્યે."

સર્વત્ર વિખરાએલું ચાંદરણું એમને બસ નહોતું લાગતું; એમને તો ચન્દ્ર માટે જ ભૂખ હતી; "ચંદા ખેલનવા દે મોરી મૈયા!" એમ અશક્ય વસ્તુ માટે એમનું રુદન નહોતું; શેલીની અમર પંક્તિઓમાં કહેલી ઉત્કંઠા એમને નહોતી: " a longing for something afar from the sphere of our sorrow." પોતાનાં સુખદુઃખના પરામર્શચક્રથી સુદૂર રહેલી વસ્તુ માટેની ઉત્કંઠા એમની નહોતી. એમની પ્રેમભક્તિનો વિષય તો પોતે જેને પકડી શકે, પોતાના હૃદયમન્દિરમાં જેને કેદ કરી શકે તેવી વસ્તુ હતી: 'અમારા તો એક સ્થળે.' 'અમો રીઝું ચન્દ્ર મળ્યે.' એવો પ્રભુ એમને તો જોઈતો હતો.

પ્રભુનું આ ગ્રાહ્ય, ગમ્ય સ્વરૂપ શી રીતે પકડાય? 'નરસૈયાનો સ્વામી સકળ વ્યાપી રહ્યો' તેને કોણ, શી રીતે, શા સાધન વડે ઝાલે? નરસિંહ મહેતા જ ઉપાય બતાવે છે:

"પ્રેમના તંતમાં સંત ઝાલે."

જ્ઞાનથી અગમ્ય તે પ્રેમથી. એ સૂક્ષ્મ તંતુ વડે, ઝાલી શકાય; ને તે સંત જનથી જ બને.

શુષ્ક જ્ઞાન કરતાં આર્દ્ર પ્રેમ આમ ચઢિયાતો બને છે, અને તે સાથે જ જ્ઞાનનો વિષય અને પ્રેમનો વિષય એ બે વચ્ચે સ્વરૂપભેદ થાય

છે; ચાંદરણું મટી જઈને ચન્દ્ર બને છે. પછી ભલે તે ચન્દ્રમાંથી પાછું ચાંદરણું રેડાય; પ્રેમપાત્રને મેળવ્યા પછી એને જ્ઞાનવિષય બનાવાશે. પણ સંતભક્તને[૧] તો પ્રેમલભ્ય ચન્દ્ર જ જોઈશે. "કૃષ્ણચન્દ્ર" એમાં નામ આ ઉપરથી પડ્યું માનીશું ?*

---

૧ 'ભક્તહૃદયને તો 'અપરિમિત સ્વરૂપ' જોડે એકસૂર થવું છે. પરિમિત તે વળી અપરિમિત જોડે એકસૂર શી રીતે થઈ શકે ?—થઈ શકે; શા માટે નહિં ? એનું અદ્વૈત નહિં પણ એની વચ્ચે એકસ્વરતા સાધવી છે, તે બને: એકનું સ્વરમાન નીચું અને બીજાનું ઊંચું તેથી બાધ નહિં આવે, માત્ર બે વચ્ચે સંવાદ હોય તો એકસ્વરતા સાધ્ય છે. આમ અદ્વૈતમાં દ્વૈત અને દ્વૈતમાં અદ્વૈત શક્ય બને છે.

માનવ માનવ વચ્ચે પણ હૃદયવાદ્યના સૂર મેળવી શકાય તો બંને વચ્ચે સંવાદ સધાઈને પેલી *'દ્વીપભેદ'ની દશા' ટળે તે માટે વ્યાપક 'અપરિમિત સ્વરૂપ'ના સંવાદરૂપી આધારમાં આ નાના નાના માનવ માનવ વચ્ચેના સંવાદોનું આધાન થાય તો બસ છે. એ રીતે એક શાન્તિસાધક મહાવાદ્ય આ વિસંવાદક્ષુબ્ધ વિશ્વમાં અપૂર્વ સંવાદ: સ્થાપનારું પ્રગટ થશે.

—વિવર્તલીલા ૪

* પ્રત્યેક માનવ વ્યક્તિનું હૃદય અમુક મર્યાદાની પાર આત્મ-નિયન્ત્રિત રહી એક અપ્રાપ્ય દ્વીપરૂપ રહે છે. હૃદય હૃદયની આસપાસ અગમ્યતાનો સાગર વીંટાઈ વળેલો હોય છે; અને એક દ્વીપમાંથી બીજા દ્વીપમાં હૃદયધ્વનિ સામુદ્રધુની ઉપર થઈને પેલી પાર પહોંચતામાં ઝાંખા થઈ જાય છે, બદલાઈ જાય છે; અને માત્ર પરસ્પર ગેરસમજ ઉત્પન્ન થાય છે; કાંઈ નહિં તો પરસ્પર એકતાનતા તો સધાતી નથી જ. આવા હૃદયદ્વીપોને જોડનાર સેતુનું સ્થાન આ અલિપ્ત સંગીત લઈ શકે છે.

—વિવર્તલીલા ૨

☆

સ્વ. ગોવર્ધનરામ ત્રિપાઠીનો ઉચ્ચ વાક્‌પ્રભાવ

રમણલાલ મહીપતરામ નીલકંઠ

(૧૮૬૮ - ૧૯૨૮)

"રે મૃત્યુ ! થોડી વાર થોભ; મારી ખીલતી આશાઓનો બધો પાક લણ્યા પહેલાં, કોઠારમાં મારા આનંદ લાવી ભર્યા પહેલાં અને મારાં બધાં આંસુ પાડ્યા પહેલાં મારાથી મરી શકાય નહિ.'

—ધ ગોલ્ડન થ્રેશોલ્ડ : સરોજિની નાયડુ

વર્તમાન બંગાળી સ્ત્રી કવિએ મૃત્યુને કરેલી આ યાચના સરખી વૃત્તિ 'સ્નેહમુદ્રા'ના "હૃદયભૂત"ની વાણીમાં કોઈ સ્થળે પ્રાદુર્ભૂત થઇ નથી, અને 'મૃત્યુ પહેલાં જ અંધકારમાં ફરવું એ મૃત્યુને માટે સજ્જ થવા જેવું છે' એ સંકલ્પ કરનાર સરસ્વતીચંદ્રની કથામાં જીવન માટેની એવી ઉત્કંઠાનું દર્શન હોવું અશક્ય છે. પરંતુ, એ ગ્રંથોના વિશાળ વાચકમંડળનાં હૃદયમાંથી મૃત્યુ પ્રત્યેની એ યાચના ગયા વર્ષના છેવટના ભાગમાં નીકળી રહી હતી, અને એ ગ્રંથોના મહાન લેખકની જીવનયાત્રા ગુજરાતને સુભાગ્યે ઘણાં વર્ષ સુધી પ્રવર્તમાન રહે એવી ઉત્સુકતા સર્વત્ર પ્રસરી રહી હતી. પરંતુ ઈશ્વરેચ્છા જુદી જ હતી. સાહિત્ય વિષયમાં સ્વ. ગોવર્ધનરામભાઈએ આદરેલા અનેક પ્રયાસોની સમાપ્તિ આવવાની બાકી હતી, અનેક આશાઓના પાકને પરિપૂર્ણતા પામવાની બાકી હતી. હર્ષશોકનાં અનેક ગીત ગાવાનાં બાકી હતાં; અને તે બાકી જ રહ્યાં છે. તેમના જે મનોરથ મૂર્ત રૂપ પામી શક્યા છે તે જ હવે હાથ આવે તેમ છે, અને તેથી સંતોષ ધરવો જોઈએ. ગુણગ્રહણ માટે તેમાં ઘણો મોટો ભંડાર છે.

લેખક તરીકે ગોવર્ધનરામ પહેલાવહેલા બત્રીસ વર્ષની વયે પ્રકટ થયા એ કાંઈક અસાધારણ હકીકત છે. તેમનો મહાન બુદ્ધિપ્રભાવ, તેમનું વિસ્તારી વાંચન, તેમની ગાઢ વિદ્વત્તા, તેમની પ્રબળ કલ્પના, એ સર્વનો સંચય ઘણો વહેલો ફળવાન કેમ થયો નહિ એ આશ્ચર્યકારક લાગે છે. કદાચ સાંસારિક ઉપાધિઓએ ચિત્તની વ્યગ્રતા કરી હશે. કદાચ અમુક વય પ્રાપ્ત કર્યા પહેલાં કે અમુક અમુક અભ્યાસ પૂર્ણ કર્યા પહેલાં ગ્રંથ ન લખવાનો સંકલ્પ કરેલો હશે, કદાચ અમુક રચનાને યથારુચિ કરતાં તેનું વિસ્તારી રૂપ ઘડી ઘડી બદલવું પડ્યું હશે, ગમે તે કારણ હશે, પણ વિચારો અને કલ્પનાઓ પ્રકટ કરવાની અભિલાષાને રોકી રાખનારું આ મનોબળ વિલક્ષણ હતું એ નિ:સંશય છે. અને એટલા નિયન્ત્રણ પછી જે ગ્રન્થ પ્રથમ પ્રકટ થયો તે કર્તાની કૃતિઓમાં અપ્રતિમ નીવડ્યો, તે પછીના ગ્રન્થો તેની તુલનાએ પહોંચ્યા નહિ, એ પણ વિલક્ષણતા છે. આવી વિશેષતામાં લખાએલો 'સરસ્વતીચંદ્ર'નો પહેલો ભાગ ગોવર્ધનરામની કીર્તિનો મુખ્ય સ્તંભ રહ્યો છે અને રહેશે. તે ગ્રંથની ઈંગ્રેજી પ્રસ્તાવનામાં તેમણે કહ્યું છે કે માનવ વૃત્તાન્તનો પોતાનો અનુભવ છૂટા છૂટા નિબન્ધના રૂપમાં પ્રકટ કરવાનો તેમને પ્રથમ વિચાર થએલો, પણ એવી ચર્ચાથી ગુજરાતના વાચક વર્ગનું ધ્યાન બરાબર નહિ ખેંચાય અને તેને બદલે જીવનનાં વાસ્તવિક કે ભાવનામય ચિત્ર વધારે આકર્ષક તથા અસરકારક થશે એમ લાગવાથી તેમણે આખરે આ પ્રકારનો ગ્રન્થ રચ્યો છે. તેમનો પ્રથમ ગ્રન્થ પ્રકટ થવાના સમયનો કંઈક ખુલાસો આમાં પણ રહેલો છે. પોતાના ચિત્તનું વલણ સમજતાં લેખકને પોતાને પણ કંઈક વાર લાગે છે, અને ગ્રંથકારે પોતાના મનોવ્યાપારના આપેલા એ વર્ણનમાં ઊંડી દૃષ્ટિ કરીશું તો જણાશે કે એ વિલંબમાં કેવળ વાચક વર્ગની રુચિ વિષે નિર્ણય થતો હતો એટલું જ નહિ પણ ગ્રન્થકારની ઉત્પાદક શક્તિ પોતાનો સૌથી વધારે વિજયવંત માર્ગ ગ્રન્થકાર પાસે ગ્રહણ કરાવવાનો આગ્રહ કરતી હતી.

'સરસ્વતીચંદ્ર'ના પહેલા ભાગને પ્રથમ પદ આપતાં એ ગ્રન્થના બાકીના ભાગને અન્યાય કરવાનો હેતુ નથી. બીજા ભાગમાં આપેલા ગુજરાતના હિંદુ સંસારના ચિત્રની વાસ્તવિકતા પહેલા ભાગમાં નથી; ત્રીજા ભાગમાં હિંદુસ્તાનનાં દેશી રાજ્યોનો સંબંધ ઇંગ્રેજી હકૂમત સાથે જોડાતી વેળા થએલી સંક્રાન્તિનું જે કલ્પનામિશ્ર ઐતિહાસિક દર્શન છે તે પહેલા ભાગમાં નથી; ચોથા ભાગમાં મનુષ્ય વસતિથી ઘણે ઊંચે રહી કરેલા અનેક વિષયો ઉપરના વિચારતરંગની જે સૃષ્ટિ છે તે પહેલા ભાગમાં નથી; દરેક ભાગમાં પોતપોતાની વિલક્ષણતા છે. પરંતુ વાસ્તવિકતા, કથા, કલ્પના, વિચાર, તરંગ, એ સર્વને સાધારણ ભાવથી રંગી તથા મિશ્ર કરી પહેલા ભાગમાં જે કૌતુકતાભર્યું, મોહજનક, ઉત્કંઠા ઉપજાવનારું હૃદયંગમ ચિત્ર છે તે બાકીના બીજા એકે ભાગમાં નથી. ચિત્રનાં અંગ એકત્ર કરી વાસ્તવિકતા અને ભાવનાનું સમગ્ર દર્શન આપવાની કુશળતા પહેલા ભાગમાં અનુપમ છે અને તે જ કારણથી તે ભાગમાં વાંચનારનું જે રીતે ઘડી ઘડી આકર્ષણ કરે છે તે રીતે બીજા ભાગમાં આકર્ષણ કરી શકતા નથી. ગ્રન્થકારની ઉચ્ચ વિદ્વત્તા પહેલા ભાગમાં ભાવના અને વાસ્તવિકતામાં ઓતપ્રોત થઈ જાય છે, અને બાકીના ભાગોમાં વિદ્વત્તા, ભાવના અને વાસ્તવિકતા એ ત્રણે જુદાં પડી જાય છે અને બહુ પ્રયત્ને સાંધેલાં દેખાય છે. કયા પાત્ર સાથે ગ્રન્થકારની એકાત્મતા છે એ જિજ્ઞાસા વાંચનારને થવાના અનેક પ્રસંગ પહેલા ભાગમાં આવે છે પણ બાકીના ભાગમાં એવા પ્રસંગ આવતા જ નથી. પહેલા ભાગમાં પણ એ જિજ્ઞાસા નિષ્ફળ થાય છે, પરંતુ એ જિજ્ઞાસા ઉત્પન્ન થાય એવા સૂક્ષ્મ અને વિસ્તારી દેખાવોનાં સ્વભાવચિત્ર પહેલા ભાગમાં જ છે.

મનુષ્ય સ્વભાવનાં વિચિત્ર ચિત્રો અને તેમાં પરોવાએલી કથા વર્ણવવામાં ગોવર્ધનરામનું ચિત્તસામર્થ્ય એટલું બધું રોકાએલું રહ્યું છે કે એ સિવાયની સૃષ્ટિ તેમણે બહુ જ ઓછી વર્ણવી છે. મહાન સૃષ્ટિરચનાઓનાં કે ભવ્ય દેખાવોનાં વર્ણન 'સરસ્વતીચંદ્ર'ના ચાર

ભાગમાં કોઈ ઠેકાણે નથી. પહેલા ભાગના આરંભમાં સુવર્ણપુરને સાગર સાથે નદીના સંગમ આગળ ટેકરીના ઢોળાવ ઉપર આવેલું કહ્યું છે, પણ તે પછી વાર્તામાં સુવર્ણપુર પાસેના સાગરનું કે નદીનું કે ત્યાંની ટેકરીનું કાંઈ વર્ણન આવતું નથી; એ કુદરતી સ્થિતિનો વાર્તા સાથે કાંઈજ સંબંધ આવતો નથી. પ્રમાદધનનું શબ સમુદ્ર પર તરતું જણાતું ત્રીજા ભાગમાં કહ્યું છે તેટલો જ અપવાદ છે. સુવર્ણપુર અને રત્નનગરી એ બે શહેરોમાં વાર્તાનો ઘણો પ્રસંગ હોવા છતાં એ શહેરોની રચનાનાં વર્ણન કોઈ સ્થળે દેખાતાં નથી. ચોથા ભાગની વાર્તાનું સ્થાન બહુધા સુન્દરગિરિ ઉપર છે પણ તે ગિરિ ઉપરના કુદરતી દેખાવ એ મોટા ગ્રન્થમાં કોઈ પ્રસંગે ચીતર્યા નથી. પ્રથમ પ્રકરણમાં સુન્દરગિરિની તળેટીનું નાનુંસરખું પણ સુરુચિર વર્ણન છે; પણ, ગિરિ ઉપર અનેક બનાવો બનેલા છતાં ત્યાંની કુદરતી શોભાનું દર્શન માત્ર એટલું એ જ છે. બીજા ભાગમાં જંગલમાંની અંધારી રાતનું વર્ણન છે, તેમાં પણ અંધકારમાં જંગલમાં કેવી સ્થિતિ છે તે દર્શાવવા કરતાં અંધકારમાં જંગલમાં બનતા બનાવોને શાની ઉપમા આપી શકાય તે દર્શાવવાનો વિશેષ હેતુ છે.

પણ, જડ સૃષ્ટિનાં વર્ણનોની આ ન્યૂનતાના બદલામાં મનઃસૃષ્ટિનાં મહા મૂલ્યવાળાં અને અપૂર્વ અદ્‌ભુતતાવાળાં વર્ણનો આ કથાના દરેક ભાગમાં મળી આવે છે. મનુષ્યોના સ્વભાવ કેવી જુદી જુદી બાબતોમાં મળતા હોય છે અને ભિન્ન હોય છે, જાતજાતના સ્વભાવના મનુષ્યોમાં પ્રસંગે પ્રસંગે કેવા કેવા ભાવ અને કલ્પના થાય છે અને તેને પરિણામે તેઓ કેવા વિવિધ વિચાર બાંધે છે તથા આચાર આચરે છે, તેનાં અનેક ચિત્રોથી આ કથા ભરપૂર છે. મનુષ્યના મનના વ્યાપારોની સૂક્ષ્મ અને ઊંડી પરીક્ષા એ કથાના વાંચનારને જેમ આશ્ચર્યથી ચકિત કરે છે તેમ મનુષ્યોના વિધવિધ તર્ક અને વચનનો એમાં આપેલો મોટો ખજાનો વાચકમંડળની અનેક રુચિઓને તૃપ્ત કરે છે. પ્રત્યેક પાત્ર એટલી દશાઓમાંથી સંક્રમણ કરે છે કે તે દરેકના મન તથા વચનનો

ઇતિહાસ વિસ્તારી અભ્યાસનું સાધન થઈ પડે છે. પાત્રોની એ વિવિધતા કેવળ સ્વભાવ અને વિચાર પ્રમાણે પણ છે. રાજા અને રંક, વિદ્વાન અને મૂર્ખ, શ્રીમંત અને સંન્યાસી, કારભારી અને સિપાઈ, બંડખોર અને બહારવટિયા, ગૃહિણી અને કુમારિકા, સૌભાગ્યવતી અને વિધવા, સ્વામી અને સેવક, પિતા અને પુત્ર, બંધુ અને મિત્ર, પતિ અને પત્ની, ઇત્યાદિ અનેક સ્થિતિનાં સ્ત્રીપુરુષોની મહાન સૃષ્ટિનો સમુદાય આ કથામાં સમાએલો છે.

આ સર્વ જનસ્વભાવનો વિશાળ અને ઊંડો અભ્યાસ સૂચવે છે તેમ જ પાત્રોનાં ચિત્ર રચવાની કુશળતા દર્શાવે છે. એ કલાને અંગે ગોવર્ધનરામની કલ્પનાએ અનેકાનેક અલંકારો ઉદ્‌ભૂત કર્યા છે. એ અલંકારઘટનામાં કુદરતના નાનામોટા અનેક પદાર્થો અને સાધારણ અસાધારણ અનેક બનાવો ઉપયોગમાં લેવાયા છે. રસ્તે ચાલતા સરઘસને આપેલી 'પટ'ની ઉપમા અને બાજુએ ચાલતા સિપાઈઓને આપેલી 'પાલવ'ની ઉપમા, તેમાં આવી દાખલ થનારને આપેલી 'મધમાખી'ની ઉપમા, દરબારમાં રાજાનો પ્રવેશ થતાં એકસામટી સલામો કરતા દરબારીઓના હાથને આપેલી અગણિત કપાળક્ષેત્રો પર 'ઊભરાતાં તીડ'ની ઉપમા, 'ગંભીર વિચાર વચ્ચે અટ્ટહાસ્યે અચિંત્યું ડોકિયું કાઢ્યા'ની કલ્પના, એવી એવી રીતે નાની વસ્તુઓને વિચિત્ર સામ્યમાં મૂકી યોજેલા અલંકારની સાથે 'સ્વપ્નસૃષ્ટિના ધૂમકેતુ આમ મુખાકાશમાં ચડી આવતા' 'કાળા તરંગોથી છલકાતા રાજ્યકાલિન્દીમાંના શહેરાય-વાસુકિ'ની ફણા વચ્ચે કૃષ્ણ પેઠે બુદ્ધિધન ઊભો હોય' 'વામન તર્કવૈરાટ સ્વરૂપ ધારી પૃથ્વીથી આકાશ સુધી બે પગલાં ભરી ઊભેલો પ્રત્યક્ષ થયો', 'રાત્રિ...શૂન્ય જેવાં દશે દિશ વ્યાપતા અંધકારના અદૃશ્ય અવયવોમાં કલ્પનાની પેઠે ભરાઈ મચી રહેલાં જંગલો, પર્વતો, નગરી અને પ્રાણીઓના અંતર્ગત ઠઠ હાહને આંખો મીંચી જોઈ રહેતી હોય, તે મહા સ્વપ્નમાં જ સિંહ વાઘ વગેરેની ભયંકર ગર્જનાઓને લવતી હોય, તેમ સુષુપ્તિ સમયે જાગ્રત સંસ્કારોમાં પ્રવાહપતિત થઈ ગઈ,' એવી

ભવ્ય ઉચ્ચ અને પ્રબળ કલ્પનાવાળા અલંકાર સ્થળે સ્થળે રચાયા છે.

આવી સામગ્રીથી ભરેલી લેખનશૈલી ઉચ્ચ પ્રૌઢ અને શિષ્ટ હોય એ સ્વાભાવિક જ છે. તે શૈલી ઊંડી વિદ્વત્તાવાળી છે. અને વિશાળ વાચનનું સુફલ તેમાં એકત્ર થયું છે. સંસ્કૃત, ઇંગ્રેજી અને ગુજરાતી ગ્રંથોમાંથી 'સરસ્વતીચંદ્ર'માં કરેલા ઉતારા મૂલ્યવાન સંગ્રહરૂપ છે. અને તેટલાનો અભ્યાસ જ સહૃદયતા તથા મીમાંસાને પુષ્ટ કરવા સમર્થ છે. પરંતુ એ ઉતારાનું મૂલ્ય તેમાં રહેલી રસિકતા અને જ્ઞાનમાં જ નથી. વિચારશ્રેણીઓની ઘટના દર્શાવવામાં, પાત્રોના સ્વભાવનાં ચિત્ર રચવામાં, દેખાવો અને બનાવો વર્ણવવામાં, તથા સારાંશનું દોહન કરવામાં એ ઉતારા એકાએક આવી કેટલો પ્રસાદ અને કેટલી ઉજ્જવલતા કરે છે અને તે જ સાથે સંદર્ભમાં ભળી જઈ કેવા સંવાદી થઈ જાય છે, એ સાક્ષાત્કાર વાંચનારને ચમત્કાર તથા આનંદ પમાડે છે. ગામડીઆનાં ગીતથી માંડીને મહાકવિઓનાં કાવ્ય અને તત્ત્વચિંતકોનાં વિમર્શનમાંથી કેવાં વિવિધ વચનો ગ્રન્થકારના ચિત્તે ગ્રહણ કરી લઈ સ્મૃતિમાં તરતાં રાખ્યાં છે અને તેનો કેવો યથાઘટિત કુશળ ઉપયોગ ગ્રન્થકાર કરી શકે છે એ દૃષ્ટિથી જોતાં થતો અનુભવ વાચકને વિશેષ આનુષંગિક લાભ કરાવે છે. પ્રથમ દૃષ્ટિએ કદાચ એમ લાગે કે ગ્રન્થમાં જોઈએ તે કરતાં વધારે ઉતારા છે, પણ ધ્યાન દઈ વાંચનારને પ્રતીતિ થાય છે કે એકે ઉતારો નિરુપયોગી કે અનુચિત નથી અને એકે ઉતારો વિસ્તાર કરવા અથવા શૈલી શોભાવવા દાખલ કર્યો નથી, પણ ગ્રન્થકારે ઊભી કરેલી ચિત્તવ્યાપારની સૃષ્ટિ વર્ણ્ય વસ્તુના એકેએક અવયવ તથા એકેએક પરમાણુ એવી સૂક્ષ્મતાથી ઘડીને પ્રદર્શિત કરે છે કે પદે પદે ભાવ અને તર્કના પ્રસંગ આવી ઊભા રહે છે અને ગ્રન્થકારના ચિત્તમાં રમી રહેલી ગુણવંત ઉક્તિઓ પ્રાદુર્ભૂત થઈ રચનામાં ઊતરી પડે છે.

ઇંગ્રેજી અને સંસ્કૃત ઉતારામાં ગ્રન્થકારે કરેલાં ગદ્યપદ્ય ભાષાન્તર ઘણી સંભાળથી જાળવેલી યથાર્થતા, ઘણા સામર્થ્યથી કરેલી શબ્દ-યોજના અને ઘણી નિપુણતાથી કરેલો રસોદ્ધાર દર્શાવે છે અને એવી નાની વાત પણ શિક્ષણરૂપ થઈ પડે છે.

વાર્તાનાં પાત્રો ભણાવેલો પાઠ બોલી જનાર પેઠે વર્તતાં નથી પણ પોતાની બુદ્ધિ અનુસાર મનન કરી સંકલ્પ કરે છે અને આચરણ કરે છે. આ રીતે જીવનમાં ઉત્પન્ન થતા અનેક વિષયો પર જુદા જુદા દૃષ્ટિબિન્દુથી કરેલા વિચાર ગ્રન્થમાં મળી આવે છે. કેટલાંક પાત્રો થોડું આચરણ અને ઘણે ભાગે ચર્ચા કરનારાં જ છે અને કેટલાંક તો ચર્ચા કરનાર તરીકે જ વાર્તામાં દર્શન દે છે. ગ્રન્થકર્તાનું ગંભીર વિચારવંતપણું આમ બળવંત પ્રભાવ સાથે સ્ફુરિત થાય છે અને સમર્થ ચિંતકની સંગતિમાં અનેક ગહન વિષયોમાં પર્યટન કરી ચર્ચા તથા વિવેચનમાંથી જ્ઞાન મેળવવાનો લાભ વાચકને મળે છે.

આ સર્વ કૃતિમાં ભાવપ્રકાશનના અને મનોવેધક ચિત્રઘટનાના પ્રસંગો ઘડી ઘડી આવે છે અને ગોવર્ધનરામની કવિત્વશક્તિ ગદ્યમાં તેમ જ પદ્યમાં પ્રકટ થાય છે. આવી ગદ્ય રચનાઓ ઘણું ખરું વૃત્તાન્ત વર્ણનમાં થઈ છે અને પદ્ય રચનાઓમાં ઘણું ખરું પાત્રોના ઉદ્‌ગાર પ્રકટ થયા છે. છૂટક કાવ્યો એવાં ભાવપૂર્ણ છે કે તે તે પ્રસંગની બધી રસિકતા તે કાવ્યોમાં એકત્ર થઈ વસેલી લાગે છે અને કાવ્યો તે પ્રસંગોને વાંચનારના ચિત્તમાં મુદ્રિત કરી દે છે. 'શશી જતાં પ્રિય રમ્ય વિભાવરી', 'સુખી હું તેથી કોને શું", 'દીધાં છોડી પિતા માતા' ઇત્યાદિ કાવ્યોમાંનો મનોરાગ વાંચનારના ચિત્તનું ફરી ફરી આકર્ષણ કરે છે એટલું જ નહિ પણ તે કાવ્યો આસપાસ ગુંથાએલી કથાની પ્રફુલ્લ સ્મૃતિ જાગ્રત કરે છે અને તે કાવ્યો વડે તે કથાભાગ ઓળખાય છે.

આ નાનાં કાવ્યોમાં ગોવર્ધનરામના કવિત્વનો યથાર્થ પ્રકાર નજરે પડે છે. તેમના કવિત્વમાં ભાવનો ઉત્કટ વેગ વસેલો દેખાય છે. લાગણીથી ઊછળી રહેલા તેમના ચિત્તમાંથી નીકળતી કવિતાનો પ્રવાહ બહુ બળથી ચાલ્યો જાય છે. એ કવિતા વાંચનારના હૃદયતલને સ્પર્શ કરી બહુ વ્યાકુલતા ઉત્પન્ન કરે છે. તેના પ્રકાશનમાં કલ્પના નવા નવા અર્થાલંકારો ઊભેરે છે. પરંતુ તેમની કવિતામાં સૌન્દર્યના, લાલિત્યના, માધુર્યના બહુ જ થોડા અંશો વિદ્યમાન છે અને તેથી કલાવિધાન પણ દૃષ્ટિએ પડતું નથી.

રમણીયતાની આ ખામી તેમની ઉચ્ચ કલ્પનાઓને શુષ્ક બનાવે છે, તેમના ગંભીર ભાવની ઉક્તિમાં નીરસતા ભેળવે છે અને તેમની શૈલીને ક્લિષ્ટ કરે છે. 'સરસ્વતીચંદ્ર'નાં કાવ્યો વાર્તારસના કુંડળ વચ્ચે આવેલાં હોવાથી તેમની રુચિરતા જળવાઈ રહે છે. પણ, રસહીનતાનો પરિહાર કરનારા એવા અંશો 'સ્નેહમુદ્રા'માં નથી, અને બળવાન પ્રેરણાથી તેમ જ ઉદાત્ત ભાવનાઓથી ભરેલું છતાં એ પુસ્તક આકર્ષક લાગતું નથી તેનું એ જ કારણ છે. એ પુસ્તકના નાયકને 'ભૂત'રૂપે આણી તેની પાસે વિચારો પ્રકટ કરાવવામાં કાંઈ સફલતા જણાતી નથી અને એ થોરતાથી કવિતાની ખૂબીને હાનિ થાય છે એટલું જ પરિણામ નીપજે છે. ઉચ્ચ અને ગંભીર વિચારોના કવિત્વમય કથનમાં 'મૂકી એણે તો દોટ,' '"હાડે તૂતૂ" નહિ ખમે કંઈ બહુમાની સ્નેહ' 'અક્કલ રહી ન ગાંડે' એવી છેક સાધારણ વ્યવહારની ઉક્તિઓ કોઈ રીતે શોભતી જ નથી. 'ઉલૂકાદિ અધમ ભડવા નીકળ્યા સર્વ ટોળે,' 'ખાઈ રહું-દોડું જરી, ત્યાં જ પચી જાય અનંત અમર ભાખરી' એવા અલંકાર વાણીનાં ભૂષણને કદર્થિત જ કરે છે. 'સ્નેહમુદ્રા'ના આખા પુસ્તકમાં અપવાદરૂપ તે

નીલા લીલમ સમાં લાલ ગાલે ગેહાં તમે જે તણે રે
એવા રૂડા આંગલિયાની ડાળ મૂકીને, કોયલ, કયાં ગયાં રે?

એ કાવ્ય છે. એ ગરબીનું એકેએક પદ લાવણ્ય અને કોમલતાવાળું છે. તેનું સુન્દર કલાવિધાન ચમત્કારપૂર્ણ છે અને તેમાં કડીએ કડીએ નવી નવી કલ્પનાથી ઊપજતા ભિન્ન ભિન્ન અલંકાર ગંભીર ઉન્નત તથા રસિક ભાવના પ્રકાશનને રુચિર બનાવે છે. એમાં કવિએ કહેલો કોયલના કૂજનનો ગુણ કવિના એ કાવ્યમાં પણ છે કે

અર્ધનિદ્રા સમે પ્રિયસ્પર્શ સમું કૂજ્યું તમ તણું રે
ચમકાવે અમારાં ચિત્ત ! મૂકીને૦

ભૂતના ભડકા, સ્મશાન, ચિતા, ભયંકર અંધકાર, વગેરેના ઘોર વર્ણનથી ભરેલા પુસ્તકમાં આવેલી આ ગરબી

કાળે પોતે કસુંબલ ભાત, તેવું આ કાળા વિશ્વમાં રે
રુડું રુડું કોમળ તમ ગાન મૂકીને૦

એ ઉપમાની સાર્થકતા સિદ્ધ કરે છે અને કવિતાની વિરલતામાં પણ ધન્યવાદનું કારણ રહેલું છે એમ પ્રતીતિ કરાવે છે.

બીજાં કાવ્યોમાં ઓછી આકર્ષકતા લાગશે, પણ 'સ્નેહમુદ્રા'નાં સર્વ કાવ્યો ગોવર્ધનરામના હૃદયમાં રહેલી ગાઢ સ્નેહશીલતા પ્રત્યક્ષ કરે છે. 'સરસ્વતીચંદ્ર'ની કથામાં પણ તેમની સ્નેહશીલતા બુદ્ધિધનના, વિદ્યાચતુરના તથા મલ્લરાજના કુટુંબવર્ગોમાં અંકિત થઈ છે, સરસ્વતીચંદ્રના મિત્રમંડળમાં અંકિત થઈ છે, સુંદરગિરિ પરના વિરક્ત સાધુમંડળમાં અંકિત થઈ છે, અને પાકૃત હૃદયાવસ્થામાં લક્ષ્મીનંદન તથા ગુમાન પણ આખરે સ્નેહશીલતાથી અંકિત થઈ ઉત્કર્ષ પ્રાપ્ત કરે છે. પરંતુ તેમણે કલ્પેલાં પાત્રોમાં તેમનામાંથી ઊતરેલી સ્નેહશીલતાથી જ તેમના એ ગુણનું દર્શન થાય એમ રહ્યું નથી. અલ્પ વયે વિદેહ થયેલી તેમની જ્યેષ્ઠ પુત્રીના સુશીલ સરલ ઉદાત્ત જીવનના તેમણે લખેલા વૃત્તાન્તમાં તેમના એ ગુણના પ્રકર્ષનું દર્શન થાય છે. તેમનામાંથી પુત્રીમાં આવેલા ઉચ્ચ સંસ્કારનો વિકાસ કરવા, પુત્રીની બુદ્ધિ ખીલવી તેને મહાન જ્ઞાનસંપત્તિ પ્રાપ્ત કરાવવા, સંસારના ધર્મ તેને શીખવવા, ઈશ્વર પર તેની શ્રદ્ધા દૃઢ કરવા અને આધ્યાત્મિક શ્રેયને તેનું પરમ લક્ષ્ય કરવા તેમણે કરેલા પ્રયાસ તેમનું ગાઢ વાત્સલ્ય પ્રકટ કરે છે. 'લીલાવતી જીવનકલા' પિતા અને પુત્રી બંનેની અભિજ્ઞત વૃત્તની સાક્ષી પૂરે છે, અને ગોવર્ધનરામની સ્નેહશીલતાથી તેમના કુટુંબમંડળમાં પ્રસરેલી સુજનતા તથા સદ્ભાવનું ચિત્ર આપે છે. એ પુસ્તકમાંનો કરુણ રસ પણ ગોવર્ધનરામના હૃદયની એ આર્દ્રતાને વિશેષ પ્રમાણથી પ્રતિપાદન કરે છે. ગહન તત્ત્વચિંતન, ભવ્ય વિચાર અને દૂરગામી કલ્પનાના સ્થાનભૂત ચિત્તમાં વસેલી આ મૃદુતા તેમના સમસ્ત જીવનમાં અને લેખનમાં વિશિષ્ટતાથી વ્યાપેલી છે. 'તાતના તાત ઈશ્વર' પરની તેમની ગાઢ અચલ શ્રદ્ધા, તેમની ધાર્મિકતા, તેમની ભક્તિગત્તા

'સરસ્વતીચંદ્ર'માં સ્થળે સ્થળે દર્શન દે છે. પણ, આ પુસ્તક એ લક્ષણોથી પરિપૂર્ણ છે. હિંદુ સંસારને ઉન્નત કરવાની જે ભાવનાઓ કુમુદસુંદરીની સાંસારિક જીવનરેખામાં, વિદ્યાચતુરની પુત્રીહિતની કલ્પનામાં, સરસ્વતીચંદ્રે કરેલી કલ્યાણગ્રામની યોજનામાં, ભગવાં વસ્ત્ર પહેરી કુમુદસુંદરીએ સ્ત્રીઓને કેળવણી તથા સ્વતંત્રતા અપાવવા ધરેલી ઉત્કંઠામાં, તેમ જ 'દુષ્ટ આચાર'ને લીધે 'ક્લેશમાં જીવન ગાળતા' હિંદુઓ માટે 'સ્નેહમુદ્રા'ના નાયક તથા નાયિકાના સમભાવમય ઉદ્‌ગારમાં નજર પડે છે તે આ પુસ્તકમાં પણ પ્રકટ થાય છે.

ગોવર્ધનરામની એ વત્સલતા, એ ભક્તિ, એ ઉત્કર્ષેચ્છા રાષ્ટ્રીય વિષયમાં પણ ઉલ્લાસ પામેલી છે. સર્વ કર્તવ્યનો ત્યાગ કરી 'રંગાયા વિના રંગ' જોવા ભટકતો સરસ્વતીચંદ્ર પોતાના મિત્ર ચંદ્રકાન્તને પોતાને શોધવાની ચિંતા મૂકી દેવાની વિનંતી કરે છે ત્યારે પણ તે

'બિચ્ચારો દેશ આ આર્ય – કરે તે કાજ કંઈ કાર્ય'

માટે તે જ કાર્યો કરવામાં ઉદ્યુક્ત રહેવાનો તેને આગ્રહ કરે છે. 'સ્નેહમુદ્રા'ની નાયિકા પણ દેશના દુઃખથી વ્યથિત થઈ ઉદ્‌ગાર કરે છે કે

'અહો પ્રભુ ! મને હૃદય દીધું તો શાને નથી કરતો સભળા ?
રંગભવન મને નથી ભાવતું, નથી રોચતી અલંકૃતિ;
અમ દેશી જન દુઃખી થાય, ને અહું સુખ શું હું જ રતિ ?"

'સરસ્વતીચંદ્ર'ના ચોથા ભાગમાં કલ્પેલી મનઃસૃષ્ટિનો એક માત્ર આશય પ્રાચીન તથા અર્વાચીન સુધારાના સંવાદી મિશ્રણ વડે હિંદુસ્તાનનો ઉત્કર્ષ તથા ઉદ્ધાર કરવાનો છે.

આવા ઉચ્ચ ઉન્નત ઉદાર લક્ષણોવાળા મહાન નરની કૃતિઓ જ હવે આ લોકમાં અવશેષ રહી છે. તે કૃતિઓમાં રહેલો વાક્‌પ્રભાવ ગુજરાતી સાહિત્યમાં ઉજ્જ્વળ કીર્તિસ્તંભ રૂપ છે. તે આદરથી અને પૂજ્યભાવથી હંમેશ જળવાશે એમાં સંશય નથી. જે આત્માએ સનાતન શાન્તિ ધારણ કરી છે તેની ઐહિક કૃતિઓનો અભ્યાસ અને તેના ગુણોનું સ્મરણ ભવિષ્યમાં સદૈવ પ્રોત્સાહક અને ઉત્તેજક થશે એ આશા વડે શોકનું શમન કરવું એ કર્તવ્ય છે.

એક અજવાળી રાત્રિ

આનંદશંકર બાપુભાઇ ધ્રુવ

(૧૮૬૯–૧૯૪૨)

ગઈ કાલે સન્ધ્યાસમયે હું મારા એક મિત્ર સાથે ખેતરોમાં ફરતો હતો. પ્રથમ તો, પશ્ચિમ દિઙ્મંડળમાં જે ચિત્રવિચિત્ર ને ઉમદા ઉમદા રંગોની સમૃદ્ધિ ઊભરાઈ રહી હતી તેના અવલોકનમાં અમારો વખત સરી ગયો.

"પેલી જો! પશ્ચિમ આકાશ પ્રગટી જ્વાળા રે!
ફેલાઈ છે સહુ પાસ દ્યુતિની માળા રે!
અભ્ર અભ્ર સળગિયાં સર્વ દિસે રંગરાતાં રે!
હામે હામે દાડિમ કુસુમ સરીખાં સુહાતાં રે!" (કુસુમમાલા)

એ પંક્તિઓ યાદ લાવતા લાવતા અમે ચાલીએ છીએ, એટલામાં એ રંગો ધીમે ધીમે ઝાંખા થઈ વિલુપ્ત થતા ગયા, અને તેને બદલે કેટલાક તારાઓ અને ગ્રહો એક પછી એક ઊગવા લાગ્યા. છેવટે આખું આકાશ જ્યોતિર્ગણના તેજથી છવાઈ ગયું. શરદ્ ઋતુ હતી એટલે આકાશ ઘેરું ભૂરું હતું અને તારાઓના તેજથી અતિશય ચળકતું હતું. આકાશગંગા પણ આડી, દૂધના પ્રવાહ જેવી, વિસ્તરી રહી હતી. અને એ સર્વની રમણીયતા પરિપૂર્ણ કરવાને થોડાક વખતમાં ચંદ્ર પણ, વાદળાંથી આસપાસ ઘેરાએલો તથા સૌન્દર્યના પ્રભાવમાં વીંટળાએલો, આકાશનિસરણીએ ચઢ્યો. સમસ્ત સૃષ્ટિએ કાંઈક અલૌકિક જ સ્વરૂપ ધારણ કર્યું:

"ને ચંદા કેરી વિશ્વ વ્યાપી વિભૂતિ રે"

ચન્દ્ર, સફેદ તેજોમય, આકાશ સમુદ્રમાં એક નાવડા જેવો તરતો નક્ષત્ર-મંડળોમાં થઈને ચાલ્યો જાય છે; હું પણ એની સામું એકીનજરે જોઈ રહ્યો છું; એટલામાં મારા મિત્રે, જાણે મારા હૃદયનો ભાવ સમજી જઈ, એ વિરુદ્ધ કાંઈ કહેવા માટે એમની પાસે એક પુસ્તક હતું તેમાંથી નીચેના શબ્દો વાંચ્યા. પેલા શબ્દો આ પ્રમાણે હતા :

'આ બ્રહ્માંડ જે કોઈનો પણ મહિમા ગાય છે તો તે પરમેશ્વર કહેવાતા કલ્પિત પદાર્થનો નહિ; પણ હિપર્કસ, કેપ્લર, ન્યૂટન, ભાસ્કરાચાર્ય વગેરે પ્રખ્યાત બ્રહ્માંડશાસ્ત્રીઓનો—કે તેઓ આકાશમાં વિસ્તરી રહેલા જડ પદાર્થોની કાર્યકારણભાવ સંબંધી ભાષા સમજી શકયા.'

જે ક્ષણે મારું હૃદય ભક્તિ અને ધ્યાનના રસમાં ડૂબેલું હતું તે ક્ષણે આવો તર્ક પ્રથમ તો અત્યન્ત દુઃખકર લાગ્યો. પણ તર્ક અને હૃદય એમાંથી એકેનો અનાદર કરવો મને પસંદ ન હતો, અને બંનેની એકવાક્યતા થવી જોઈએ એવો મારો સિદ્ધાન્ત હોવાથી થોડા જ વખતમાં હું સ્વસ્થ થઈ શકયો; અને પછી મારા મિત્રને મેં કહ્યું : 'ભાઈ, આ દલીલનો શો અર્થ થયો એ જોયું? આ રીતે તો ત્યારે 'પ્રિન્સિપિયા' એ ન્યૂટનનો મહિમા ન દર્શાવતાં, મારોતમારો—'પ્રિન્સિપિયા' વાંચનારાઓનો—મહિમા દર્શાવે છે!! માટે નિશ્ચય રાખો કે પ્રકૃતિલેખ એના લેખકનો—પરમાત્માનો—મહિમા દર્શાવે છે; ન્યૂટનનો નહિ જ. વળી, જેમ ન્યૂટને, પોતે આપણા કરતાં ચડિયાતો હોઈ, આપણને અગમ્ય એવાં સત્યો શોધી કાઢ્યાં, તેમ જગતના મહાત્માઓ, ઋષિજનો, જેઓ પરમાત્માની વિભૂતિના ઉત્પન્ન કરનારા નથી પણ માત્ર વાંચનારા છે અને તેથી ઋષિ એટલે દૃષ્ટા કહેવાય છે, તેઓએ પ્રકૃતિલેખમાં એ પરમ સત્નો વેદ લખેલો જોયો. આ પરમાત્માથી અનુસ્યૂત બ્રહ્માંડ એ પુરાણોમાં વર્ણવેલા બ્રહ્મા છે. એનાં ચારે મુખમાંથી—ચારે દિશાએ, ચોતરફ—વેદના ધ્વનિ નીકળી રહ્યા છે, જેનું શ્રવણ કરવું એ આપણું પરમ સુખ, કર્તવ્ય અને ભાગ્ય છે.'

આ ઉત્તરથી મારા મિત્રને તો સંતોષ થયો. પણ તુરત જ પરમાત્માના દર્શન અર્થે ધ્યાનયોગમાંથી ખસી તર્કને એક વાર છૂટ આપવાથી કેવી તર્કપરંપરા ચાલે છે એમ સૂચવતો મારા મનમાં બીજો પ્રશ્ન ઊભો થયો: "આ બ્રહ્માંડ પરમાત્માનો મહિમા સૂચવે છે એ તો ખરું, પણ આ વિશાળ બ્રહ્માંડમાં મનુજની શી ગણતરી ?" અજવાળાનું એક કિરણ એક સેકન્ડે એક લાખ છ્યાસી હજાર માઈલ અંતર કાપે છે અને તેને કેટલાક તારાથી નીકળી આપણી પૃથ્વી પર આવતાં વીશ હજાર વર્ષ જોઈએ છે ! અને હ્યુ ર્શ જિનિયસ નામનો ખગોલવેત્તા કહે છે તે ખરું હોય તો કેટલાક તારામાંનું અજવાળું તો હજી આપણા સુધી પહોંચ્યું પણ નથી ! ! તારાઓ અન્ય ખગોળોમાં સૂર્યસ્થાને છે, અને આપણું આ આખું સૂર્યચક્ર નાશ પામે તો પણ વિશ્વના સત્માંથી સમુદ્રના તટની રેતીનો એક કણ ઓછો થયો એમ સમજવું ! ! ત્યાં મનુજ તે કોણ ? પરમાત્માને એની શી દરકાર ? ? આ વિચાર મને ખરેખર બહુ જ દુઃખદ થઈ પડત–પણ સુભાગ્યે તે જ ક્ષણે મને અંગ્રેજ કવિઓની કેટલીક પંક્તિઓ યાદ આવી:

"જુઓ, સૂર્ય ચાલ્યા કરે છે; ન એનાથી ઊભા રહેવાય, ન એના માર્ગમાંથી આડા જવાય. પણ આપણો અમર આત્મા બંને કરી શકે !" વળી, "ફક્ત હું જ એવો છું કે જેને સૂર્ય વિના પણ પ્રકાશવાની શક્તિ છે."

અહો ! કેવા ભવ્ય વિચારો ! ! આથી એક તરફ મને જેમ મારી મહત્તા અનુભવાઈ તેમ બીજી તરફ મારી 'જવાબદારી'નું પણ તીવ્ર ભાન થયું. આ વૃત્તિએ મારા હૃદયને આકુળવ્યાકુળ કર્યું : એમાં મને બહુ ગંભીર અર્થ લાગ્યો: વિશ્વતંત્રીમાંથી છૂટા પડેલા એક તારના જેવી, વા હરિણના ટોળામાંથી વિખૂટા પડેલા એક બાલ હરિણના જેવી, મને મારી સ્થિતિ લાગી. છેવટે પ્રભુકૃપા વિના ક્ષણ વાર હું મારું કર્તવ્ય કરવાને સમર્થ નથી એમ મેં નિર્ણય કર્યો. આત્માના સ્વાતંત્ર્ય વિના આસ્તિકતા સંભવતી નથી એમ કેટલાકનું માનવું છે પણ આ સિદ્ધાન્ત મને અત્યન્ત શુષ્ક અને અહંતાના અભિમાનથી

ભરેલો લાગે છે. હું જે જે કરું છું તે પરમાત્માની પ્રેરણાથી જ કરું છું, હું કરતો નથી પણ પરમાત્મા જ કરે છે, એમ જો શુદ્ધ ભાવથી માનવામાં આવે તો મનુષ્યહૃદયમાંથી પાપ સમૂળ નાશ પામી પુણ્યવૃત્તિ સ્વાભાવિક અને સરળ રીતે–પુષ્પમાંથી સુગન્ધ પ્રસરે છે તેમ–પ્રસરે એમાં સંદેહ નથી. પણ આ રીતે એક વખત સમાધાન થયા છતા, "પ્રભુને તારી શી દરકાર કે તારા ઉપર કૃપા કરી તને સન્માર્ગે પ્રેરે ?" એ પ્રશ્ન પાછો કાંઈક – વિના હઠે – આવી ઊભો રહ્યો. પણ જાણે આટલા શુભ વિચાર કરવાથી સશક્ત બન્યો હોય એમ મારો આત્મા વેગથી ધસીને બોલી ઊઠ્યો: "શા માટે નહિ ? એ સર્વવ્યાપક પ્રેમ ક્યાં નથી ?...પ્રભો ! હું તારો છું." છેવટનું વાક્ય મારા આત્માની ઊંડાણાં ઊંડી ખીણમાંથી નીકળ્યું અને મારા પ્રયત્ન વિના જ મારે મુખેથી નીકળી ગયું. મારા મિત્રે એ સાંભળ્યું અને મને પ્રશ્ન કર્યો: "આ તમારું શાંકર–અદ્વૈત–વેદાન્ત કે ?" હું આ વાક્યનો ગર્ભિત ઉપાલંભ સમજી ગયો. મેં પણ દૃઢતાથી ઉત્તર આપ્યો:–"હા, અમારા શંકરાચાર્યે કહ્યું છે :—

सत्यपि भेदापगमे नाथ तवाहं न मामकीनस्त्वम् ॥
सामुद्रो हि तरङ्गः क्वचन समुद्रो न तारङ्ग : ॥

હે પ્રભો ! હું તારો છું; તું મારો (આવિર્ભાવ) નથી. તરંગ સમુદ્રનો (વિકાર–આવિર્ભાવ) છે; સમુદ્ર તરંગનો (વિકાર–આવિર્ભાવ) નથી."

આ ઉત્તરે અમને સગુણનિર્ગુણના સંબન્ધના વિચાર આગળ લાવી મૂક્યા. એમાં ઊતરવા જેટલો વખત ન હોવાથી એ ચર્ચા મેં ભવિષ્ય માટે રાખી.

આ વખતે ચન્દ્ર આકાશના મધ્યભાગે આવ્યો હતો. સમસ્ત વિશ્વ એના શ્વેત ઉજ્જ્વળ પૂરમાં એકરસ બની રેલાતું હતું; પણ મારા અન્તરાત્માની ચન્દ્રિકા પ્રાતઃકાલની ચન્દ્રિકા જેવી જ ઝાંખી અને શુષ્ક પડતી હતી.

☆

અંબાલાલભાઈ અને સૂરત કૉંગ્રેસ

બળવંતરાય કલ્યાણરાય ઠાકોર

(૧૮૬૯-૧૯૫૨)

માણસનું શરીર જેમ ડગલે ડગલે એક બાજુના બિન્દુ ઉપર એક પગ મૂકી સામી બાજુએ બીજા બિન્દુ ઉપર બીજો પગ મૂકે છે, અને આ પ્રમાણે બે સામસામાં બિન્દુઓની હાર વચ્ચે ડોલતું, ડોલાં ખાતું, ગતિ કરે છે, તેમ માનવવિચાર એક જમાનામાં એક છેડે તો પછીના જ જમાનામાં સામે છેડે સ્થિર થતો થતો આગળ વધે છે. આપણા જમાનામાં ક્રિસ્ટોદાસ પૉલ, દાદાભાઈ કે રાનડે જેવાની શ્રદ્ધાથી અત્યન્ત વિસ્મય પામે એવા માણસો ઘણા છે અને વધતા જાય છે. આત્યન્તિક માનૃશ્રદ્ધા અને આત્યન્તિક દ્વેષ કે અવિશ્વાસનાં સામસામાં બિન્દુઓ વચ્ચે થઈને ગતિ કરતો કરતો હિન્દ ઇંગ્લાન્દના ગુણદોષ અને ઇંગ્લાન્દથી પોતાને થએલા લાભાલાભનું અનુર્મિલ ઐતિહાસિક વાસ્તવિક સરવૈયું તારવવાની શક્તિ મેળવે, એ સમય હજી ઘણો દૂર છે. તથાપિ આપણા પિતાઓની આવી શ્રદ્ધા અને આવી દૃષ્ટિને આપણામાંથી જેટલા માણસ પોતાની સન્મુખ પ્રયત્ને પણ રાખી શકે છે, તેઓ જ એ વડીલ જમાનાનાં મથનો અને પદ્ધતિઓની, એમની કાર્યસિદ્ધિઓ અને સલાહોની, આપણને એ વડીલોથી મળેલા વારસાની, ખરી કદર કરી શકે છે. ડાબા જમણા પગ એકબીજાને ભાંડ્યા કરીએ એમાં કશો યે સાર નથી.

એ જમાનો આપણી પ્રજાનાં કુસંપ, ઈર્ષ્યા, આન્તર દ્વેષ, હીન ચરિત્ર, કમસમજ, સ્વાર્થાન્ધતા, અજ્ઞાન આદિ દોષને આપણા કરતાં ઘણા મોટા રૂપમાં જોતો એ પણ નક્કી. અંગ્રેજ તો આપણી

યોગ્યતા થાય તેની જ રાહ જુએ છે પણ આપણે જ–'બાર પૂરબિયે તેર ચોકા' વાળા છીએ. આપણા દુરાચાર અને ખોટા ગ્રહ અને અશક્તિઓ અગણિત છે, તે બહુ ધીમે ધીમે જ ઘટશે. એકમતનું વર્તુલ વધારતા જઈએ, રાજ્યદ્વારી વિષયોમાં બુદ્ધિપૂર્વક રસ લેતા અને કર્તવ્યતા સ્વીકારતા માણસોની સંખ્યા વધારતા જઈએ, ભેગા મળી કાયદેસર (કૉન્સ્ટિટ્યૂશનલ) સુધરેલી જાહેર ચર્ચાની પાર્લમેન્ટરી પદ્ધતિએ આપણાં રાજકીય દુઃખો (ગ્રીવન્સિસ) વિશે પૂરી વાકેફગારી, ડહાપણ અને વ્યવહારુ રાષ્ટ્રચિંતનાથી એક અવાજે બોલતા થઈએ, તેમ તેમ આપણી અયોગ્યતા ઘટતી આવે, એવી એ જમાનાની દૃઢ પ્રતીતિ હતી. કાયદેસર પાર્લમેન્ટરી પદ્ધતિ માટેનાં જ્ઞાન, સહકાર અને સંયમ એ જમાનાના રાજકીય ધર્મ (પોલિટિકલ ક્રીડ) જેવાં હતાં. આ જ અંબાલાલભાઈનો ચોથો સિદ્ધાંત.

એ માટે એમની લાગણીઓ કેટલી બધી તીવ્ર હતી તે સૌથી વધારે સ્પષ્ટતાથી સૂરતની કૉન્ગ્રેસ તૂટી તે પ્રસંગે મારા જોવામાં આવ્યું. એ વખતે હું ત્યાં હાજર હતો. ઉદ્દામ પક્ષે કેટલાક દિવસ આગળથી આવી ભાષણો અને મસલતો ચલાવીને સૂરતીઓમાં ફાટફૂટ પાડવામાં કેટલીક ફત્તેહ મેળવી હતી, કૉન્ગ્રેસ પક્ષે ભાષણો અને મસલતો સામે એવી જ પ્રવૃત્તિ ચલાવવી જોઈતી હતી, પણ કોઈએ તે કાંઈ કર્યું ન હતું. પ્રમુખપદને માટે દા. રાસબિહારી ઘોષને પસંદ કરવાની ઔપચારિક દરખાસ્તનાં ભાષણો પૂરાં થતાં તો રા. રા. બાલ ગંગાધર ટિળક વ્યાસપાટ ઉપર ચડ્યા જ! એ બોલવા જાય, આમથી આમ ડોલે, ત્યાં સામેની મેદનીમાં જોતજોતાંમાં હોહા, શોરબકોર, 'શરમ! શરમ! બેસી જાવ! ચલાવો!' આદિ પોકાર – અને સીત્કાર – ગાજી રહ્યા. પ્રમુખ સાહેબ ખુરશીથી મેજ ઉપર ઊભા થઈને પોતાનું ભાષણ શરૂ કરવા ગયા, હાથ જોડીજોડીને સૌને શાન્ત રહી સાંભળવાને વીનવ્યા, પણ અહીં તો લાકડીઓ ઉગામાય, ખુરશીઓ ફેંકાય, અને એક દક્ષિણી ઉપાનાસ્ત્ર પણ ફિરોજશાહ મહેતા અને તેમની જમણી

બાજુએ પહેલી હારમાં એકેલા સુરેન્દ્રનાથ બેનરજીના ગાલ વચ્ચે થઈને પાછળ પડ્યું. વ્યાસપાટ પલવિપલમાં ખાલી ! ધોંધાટ વધી ગયો, દોડાદોડ થઈ રહી, અને ટિળકનો શ્વાસોચ્છ્વાસ માય નહીં. દક્ષિણી યુવકો એમની આસપાસ વીંટાઈ ગયા, એમની ઉપર પોતાના હાથ લંબાવી અભેદ્ય છત્ર કરી દીધું, કે લાકડીખુરશી કશું એમને ન વાગે. એ ટોળું મેં જોયું અને હું તેની જોડે તેને પગલેપગલે વ્યાસપાટની પાછળની કનાતમાં થઈને ટિળકના તંબૂ સુધી ગયો. હાંફળાફાંફળા ટિળકને આરામખુરસી ઉપર પડતાં જોયા, એમનો પરસેવો એમની મુદ્રા જોઈ, અને મેં કહ્યું, "મિ. ટિળક, તરસ લાગી હશે, પાણી પીશો કે લેમનેડ ?" એ કહે, લેમનેડ. રા. રા. માવજી ગોવિન્દજી શેઠ પાછળ પાછળ આવી ચડેલા,—સાચાં રિપોર્ટર મુખ્ય બનાવના મધ્યબિન્દુથી બહુ આઘે હોય જ નહીં,—તે લેમનેડ આણી આપવા ગયા, અને હું મારે રસ્તે પડ્યો.

આ દિવસોમાં એ આખા પ્રસંગમાં મેં બે જ નર જોયા. એક લાલા લજપતરાય. મા મરી જાય અને પુત્રના ચહેરા ઉપર જે ઘનઘોર ગ્રહણ દિવસો લગી એકસરખું જામી રહે, તેવો એ ભરજુવાન ખગ્રાસ ગ્રહીત શોકમંડિત ચહેરો હજી એવો ને એવો આંખ આગળ તરે છે ! બીજા નર અંબાલાલ. સૂરતીઓમાં ફાટફૂટ હતી. છતાં ઉદ્ધતાઈ સરનશીનના શાસનનું અપમાન કે શારીરિક બળના પ્રયોગ લગી વાત વધે તો પણ આપણે કૉન્ગ્રેસપક્ષે એવું અધર્મ્ય વર્તન કરવું જ નથી, "જૈસે કુ તૈસા" ના સૂત્રને રાષ્ટ્રનીતિનું નવનીત માનનારા સામે પણ આપણે તેમના જેવા નથી થવું, આપણે પાર્લમેન્ટરી અને સંયમી વર્તનની હદમાં જ રહેવું છે, એ નિશ્ચય થયો. પળાયો. ટિળક, બિપિનચંદ્ર પાલ અને અરવિંદ ઘોષના પક્ષને આગળથી ખાતરી પણ આપવામાં આવી હતી કે તમારે બેફિકર રહેવું, મંડપની જવાબદારી અમારે માથે છે, મંડપમાં તમને કોઈ જાતનો ભય નથી. આ નિશ્ચય કરાવવાનો જશ તે વખતે હાજર હતા તે આગેવાનોમાંથી ઘણાને એકસરખો ઘટે

છે, ત્યારે એ પળાવવાના વધારે કપરા કાર્યનો જશ તેમાંથી બેત્રણને જ ઘટે છે, અને આમાં અંબાલાલભાઈનો હિસ્સો કોઈના કરતાં ઓછો નથી. વળી, કાર્યક્રમ આરમ્ભાતાં જ્યારે ઉપર વર્ણવેલી હકીકત જ બની, ત્યારે તે સ્થલે તે કાળે એકને બદલે માત્ર ત્રણચાર અંબાલાલ હોત, તો સરનશીનની ખુરસી ખાલી હોત જ નહીં, ધોંધાટ વગેરે શરૂ થતાં જ દાબી દેવાત, ટિળકને 'બેસી જાઓ!' અગર તો 'બોલો' એ બેમાંથી એક આજ્ઞા સ્પષ્ટ કરવામાં આવત, અને તે પળાવવામાં આવત. અધવચ્ચ લાકડી ખુરશી કે ઉપાનાસ્ત્ર વપરાત જ નહીં, અગર તો એવી પહેલ કરનાર બેચારને પકડીને તેમની ખબર લેવાત. પરંતુ તે સ્થળે તે કાળે એક જ અંબાલાલ હોવાથી વ્યાસપાટને પલવિપલમાં ખાલી થઈ જવા વારી આવી. કૉન્ગ્રેસ તૂટી; ખાસ કરીને સુશિક્ષિત વર્ગને – અંબાલાલભાઈ જે વર્ગને વિશે એમનામાં ચારિત્રના અમુક અંશો હોવા જ જોઈએ એવા ગ્રહને લીધે તેમને આ નવા જમાનાના "કુલીન" કહેતા તે વર્ગને—શરમાઈ શરમાઈને ભોંયમાં પેસવું પડે એવી રીતે તૂટી. ત્રેસઠ વર્ષના અંબાલાલભાઈએ પોતાનો ઉગ્ર કોપ અને પોતાની હડહડતી જુગુપ્સા દબાવી તો રાખ્યાં, તથાપિ એમનું જુવાન લોહી તે જ ક્ષણે મગજ ઉપર ચડી ત્યાંથી એમના ડાબા નેત્રના અપાંગમાં ઠર્યું. અને એ ખૂણો પછી પચાસેક કલાક લગી લાલ જ રહ્યો.

તે દિવસે અને તે પછીને દિવસે મારે એમની સાથે લાંબી વાતચીત થઈ. આટઆટલાં વર્ષો સુધી અનેક મુશ્કેલીઓ વટાવી આટલી મજલે આવ્યા, ત્યાં અપાત્રતાનો આવો ફજેતો; અંગ્રેજોને નીતિમાં કાર્યશક્તિમાં વ્યવહારુ સહકારમાં જ્ઞાન ચારિત્રબલ અને દેશાનુરાગ વડે કાયદેસર પાર્લમેન્ટરી વર્તનની પ્રતિષ્ઠાથી જીતવાના, તેમના ઉત્તમ ઉદારચરિત દૂરદર્શી રાજપુરુષોનાં સિદ્ધાન્તે સ્પષ્ટ પણ વિગતે મોઘમ વચનો ડગલે ડગલે અમલદાર વર્ગ કને વહીવટમાં ઉતરાવીને પળાવવાનાં; એમનામાંના રાજસીતામસી ગુમાની કૉલોનિયન ઈમ્પીરિયલિસ્ટ વર્ગને દાબી રાખવામાં એમના ઉત્તમ સાત્ત્વિક રાષ્ટ્રચિન્તકોને આપણે આપણા

ચારિત્ર અને વર્તન વડે પૂરતી મદદ દેવાની; ત્યાં આપણી જ આ છોકરવાદી હઠનો ઢંઢેરો ! એક તરફ કરજમાં કારભારમાં બેરોજગારીમાં સારાસારવિવેકના અભાવમાં અને દુરાચારમાં ડૂબી ગયેલી રાંકડી મૂગી પ્રજાને પેટપૂરતું ખાવાના પણ સાંસા; અને બીજી તરફ તેના આગેવાનો, તેના ઉત્તમ પુરુષો, તેનાં જ્ઞાન શક્તિ દૈવત કેવારી જે કહેો તે – આ ટિળક ! આ ફિરોજશાહ ! તમે જાણો છો ? રાજકીય હવાઈ સત્ત્વોમાં સંમ્ભવાસમ્ભવ તોળી શકો છો ? હું કહું છું કે આ કાળે આ સ્થળે સત્કાર-મંડલપ્રમુખની ખુરસીમાં કૉન્ગ્રેસ પ્રમુખની ખુરસીમાં કે મંત્રી તરીકે કૉન્ગ્રેસના વ્યાસપાટ ઉપર ગમે તેવો પણ એક અંગ્રેજ બચ્ચો હોત – બસ એક જ, હં ! – તો આ સૌએ હૈયાકૂટયા લોક પાંશરાદોર ચાલત ! 'અંગ્રેજ દોરીસંચો ચલાવે અને આપણને હક મળતા આવે એ તો ન ખમાય, એ કરતાં તો કંઈ ન મળે તે સારું' – એવું કંઈક હું બોલ્યો...તુરત કહે, શું બકો છો ! રાજ્યસત્તા કેવી ક્રૂર ઘોર દેવી છે તે યે જાણતા નથી ! જાગતીજ્યોત કાલિકા એ એક જ છે. એનું ખપ્પર ભરો, – બંડ કરો, સેનાઓ ઊભી કરો, લોહીની નદીઓ વહે અને સામી સેનાઓ ધ્રૂજી ઊઠે, ત્યારે જ એ કાલિકા તમારા ઉપર પ્રસન્ન થાય અને રાજ્યસત્તાના સિંહાસન ઉપર તમારો અભિષેક કરે. માટે જ કહીએ છીએ આ અંગ્રેજ રાજ્યબન્ધારણ તળે આપણે મુકાયા છીએ, એમાં ઈશ્વરનો હાથ છે. એ એક સામ્રાજ્યમાં જ રાજ્યસત્તા મેળવવાનો આથી જુદો અને અહિંસાનો માર્ગ પડેલો છે, અને તે દેશીવિદેશી સમલોહીના વિષમલોહીના ધર્મભાઈ વિધર્મી સર્વને માટે ખુલ્લો છે. પાર્લમેન્ટમાં કાયદા કરાવીકરાવીને મેળવવાને માર્ગે આપણે જવાનું છે, અને કહો છો, અંગ્રેજની સહાનુભૂતિ અંગ્રેજનો સહકાર અંગ્રેજનો સાથ ન ખપે. અંગ્રેજની કેળવણી ન ખપે, અંગ્રેજી ભાષા ન ખપે.' એ બુદ્ધિએ ચાલ્યા હોત – મુસ્લિમો એકદોઢ પેઢી લગી ચાલ્યા તેમ, – તો આ કશું યે ઊભું થવા જ ન પામત. અર્ધદગ્ધ જ્ઞાન તે મોંકાણ તે આનું જ નામ. એ મોંકાણે જ આ દશા આણી.

કુંભ અને લક્ષ્મણ ઝૂલા

મોહનદાસ કરમચંદ ગાંધી

(૧૮૬૯ – ૧૯૪૮)

મારે દાક્તર પ્રાણજીવનદાસ મહેતાને મળવા રંગૂન જવાનું હતું. ત્યાં જતાં કલકત્તામાં શ્રી ભૂપેન્દ્રનાથ બસુના આમંત્રણથી હું તેમને ત્યાં ઊતર્યો હતો. અહીં બંગાળી વિવેકની પરિસીમા આવી હતી. આ વેળા હું ફળાહાર જ કરતો. મારી સાથે મારો દીકરો રામદાસ હતો. જેટલો સૂકો ને લીલો મેવો કલકત્તામાં મળે તેટલો એકઠો કરવામાં આવ્યો હતો. સ્ત્રીઓએ રાતોરાત જાગીને પિસ્તાં આદિને પલાળી તેની છાલ ઉતારી હતી. લીલા મેવાને પણ જેટલી સુઘડતાથી તૈયાર કરી શકાય તેટલી સુઘડતાથી તૈયાર કરવામાં આવ્યો હતો મારા સાથીઓને સારુ અનેક પ્રકારનાં પકવાન્નો રાંધવામાં આવ્યાં હતાં. આ પ્રેમ ને વિવેક હું સમજ્યો. પણ એક બે પરોણાને સારુ આખું ઘર આખો દહાડો રોકાઈ રહે એ મને અસહ્ય લાગ્યું. મારી પાસે આ વિટંબણામાંથી ઊગરવાનો ઇલાજ નહોતો.

રંગૂન જતાં સ્ટીમરમાં હું ડેકનો ઉતારુ હતો. જે શ્રી બસુને ત્યાં પ્રેમની વિટંબણા હતી તો સ્ટીમરમાં અપ્રેમની વિટંબણા હતી. ડેકના ઉતારુની તકલીફ અતિશય અનુભવી. નાહવાની જગામાં ઊભવું ન પોષાય એવી ગંદકી, પાયખાનું નરકની ખાણ, મળમૂત્રાદિ ખૂંદીને કે તેને ટપીને પાયખાને જવું ! મારે સારુ આ અગવડો બહુ ભારે હતી. માલમની પાસે હું પહોંચ્યો પણ દાદ કોણ દે ? ઉતારુઓએ પોતાની ગંદકીથી ડેકને ખરાબ કરી મૂકયું. જ્યાં બેઠા હોય ત્યાં જ થૂંકે, ત્યાં જ તમાકુની પિચકારીઓ ચલાવે, ત્યાં જ બાવાનો કચરો નાખે. વાતોના

ધોંધાટની સીમા ન મળે. સહુ પોતાનાથી બને તેટલી જગ્યા રોકે, કોઈ કોઈની સગવડનો વિચાર સરખો યે ન કરે. પોતે જગ્યા રોકે તેના કરતાં સામાન વધારે જગ્યા રોકે. આ બે દહાડા બહુ અકળામણમાં ગાળ્યા.

રંગૂન પહોંચતાં મેં એજંટને બધી હકીકત મોકલાવી. વળતાં પણ આવ્યો તો ડેકમાં, પણ આ કાગળને પરિણામે ને દાક્તર મહેતાની તજવીજને પરિણામે પ્રમાણમાં ઠીક સગવડ ભોગવતો આવ્યો.

મારા ફળાહારની જંજાળ તો અહીં પણ પ્રમાણમાં વધારે પડતી તો હતી જ. દાક્તર મહેતાનું ઘર એટલે મારું જ સમજી શકું એવો સંબંધ હતો. તેથી મેં વાનીઓ ઉપર અંકુશ તો મેળવી લીધો હતો, પણ મેં કંઈ મર્યાદા નહોતી આંકી, તેથી ઘણી જાતનો મેવો આવતો તેની સામે હું ન થતો. વધારે જાત હોય તે આંખને અને જીભને ગમે. તેથી બહુ મોહું તો ન થાય, પણ રાતના આઠનવ તો સહેજે વાગે.

આ ૧૯૧૫ની સાલમાં હરદ્વારમાં કુંભ મેળો હતો. તેમાં જવાની મને તીવ્ર ઇચ્છા નહોતી. પણ મારે મહાત્મા મુનશીરામજીનાં દર્શને તો જવું જ હતું. કુંભને સમયે ગોખલેની સેવકસમાજે એક મોટી ટુકડી મોકલી હતી. તેની વ્યવસ્થા શ્રી હૃદયનાથ કુંઝરુને હાથ હતી. મરહૂમ દાક્તર દેવ પણ તેમાં હતા. આમાં મદદ કરવા મારી ટુકડીને પણ લઈ જવી એવો ઠરાવ હતો. મગનલાલ ગાંધી શાંતિનિકેતનમાં રહેલી ટુકડીને લઈને મારાથી પહેલાં હરદ્વાર પહોંચી ગયા હતા. હું રંગૂનથી વળી તેમની સાથે જોડાઈ ગયો.

કલકત્તેથી હરદ્વાર પહોંચતાં ખૂબ મૂંઝાવું પડેલું. ડબ્બાઓમાં કેટલીક વેળા દીવાબત્તી પણ ન મળે. શહરાનપુરથી તો માલના કે ઢોરના ડબ્બામાં જ ઉતારુઓને પૂરવામાં આવ્યા હતા. ઉઘાડા ડબ્બા ઉપર મધ્યાહ્નનો સૂરજ તપે ને નીચે નકરી લોખંડની ભોંય, પછી અકળામણનું શું પૂછવું? છતાં ભાવિક હિંદુ ઘણી તરસ છતાં 'મુસલમાન પાણી' આવે તે ન જ પીએ; 'હિંદુ પાણી'ના પોકાર થાય ત્યારે જ પાણી

પીએ. આ જ ભાવિક હિંદુને દવામાં દારૂ આપે, મુસલમાન કે ખ્રિસ્તી પાણી આપે, માંસનું સત્ત્વ આપે, તે લેવામાં ન સંકોચ આવે ને ન પૂછવાપણું હોય.

અને શાંતિનિકેતનમાં જ જોયું હતું કે ભંગીનું કામ કરવું એ તો અમારે હિન્દુસ્તાનમાં વિશેષ ધંધો થઈ જ પડશે. સેવકોને સારુ કોઈ ધર્મશાળામાં તંબૂ તાણવામાં આવ્યા હતા. પાયખાનાને સારુ દાક્તરે દેવે ખાડા ખોદાવ્યા હતા. પણ તે ખાડાની વ્યવસ્થા દાક્તર દેવ તો આવે સમયે જે થોડા પગારદાર ભંગી મળી શકે તેમની જ મારફતે કરાવી શકે ના? આ ખાડાઓમાં પડતો મળ વખતોવખત ઢાંકવાનું ને તેને બીજી રીતે સાફ રાખવાનું કામ ફિનિક્સની ટુકડીએ ઉપાડી લેવાની મારી માગણીનો દાક્તર દેવે ખુશીની સાથે સ્વીકાર કર્યો. આ સેવા કરવાની માગણી કરનારો હું, પણ કરવાનો બોજો ઉપાડનાર મગનલાલ ગાંધી.

મારો ધંધો તો ઘણે ભાગે તંબૂમાં બેસી 'દર્શન' દેવાનો અને અનેક યાત્રાળુઓ આવે તેમની સાથે ધર્મની અને એવી બીજી ચર્ચાઓ કરવાનો થઈ પડ્યો. દર્શન દેતાં હું અકળાયો. તેમાંથી એક મિનિટની ફુરસદ ન મળે. નાહવા જાઉં તોયે દર્શનાભિલાષી મને એકલો ન છોડે. ફળાહાર કરતો હોઉં ત્યારે તો એકાંત હોય જ કયાંથી? તંબૂમાં કયાંયે હું એક ક્ષણને સારુ પણ એકલો બેસી નહોતો શકયો. દક્ષિણ આફ્રિકામાં જે કાંઈ સેવા થઈ શકી હતી તેની આટલી ઊંડી અસર આખા ભરતખંડમાં થઈ હશે તે મેં હરદ્વારમાં અનુભવ્યું.

હું તો ઘંટીનાં પડની વચ્ચે પિસાવા લાગ્યો. છતો ન હોઉં ત્યાં ત્રીજા વર્ગના મુસાફર તરીકે અગવડો ભોગવું, જ્યાં ઊતરું ત્યાં દર્શનાર્થીના પ્રેમથી અકળાઉં. એમાંથી કઈ સ્થિતિ વધારે દયાજનક હશે એ કહેવું ઘણી વાર મારે સારુ મુશ્કેલ થઈ પડ્યું છે. દર્શનાર્થીના પ્રેમના પ્રદર્શનથી મને ઘણી વેળા ક્રોધ આવ્યો છે, ને મનમાં તો તેથી યે

વધારે વેળા બળ્યો છું, એટલું જાણું છું. ત્રીજા વર્ગની હાડમારીથી મને અગવડ પડી છે, પણ ક્રોધ ભાગ્યે જ છૂટ્યો છે, અને એથી મારી તો ઉન્નતિ જ થઈ છે.

આ સમયે મારામાં હરવાફરવાની શક્તિ ઠીક હતી, તેથી હું ઠીક ઠીક ભટકી શક્યો હતો. તે વખતે એટલો પ્રસિદ્ધ નહોતો થયો કે રસ્તાઓમાં ફરવાનું ભાગ્યે જ બની શકે. ભ્રમણમાં મેં લોકોની ધર્મ-ભાવના કરતાં તેમનું એબાકળાપણું, તેમની ચંચળતા, પાખંડ, અવ્યવસ્થા બહુ જોયાં. સાધુઓનો રાફડો ફાટ્યો હતો. તે કેવળ માલપૂડા ને ખીર જમવાને જ જન્મ્યા હોય એવા જણાયા. અહીં મેં પાંચ પગાળી ગાય જોઈ. હું તો આશ્ચર્ય પામ્યો. પણ અનુભવી માણસોએ મારું અજ્ઞાન તુરત દૂર કર્યું. પાંચ પગાળી ગાય તો દુષ્ટ લોભી લોકોનું બલિદાન હતું. આ ગાયની કાંધમાં વાછડાના જીવતા પગ કાપીને, કાંધને છેદી તેમાં તે ચોંટાડી દેવામાં આવતા હતા, ને આ એવડી ઘાતકી ક્રિયાનું પરિણામ અજ્ઞાની લોકોને ધૂતવાને સારુ વાપરવામાં આવતું હતું. પાંચ પગાળી ગાયનાં દર્શન કરવા કયો હિંદુ ન લલચાય? તે દર્શનને સારુ તે જેટલું દાન દે તેટલું થોડું.

કુંભનો દિવસ આવ્યો. મારે સારુ એ ધન્ય ઘડી હતી. હું યાત્રાની ભાવનાથી હરદ્વાર નહોતો ગયો. મને તીર્થક્ષેત્રોમાં પવિત્રતાની શોધે જવાનો મોહ કદી નથી રહ્યો. પણ સત્તર લાખ માણસો પાખંડી હોય નહિ. મેળામાં સત્તર લાખ માણસો આવ્યાં હશે એમ કહેવાયું હતું. આમાં અસંખ્ય માણસો પુણ્ય કમાવાને સારુ, શુદ્ધિ મેળવવાને સારુ આવેલાં એને વિષે મને શંકા નહોતી. આવા પ્રકારની શ્રદ્ધા કેટલે સુધી આત્માને ચડાવતી હશે એ કહેવું અશક્ય નહિ તો મુશ્કેલ તો છે જ.

પથારીમાં પડ્યો પડ્યો હું વિચારસાગરમાં ડૂબ્યો. ચોમેર ફેલાયેલા પાખંડમાં મજકૂર પવિત્ર આત્માઓ પણ છે. તેઓ ઈશ્વરના દરબારમાં સજાપાત્ર નહિ ગણાય. જો હરદ્વારમાં આવે સમયે આવવું જ પાપ હોય

તો મારે જાહેર રીતે વિરોધ કરી કુંભને દિવસે તો હરદ્વારનો ત્યાગ જ કરવો જોઈએ. જો આવવામાં ને કુંભને દહાડે રહેવામાં પાપ ન હોય તો મારે કંઈક ને કંઈક કડક વ્રત લઈને ચાલતા પાપનું પ્રાયશ્ચિત કરવું જોઈએ, આત્મશુદ્ધિ કરવી જોઈએ. મારું જીવન વ્રતો ઉપર રચાયેલું છે, તેથી કંઈક કઠિન વ્રત લેવાનો નિશ્ચય કર્યો. કલકત્તા ને રંગૂનમાં મારે નિમિત્તે યજમાનોને થયેલા અનાવશ્યક પરિશ્રમનું મને સ્મરણ થયું, તેથી મેં ખોરાકની વસ્તુઓની મર્યાદા બાંધવાનો ને અંધારા પહેલાં જમી લેવાનું વ્રત લેવાનો નિશ્ચય કર્યો. મેં જોયું કે, જો હું મર્યાદા નહીં જાળવું તો યજમાનોને ભારે અગવડરૂપ થઈશ ને સેવા કરવાને બદલે દરેક જગ્યાએ મારી સેવામાં જ લોકોને રોકતો થઈ જઈશ. તેથી ચોવીસ કલાકમાં પાંચ વસ્તુઓ ઉપરાંત કંઈ ખાવાનું ન લેવાનું ને રાત્રિભોજનત્યાગનું વ્રત લીધું જ. બન્નેની કઠિનાઈ નો પૂરો વિચાર કરી લીધો. આ વ્રતોમાં એક પણ બારી ન રાખવાનો નિશ્ચય કર્યો. માંદગીમાં દવારૂપે ઘણી વસ્તુઓ લેવી કે ન લેવી, દવાને વસ્તુમાં ગણવી કે ન ગણવી, આ બધી વાતો વિચારી લીધી, ને નિશ્ચય કર્યો કે ખાવાના કોઈ પણ પદાર્થો પાંચ ઉપરાંત ન લેવા. આ બે વ્રતોને તેર વર્ષો થયાં. તેમણે મારી પરીક્ષા ઠીક કરી છે. પણ જેમ પરીક્ષા કરી છે તેમ તે મારે સારુ ઢાલરૂપ પણ ઠીક બન્યાં છે. આ વ્રતોએ મારી જિંદગી લંબાવી છે એવો મારો અભિપ્રાય છે. તેથી હું ઘણી યે વેળા માંદગીઓથી બચી ગયો છું એમ માનું છું.

(૨)

પહાડ જોવા લાગતા મહાત્મા મુનશીરામજીનાં દર્શન કરવા ને તેમનું ગુરુકુલ જોવા ગયો ત્યારે મને બહુ શાંતિ મળી. હરદ્વારનો ધોંધાટ ને ગુરુકુલની શાંતિ વચ્ચેનો ભેદ સ્પષ્ટ જોવામાં આવતો હતો. મહાત્માએ મને પ્રેમથી નવરાવ્યો. બ્રહ્મચારીઓ મારી પાસેથી ચસે જ નહિ. રામદેવજીની મુલાકાત પણ તે જ વખતે થઈ, અને તેમની શક્તિની ઓળખ હું તુરત કરી શક્યો. અમારી વચ્ચે કેટલીક મતભિન્નતા અમે જોઈ

શકયા, છતાં અમારી વચ્ચે સ્નેહગાંઠ બંધાઈ. ગુરુકુળમાં ઔદ્યોગિક શિક્ષણ દાખલ કરવાની આવશ્યકતા વિષે રામદેવજી તથા બીજા શિક્ષકો સાથે હીક ચર્ચા કરી. મને ગુરુકુલ તુરત છોડતાં દુઃખ થયું.

મેં લક્ષ્મણ ઝૂલાની સ્તુતિ ખૂબ સાંભળી હતી : હૃષીકેશ ગયા વિના હરદ્વાર ન છોડવાની મને ઘણાની ભલામણ થઈ. મારે તો ત્યાં ચાલતા જવું હતું. એટલે એક મજલ હૃષીકેશની ને બીજી લક્ષ્મણ ઝૂલાની હતી.

હૃષીકેશમાં ઘણા સંન્યાસીઓ મળવા આવ્યા હતા. તેમાંના એકને મારા જીવનમાં બહુ રસ લાગ્યો. ફિનિક્સ મંડળ મારી સાથે હતું. તે બધાને જોઈને તેમણે ઘણા પ્રશ્નો પૂછયા. અમારી વચ્ચે ધર્મની ચર્ચા થઈ. મને ધર્મની તીવ્ર લાગણી છે એમ તેમણે જોયું. હું ગંગાસ્નાન કરીને આવ્યો હતો એટલે શરીર ઉઘાડું હતું. તેમણે મારે માથે શિખા ન જોઈ ને શરીરે જનોઈ ન જોઈ તેથી તે દુઃખ પામ્યા ને મને પૂછયું :

'તમે આસ્તિક છો છતાં જનોઈ અને શિખા ન રાખો તેથી અમારા જેવાને દુઃખ થાય. આ બે હિંદુધર્મની બાહ્ય સંજ્ઞાઓ છે, ને તે દરેક હિંદુએ રાખવી જોઈએ,'

દશેક વર્ષની ઉંમરે પોરબંદરમાં બ્રાહ્મણોની જનોઈને છેડે બાંધેલી ચાવીના રણકાર હું સાંભળતો તેથી મને અદેખાઈ થતી. રણકાર કરતી કૂંચીઓ જનોઈએ બાંધીને ફરીએ તો કેવું સારું એમ લાગતું. કાઠિયાવાડમાં વૈશ્ય કુટુંબમાં જનોઈનો રિવાજ તે વેળા નહોતો. પણ પ્રથમ ત્રણ વર્ણે જનોઈ પહેરવી જ જોઈએ એવો નવો પ્રચાર ચાલી રહ્યો હતો. તેને અંગે ગાંધી કુટુંબમાં કેટલાક જનોઈ પહેરતા થયા હતા. જે બ્રાહ્મણ અમને ત્રણ સગાને રામરક્ષાનો પાઠ શીખવતા હતા તેમણે અમને જનોઈ પહેરાવી. અને મારી પાસે કૂંચી રાખવાનું કશું કારણ નહોતું છતાં ત્રણ કૂંચીઓ લટકાવી. જનોઈ તૂટી ગઈ ત્યારે તેનો મોહ ઊતરી ગયો હતો કે નહિ એ તો યાદ નથી, પણ મેં નવી ન પહેરી.

મારી ઉંમર થતાં બીજાઓએ મને જનોઈ પહેરાવવાનો પ્રયત્ન હિંદુસ્તાનમાં તેમજ દક્ષિણ આફ્રિકામાં કરેલો, પણ મારી ઉપર તેમની દલીલની અસર ન થઈ. શૂદ્ર જનોઈ ન પહેરે તો બીજા વર્ણ કેમ પહેરે? જે બાહ્ય વસ્તુનો રિવાજ અમારા કુટુંબમાં નહોતો તે દાખલ કરવાનું મને એક પણ સબળ કારણ નહોતું મળ્યું. મને જનોઈ નો અભાવ નહોતો, પણ તે પહેરવાનાં કારણનો અભાવ હતો. વૈષ્ણવ હોવાથી હું કંઠી પહેરતો. શિખા તો વડીલો અમને ભાઈઓને રખાવતા. વિલાયત જતાં ઉઘાડું માથું હોય, ગોરાઓ તે જોઈ હસે અને જંગલી ગણે એવી શરમથી શિખા કપાવી હતી. મારી સાથે રહેતા મારા ભત્રીજા છગનલાલ ગાંધી દક્ષિણ આફ્રિકામાં બહુ ભાવપૂર્વક શિખા રાખી રહ્યા હતા. તે શિખા તેમના જાહેર કામમાં વચ્ચે આવશે એમ વહેમથી મેં તેમનું મન દૂભવીને તે છોડાવી હતી. આમ શિખાની મને શરમ હતી.

સ્વામીને ઉપરની હકીકત મેં કહી સંભળાવીને કહ્યું :

'જનોઈ તો હું ધારણ નહિ કરું. અસંખ્ય હિંદુઓ જે નથી પહેરતા છતાં હિંદુ ગણાય છે, તે મારે પહેરવાની હું જરૂર નથી જોતો. વળી જનોઈ ધારણ કરવી એટલે બીજો જન્મ લેવો; એટલે આપણે ઇરાદાપૂર્વક શુદ્ધ થવું, ઊર્ધ્વગામી થવું. અત્યારે હિંદુસમાજ અને હિંદુસ્તાન પડેલાં છે, તેમાં જનોઈ પહેરવાનો આપણને અધિકાર જ કયાં છે? હિંદુસમાજ અસ્પૃશ્યતાનો મેલ ધુએ, ઊંચનીચની વાત ભૂલી જાય, બીજા ઘર કરી ગયેલા દોષો કાઢે, ચોમેર ફેલાયેલાં અધર્મ, પાખંડ દૂર કરે, ત્યારે તેને જનોઈનો અધિકાર ભલે હો. એટલે જનોઈ ધારણ કરવાની તમારી વાતનો મને ઘૂંટડો નથી ઊતરતો, પણ શિખા વિષેની તમારી વાત મારે અવશ્ય વિચારવી પડશે. તે તો હું રાખતો. તે મેં શરમ અને બીકને આધીન કપાવી નાખી છે. તે ધારણ કરવી જોઈએ એમ મને લાગે છે. મારા સાથીઓ જોડે હું વિચારી લઈશ.'

સ્વામીને જનોઈ વિષેની મારી દલીલ ન ગમી. જે કારણો મેં ન પહેરવાનાં બતાવ્યાં તે તેમને પહેરવાના પક્ષનાં લાગ્યાં. જનોઈ વિષેનો હૃષીકેશમાં મેં જણાવેલો વિચાર આજ પણ લગભગ એવો જ કાયમ છે. જ્યાં લગી જુદા જુદા ધર્મ રહ્યા છે ત્યાં લગી પ્રત્યેક ધર્મને કંઈક બાહ્ય સંજ્ઞાની કદાચ આવશ્યકતા હોય. પણ જ્યારે બાહ્ય સંજ્ઞા કેવળ આડંબર રૂપે થઈ પડે અથવા પોતાના ધર્મથી તારવી કાઢવા સારુ વપરાય, ત્યારે તે ત્યાજ્ય થઈ પડે છે. અત્યારે જનોઈ હિંદુધર્મને ઉંચે લઈ જવાનું સાધન છે એમ હું જોતો નથી. એટલે તેને વિષે હું તટસ્થ છું.

શિખાનો ત્યાગ મને પોતાને શરમ ઉપજાવનારો હતો, તેથી સાથીઓની સામે ચર્ચા કરી તે ધારણ કરવાનો મેં નિશ્ચય કર્યો. પણ હવે આપણે લક્ષ્મણ ઝૂલા જવું જોઈએ.

હૃષીકેશ અને લક્ષ્મણ ઝૂલાનાં કુદરતી દૃશ્યો બહુ ગમ્યાં. કુદરતની કળા ઓળખવાની પૂર્વજોની શક્તિ વિષે ને કળાને ધાર્મિક સ્વરૂપ આપવાની તેમની દૂરંદેશી વિષે મનમાં અતિ માન થયું.

પણ મનુષ્યની કૃતિથી ચિત્તને શાંતિ ન થઈ. જેમ હરદ્વારમાં તેમ હૃષીકેશમાં લોકો રસ્તાઓ અને ગંગાનો સુંદર કિનારો ગંદો કરી મૂકતા હતા. ગંગાનું પવિત્ર પાણી બગાડતાં પણ તેમને કશો સંકોચ નહોતો થતો. હાજતે જનારા દૂર જવાને બદલે જ્યાં માણસોની આવજા હોય ત્યાં હાજતે જતા હતા. આ જોઈને હૃદયને બહુ આઘાત પહોંચ્યો.

લક્ષ્મણ ઝૂલા જતાં લોઢાનો ઝૂલતો પુલ જોયો. લોકોની પાસેથી સાંભળ્યું કે આ પુલ પ્રથમ તો દોરડાનો પણ ઘણો મજબૂત હતો. તેને તોડીને એક ઉદાર દિલના મારવાડી ગૃહસ્થે મોટું દાન આપી લોખંડનો પુલ બનાવ્યો ને તેની ચાવી સરકારને સોંપી! દોરડાના પુલનો મને કશો ખ્યાલ નથી, પણ લોખંડનો પુલ કુદરતી વાતાવરણને કલુષિત કરતો હતો ને બહુ અળખામણો લાગતો હતો. યાત્રાળુઓના આ રસ્તાની ચાવી સરકારને હસ્તક સોંપવામાં આવી એ મારી તે

વેળાની વફાદારીને પણ અસહ્ય લાગ્યું.

ત્યાંથી વધારે દુઃખદ દૃશ્ય સ્વર્ગાશ્રમનું હતું. જસતનાં પતરાંની તગેલા જેવી કોટડીઓને સ્વર્ગાશ્રમનું નામ આપવામાં આવ્યું હતું. આ સાધકોને સારુ બનાવવામાં આવી હતી એમ મને કહેવામાં આવ્યું. તેમાં ભાગ્યે કોઈ સાધક એ વખતે રહેતા હતા. આને લગતા મુખ્ય મકાનમાં રહેનારાઓએ પણ મારી ઉપર સારી છાપ ન પાડી.

પણ હરદ્વારના અનુભવો મારે સારુ અમૂલ્ય નીવડ્યા. મારે ક્યાં વસવું ને શું કરવું એનો નિશ્ચય કરવામાં હરદ્વારના અનુભવોએ મને બહુ મદદ કરી.

☆

સાહિત્યમાં રસ

અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદી

(૧૮૮૫-)

જે દેશનું સાહિત્ય ઉન્નત નથી તે દેશ જ ઉન્નત નથી. સાહિત્યમાં પ્રજાજીવન પ્રતિબિંબિત થાય છે. જેવું પ્રજાજીવન તેવું સાહિત્ય; અને એમ પણ ખરું કે જેવું સાહિત્ય તેવું પ્રજાજીવન. મનુષ્ય જે પ્રકારનું સાહિત્ય વાંચે તેનાથી તેના જીવનની પ્રવૃત્તિઓ નિર્ણીત થાય છે. સાહિત્યને ને જીવનને ગાઢ સંબંધ છે.

સાહિત્યનું સેવન આપણને આવશ્યક છે. છતાં ધંધામાં વળગ્યા પછી એકમાર્ગી જીવનમાં નિમગ્ન થનારા કેટલા બધા કેળવાએલા મનુષ્યો સાહિત્યની પ્રવૃત્તિ તરફ ઉદાસીન વૃત્તિ ધારણ કરે છે?

સાહિત્ય એટલે તેમને મન કામધંધા વિનાના માણસોના ઉન્મત્ત ઉદ્‌ગારો. સાહિત્ય એટલે સાક્ષરો(?)ને બપનું કંઈક. સાહિત્ય એટલે વ્યવહારશૂન્ય, અર્થાત્ દુનિયાદારીથી અજાણ કેટલાકોના મનની પ્રવૃત્તિ. શા માટે તેમાં લક્ષ આપવું જોઈએ? સાહિત્યના સેવન કરતાં હમેશ પોતાના ધંધારોજગારની વાતોમાં કે મિત્રો સાથે આડાંઅવળાં ગપ્પાંમાં કે કલબોમાં કે અન્ય સ્થળોએ રમતગમતમાં બે ઘડી આનંદ તેમને વધારે રુચે છે. આ પ્રકારની વૃત્તિનું એક કારણ આપણાં સાહિત્યોની ચિમળાઈ ગયેલી દશા છે, તો બીજું કારણ તેમના પોતામાં પણ છે, ને તે એ છે કે તેમની સૂક્ષ્મ રસિકતા કેળવાઈ નથી હોતી. જેમની રસિકતા સૂક્ષ્મ હોય ને તે રસિકતા કેળવાઈ હોય, તેમને સાહિત્યમાં રસ લીધા વિના નભી જ કેવી રીતે શકે! વિચાર કરવાની શક્તિ એ મનુષ્યને વિષે લાક્ષણિક છે. તો જ્યાં સુધી તે શક્તિની બીલવટ થાય ને તે

શક્તિને આનંદ મળે તેવી પ્રવૃત્તિમાં મનુષ્ય રસ ન મેળવે, ત્યાં સુધી મનુષ્યત્વની એક ખાસ જરૂરીઆત એને વિષે પૂરી પડ્યા વિનાની જ રહે છે.

साहित्यसंगीतकलाविहीनः साक्षात्पशुः पुच्छविषाणहीनः ।

ઘણી વાર એમ કહેવામાં આવે છે કે સાહિત્યરસિકતા નકામી છે, કારણ તેનાથી કંઈ દ્રવ્યપ્રાપ્તિની શક્તિ મળે છે? તેનાથી કંઈ ખાવાપીવાનું મળે છે? નહીં જ. આ દલીલ એટલે અંશે ખરી છે કે સાહિત્યથી દ્રવ્યપ્રાપ્તિ થતી નથી, સાહિત્યથી ખોરાક મળતો નથીઃ પણ તેટલા માટે તે કામનું નથી એમ કહેવું ખોટું છે, એટલું જ નહિ, પણ ઊલટું, તેટલા જ માટે તે કામનું છે, તેટલા જ માટે સાહિત્યરસિકતાનું પોષણ આવશ્યક છે. દ્રવ્યપ્રાપ્તિ કે ખોરાકીથી કંઈ મનુષ્યને પૂરતો સંતોષ મળતો નથી. તે બધું મળતાં છતાં જીવનના પ્રશ્નોમાં એને કંઈ કંઈ સંશયોનું નિરાકરણ કરવાનું હોય છે, કંઈ કંઈ આદર્શોનો સ્વીકાર કે અસ્વીકાર કરવાનો હોય છે, વ્યક્તિને સમાજ સાથે કંઈ સંબંધો સાધવાના હોય છે; અને આ બધાંમાં એને સાહિત્ય ઘણું જ ઉપયોગી નીવડે છે.

આપણું દૈનિક જીવન આપણને એકના એક ને શુષ્ક બનાવોથી ભરપૂર દીસે છે. પણ આપણને એમ થાય છે તેનું કારણ એ છે કે આપણે વસ્તુઓને ઉપરચોટીઆ રીતે જ જોઈએ છીએ. આપણે વ્યવહારમાં એવા મચ્યાપચ્યા હોઈએ છીએ કે બીજું કશું આપણને જણાતું નથી, પણ આવી શુષ્ક દૈનિક વસ્તુઓમાં પણ સાહિત્યના વિરલ સેવકો કંઈક સ્વર્ગીય તત્ત્વો જોઈ શકે છે અને જગતને તે બતાવી શકે છે; જગત ત્યાર પછી કબૂલ કરે છે કે વ્યવહારદૃષ્ટિ બેાટી ને આ બીજી દૃષ્ટિ ખરી. કવિઓ, નાટકકારો, નવલકથાકારો આપણને પ્રોત્સાહન આપી શકે છે તેનું કારણ આ જ છે. જે બનાવોને ને જગતને એઓ જુએ છે, તેને જ આપણે પણ જોઈ એ છીએ; ફેર આટલો જ છે કે એમની દૃષ્ટિ કલ્પના ને આદર્શોથી ભરપૂર હોય છે, ત્યારે આપણી દૃષ્ટિ સંકુચિત હોય છે, નિરાશામાં પણ એમને આશા કે આશામાં

પણ નિરાશા, શુષ્કતામાં પણ એમને રસિકતા, ઐહિકમાં પણ એમને સ્વર્ગીય તત્ત્વો દૃષ્ટિગોચર થાય છે, ને આપણને તે નથી થતું. પડદા પાછળ શું છે તે એ ખરી રીતે જોઈને બતાવી શકે છે, જ્યારે દુનિયાનો મોટો ભાગ ક્યાં તો તેમ જોવા યત્ન જ કરતો નથી કે કરે છે તો સ્વાર્થદૃષ્ટિથી ને છેક જ વ્યવહારદૃષ્ટિથી તેમ કરતો હોવાથી ખરેખરું ગૂઢ સ્વરૂપ તે પારખી શકતો નથી; આદર્શો જીવનમાં ક્યાં હોય છે? તે તો સાહિત્યમાં જ હોય. છતાં આદર્શોમાં જ વધારે સત્ય અંશો છે એમ કોણ નહિ કહે? પ્રેમ, મૈત્રી, ન્યાય ઇત્યાદિનાં ઉદાહરણો સંસારમાં મળશે, પણ તે હજી જોઈએ તેવાં નહિ. તેનાં આદર્શભૂત ઉદાહરણો તો કોઈ કવિ કે નાટકકારની કલમથી જ અપાએલાં જણાશે, અથવા તો કોઈ ધર્મ કે નીતિના ઉપદેશકને મુખે જ સાંભળવામાં આવશે. અને કોણ કહેશે કે આવાં ઉદાહરણો કે ઉપદેશોનાં તત્ત્વોમાં સત્ય વસ્તુ વધારે પ્રકાશ પામતી નથી? કોણ કહેશે કે વ્યવહારની વસ્તુઓને પણ અનેક રીતે પ્રોત્સાહન આપે એવી આ સાહિત્યની વાતો વધારે ખરી રીતે ઈશ્વરનું ભાન આપણને નથી કરાવતી? કોણ કહેશે કે તેમાં સત્ય નથી? સાહિત્યનો ફેલાવો પુસ્તક છપાતાં થયાં ત્યારથી એટલો બધો થઈ ગયો છે ને એટલી બધી સસ્તી રીતે થાય છે, કે જે માણસ સાહિત્ય સાથે સહવાસ રાખે, તેને ઘેર બેઠાં સર્વ પ્રકારના મનુષ્યોની સોબત ને શિખામણ મળી શકે છે. કાર્લાઇલ કહે છે તે પ્રમાણે. પુસ્તકોના લેખકો —અર્થાત્, ઉત્તમ પુસ્તકોના લેખકો જ ખરા ભવિષ્યવેત્તા છે, તે જ ખરા ધર્મગુરુઓ છે, ને પુસ્તકાલય એ જ આપણું વિશ્વવિદ્યાલય છે. ઉત્તમ સાહિત્યસેવક સમાજનો ને કુદરતનો પરીક્ષક હોય છે; એની ઝીણવટને લીધે એ જે ભવિષ્યદર્શન કરી શકે છે, તે અન્ય પુરુષો કરી શકતા નથી. સાહિત્યસેવક જ આપણો ખરો ધર્મગુરુ છે. ધર્મગુરુનો ઉપદેશ એક હોય, ને કોઈ પ્રબળ વિચારકનો ઉપદેશ તેના પુસ્તકમાં આપણે વાંચ્યો હોય તે જો બીજો હોય, તો આપણે આ બીજા વિચારથી જ દોરવાઈશું, એ વિચારનો વિચારક જ આપણો ખરો ધર્મગુરુ બનશે. તેમજ પુસ્તકાલયને

વિષે પણ એવું છે. એક નાનું પણ વિવેકથી એકઠી કરેલી ચોપડીઓનું પુસ્તકાલય, એ જ આપણું ખરું વિશ્વવિદ્યાલય છે. આપણી શાળાના ગુરુઓ તો કહેવાના ગુરુઓ હોય છે. તેમના શિક્ષણના કરતાં પણ વધારે ઊંચું શિક્ષણ આપણને કોઈ પુસ્તકમાંથી મળ્યું, તો આપણે એ પુસ્તકના લેખકને જ ખરા ગુરુ માનવાના. આવા અનેક ગુરુઓનો સંગ્રહ હાલના સમયમાં એક પુસ્તકાલયની મદદથી કરી શકાય છે. કાર્લાઈલે યોગ્ય જ વિચાર દર્શાવ્યો છે કે પુસ્તકાલય એ જ આપણું ખરું વિશ્વવિદ્યાલય છે.

ખુલ્લું જ છે કે સાહિત્યરસિક પુરુષ જીવન પર જે શુદ્ધ પ્રકાશ પાડી શકશે તે અન્ય પુરુષો નહીં જ પાડી શકે; સાહિત્યરસિક પુરુષો આ વિશ્વની રંગભૂમિનો સૂત્રધાર તેને કેમ કામૂમાં રાખે છે તે જોવા તરફ હમેશ પોતાની દૃષ્ટિ રાખશે. સાહિત્યરસિક પુરુષો વ્યવહારની શુષ્કતામાં પણ કંઈક અનેરી રસિકતા જોઈ ને અનુભવી શકશે. સાહિત્ય-રસિક પુરુષોને જીવનમાં કંટાળાના પ્રસંગો ઓછા આવશે, કારણ કે તેઓ વાંચન, કે વાંચન નહિ તો મનન, કે મનન નહિ તો ઉચ્ચ દૃષ્ટિથી નિરીક્ષણ કરવામાં હંમેશ ઉદ્યુક્ત હોય છે : તેમના જીવનમાં શૂન્યતાના પ્રસંગો બહુ ઓછા આવી શકશે. તેઓ જે ભૂમિકા પર વસે છે તે ભૂમિકા જ એવી ઉત્તમ હોય છે કે ત્યાંથી વ્યવહારજીવનની કટુતામાં પણ તેમને મધુરતા મળી આવે છે. ગરીબાઈમાં પણ તેમને સારા વિચારો ને ઉન્નત આત્માના આદર્શોની સંપત્તિ હોય છે. સંસારમાં હલકી સ્થિતિમાં પણ તેમને તેમની સ્વતંત્ર ભાવનાઓની ભવ્યતાને બળે ઉચ્ચતા જ હોય છે, જંગલમાં પણ મંગલ હોય છે, દુર્ભાગ્યમાં પણ સદ્‌ભાગ્યના અંશો હોય છે. સારાંશમાં, જે કંઈ કંટાળો આપે કે તકલીફ આપે તેવું હોય છે તે તેવું મટી જઈ સારી ભાવનાઓને બળે સારું જ ગણાય છે, અને કોણ કહેશે કે સારી ભાવનાઓને કેળવવામાં સાહિત્યરસિકતા બહુ જ અગત્યનો ભાગ નથી ભજવતી ?

☆

જીવનતીર્થ હરદ્વાર

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

(૧૮૮૬–)

ત્રિપથગા ગંગાના ત્રણ અવતાર છે. ગંગોત્રી અથવા ગોમુખથી માંડી હરદ્વાર સુધીની ગંગા તે એનો પ્રથમ અવતાર. હરદ્વારથી પ્રયાગરાજ સુધીની ગંગા તે એનો બીજો અવતાર. પ્રથમ અવતારમાં એ પહાડના બંધનમાંથી – શિવજીની જટામાંથી – મુક્ત થવા મથે છે. બીજા અવતારમાં એ પોતાની બહેનપણી યમુનાને મળવા તલસે છે. પ્રયાગરાજથી ગંગા યમુનાને મળીને પોતાના મોટા પ્રવાહ સાથે સરિત્પતિ સાગરમાં વિલીન થવાને ઝંખે છે એ એનો ત્રીજો અવતાર. ગંગોત્રી, હરદ્વાર, પ્રયાગ અને ગંગાસાગર એ ગંગાપુત્ર આર્યોને માટે મોટામાં મોટાં તીર્થસ્થાનો છે. જેમ ઉપર ચડીએ તેમ તીર્થનું માહાત્મ્ય વધારે એમ મનાય છે. એક રીતે એ સાચું પણ છે. પણ મારે મન ભારતજાતિ માટે અત્યંત આકર્ષક સ્થાન હરદ્વાર જ છે. હરદ્વારમાં પણ પાંચ તીર્થો પ્રસિદ્ધ છે. દરેકનું માહાત્મ્ય પુરાણકારોએ શ્રદ્ધા ને રસથી વર્ણવ્યું છે, પણ એ કશું મહત્ત્વ જાણ્યા વગર પણ માણસ કહી શકે છે કે 'હરિકી પાયડી'માં જ ગંગાનું માહાત્મ્ય કહો તો માહાત્મ્ય અને કાવ્ય કહો તો કાવ્ય અધિક દેખાઈ આવે છે.

એમ તો દરેક નદીમાં કાવ્યમય ભૂમિભાગ હોય જ છે. ગંગાને કિનારે હરદ્વાર કરતાં અધિક રૂપાળાં સ્થાનો ન જ હોઈ શકે એમ કહેવાનો આશય નથી. 'હરિકી પાયડી'ની આસપાસ બનારસની શોભાનો સોમો ભાગ પણ ન જડે; છતાં અહીં કુદરત અને માણસ એક બીજાના વેરી ન થતાં એમણે ગંગાની શોભાને વધારવાનું કામ સહકારથી કર્યું

છે. ગંગાનો એ સાદો, સ્વચ્છ પ્રવાહ, મંદિર પાસેનો એ દોડતો ઘાટ, ઘાટ તળેનો નાનો સરખો વાંકોચૂકો ધરો. આ બાજુ હજારો લોકો સુખથી બેસી શકે એવો પટ જેવો ઘાટ અને પેલી બાજુ નાનકડા બેટની ગરજ સારે એવો કકડો અને બે બાજુને સાંધનાર જૂનો પુલ. એ બધું જ કાવ્યમય છે. કાંઠામાં મંદિરો અને ધર્મશાળાનાં સાદાં શિખરો એમાંનું એકે ય ગંગા તરફ ચોંટેલું આપણું ધ્યાન પોતા તરફ ખેંચતાં નથી અને છતાં એ બધાં ગંગાની શોભામાં ભળે એવાં જ છે. બનારસના બજારમાં બેસતા આળસુ પોહિયા જુદા અને શાંતપણે વાગોળતા અહીંના પોહિયા જુદા. અહીં ગંગામાં ક્યાંય કાદવનું નામ ન મળે. એકબીજા સાથે અનંતકાળથી અથડાઈને ગોળમટોળ થયેલા સફેદ પથરાઓ જ જોઈ લેવા.

'હરિકી પાયડી'માં સૌથી આકર્ષક વસ્તુ તરફ આપણું ધ્યાન જતું નથી. આપણે એની કેવળ અસર અનુભવીએ છીએ. અને એ છે અહીંની હવા. હિમાલયનાં દૂરદૂરનાં હિમાચ્છાદિત શિખરો પરથી જે પવનો દક્ષિણ તરફ વાય છે તે પહેલવહેલા અહીંની મનુષ્ય વસતિને જ સ્પર્શે છે. આટલો પાવન પવન બીજે ક્યાંથી મળે? હરિકી પાયડી પાસે પુલ ઉપર ઊભા થાઓ એટલે ફેફસાંમાં અને હૈયામાં કેવળ આહ્લાદ જ ભરાઈ જાય છે, ઉન્માદકારી નહીં પણ પ્રશમકારી.

જેટલી વાર અહીં આવ્યો છું એટલી વાર એ ને એ જ શાંતિ, એ ને એ જ આહ્લાદ અને એ ને એ જ સ્ફૂર્તિ અનુભવી છે. મુંબઈની ચોપાટી સાથે કેટલાક લોકો આ ઘાટને સરખાવે છે. આત્યંતિક વિરોધનું સાદૃશ્ય આ બેમાં જરૂર છે. અહીં યાત્રીઓ માછલાંઓને આહાર આપે છે તો ત્યાં માછીઓ આહાર માટે માછલાંઓને પકડે છે.

હરિકી પાયડી જોવી હોય તો સાંજે સૂર્યાસ્ત પછી જવું. ચાંદરણું છે કે નહિ એનો વિચાર કરવાની જરૂર નથી. ચાંદરણું હશે ત્યારે એક જાતની શોભા મળશે, નહિ હોય ત્યારે બીજી. એ બેમાં જે પસંદગી

કરવા બેસે તે કલાપ્રેમી નથી. સંધ્યાકાશમાં એક પછી એક તારાઓ પ્રગટે છે અને નીચેથી એક પછી એક સળગતા દીવાઓ એમને જવાબ દે છે. એ આખા દૃશ્યની ગૂઢ શાંતિ મન ઉપર કંઈક અદ્‌ભુત અસર કરે છે, એટલામાં મંદિરમાંથી ટીંગ ટાંગ ટીંગ ટાંગ વાગતી ઘંટડીઓ આરતી માટે નોતરે છે. આ ઘંટાનાદને જાણે અંત જ નથી. ટીંગ ટાંગ ટીંગ ટાંગ, ચાલ્યાં જ કરે છે. અને ભક્તો જાતજાતની આરતી ગાયાં જ કરે છે. પુરુષો ગાય છે, સ્ત્રીઓ ગાય છે, બ્રહ્મચારીઓ ગાય છે અને સંન્યાસીઓ પણ ગાય છે; સ્થાનિક લોકો ગાય છે અને પ્રાંત પ્રાંતના યાત્રીઓ પણ ગાય છે. કોઈ કોઈને ગણકારતું નથી; કોઇ કોઈનાથી અકળાતું નથી. દરેક જણ પોતાના ભક્તિભાવમાં તલ્લીન. સનાતનીઓ સ્તોત્રો ગાય છે, આર્યસમાજીઓ ઉપદેશ કરે છે. શીખો ગ્રંથસાહેબના એકાદ મહોલ્લામાંથી આજ્ઞા દિ વાર લલકારે છે. ગોરક્ષા-પ્રચારકો તમને અહીં સમજાવે છે કે દુનિયામાં સફેદ રંગ છે કેમકે ગાયનું દૂધ સફેદ છે. ગાયના પેટમાં તેત્રીસ કરોડ દેવ છે; ફક્ત ત્યાં પેટ-પૂરતું ઘાસ નથી. કેટલાક નાસ્તિકો આ મેહનીનો લાભ લઈ ઈશ્વર ન હોવાનું પ્રમાણસર સિદ્ધ કરી આપે છે અને ઉદાર હિંદુધર્મ એ બધું સદ્‌ભાવપૂર્વક ચલાવવા દે છે. ગંગામૈયાના વાતાવરણમાં કોઈનો જ તિરસ્કાર નથી; બધાંનો સત્કાર છે. ભગવાં કપડાં પહેરીને પોતે મુક્ત હોવાનો ડોળ કરનારા મુક્તિફોજનાં મિશનરીઓ પણ જો આવતી કાલે ઊઠીને અહીં હિંદુધર્મનો વિરોધ પ્રચારે તો આપણા યાત્રાળુઓ એમને શાંતિથી સાંભળશે અને કહેશે કે ભગવાને જેવી બુદ્ધિ આપી છે તેવું બિચારા બોલે છે; એનો વાંક શો? હિંદુસમાજમાં દોષો અનેક છે અને એ દોષોને લીધે હિંદુસમાજે ઘણું વેઠ્યું પણ છે; પરંતુ ઉદારતા, સહિષ્ણુતા અને સદ્‌ભાવ એ હિંદુસમાજની ખાસિયત દોષરૂપ નથી જ. ઉદારતાને લીધે હિંદુધર્મે ઘણું વેઠ્યું છે એમ કહેનારા હિંદુધર્મની જડ જ કાપી નાખે છે.

હજી પેલો ઘંટ ચાલે છે અને આરતીની વેળા હજુ વહી ગઈ

નથી એમ આળસુ લોકોને કહી એમને મનખાનું કલ્યાણ કરવા કરગરે છે.

અને પેલી બાળાઓ જાણે પોતાના ભાગ્યની પરીક્ષા કરતી હોય તેમ ખાખરાનાં પાંદડાંના મોટા મોટા પડિયામાં ફૂલો વચ્ચે ઘીના દીવાઓ રાખી એમને પ્રવાહમાં છોડી દે છે, અને તરત એ પડિયા હોડીની પેઠે ડોલતા ડોલતા,—ખોળાની અંદર રહેતી જ્યોતિનું મહત્ત્વ જાણે જાણતા હોય તેવી રીતે ડોલતા—જીવનની સફર આરંભે છે. ચાલી, એ જીવનયાત્રા ચાલી. એક પછી એક, એક પછી એક, દીવાઓ પોતાના ભાગ્યને પ્રવાહમાં છોડી દે છે. મનુષ્યજીવનમાં વ્યક્તિઓનું થાય છે તેમ અહીં આ દીવાઓનું પણ થાય છે. કોઈ અભાગિયા યાત્રાની શરૂઆતમાં જ પવનને વશ થઈ જાય છે અને ચોમેર વિષાદ ફેલાવે છે; કેટલાક ભારે આશા દાખવી નિરાશ કરે છે; કેટલાક આજન્મ માંદલાની પેઠે ટગુમગુ કરતા દૂર સુધી પહોંચે છે; કોઈ કોઈ વાર બે પડિયા પાસે પાસે આવીને એક બીજાને ચોંટી જાય છે અને પછી એ જોડહોડી દંપતીની પેઠે લાંબી લાંબી મુસાફરી કરે છે. એમને ગોળ ગોળ ફરતા જોઈ મનમાં જે ભાવ પ્રગટ થાય છે તે વ્યકત કરવા કહણ છે. કેટલાકની તો જીવનજ્યોતિ હોલવાઈ જાય તે પહેલાં જ તેઓ દૃષ્ટિ આડે થઈ જાય છે. મૃત્યુ અને અદૃષ્ટ બન્ને મનુષ્યજીવનના છેલ્લા અધ્યાય છે. આ બે આગળ કોઇનું કશું ચાલતું નથી, અને તેથી જ માણસને ઈશ્વરનું સ્મરણ થાય છે. મરણ ન હોત તો વખતે સ્મરણ પણ ન હોત.

હિંમત હોય તો કોક દિવસ સવારે ચાર વાગ્યે ઊઠી એકલા એકલા આ ઘાટ ઉપર આવીને બેસો; જુદી જ જાતના ભકતો તમને અહીં દેખાશે. ત્રણ વાગ્યાથી માંડીને સૂર્યોદય સુધી વિશેષ લોકો જ અહીં આવવાના. વાજિનીવતી ઉષા સૂર્યનારાયણને જન્મ દે છે અને તરત વ્યવહારુ દુનિયા આ ઘાટનો કબજો લે છે, તેમ થાય તે પહેલાં જ આપણે અહીંથી ખસી જઇએ તો સારું. આકાશના તારાઓ પણ રાજી થશે.

☆

મૂલ્ય–પરિવર્તન

કનૈયાલાલ માણેકલાલ મુનશી

(૧૮૮૭–)

ગયે વર્ષે ગુજરાત રેલસંકટની ગિરફતારીમાં પડ્યું હતું; આ વર્ષે બારડોલીનો વિજયોત્સાહ ઊજવે છે. ગયે વર્ષે એ પ્રકૃતિના મદ સાથે લડ્યું, અને આ વર્ષે રાજમદ સાથે લડ્યું. બંને વર્ષે એણે વિજય પ્રાપ્ત કર્યો–પણ આ વર્ષે પહેારથી મોટો. પ્રકૃતિ સાથે બાથડવાનું કાર્ય બધા કર્યા જ કરે છે, રાજસાથે બાથડવાની ગુજરાતની ટેવ તો સૈકાંઓથી ઘસાઈ ગઈ હતી.

ગયે વર્ષે સાહિત્યમાં માનવતાનો આદર્શ જોવા મેં પ્રયત્ન કર્યો હતો. આદર્શ જોવાનું મને મન થાય છે. પણ એમાં નવાઈ જેવું શું? સાહિત્યના આદર્શોનું બીજ માનવતાનાં મૌલિક રહસ્યોમાં જ રહેલું છે. આઠ મહિના પહેલાં બારડોલી એટલે નિર્માલ્ય ગુજરાતનો એક તાલુકો; આજે બારડોલી એટલે ગુજરાતનું જીવંત મહાકાવ્ય. ધગધગતા માનવસંકલ્પોના અદ્‌ભુત કીમિયાની કથામાં સાહિત્યના આદર્શનું મૂળ કેમ નહીં જડે?

માનવતાના કીમિયામાં શું નથી રહ્યું? મહાપુરુષની મહત્તા એટલે આ કીમિયો કરવાની શક્તિ. મહાયુગનો પ્રારંભ એટલે આ કીમિયાની શરૂઆત. મહાન રાષ્ટ્રનો જન્મ એટલે આ કીમિયાનું સાફલ્ય. નવી કિંમત, નવી આંકણી, નવા સંકલ્પ, નવું જીવન, નવાં પરાક્રમો ને નવાં માહાત્મ્ય, મૂલ્યનાં પણ નવાં મૂલ્ય કરવાં–એ જ મહત્તા; અને એ જ મહત્તામાં મહાકાવ્યનું વસ્તુ સમાયું છે. એકિલીસે પોતાની મહત્તાથી એક સ્ત્રી પાછી લઈ જવા આવેલા ચાંચીઆઓને દેવો

બનાવ્યા. શ્રીકૃષ્ણે પોતાની મહત્તાથી પાંચ ભાયાતોને ધર્મોદ્ધારક ચક્રવર્તી કરી સ્થાપ્યા. એકના કીર્તિગાનમાંથી હોમરે ઈલિયડ બનાવ્યું. બીજાના ગુણગાનમાંથી વ્યાસે મહાભારત રચ્યું. જીવંત મહાકાવ્યોની ઝાંખી, શાબ્દિક આવૃત્તિ તે સાહિત્યનાં મહાકાવ્યો. આવાં મહાકાવ્યો રચવા માટે સમયનું અંતર ને મહાકવિની પ્રતિભા બે જોઈએ. પાસે ઊભેલા સામાન્ય જનોને તો એવી મહત્તાનો નિર્દેશ કરી સંતોષ માનવો પડે.

મૂલ્યનાં પણ નવાં મૂલ્ય કરવાં સહેલાં નથી. આખું જીવન કોઈ એક મૂલ્ય પર રચાય છે ને વહે છે. કોઈકે તેનું મૂલ્ય સુઘડ ઘર, સુંદર પથારી ને સરસ શાક વડે કરે છે; કોઈ પૈસા વડે, કોઈ કીર્તિ વડે કરે છે; કોઈ સત્તા વડે, કોઈ તપ વડે, કોઈ પ્રણય વડે કરે છે. મતિએ મતિએ મૂલ્ય જુદાં હોય છે અને છતાં તેનાં પરિવર્તન બહુ અઘરાં હોય છે.

ગુજરાતી એટલે મોજીલો, શોખીલો, પાન ચાવતો, ગપાટા હાંકતો, કૂકડા અથવા કસરીઓ, પેટે પાટા બાંધી જંઈ ભેગા કરતો, સ્વાર્થી વેપારી. એના અંતરમાં આદર્શ નામ માત્ર જ અને એની બુદ્ધિમાં સર્વગ્રાહિત્વ કરતાં વ્યાવહારિકતા વધારે. એના પૂર્વજોના રુધિરે ચૈતન્યો ને શંકરો સરજાવેલા નહીં. એના કીર્તિપટ પર પ્રતાપની, શિવાજીની કે રણજીતની છાંય સરખી નહીં. એ પૈસા બનાવે, સંઘરે કે ખર્ચે, શ્રીનાથજી કે પાલીતાણામાં પથ્થર સીંચે, બહુ થાય તો હરિકીર્તન કરે ને અલી ને અલીનાં છૈયાં માટે વારસો મૂકી જાય.....

અનેક વર્ષ પર મુંબઈના પેડર રોડ પરના એક ભવ્ય બગીચામાં મુંબાઈની સમૃદ્ધિ ને મહત્તા એકઠી થયેલી સાંભરે છે. અપાર શોભા હતી. અનંત ભભક ચમકતી.

ત્યાં અતિથિ આવ્યો–નિર્જીવતાના અવતાર જેવો તે લાગતો. એના પગ ઉઘાડા હતા – અને પારસી સ્ત્રીઓ બેભાન બની ગઈ. એનું ધોતિયું જાડું ને ટૂંકું હતું – અને સુશોભિત ગૃહસ્થોએ નાક ચઢાવ્યાં. એણે

કાઠિયાવાડી ફેંટો બાંધ્યો હતો, ને એક જણથી કહેવાઈ ગયું : "ધનો દરજી !"

આ માણસમાં મૂલ્યોને અવનવાં મૂલ્યો આપવાની અગાધ શક્તિ હતી. એની ઇચ્છાશક્તિમાં અડગતા હતી. એ મતભેદમાં માનતો નહીં : જે એ માનતો તે સત્ય. પયગમ્બરોની અદ્‌ભુત આત્મશ્રદ્ધા તેનામાં હતી. તેણે ક્રાન્તિયો કર્યો. સત્ય ને અહિંસા, યોગસૂત્રમાંનાં રીંગણાં, પાર્થિવ મુત્સદ્દીપણાના સિદ્ધાંત બની સંચરવા લાગ્યા. જાડી, ગંદી ખાદી ગર્વપ્રદ સાંસ્કારિકતાનું ચિહ્ન લેખાયું. ભીષ્મ ત્યાગ એ ગુજરાતીનું લક્ષણ મનાયું. નિર્ભયતાએ ખટપટનું સ્થાન લીધું. ફક્કડ ગુજરાતી અડગ વીર બન્યો. લહેરી જીવનમાં સચોટ વ્યવસ્થા આવી...બિચારું બારડોલી નિઃસીમ બહાદુરીનું ઉપમાન થઈ પડ્યું. મૂલ્યનાં પણ મૂલ્ય ફરી અંકાય એવા આ ક્રાન્તિયાની કોણ અવગણના કરી શકે ?.....

આ ક્રાન્તિયાગર અર્વાચીન દધિચિની માફક, હાડકાંમાંથી વજ્ર બનાવવા મથતો હતો. આપણી કાયરતા, રિસાળતા, નિઃશસ્ત્રતા અને ધર્માંધતાને તપાવી તપાવી સત્યાગ્રહ બનાવતો હતો. આપણી પાસે શસ્ત્ર નથી એટલે ધાર્યું કરવા આપણે સામાને મારી ન શકીએ – પણ આપણે મરી શકીએ. વર્ષો પરની વાતચીત યાદ આવે છે : "કોઈ જોરજુલમથી આપણી પાસે કાંઈ કરાવવા આવે, આપણે ન કરીએ, અને તે આપણને મારી નાખે, તો જીત્યો કોણ ? આપણે કે તે ? આપણે જ ! એનું ધાર્યું આપણી પાસે ન કરાવી શક્યો." વિનયનું વિચિત્ર દર્શન ! એના શસ્ત્રને એ મૃત્યુંજય મંત્રથી સીંચે છે : 'આ વાતમાં મરણપથારીએ જ પડવાનું છે.'...'આ તો કર્યે જ છૂટકો.' દરેક માણસ જીવનની બાજીમાં સામે રમતા યમની પટુતામાંથી સરકવા પ્રયત્ન કરે છે.

"દાવ રમીએ નવ નવા
સોગટાં જ બચાવવા,
ગૂઢ શક્તિ સમર્થ એ
ના દે કંઈ પણ ફાવવા."

આ ક્રોમિયાગરે આ રમત નકામી ઠેરવી. આ અસમાન રમનારાઓની સોગઠાબાજી પાછળ જીવન ને શક્તિ શા માટે ગુમાવવાં ? તેના પરિણામની બીકમાં શા માટે ઘૂન્યા કરવું ? આવા ખોટા દાવ ખેલવા કરતાં આગ્રહ ફળે નહીં ત્યાં સુધી યમના હાથમાં જઈને ન બેસવું ? યમના હાથમાં જ બેઠા એટલે કયાં તો સંકલ્પની સિદ્ધિ થાય કે પછી સંકલ્પ ન સરે તેવી દુનિયા છોડી જવાય. 'છૂટી ગઈ મૃત્યુ ભીતિ'. કવિએ ગાયું, પછી, 'સતત શાંતિ અનંત.' ક્રોમિયાગરે ઉમેર્યું: 'સતત શક્તિ અનંત.' સંકલ્પ કરવો; તેને સત્યથી ને અહિંસાથી વળગી રહેવું; વળગીને મરવું જ છે એવો પ્રયાસ આદરવો; વખત આવે પ્રયાસ સફળ કરવો, મરવું – પણ આગ્રહ છોડવો નહીં : સાદાં, સામાન્ય સૂત્રો ખરાં, પણ તેમાં વિજય અને મૃત્યુ બન્નેની ફરીથી આંકણી આવી જાય છે; મૃત્યુંજયનો નવો મંત્ર દર્શન દે છે.

મૃત્યુંજયના અનેક મંત્ર છે. યમની અવગણના કરતા, વિડંબના કરતા, તેને ડારતા ઉલ્લાસી ને ગર્વિષ્ઠ માનવો પણ એ મૃત્યુંજય મંત્રનો જાપ જપે છે. પણ તે મંત્રથી આ જુદો છે. આ મંત્ર જપનાર માનવ પોતાનો આગ્રહ ન ફળે ત્યાં સુધી નમ્ર ભાવે પણ અડગતાથી મૃત્યુના હાથમાં જાણી જોઈને જઈ બેસે છે. કેટલાક આને જીદ કહે. કેટલાક આને ગાંડપણ માને. પણ ક્રોમિયાગર એ મંત્રબળે પોતાનું સત્યાગ્રહનું વજ્ર દુર્જેય કરે છે.

આ વજ્રને ધાર ચઢાવવાને મહાત્મા ઉદ્યુક્ત છે. ચશ્માં પરથી જોતી આંખો વડે તે ભાવિને પૂછે છે : 'એનો કોણ કયારે ઉપયોગ કરશે ?' ગહન પ્રશ્ન ! પાસે વહેતી સાબરમતીના કલ્લોલમાં પ્રશ્નના પડઘા શમી જાય છે.

તે શમતા પહેલાં શિષ્ય આવે છે–શ્રી કૃષ્ણ પાસે પાર્થ આવ્યો હતો તેમ. તે લગભગ વૃદ્ધાવસ્થાને સ્પર્શી રહ્યો છે. આકારવિહોણી તેની કાબરચીતરી મૂછો ફરફરે છે. નશાભરી હોય એવી તેની આંખો ઉગ્ર છે. એનો સીનો ડરાવે એવો છે–એને રસ્તે જતાં જોઈએ તો આડે

નહીં આદીએ. એ પોતાને 'ગુજરાતનો સૂબો' કહાવે છે. ગુજરાતનું દુઃખ પોતાને માથે વહોરવા, તેનો ભય પોતાને હાથે વિદારવા, તેની કીર્તિ પોતાને પરાક્રમે વધારવા તે તત્પર છે. ગયે વર્ષે પ્રકૃતિ કોપી ત્યારે તે તેને શમાવવા મથ્યો; આજે રાજા કોપ્યો ત્યારે તેને ડારવા તૈયાર થયો. 'ગુજરાતનું કોઈ નામ લેશો મા'—એ એનો કીર્તિલેખ. જે ગુજરાતની અસ્મિતા આપણે માત્ર સાહિત્ય દ્વારા સેવીએ છીએ તેને એ કર્તવ્ય દ્વારા સેવે છે.

મહાત્મા હસે છે; એમને કાબરચીતરી મૂંછોના ફરકાટમાં આજે જુદી જ ગતિ દેખાય છે. મૂગે મોઢે તે કારણ પૂછે છે.

"બારડોલી—આપણા પ્રિય બારડોલીના ખેડૂતો પર અન્યાય વરસ્યો છે. અસાધારણ મહેસૂલનો ભાર પડ્યો છે. મહેસૂલ એટલે મરાઠી ચોથનો અર્વાચીન અવતાર દાદ નહીં, ફરિયાદ નહીં. આપો, નહીં તો રાજની મિલકત ખાલી કરો. ભીમભાઈ પ્રાર્થી પરવાર્યા, દાદુભાઈ વીનવી પરવાર્યા—મને હવે નિમંત્રે છે. મારા છતાં ગુજરાતમાં આ આપત્તિ ! મહાત્માજી ! આજ્ઞા કરો."

કીમિયાગર હસ્યા : "ના બાપુ ! ના. સમય સાનુકૂલ નથી. હિન્દુ ને મુસલમાન લઢે છે. સાઇમન આક્રમણ કરવાનો છે. હમણાં આ કયાં?" શિષ્ય ડોકું ધુણાવે છે : 'હું તો આશિષ માગવા આવ્યો છું.' ગુરુ સમજે છે. "જા, વિજય કર." કાબરચીતરી મૂછો સાબરમતી પરથી આવતા પવનમાં જોશભેર ફરફરે છે.

શિષ્ય ગુરુના મંત્રથી, જૂનાં મૂલ્યને નવાં મૂલ્ય આપવા માંડે છે. જૂનાં મૂલ્ય શાં તેની આપણને ખબર નથી? ઇતિહાસકાળમાં હિંદુ ખેડૂતે કોઈ પણ વિજેતાને ચોથની ના કહી નથી. 'લેવું હોય તે લે અને જીવતો જવા દે' એ જ એનો પેઢીઘર ઇતિહાસ. તેમાં આ વ્યવસ્થિત વિદેશી રાજ્યચક્રના સત્તાધીશોનો પડતો બોલ ઉઠાવનાર આ ખેડૂત. તે અવતાર આખો વૈતરું કરે, ભૂખે મરે, રાજ્યનું દાણ ચૂકવે અને માલિકી વગરની જમીન 'મારી મારી' કરી મરે. એનો જીવનક્રમ—ખાવું

પીવું વૈતરું કરવું. દાણ ભરવું – તેનો ઉથલાવનાર આજે આ પાક્યો. રાજ્યસત્તા પર ખેડૂતનો આધાર નથી, ખેડૂત પર રાજ્યસત્તા ટકે છે. રાજ્યસત્તાની આજ્ઞા પ્રજામાન્ય નથી, પ્રજાનો સંકલ્પ રાજમાન્ય છે. મરવું ભલું, પણ દાણ ભરવું ખોટું. ભયંકર વિપ્લવકારક સૂત્રો, જે હિંદમાં સુણાયાં નહોતાં, તે બારડોલીમાં સંભળાય છે. ગામે ગામ સત્યાગ્રહનો સંકલ્પ કરે છેઃ 'સઘળાં કષ્ટ સહન કરવાં પણ અન્યાયી મહેસુલ ભરવું નહીં.'

અજબ માણસ છે – આ ગુજરાતનો સ્વયંનિર્ણીત સૂબો. દીવાની અને ફોજદારી કબિયા, મ્યુનિસિપલ અને જાહેર જીવનનો કારભાર; કોન્ફરન્સો ને કોન્ગ્રેસો, અમદાવાદનાં લોહિયાળ બંડો અને નાગપુરનો શાંત સત્યાગ્રહ; રાજકીય ખટપટ અને મહાત્માજીનો અહિંસાત્મક અસહકાર– આ બધાંમાં રમીરમીને પાકો પરેશાન થઈ રહ્યો છે. રાજ્યસત્તા અને લોકપ્રાબલ્ય, અને બન્નેની નિર્બળતા જાણે છે ને બન્નેને નચાવવામાં કુશળ છે. આ કૌશલ્યને કીમિયાગરના કીમિયાનો પાશ લાગ્યો છે, છતાં તે ઓછું થયું નથી. એનો ગાંધીવાદ ગાંધીજીના વાદથી જરા જુદો છે,–મહાયાન બૌદ્ધધર્મ બુદ્ધના પોતાના સિદ્ધાંતોથી જુદો હતો તેમ.

એકહથ્થુ સત્તા તેને હમેશાં પ્રિય છે, અને છતાં મહાત્માજીનાં નિશ્ચલ શાસનોને–જેને તે પોતે ભલે અભિપ્રાય કહે પણ જેમાં અભિપ્રાયના ચંચળ અંશ દેખાતા નથી તેને—એ સદાય નમતું આપે છે. એનામાં સેનાનીની સચોટ દૃષ્ટિ છે. કોણ કયાં ખપ લાગશે,–કોનો કેવો ખપ પડશે–કોણ કેવો નડશે – કોનો કાંકરો કાઢી નાખવો પડશે – એ બધું એ સમજે છે અને તે પ્રમાણે વર્તે છે. એના બધા કાર્યકર્તાઓ એક વ્યસ્થિત લશ્કરમાં હોય તેમ પોતપોતાનું યોગ્ય સ્થળ લે છે. તે પોતે અધ્યક્ષસ્થાન લઈ લે છે ને મતભેદ, વાદવિવાદ, હોંસાતુંસી નિર્મૂલ કરે છે. જુદા જુદા આશ્રમો છાવણીમાં પલટાઈ જાય છે. જુદા જુદા નેતાઓ વિભાગપતિ બને છે. સૂબાનો શબ્દ તે જ બારડોલીમાં શાસન. તેનાં ભાષણો તે જ માત્ર બારડોલીની પ્રેરણા.

જૂનાં મૂલ્યનાં અકલ્પ્ય એવાં આ નવાં મૂલ્ય. જાહેર જીવન એટલે દરેક નાનામોટાઓના મતભેદ – અધિકારને માટે, જાહેરાત માટે દોડાદોડી. અવ્યવસ્થિત સ્વાતંત્ર્ય એટલે લોકશાસન. આ જૂના હિંદી જાહેરજીવનનાં મૂલ્ય. ક્રીમિયાગરે આ મૂલ્ય પણ નવાં આંક્યાં. એણે શીખવ્યું કે એનો બોલ તે બ્રહ્મવાક્ય. એ અદ્‌ભુત માણસના આપમતીઆપણાએ ગુજરાતી અને કેટલેક અંશે હિંદી જાહેરજીવનને વ્યવસ્થિત કર્યું. દરેક પોતાના ક્ષેત્રમાં આજ્ઞાનું પાલન કરે–આજ્ઞા કરનાર એક જ. ખરી વાત. વ્યવસ્થા વિના રાષ્ટ્ર શક્ય નથી, વ્યવસ્થિત રાજ્યતંત્ર ચલાવવું શક્ય નથી, વ્યવસ્થિત તંત્ર સાથે સફળ વિરોધ કરવો શક્ય નથી. આ સૂબો વ્યવસ્થામાં અપૂર્વ એવા બ્રિટિશ સામ્રાજ્યની સામે થયો છે. પોતે એ વ્યવસ્થાની કિંમત જાણે છે, અને એના સ્વયંસેવકો પણ જાણે છે. યુદ્ધમાં વિવાદને સ્થાન નથી.

આ સૂબો ગામેગામ ફરે છે અને હજારો સ્ત્રીપુરુષો એને સાંભળવા આવે છે. બારડોલીમાં બોલી શકે તો તે એક. અને એ બોલી શકે છે. એ એના ગુરુનું બેસવામાં, અભિનયમાં, ઉચ્ચારણમાં આબાદ અનુકરણ કરે છે. પણ ગુરુની વાચા પર તપસ્વીનો સંયમ છે, તેના વાગ્‌વૈભવને અનુદ્વેગકર, સત્ય, પ્રિયહિત થવાની મર્યાદાઓ છે. શિષ્યના વાક્‌પાટવમાં માનુષી રંગબેરંગીપણું છે. તે આક્ષેપ મૂકે છે, તિરસ્કારે છે, હસાવે છે, ચોટ એવી ચોપડે છે; ખેડૂતોને સુગમ એવી ગ્રામ્ય ટકોર કરે છે; તોછડાઈથી તે તિરસ્કારે છે ને ઉચ્ચારણની અવગણના કરે છે.

ગુજરાતના વાગ્‌વૈભવનો ઇતિહાસ કાલે શરૂ થયો. પચ્ચીસ વર્ષ પર ગુજરાતીમાં ભાષણ કરવું અશક્ય લેખાતું. અટકી અટકી, ચાવી ચાવી બોલતા અંબાલાલ સાકરલાલ, અને ધીમે ધીમે વાતચીત કરતા હોય તેમ બોલતા રમણભાઈ ગુજરાતમાં એક વખત પ્રખર વક્તા મનાતા. એ સમયમાં અપવાદરૂપ આક્ષેપાત્મક વાક્‌પાટવના અગ્રેસરો સંઘવી, અને મહારાણીશંકર. ત્યાર પછીના જમાનામાં ચંદ્રશંકર, વિભાકર અને જમનાદાસ દ્વારકાદાસનાં શબ્દશોભાથી મુગ્ધ કરતાં ભાષણો.

ત્યાર પછીના આ પ્રચલિત જમાનાના અધિષ્ઠાતા ગાંધીજી, જેણે ગુજરાતી ભાષાના વાક્‌પાટવનાં ઘણાં અંગો ખીલવ્યાં. અને જે ભાષાની ઘણા પ્રકારની સમૃદ્ધિનો ઉપયોગ; શ્રોતાવૃંદ નચાવવાની જુદી જુદી ખૂબીઓ; સમયોચિત ભાવ પેદા કરવાની શક્તિ; શ્રોતાઓનાં હૃદય ભેદવાની અને આચાર ફેરવવાની કલા; પયગમ્બરી પ્રેરણાનું સ્વરૂપ : આ બધાં જે ઉત્તમ વાક્‌પાટવનાં મુખ્ય અંગ હોય તો આ વલ્લભભાઈનાં બારડોલીનાં વ્યાખ્યાનો ગુજરાતી વાક્‌પાટવના ઇતિહાસમાં સીમાચિહ્ન લેખી શકાય.

એની કટાક્ષમયતા, એનો વિનોદ સચોટ છે–સામાને ભયંકર છે; પોતાનાને પ્રોત્સાહક છે. એની ઠેકડીમાં હિંમત પ્રેરવાની અજબ શક્તિ છે. દરરોજ લોકોની પ્રિય ભેંસો લુંટાય છે, હરાજ થાય છે. કોઈ તે માટે આંસુ સારે તે પહેલાં ભેંસો પકડવાનો હુકમ કરનારને તે 'ભેંસોના વાઘ'નું બિરુદ આપી દે છે. ગુજરાતીઓએ 'માખીનો વાઘ' સાંભળ્યો હતો પણ 'ભેંસોના વાઘ'નો ભાષામાં અને બારડોલીમાં જન્મ થયેલો સાંભળી બધા હસે છે, બીક જતી રહે છે, હિંમત પ્રગટે છે અને સામાવાળા માટે તિરસ્કાર પ્રગટે છે. ઘરમાં, અંધારામાં મહિના થયાં રહેલી ભેંસો રોગગ્રસ્ત થઈ સફેદ બને છે. માલિકોનાં હૈયાં આ રંગ જોઈ દ્રવે છે. બીજી ઠેકડી એ કરે છે : "ગોરા સાહેબને કાળી ભેંસ ન ગમી તે મડમડી કરી નાખી !" ગામેગામ, જિહ્વાએ જિહ્વાએ એ ઠેકડી સંભળાય છે: "ભેંસોને સાહેબે મડમડી કરી નાખી !" આ ભયંકર વિનોદરસ કૈં નવું નવું કાઢે છે. દુઃખીઆં દુઃખ વીસરી નિર્બળતાનાં ભોગ થતાં અટકે છે. આ માણસની ઠેકડી શસ્ત્રથી પણ સબળ છે.

હવે કોણ કહેશે શું શાં ની કિંમત પૈસા ચાર છે?

☆

ફોટોગ્રાફ પાડવા વિષે

રામનારાયણ વિશ્વનાથ પાઠક

(૧૮૮૭-૧૯૫૫)

મને નવાઈ લાગે છે, આ વિષય ઉપર કેમ કોઈએ નથી લખ્યું ! -હા, શ્રી સુંદરમે (ગુજરાતી જોડણીકોશે એક નિયમ કર્યો કે વ્યંજનાન્ત તત્સમ નામોને ખોડાં મટાડવાં, જેમકે જગત્‌નું જગત લખવું. એટલે ગુજરાતી નામોમાં વ્યંજનાન્ત નામ ફક્ત સુંદરમ્‌ જ રહ્યું. અને એ તે તત્સમ છે કે તદ્‌ભવ ? તેનાં રૂપો શા પ્રમાણે કરવાં ? આ તખલ્લુસ-વાળાઓ કોઈને સુખે વ્યાકરણ નહિ કરવા દે !) 'બાનો ફોટોગ્રાફ' ઉપર કાવ્ય લખ્યું છે તે હું જાણું છું. પણ ત્યાં ફોટો ન પડાવવાની વાત આવે છે, પડાવવાની નથી આવતી ! દુનિયામાં બધા વિશે લખાય છે, ખાવા વિશે, રમવા વિશે, રીતભાત વિશે, પરણવા વિશે, લડવા વિશે, એમ અનેક બાબતો વિશે લખાય છે; અને ફોટોગ્રાફ વિશે કેમ કાંઈ નથી લખાતું ? દુનિયામાં પરણવાનું કે લડવાનું એક કે બહુબહુ તો બેચાર વાર થાય. પણ ફોટોગ્રાફ પડાવવાનું જીવનમાં કદી ન થાય તેવા તો કોઈકે જ હશે ! સાધારણ માણસને પણ જીવનમાં બારેક વાર તો ફોટોગ્રાફ પડાવવાનો આવતો હશે ! તેમાં પણ બીજી બધી બાબતોથી ફોટોગ્રાફ પડાવવાની બાબત જુદી પડે છે. તમારે પરણવું ન હોય કે લડવું ન હોય, તો બન્નેથી મુક્ત રહી શકો છો. પણ તમારે ફોટો પડાવવો ન હોય તો તેથી બચી શકાતું નથી. તેનો મુખ્ય દાખલો જોવો હોય તો મહાત્મા ગાંધી પોતે છે. પોતે ફોટોગ્રાફ પડાવવા નથી ઇચ્છતા અને તેમના જ ફોટા દેશમાં કંઈ હજારો પડતા હશે !

મહાત્મા ગાંધી શબ્દ લખતાં એક વિચાર આવે છે. આજ સુધી ઘણા સ્વાતંત્ર્ય અને સમાનતાપ્રિય માણસો કહેતા કે આપણા જ જેવા કોઈ માણસને મહાત્મા કહેવાની પુરાણી રીત વીસમી સદીમાં ક્યાંથી આવી ? કોમ્યુનિસ્ટો તેમને કોમરેડ કે ભાઈબંધ ગાંધી કહેવું પસંદ કરે. કોમ્યુનિસ્ટ ન હોય તેવા અંગ્રેજી ભણેલા તેમને મિસ્ટર ગાંધી કહેવું પસંદ કરે ! પણ હમણાં મહાત્માજીએ હાથ ધરેલ ગ્રામોદ્ધારયોજના સંબંધી મહાત્માજીની પોલિટિકલ યોજનાનો ગૂઢ હેતુ સમજાવવા જે સરકારી યાદી બહાર પડી છે,—એ યાદી સરકારને ત્યાંથી ચોરાઈને બહાર પડી છે એ જ મહાત્માજીનું પોલિટિકલપણું સાબીત કરવાને પૂરતું નથી ? એ દલીલ કેમ કોઈએ ન કરી ? – તેમાં મહાત્માજી શબ્દ વપરાયો છે એટલે હવે વાપરવામાં વાંધો નથી.

પણ હું તો ફોટોગ્રાફની વાત કરતો હતો. મને લાગે છે કે ફોટોગ્રાફીનાં સાધનોમાં બેત્રણ મોટા અગત્યના સુધારા થવાની જરૂર છે.

આ સુધારા કરવાની ખાસ જરૂર એટલા માટે છે કે એક સાર્વત્રિક માન્યતા એવી છે કે ફોટોગ્રાફમાં મોઢું હસતું જ હોવું જોઈએ. હવે દુનિયાની ઘણી માન્યતાઓની પેઠે આ માન્યતાની નીચે શી સમજણ રહેલી છે તે મને સમજાતું નથી. શું એમ માનવું કે માણસનું હસતું સ્વરૂપ એ જ એનું સૌથી સાચું સ્વરૂપ છે ? તો પ્રશ્ન થાય છે કે સાચું સ્વરૂપ એટલે શું ? સામાન્ય રીતે એમ મનાય કે જે સૌથી વધારે ટકે તે સાચું સ્વરૂપ. તો તો માણસ ઊંઘતો હોય ત્યારે જ તેનો ફોટો પાડવો જોઈએ, કારણ કે માણસ બધી ક્રિયામાં ઊંઘવાની ક્રિયા જ સૌથી વધારે લાંબો વખત કરે છે. તમે કદાચ કહેવાને લલચાશો કે હા એટલા માટે જ ઘણી વાર 'ઊંઘતી ખૂબસૂરત' (sleeping beauty) નાં ચિત્રો વખણાય છે. પણ એ બરાબર નથી. અહીં ચિત્રોની વાત નથી, ફોટોગ્રાફની વાત છે. કોઈ ઊંઘતાનો ફોટો હજી સુધી જોયો કે સાંભળ્યો નથી. અને તમે ફોટોગ્રાફરને ત્યાં જઈને ઊંઘવા માંડો કે પેર ફોટોગ્રાફરને બોલાવી ઊંઘવું શરૂ કરો એ બંને અશક્ય છે. એમ

કરવું જ હોય તો ચીનમાં જેમ અફીણની હોટલોમાં માણસને સૂવાની સગવડ હોય છે, તેમ ફોટોગ્રાફરે પણ સાથે સાથે અફીણની હોટલ રાખવી પડે અને કેમેરા સીલિંગ તરફ અદ્ધર ક્યાંક રાખવો પડે. પણ એમ બધું કર્યા છતાં પણ 'ઊંઘતી ખૂબસૂરત' જેવો ફોટો પડે એ અશક્ય છે. ખરી ઊંઘમાં માણસની આકૃતિ એવી હોતી જ નથી. એક આખી રાત ઊંઘતા માણસની આકૃતિઓ જોયા કરો તો ફરી 'ઊંઘતી ખૂબસૂરત'નું તમે નામ નહિ દો. ઊંઘમાં આપણે આપણા શરીરે દોરેલી આકૃતિઓ જોઈ શકતા નથી. એ સારું જ છે. બધા માણસો લગભગ સાથે જ સૂએ છે ને સાથે જ ઊઠે છે તે એથી પણ સારું છે. અને સૂતી વખતે આપણા શરીરની આકૃતિઓની રેખાઓ ઢાંકવા-ભૂંસવા આપણે ઓઢીએ છીએ તે એથી પણ સારું છે. મોડા ઊઠવું એ સારું કે નહિ તે સંબંધી ઘણાએ લખ્યું છે. પણ મોડા ઊઠવા સામે સૌથી મોટો વાંધો આ હોવો જોઈએ કે મોડો ઊઠનાર માણસ ઊંઘતા શરીરની આકૃતિ બીજાને બતાવે છે. બાઇબલ કહે છે કે ઈશ્વરે માણસને પોતાની આકૃતિનો ઘડ્યો. એનો અર્થ એવો થાય છે કે બધાં પ્રાણીઓમાં માત્ર માણસ જ ટટ્ટાર ચાલે છે. ઈશ્વરને ન માનતા હો તો પ્રમાણશાસ્ત્રની ભાષામાં કહેવાય કે પ્રાણીઓના શરીરના બે છેડામાંથી પસાર થતી લાંબામાં લાંબી લીટી માત્ર માણસના સંબંધમાં જ જમીનને કાટખૂણે ઊભી રહે છે, બીજા કોઈ પ્રાણીમાં નહિ. તમે કહેશો જિરાફ! પણ જિરાફનાં શરીરની લાંબામાં લાંબી લીટી તે ઊભું હોય ત્યારે જમીનને કાટખૂણે નહિ આવે, જમીન સાથે તે લગભગ સાડા અંશનો ખૂણો કરશે. આ કાટખૂણો, જે માણસનું વિશિષ્ટત્વ (આને લીધે જ માણસે ખૂણામાં કાટખૂણાને માપનું ધોરણ રાખ્યો. ગીતાના કૃષ્ણને જો ભૂમિતિ સંબંધી બોલવું હોય તો કહેત કે— "ખૂણામાં કાટખૂણો હું!"), તે ઊંઘમાં ગલિત થાય છે. એટલે ઉપર ભૂમિતિની પરિભાષામાં આપેલી માણસની વ્યાખ્યા પ્રમાણે માણસ ઊંઘે છે ત્યારે માણસ જ નથી રહેતો. માટે જ મરી ગયેલા માણસને

આપણે કબરમાં કે ચિતા ઉપર સુવાડીએ છીએ. માટે કહું છું કે ઊંઘતાનો ફોટો તો લેવરાવાય જ નહિ, છતાં ઊંઘતાનાં ચિત્રો આવે છે. એ એ કલાનું અસત્ય ગણાવું જોઈએ. દરેક કલામાં સત્ય હોય કે ન હોય. પણ તેમાં અસત્ય તો હોય જ છે, અને 'ઊંઘતી ખૂબ સૂરત' એ ચિત્રકલાનું અસત્ય છે. નાટકમાં પણ ઊંઘતાં દેખાતાં પાત્રો ખરેખર ઊંઘતાં નથી હોતાં એ તો તમે જાણતા હશો. એ વળી નાટ્યકલાનું અસત્ય.

એટલે વધારે સમય જે ક્રિયા ટકતી હોય તે ક્રિયા માણસનું સાચું સ્વરૂપ બતાવે છે એ ધોરણે હસતા ચહેરાનો ફોટો સાચો નથી. પણ ધારો કે કોઈ કહે કે માણસના સત્ય સ્વરૂપને તે ટકવાના સમયની લંબાઈ સાથે સંબંધ નથી, અને માણસનું ખરું સ્વરૂપ તે હસે છે ત્યારે જ પ્રગટ થાય છે. તો કહું છું, એ પણ ખરું નથી. મુસાફરી કરીને સ્ટેશને ઊતરતાંવેંત પાડેલા ફોટામાં ઘણા માણસો હસતા હોય છે તે શું ખરેખર તે વખતે તે મનથી હસતા હશે? હસે તો શું, ઘણા તો મુસાફરીના થાકયાપાકયા, ઉજાગરાવાળા અને ભૂખ્યા પણ હોય છે. આ જમાનો એવો ભૂંડો છે, તમારે ન હસવું હોય તો પણ સમાજની ખાતર – રિવાજની ખાતર હસવું પડે.

મારા એક મિત્ર જે હાસ્યરસના સારા લેખો લખી શકે છે તેમને મેં એક વાર હાસ્યનો લેખ લખવા કહ્યું. મને કહે, મનમાં હાસ્ય ન હોય તો હાસ્યનો લેખ શી રીતે લખી શકાય? કહેવત છે કે તમાચો મારીને મોઢું લાલ રાખવું પડે છે. તે તમાચો મારીને મોઢું લાલ રાખી શકાય, પણ હસતું તો ન રાખી શકાય. પણ આ જમાનો તો એવો છે, તમાચો મારીને મોઢું હસતું રાખવું પડે. નહિતર આ બધા મુસાફરો શી રીતે કેમેરા સામે હસતું મોઢું રાખતા હશે! બીજો દાખલો: ઘણાં અંગ્રેજ દંપતી પરણીને દેવળમાંથી બહાર નીકળતાં તરત હસતાં ફોટો પડાવે છે. તે શું પરણીને તરત કોઈ હસી શકે ખરું? તમે કહેશો, કેમ પરણવામાં કંઈ મુસાફરી જેવો થાક લાગતો નથી. હિંદુ વિધિએ તો પરણવામાં પણ થાક લાગે છે. પણ ધારો કે કોઈ સુધરેલી વિધિએ ટૂંકી

રીતે જ પરણ્યાં હોય તોપણ પરણીને તરત હસી શકાય એ હું માનતો નથી. કેટલાક પરણવાના શાસ્ત્રના પંડિતોના મત પ્રમાણે તો કેટલાંક પરણતાં કે પરણીને તરત કે પરણીને સાસરે જતાં રડે છે તે વધારે સ્વાભાવિક છે. પણ તે પણ જવા દઈએ. માણસનો ખરો સ્વભાવ શેમાં પ્રગટ થાય છે એ મૂળ સવાલ છે ને? આખું કાવ્યસાહિત્ય જોઈ વળો. કોઈક જ કવિ એવો હશે જે એમ નહિ કહેતો હોય કે મને રડવું આવે છે કે આંસુ આવે છે. અશ્રુકાવ્ય, અશ્રુકવિ એ તો આપણા પ્રશસ્તિના શબ્દો છે. આખા સાહિત્યમાં રડવાનું સાહિત્ય અને હસવાનું સાહિત્ય બન્નેનાં પ્રમાણ લો. મારા સમજવામાં ૯૭:૩ નું પ્રમાણ આવશે. હું માત્ર ગુજરાતી કે હિંદના સાહિત્યની વાત નથી કરતો. દુનિયા આખીનું સાહિત્ય લો, તો તેમાં રડવાના અને હસવાના સાહિત્યનું એ જ પ્રમાણ આવશે. ત્યારે હવે કેમ કહેવાય કે હસતી વખતે માણસનું સાચું સ્વરૂપ પ્રગટ થાય છે? ઊલટું એમ કહેવું પડે કે રડતી વખતે માણસનું સાચું સ્વરૂપ પ્રગટ થાય છે. પણ રડતી વખતનો તો કોઈ ફોટો પડાવતું નથી!

હવે માત્ર કહેવું હોય તો એમ કહેવાય કે સાહિત્યમાં રડવામાં માણસનું સાચું સ્વરૂપ પ્રગટ થાય છે અને ફોટોગ્રાફીમાં હસવામાં માણસનું સાચું સ્વરૂપ પ્રગટ થાય છે. આને સીધી ભાષામાં કહેવું હોય તો એમ જ કહેવાય, કે માણસે દિલ રડતું રાખવું ને મોં હસતું રાખવું. એમ કરવાથી તેનું ખરું સ્વરૂપ પ્રગટ થાય છે. આનું જ નામ દંભ; કે બીજું કાંઈ? મને તો ખાતરી થાય છે કે ફોટો અને સાહિત્ય બન્ને જૂઠાણાં છે. કલામાત્ર જૂઠી છે. અમથું શ્રીયુત મુનશીએ ઐતિહાસિક નવલકથામાં છૂટ લઈ શકાય એમ સાબીત કરવા ઇતિહાસ વિષે એટલું બધું કહ્યું! કલામાત્ર જૂઠી હોય, કલામાં જૂઠું આવી શકે, તો ઐતિહાસિક નવલકથામાં શું થઈ શકે ને શું ન થઈ શકે એને ચર્ચાની જરૂર જ ક્યાં રહી? 'જૂઠની માને જૂઠ પરણે!' કલા જ જૂઠી છે તો કલામાં જૂઠી હકીકત જરૂર કહી શકાય.

પરણવા વિષેની આ બીજી કહેવત અત્યારે હાથમાં આવી. હમણાં

એક પુસ્તક બહાર પડ્યું છે જેમાં ખાવા વિષેની બધી કહેવતો સંગ્રહી છે. હવે કોઈ પરણવા વિષેની કહેવતોનો સંગ્રહ કરે તો, હું ધારું છું, બધી કહેવતો અંદર આવી જાય. કારણ કે ખાવું ને પરણવું એ જ માણસ જાતની બે મુખ્ય પ્રવૃત્તિઓ છે.

એટલે જો કે હસતાં ફોટો પડાવવો એની પછવાડે કશાં જ બુદ્ધિ સમજી શકે એવાં કારણો નથી રહ્યાં, તોપણ હસતાં ફોટો પડાવવાની પ્રથા છે તેની ના પડાય તેમ નથી. કદાચ એ રિવાજની પછવાડે બુદ્ધિ-ગમ્ય કારણો નથી માટે જ એ ચાલુ રહ્યો છે. જો બુદ્ધિગમ્ય કારણો હોય તો તો કારણોનો નાશ કરીને પણ તમે રિવાજને ખસેડી શકો. ઘણીખરી સ્થિર થઈ ગયેલી પ્રથાઓ કે સ્થિતિઓ બુદ્ધિના ઓઠા વિનાની હોય છે, માટે જ ટકી રહે છે!

બીજાં પ્રાણીઓથી માણસ કઈ રીતે ભિન્ન છે? ભૂમિતિની રીતે મેં ઉપર કહ્યું કે તે ટટ્ટાર ઊભો રહે છે અથવા કહો કે જમીનને કાટ-ખૂણે રહે છે. બીજી બાબતમાં કઈ રીતે ભિન્ન છે? શાસ્ત્રો કહે છે કે માણસને ધર્મ છે, પ્રાણીઓને ધર્મ હોતો નથી; પણ આ જમાનામાં તો ધર્મ જેવું કશું રહ્યું નથી. એટલે એ વ્યાખ્યા નકામી. હું કહું છું, બધાં પ્રાણીઓમાં માત્ર માણસ જ હસી અને રડી શકે છે. સદ્‌ગત રમણભાઈ એ કહ્યું છે, 'હાથીઓ પણ હસે છે,' પણ ત્યાં હાથીઓ હસતા નહોતા; ખુશ થયા હતા એટલું જ. માત્ર માણસ જ હસે છે અને રડે છે. અને આપણે જોયું કે કલામાં તેનું રડવું ને હસવું બંને ખોટું છે. એટલે કે બધાં પ્રાણીઓ કરતાં તેની ભિન્નતા એ કે માણસ જુઠ્ઠો છે.

પણ મૂળ વાત પર આવતાં, હસતા મોઢાથી ફોટોગ્રાફ પડાવવાનો રિવાજ અટકી શકે એમ લાગતું નથી, હવે આ રિવાજને લીધે ફોટો-ગ્રાફરો ઘણીવાર પોતાના ઘરાકને હસાવવાનો પ્રયત્ન કરતાં મુસ્કેલીમાં આવી પડે છે. 'તમારાં પત્નીને સંભારો,'—પણ તે વખતે તો ઘણાનાં મોઢામાંથી દુઃખનો નિઃશ્વાસ નીકળી જતો મેં સાંભળ્યો છે. પત્નીનું નામ સાંભળીને હસે અથવા હસી શકે એવા ઘણા થોડા હશે. એક વાર

તો મારા વાંચવા કે સાંભળવા પ્રમાણે એક ફોટોગ્રાફરે પોતાના ઘરાકને કહ્યું, 'તમારાં પત્નીને સંભારો.' પેલો કહે, 'મેં તેને હમણાં જ તલ્લાક આપી છે.' ફોટોગ્રાફર કહે, 'ત્યારે તલ્લાકને સંભારો.' પણ તે વખતે પણ ઘરાક હસી કે મલકી શક્યો નહિ. તેણે માત્ર, અંગ્રેજી ઉપરથી આપણા નવલકથાકારો કહે છે તેમ, 'છૂટકારાનો દમ ખેંચ્યો.' આવી રીતે ઓડનું ચોડ ન વેતરાઈ જાય એટલા માટે ફોટોગ્રાફર પાસે હસાવવાનાં કોઈ ચોક્કસ સાધનો જોઈએ.

હવે આપણે ઉપર જોયું છે કે આ હસવું તે માત્ર ઉપરનું જ હસવું જોઈએ છે, કંઈ અંતરના હસવાની જરૂર નથી. એટલે શારીરિક હસવું થઈ શકે તો બસ છે. હવે શરીરની અંદર કોઈ કોઈ જ્ઞાનતંતુનાં સ્થાનો કે મથકો કે કેન્દ્રો એવાં છે જ્યાં સ્પર્શ કરવાથી માણસ હસે છે એ સર્વવિદિત છે. ફોટો પાડતી વખતે ફોટોગ્રાફર જાતે જ જઈને કે કોઈ નોકર મારફત ઘરાકને હસાવવાનું કરવા જાય તો ખરાબ દેખાય. ફોટોગ્રાફરને તો કેમેરા પાસે જ રહેવું પડે. બીજા માણસ પાસે એવો સ્પર્શ કરાવે તો ઘરાક કયાંક ચમકીને તેની સામે જોવા જાય, અને કદાચ ધમાલમાં પેલો માણસ કેમેરા આડે આવી જાય. ઘરાકની પાછળ રહીને ધાર્યો સ્પર્શ કરી શકાય નહીં–સિવાય કે પગને તળિયે. પણ ઘણાખરા તો જોડા પહેરીને જ ફોટા પડાવે છે. વળી સ્ત્રીઓને આ પ્રમાણે અડકવા જવું અસભ્ય ગણાય એટલે સારું તો એ છે કે ફોટોગ્રાફીના કેમેરા સાથે એક વાયરલેસ જેવી સામગ્રી રાખવી કે જેથી ખરેખર સ્પર્શ કર્યા વિના ધારી જગાએ ઈશ્વરની માફક સ્પર્શ કરી શકાય અને માણસને જોઈએ તેટલું હસાવી શકાય. આ વાયરલેસ સાધનનો બીજો પણ ઉપયોગ થઈ શકે. ઘણા માણસોને બહુ ઢીલા બેસવાની ટેવ હોય છે. તેમની કેડની આસપાસના બિંદુએ અડકીને ટટ્ટાર પણ કરી શકાય, અને આ સંચો એવો હોવો જોઈએ જે કપડાંની સોંસરી પણ અસર કરી શકે.

એક બીજો પણ સુધારો કરવાની એટલી જ જરૂર છે. ફોટોગ્રાફ પડાવનાર માણસ ફોટામાં કેવો દેખાશે તે ફોટોગ્રાફર જોઈ શકે છે, તે

બસ નથી, અથવા કહો કે તે નકામું છે. ખરું તો પડાવનારે પોતે જાણવું જોઈએ કે પોતે કેવો દેખાશે. ફોટોગ્રાફર તો બહારથી પણ જોઈ શકે છે કે ઘરાક કેવો દેખાય છે. માણસને પોતાને જ હંમેશાં ખબર નથી હોતી કે પોતાનું મોં કેવું છે અથવા જુદા જુદા ફેરફારોથી તે કેવો દેખાય છે અને પોતાના કેવા પ્રકારના મુખને પોતે પ્રસિદ્ધિમાં મૂકવા માગે છે તે તેણે જ નક્કી કરવાનું છે. ફોટોગ્રાફી કરતાં એ રીતે હજામત કરાવવાની કલા વધારે સગવડવાળી થઈ ગણાય. તેમાં દરેક ફેરફારે ને દરેક ક્ષણે માણસ પોતે કેવો દેખાય છે તે સામે અરીસામાં જોઈ શકે છે અને પોતાનું મોં કેવું થવું જોઈએ તેની ફરમાશ આપી શકે છે. ફોટોગ્રાફીમાં પણ એક એવું સાધન હોવું જોઈએ જેથી ઘરાક પોતાનું મોં પસંદ કરીને ફોટોગ્રાફ પાડવાની ફરમાશ આપી શકે. એ જોયા વિના ફોટો પડાવવો તે અંધારામાં ભૂસકો મારવા જેવું છે. જોડો કે કોટ બંધબેસતો ન આવે તો તે રદ કરી શકાય છે, તેના પૈસા આપવાની ના પાડીએ, પણ ફોટામાં તેમ થઈ શકતું નથી. માટે આ ફોટોગ્રાફીને સંપૂર્ણ કલાએ પહોંચાડવી હોય તો આટલાં સાધનો ઓછાંમાં ઓછાં જોઈએ જ.

આ ઉપરાંત સામાન્ય જનતાએ કાયદામાં એક ફેરફાર કરાવવાની ઘણી જ જરૂર છે. ઘણા લેખકો પુસ્તક ઉપર કોનો હક હોવો જોઈએ, લખેલા કાગળો ઉપર કોનો હક હોવો જોઈએ, તે સંબંધી ચર્ચા કરે છે. પણ આ મહત્ત્વની ફોટોગ્રાફીની બાબત તરફ કોઈનું ધ્યાન હજી ગયું નથી. ધારો કે અને પોતાનો ફોટો નં પડાવવો હોય છતાં કોઈ છાનો પાડીને પ્રસિદ્ધ કરે તો અ કોર્ટથી મનાઈ હુકમ કાઢી તેને રોકી શકે કે નહીં? મહાત્માજીને પોતાનો ફોટો પડે તે ગમતું નથી, છતાં તેમના ફોટા પડે છે, પ્રસિદ્ધ થાય છે અને તેનાથી લોકો કમાણી કરે છે. પણ મહાત્માજી તો અસહકારી રહ્યા, કોર્ટે જઈ મનાઈ હુકમ ન મેળવે. પણ સાધારણ માણસને એવો હક તો હોવો જોઈએ કે નહીં? તમે કહેશો કે દરેક માણસને પ્રસિદ્ધિ ગમે છે અને જેને પ્રસિદ્ધિ જ ન ગમતી હોય

તેવો માણસ આવી બાબતની દરકાર જ ન કરે, પણ તે ખરું નથી. મારા એક મિત્ર છે, જેમને ફોટો પડાવવો ગમતો નથી, તેઓ કેમેરાથી નાસે છે છતાં તેમને પ્રસિદ્ધિ નથી ગમતી એમ તો ન કહેવાય કારણ કે તેમના ઘણા લેખો, કાગળો વગેરે જોઉં છું જેમાં તેમનું નામ પ્રસિદ્ધ થાય છે. ઉપર મેં સાહિત્યકલા અને ફોટોકલાનો વિવેક કરી બતાવ્યો તેમ ફોટોગ્રાફરને સાહિત્યમાં પ્રસિદ્ધ થવું ગમે ને ફોટામાં પ્રસિદ્ધ થવું ન ગમે! વળી આ પ્રશ્ન તો બધાને એક રીતે અસરકર્તા છે. ફોટામાં મેં ઉપર કહ્યું તેમ સત્યાસત્યનો પ્રશ્ન નથી. એટલે કોઈને પોતાનું અમુક મોઢું પ્રસિદ્ધ કરવું ગમે ને અમુક પ્રસિદ્ધ કરવું ન ગમે. જેમ આપણા મનમાં ઘણા યે વિચારો, લાગણીઓ વગેરે થાય છે પણ તેમાંથી આપણે પ્રસિદ્ધિમાં મૂકવાં હોય તેટલાં જ મૂકી શકાએ છીએ, તેમ એક જ માણસનાં અનેક પ્રકારનાં મોઢાં થતાં હોય તેમાંથી તેને અમુક જ પ્રસિદ્ધ કરવું હોય, બીજું ન કરવું હોય તો તેની પ્રસિદ્ધિ અટકાવવાને તેને કાયદેસર હક્ક હોવો જોઈએ.

એક વાર એક ફોટોગ્રાફર મિત્ર મને કહે કે ફોટોગ્રાફી કલા છે એટલે કોઈ વ્યક્તિનો ફોટો મેં પાડ્યો હોય તો તે ફોટો પાડી પ્રસિદ્ધ કરવાનો હક માત્ર મને હોવો જોઈએ બીજો કોઈ માણસ મારા ફોટા ઉપરથી ફોટો પાડી પ્રસિદ્ધ ન કરી શકે. એ ગમે તેમ હોય, પણ તેથી વધારે મોટો પ્રશ્ન આ છે કે ફોટો તમારો છે, પણ મોઢું તો પેલાનું જ છે ને! તમારા કે તમારા ઉપરથી પાડનાર બીજા ફોટોગ્રાફરનો ગમે તેનો ફોટો પ્રસિદ્ધ થતો રોકવાનો હક ફોટાના વિષયભૂત માણસને હોવો જોઈએ ને! એક માણસ બીજાને કાગળ લખે તો ભલે તે કાગળ બીજાના હાથમાં ગયો એટલે તે ઉપરની માલિકી તે બીજાની ગણાય. પણ તેની પ્રસિદ્ધિ રોકવાનો હક મૂળ કાગળ લખનારને રહે છે, તેમ ફોટામાં પણ તમે ફોટો પાડો તો તેની માલિકીકબ્જો ભલે તમારો રહ્યો પણ તેની પ્રસિદ્ધિ રોકવાનો હક તો મૂળ ધણીને રહેવો જ જોઈએ. બસ ગમે તે માણસ ગમે તેનો ફોટો પાડી પ્રસિદ્ધ કરી મૂકે એમ? હું કહું છું, આ અન્યાય રોકવો જોઈએ. એમ નહિ થાય ત્યાં સુધી ફોટોગ્રાફીનો પૂર્ણ વિકાસ નહિ થાય.

માયાવાદ તથા લીલાવાદ

કિશોરલાલ ઘનશ્યામલાલ મશરુવાળા

(૧૮૯૦-૧૯૫૨)

માયાવાદ

માયાવાદે નિર્માણ કરેલી માયા જેટલી દુસ્તર છે તેટલી આ જગતની માયા દુસ્તર નહિ હોય. એ વાદ સમજવામાં ઉત્પન્ન થતો એક ફોયડો લગભગ દરેક સાધકને ઘણા વખત સુધી મૂંઝવી નાંખતો હશે, અને તેનો સમાધાનકારક ખુલાસો મળતો જ નથી. એ વાદ કહે છે કે આત્મા પોતે જ્ઞાનરૂપ અને મુક્ત જ છે, પણ અજ્ઞાને કરીને બંધનમાં પડે છે. આ ઉપર સાધક પ્રશ્ન પૂછે છે કે 'એ અજ્ઞાન આવ્યું ક્યાંથી?' વાદી ઉત્તર આપે છે, 'માયાને લીધે.' સાધક પૂછે છે, 'માયા એટલે શું અને એ ક્યાંથી આવી?' વાદી કહે છે, 'અરે, માયા એ કાંઈ ભાવરૂપ પદાર્થ નથી, એનું નામ જ અવિદ્યા,—છે નહિ તે. એ આવે ક્યાંથી? એ તો મિથ્યા ભાસે છે.' સાધક પૂછે છે, 'છે નહીં તો યે કેવી રીતે ભાસે છે?' વાદી કહે છે, 'અનાદિકાળના અજ્ઞાનને લીધે!'

સાધક બાપડાને આ ઉત્તરથી કાંઈ સમાધાન થતું નથી, પણ શાસ્ત્રમાં શ્રદ્ધા રાખી, ન સમજવાનું કારણ પોતામાં અજ્ઞાન છે, પોતે માયામાં છે એટલે નથી સમજી શકતો એમ પોતાને દોષ દઈ જગતનો ભાસ કેવી રીતે ચાલ્યો જાય તેના ઉપાયો યોજવા મથે છે. છેવટે એક વાર પણ મનને નિશ્ચેષ્ટ કરી, જગતનું ભાન દૂર કરી, જગતનો ભાસ તે ક્ષણે બંધ થયો એટલે અનાદિ કાળનું અજ્ઞાન હઠી ગયું, એમ સમજી જાય છે. પછી પાછું જગતનું ભાન થાય છે એટલે મૂંઝાય છે ખરો, પણ એ અવશેષ પ્રારબ્ધને લીધે છે, કુંભારનો ચાકડો જેમ ધક્કો બંધ

થાય તોયે ફર્યા કરે તેમ પૂર્વની ગતિને લીધે છે, એવી સમજૂતીનો આશ્રય લઈ સંતોષ માની લે છે, અને એ જ વાદનું પ્રવચન કરતો ફરે છે. છતાં હજુ સુધી જ્ઞાનરૂપ આત્મામાં અજ્ઞાન ક્યાંથી આવ્યું અને છે નહીં તોયે ભાસી શકે એવી માયા તે શું છે એ વિષે—તે અનાદિ અને અનિર્વચનીય છે એ સિવાય બીજો—ખુલાસો મળ્યો નથી. પણ 'અનાદિ અને અનિર્વચનીય'નો અર્થ આ ઠેકાણે એટલો જ થઈ શકે કે, એ વિષયમાં આપણી બુદ્ધિ હજુ પહોંચતી નથી.

'છે નહિ' એવી માયામાં નિયમાધીનતા છે એવું તો માયાવાદીને પણ સ્વીકાર્યા વિના ચાલતું નથી. એને યે 'વ્યવહારપૂરતું' પંચીકરણ સ્વીકારવું પડે છે. એટલે આ જગત કેવળ ભાસ જ હોય તોયે તે કોઇ ઢંગધડા વિનાનો ગાંડો ભાસ છે એમ નહીં કહી શકાય.

માયાવાદની પાછળ સાચું અવલોકન આટલું જ છે કે, (૧) મનનો વ્યાપાર ચાલુ હોય તો જ જગતનું કે દેહનું આપણને ભાન થાય છે, (૨) જગત આપણને કેવું દેખાય તે આપણી મનોદશા ઉપર પણ અવલંબિત છે; અને તેથી જગતના પદાર્થોને આપણે જે નામ અને રૂપથી ઓળખીએ છીએ, તે નામ અને રૂપ એ પદાર્થોને છે જ એમ આપણે ખાતરીપૂર્વક ન કહી શકીએ અને (૩) મનની પાછળ કે જગતની પાછળ કાંઈ સ્થિર તત્ત્વ હોય તો તે સત્તામાત્ર ચૈતન્યનું છે. પણ આ અવલોકનનો અર્થ તો એટલો જ થયો કે જેમ રંગ અને રૂપનું ભાન આપણને આંખનો વ્યાપાર બંધ થાય તો ન થઈ શકે તેમ પોતાના અસ્તિત્વથી માંડીને જગત સુધી કોઈપણ પદાર્થ કે ભાવનું ભાન મનના વ્યાપાર વિના ન થઈ શકે. જ્ઞાતાપણું પ્રાપ્ત કરવા મન એ આવશ્યક સાધન છે. મનનો વ્યાપાર જેમ જેમ વિકસિત ને શુદ્ધ થતો જાય, તેમ તેમ જ્ઞાતાપણું વધારે સ્પષ્ટ થતું જાય, અને એ દ્વારા મળતા અનુભવો વધારે સૂક્ષ્મ અને તલસ્પર્શી થતા જાય, તે છેવટે એટલે સુધી કે, એ વડે પોતાના અને જગતના અસ્તિત્વની પાછળ રહેલી ચૈતન્યસત્તાને યે.

તે સમજી શકે. જે જે જ્ઞાનો ઊઠે છે તે એક દૃષ્ટિએ કલ્પના છે એ સાચું, છતાં એ કલ્પના પાછળ જેટલું નિયમાવલોકન છે, જેટલે અંશે એકની કલ્પના બીજાઓની કલ્પના સાથે મળતી આવી શકે છે, જેટલે અંશે એક જણને થતી પ્રતીતિઓ તે બીજાને કરાવી શકે છે અને જેટલે અંશે એ કલ્પનાની અવગણના કરી વ્યવહાર ચાલી શકતો નથી, તેટલે અંશે જગત જેવું કાંઈક છે, તેમાં કાંઈક નિયમાધીન ક્રિયા ચાલે છે, કોઈક નિયમો મુજબ જ તેની પ્રતીતિ થાય છે અને તે ગંધર્વનગર કે ઝાંઝવાના જળ જેવી કે રજ્જુસર્પ જેવી કે 'નક્કો નક્કો રાજાની વાત' જેવી જ કલ્પના નથી એમ માન્યા વિના ચાલે એમ નથી. જગત દેખાય છે તે આપણા અજ્ઞાનથી ઊઠેલી કલ્પનાને લીધે દેખાય છે, એમ કહેવાને બદલે જગત છે માટે, આપણે જો સમનસ્ક હોઈએ તો, આપણને એ પ્રતીત થાય છે, અને જેમ જેમ એ મન વિશેષ શુદ્ધ અને અભ્યુદિત થાય તેમ તેમ એ પ્રતીતિનું સ્વરૂપ વધારે સૂક્ષ્મ અને તલસ્પર્શી થાય છે એમ કહેવું વધારે યોગ્ય થાય.

મનને એક કેન્દ્ર ઉપર લાવવું પડે, એ કેન્દ્ર એટલું સૂક્ષ્મ થાય છે કે જેમ અણુ જેટલી વસ્તુ સૂક્ષ્મદર્શક યંત્ર વિના ન દેખાય તેમ એ વ્યાપાર માલૂમ ન પડે, પણ અત્યંત સૂક્ષ્મ હોવાથી જ અત્યંત બળવાન અને તલસ્પર્શી હોય—એ જુદી વસ્તુ છે. એમાં મનની પ્રજ્ઞતા વધારે છે, ઓછી નથી. પણ મનોવ્યાપાર એ જ જ્ઞાનનું સાધન છે, એનો વ્યાપાર એ અજ્ઞાન નથી. મનની શુદ્ધિ અને વિકાસની ન્યૂનતાને લીધે એ જ્ઞાન સ્થૂળ કે ભૂલભરેલું તો યે જ્ઞાન છે, જ્ઞાનનો અભાવ—જડતા—અજ્ઞાન નથી.

જગત દેખાય છે, જાદુગરનો ખેલ નથી કે 'ફૂ' કરવાથી ઊડી જાય. એના સ્વરૂપ વિષેની આપણી કલ્પના ભૂલભરેલી હોય એમ બને, તે માટે આપણું એક જ સાધન મન—તેને આપણે શુદ્ધ અને સૂક્ષ્મ કરવું રહ્યું. જેણે જેણે આત્મપ્રતીતિ કરી છે તેણે આ જ રીતે કરી છે. પોતે સૂક્ષ્મ પ્રજ્ઞાવાળા, છતાં અશુદ્ધ મનસ્કતાને બદલે સમનસ્કતા એ જ અજ્ઞાન

છે અને અમનસ્ક થાઓ એવો ઉપદેશ સંતોએ આપ્યો એ જ આશ્ચર્ય છે !

यस्तु विज्ञानवान्भवति समनस्कः सदा शुचिः ।
स तु तत्पदमाप्नोति ॥ × × ×
एष सर्वेषु भूतेषु गूढात्मा न प्रकाशते ।
दृश्यते त्वग्र्यया बुद्धया सूक्ष्मदर्शिभि : ॥ (कठोपनिषत्)

જે વિજ્ઞાનયુક્ત, સમનસ્ક, અને સદા પવિત્ર છે તે તે પદને મેળવે છે. × × આ સર્વ ભૂતોમાં ગૂઢ રહેલો આત્મા પ્રકટ માલૂમ પડતો નથી; પણ કુશાગ્ર અને સૂક્ષ્મ બુદ્ધિથી સૂક્ષ્મદર્શીઓ એને જાણી શકે છે.

લીલાવાદ

સાધકને ગૂંચવી નાખનારી આ એક બીજી શબ્દજાળ છે. "આ સર્વ વિશ્વ ભગવાને રમતમાં (લોલ્યા) પોતામાંથી રચ્યું છે અને સર્વ કાંઈ ભગવદ્રૂપ જ છે"–એમ એક બાજુથી એને કહેવામાં આવે છે, અને બીજી બાજુથી એને બિવડાવવામાં આવે છે કે, "ભગવાનને ભજીને મનુષ્યજન્મને સાર્થક કરી નાખ. મનુષ્યજન્મ કાંઈ વારંવાર મળતો નથી. એક વાર જન્મ એળે ગયો તો તારે કર્મે ફરીને કીડો, કૂતરો કે કોણ જાણે શું યે થઈને પડીશ, અને ભટકતાં ભટકતાં પાર નહીં આવે." અથવા એક બાજુથી એમ કહેવામાં આવે છે કે 'ભગવાન સૂત્રધાર છે અને તું કેવળ એનું નચાવ્યું નાચનાર યંત્ર છે,' અને બીજી બાજુથી કહેવામાં આવે છે કે, 'ભગવાન તો કેવળ કર્મફલપ્રદાતા છે અને તું જ તારાં કર્મો માટે જવાબદાર છે.'

સાધક આ પરસ્પરવિરોધી વિધાનો વચ્ચે મેળ બેસાડવા અશક્ત થાય છે, અને ઘણીયે વાર એને થઈ આવે છે કે, ભગવાનની આવી તે કેવી સ્વચ્છંદતા ! એને માટે અમારે સર્વ પ્રકારની વ્યથાઓ ભોગવવાની ! એ મૂંઝવણનું સમાધાન કરવા એને કહેવામાં આવે છે કે, તું તારું હુંપણું છોડી દઈ ભગવદ્દૃષ્ટિએ જો. કયાંઈ સુખ કે દુઃખ કશુંયે જણાશે નહીં. પેલો તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ એવી પ્રતીતિ કરવા ઘડીભર

મથે છે; પણ વ્યાકુળતાનો કે દુઃખનો અસહ્ય ભાર અનુભવાતો હોય ત્યારે દુઃખ છે જ નહીં એમ કેવી રીતે માની શકે?

ત્યારે, આ લીલાવાદની પાછળ તત્ત્વદૃષ્ટિ એટલી જ છે કે સર્વ વિશ્વ એક ચિત્તતત્ત્વમાંથી જ થયેલું છે. કેવી રીતે થયું અને શું કામ થયું, એ પ્રશ્નના સમાધાન માટે 'લીલા' શબ્દ વાપરવામાં આવે છે ત્યારે એનો સાદો અર્થ એટલો જ છે કે, એ ચૈતન્યના સહજ સ્વભાવમાંથી જ થયેલું લાગે છે, પણ એથી વધારે ચોક્કસ પ્રયોજન આપણે જાણી શકતા નથી.

પણ એ લીલા શબ્દ સાધકના મનમાં કેવી ગેરસમજ અને દંભી પુરુષોને માટે કેવી પાખંડ વધારવાની અનુકૂળતા કરી આપે છે, તેનો બ્રહ્મસૂત્રકારને ખ્યાલ હોત, તો તેમણે એ શબ્દ ન વાપર્યો હોત. ચૈતન્ય એ વિશ્વનું ઉપાદાનકારણ છે – ચિત્તતત્ત્વમાંથી જ વિશ્વ થયું છે એ વેદાન્તસિદ્ધાન્ત છે. પણ 'લીલા' શબ્દ વાપરવાની સાથે ચૈતન્યમાંથી થયું છે તેને બદલે 'ભગવાને કર્યું છે' એવી ભાષા યોગ્ય છે, અને ઉપાદાનકારણને બદલે એક પરશક્તિ વિશ્વનું નિમિત્તકારણ હોય એવી સમજ થઈ જાય છે. પાખંડીઓ કેવી રીતે એ લીલા શબ્દનો દુરુપયોગ કરે છે તેમાં પડવાની જરૂર નથી.

અનંત પ્રકારની શક્તિઓના બીજરૂપ ચૈતન્યશક્તિમાંથી આ વિશ્વ થયું છેઃ એ ચિદ્રૂપ હોવાથી એ ઋત પણ છે – એટલે કે, ચોક્કસ નિયમો પ્રમાણે જ એ ચૈતન્ય ક્રિયાવાન થાય છેઃ ક્રમશઃ એમાંથી જ મનુષ્ય થયો છે, મનુષ્યની વિવિધ શક્તિઓ થઈ છે, એનામાં ઓછીવત્તી સ્વાધીનતા અને સ્વતંત્રતાનો યે ઉદય થયો છેઃ તેને લીધે એ તદ્દન પોતાની બાહ્ય શક્તિઓ કે પરિસ્થિતિને આધીન હોય તેમ વિવશપણે વર્તનારો રહેતો નથી, પણ એનાથી પર થઈ શકે છે, ઓછોવત્તો એમના ઉપર કાબૂ યે મેળવી શકે છે, સ્વેચ્છા પ્રમાણે ઓછુંવત્તું પોતાનું નિયમન કરી શકે છે, અને એવી રીતે એ શક્તિનો મનુષ્યમાં અવિર્ભાવ થતાં એવી

સ્થિતિ આવે કે, જેમ બીજ વૃક્ષરૂપે થવામાં પોતે અદૃશ્ય અને નષ્ટવત્ બની ગયું હોય છે તે બીજું બીજ ઉપજાવે એટલે એની પરિક્રાન્તિ (Cycle) પૂરી થઈ ગણાય, તેમ એ ચૈતન્યશક્તિ પોતાની સત્તાની પ્રતીતિ કરાવે એટલે એની પરિક્રાન્તિ પૂરી થાય.

'લીલા' શબ્દ પરમતત્ત્વમાં સ્વચ્છંદતાનો ખ્યાલ ઉપજાવે છે. પણ આપણે તો જાણીએ છીએ કે એક નાનું તણખલાનું હાલવું કે મોટો જલપ્રલય કે, ભૂકંપ જે કાંઈ બની આવે છે તે ચોક્કસ નિયમો મુજબ જ થાય છે : એવા કેટલાક નિયમોનું આપણને જ્ઞાન પણ છે; જેટલાનું જ્ઞાન છે તેને આધારે મનુષ્યે કેટલીયે શક્તિઓ ઉપર પોતાનો કબજો કર્યો છે, અને બીજાને ઓળખવા કે તે ઉપર કબજો બેસાડવા પ્રયત્ન ફરી રહ્યો છે. જણાયેલા નિયમો કરતાં ન જણાયેલા વધારે છે અને કદાચ રહેશે, છતાં જે જાણીએ છીએ તે ઉપરથી આપણે એટલું ચોક્કસપણે કહી શકીએ છીએ કે, ચૈતન્ય ઋત છે, જગત ઋત છે, લીલા – સ્વચ્છંદ – સ્વચ્છંદી બાળક જેવા ભગવાનની રમત – નથી. અને સ્વચ્છંદી બાળક જેમ

> પગ પાંખોને પકડી તોડે, રાજી થઈ જોવાને છોડે.

તેમ ભગવાન આપખુદ, મનસ્વી, લાગણી વિનાનો, જીવોને સર્જી તેમના ક્લેશોમાં આનંદ લેનારો, કોઈ ધામમાં રહેનાર રાજા નથી.

☆

‘ચકલા’ની પાંખ પર

વિજયરાય કલ્યાણરાય વૈદ્ય

(૧૮૯૭ -)

તા સ્ટીમર ‘ચકલા’માં

૯–૪–૧૯૨૯

સ્ટીમર ચાલવા માંડ્યાને કલાક ઉપર થયું છતાં દરિયો લાગ્યો નથી એટલે હવે ઘણું કરી નહિ લાગવાનો એમ વિચારતાં મનને નિરાંત વળી. ને નિરાંતની પળો એટલે મારા જેવાને માટે, કાં તો નિરીક્ષણની, નહિ તો સાજ્જાંમાંદાં મનનની પળો.

સ્ટીમર ભરદરિયે પહોંચે એટલે, તેને પંડને બાદ કરીએ તો આપણાં મુખ્ય સાથી બે જ રહે છે: મૂર્તિમાન વિશાળતા જેવો સમુદ્ર અને તેવું જ આકાશ. આ બે મહા તત્ત્વોની પાર પહોંચવાનો પ્રયાસ કલ્પના કરે, તો સમુદ્રના પેટમાં અહર્નિશ ઘડાતી ને ભંગાતી, જીવન પામતી ને વળી મરવા માંડતી, જડચેતન સૃષ્ટિનો અને આકાશની સૂર્યમાળાઓ કે તારકમંડળોનો ખ્યાલ કરવામાં તે પરોવાય. ત્રીજી પાસ, ક્ષિતિજ અને તેની પારના પ્રદેશોનો વિચાર પણ તે કોઈ વાર કરવા લાગે. પણ એ સંવેદનો તો જરા હવાઈ મનોદશાનાં વધારે કહેવાય. વાસ્તવિકને તો, આવા મધદરિયાની એકવિધ જેવી સપાટીમાં પણ વૈવિધ્ય, શોધતાં આવડે તો, જડે તેમ છે. કઠેરે ઊભા હો ત્યાંથી જરા આઘેનો દરિયો તમને એકસરખી ઢબે ઊંચાંનીચાં થયા કરતાં મોજાંનો જ બનેલો લાગે. પણ કઠેરાની નીચે નજર કરો. સ્ટીમર ધસારાબંધ પાણી કાપતીકાપતી આગળ વધે છે તેમતેમ, તેના વેગે ઉપજાવેલા ખળભળાટ

વડે કરીને, હર પળે ધોળાંશેત્તર ફીણના નાનામોટા ગોટા – અસંખ્ય આકારોના ગોટા – જાણે સ્ટીમરની બહારની ભીંતોમાંથી ફૂટતા, સપાટી પર પથરાયા કરતા જ હોય છે. એને ફરી ફરીને ગમે તેટલી વાર નિહાળીએ છતાં કંટાળો આવતો નથી. વળી સમયાનુસાર પાણીનો રંગ બદલાતો હોય છે. તડકામાં લીલું હોય; ગીળામાં ભૂરાશ પડતું, અંધારાં આભથી ઊતરે તેમ તેમ વધારે ભૂરું, અને રાત્રે પથ્થર રંગનું એ બને છે...છેવટ, નિર્જીવોની જ લીલા વડે તમારી કૌતુકવૃત્તિને પટાવી નાખવાને અણટેવાએલી, એમ કરવું પોતાને જાણે અણગમતું હોય તેવી, કુદરત માતા અવારનવાર ધોળાં કે ધોળાંભૂખરાં બગલાં જેવાં પક્ષીઓને પણ તમારા માથાથી થોડેક જ આઘે આકાશમાં વિહરાવતી હોય છે, અથવા તો એકાદ માછલું ખાઈ લેવા તેને પળ બે પળ પાણીની સપાટીએ ઉતારતી હોય છે.

★

ચા પછી કેટલીક વારે ડાયરી લખવી શરૂ કરેલી, પોણા પાંચે, તે લગભગ બે કલાકથી ચાલે છે. વચ્ચે વચ્ચે, સામેનાં સમુદ્ર ને ક્ષિતિજ તરફ જોઈ, વિચારમાં ડૂબકીઓ ખાવાની ખરી જ. તેનો મેળ સ્ટીમરની ગતિ સાથે બેસતાં એક પ્રકારનું માનસિક ડોલન પણ અનુભવાય છે. છૂટા પડતાં નીચે ડક્કા પર ઊભેલા ચં૦ નહોતા કહેતા ગયા ?–'વિજયરાય, હવે મનન નહિ, ડોલન કરજો; સ્ટીમર પર ડોલન જ હોય.'

સૂર્યાસ્ત પાસે આવ્યો એટલે લખવાનું બંધ રાખી તૂતકની પાછલી બાજુ તે નીરખવા જઈ ઊભો. સૂર્ય હજી દોઢેક હાથ પાણીની ઉપર હતો, ને આખા ય સુગંભીર વાતાવરણના આત્મા જોડે આત્મા તદાકાર હતો, ત્યાં પાછળથી થાળી હાથમાં ધરેલ એવા વીશીવાળાના માણસે બૂમ મારી બોલાવ્યો. મનમાં જ જરા એની પર ચીઢાયો : અત્યારમાં શેનો લાવ્યો ! હજી તો સાત માંડ થયા....બિસ્તરાની બાજુમાં કાગળ ઢાંકીને થાળી મુકાવી. પાછો સૂર્યાસ્તે સંચર્યો. કિરણો ઘણાંખરાં શોષાઈ

જઈ, ક્ષિક્ષા લાલ રંગનું બિંબ જ ક્ષિતિજે તરતું હતું – ઊતરતું હતું. આ વખતે જ બે ત્રણ સૌંદર્યપ્રેમી વહેારાઓ પણ ત્યાં પાછળ અને બાજુમાં આવી ઊભા. તેમની વૃત્તિ અને વાતો પરથી જિંદગીમાં પહેલી જ વાર મને પ્રત્યક્ષપણે ભાન થયું કે રોજના પરિચિત હિંદુ કવિઓ ને એવા બીજા રસિકો સિવાયના દુનિયાના કેટલાક આદમીઓ પણ સૃષ્ટિ-સૌંદર્યમાં રસ લેતા હોય છે ખરા એમનામાં જે વડેરો હતો તે, આફતાબને આથમાવી દેવા જાણે અધીરો હોય તેમ, હજી ખરો ને પૂરો અસ્ત થયા પહેલાં જ 'ઓ...ગયા...ગયા...' કરતો હતો. પણ સાથેનો જુવાન ધીમો હતો : 'નહિ. હજુ જરા – જરા સી બખ્ત હય.' આખરે અસ્ત થયો એટલે પાછળ રહેલી લાલીનાં થોડાંક ગુણગાન બંને જણે કર્યાં. મને પણ ખસવાનું મન તો નહોતું થતું, પણ અહીં જેટલું મોહું કરીશ એટલું જમવાનું મોહું થશે એ બીકે પાછો આ તરફ આવી ગયો.

☆

જમ્યા બાદ ઘેર પણ કલાકેક ટહેલવામાં જાય છે, તો આ મનોહર દૃશ્યો વચ્ચેની વિશાળ તૂતકે તો કેમ જ વણટહેલ્યા રહી શકાય? આશરે કલાક લગી આંટા માર્યા. હવા મીઠી ઠંડકભરી હતી; વધતા અંધકારમાં સમુદ્ર વિશેષ ભવ્યતાથી છવાયો હતો; સર્વત્ર નજરે ચઢતા તારાગણે વ્યોમને નવીન આકર્ષણ અર્પ્યું હતું; અને વિચારો અનંતતા સિવાયના—કેટકેટલા ય શતકો, રે યુગો આ જલવિસ્તારે ને આ તેજ-બિંદુઓએ નિરનિરાળાં માનવ દૃશ્યો જોતાં ગાળ્યા હશે! એમની આગળ આપણે કેવા નજીવા લાગીએ છીએ! એમને આપણાં દુઃખ-સુખોની જરા ય પડી નથી, અને છતાં આપણે તો તેમની સ્થાયિતા અને અદ્‌ભુતતાથી પ્રેરાતા રહી આપણાં દુઃખો અને સુખોની ક્ષણિકતાને સ્મર્યા જ કરવાની! બીજાં સો વર્ષમાં આપણે સૌ યે મરી પરવાર્યાં હોઈશું ત્યારે પણ આ પ્રકૃતિતત્ત્વો વળી ત્યારની કોઈ બીજી ક્ષણભંગુર

સૃષ્ટિનાં સાક્ષી હશે!'—આવા વિચારો સિવાયના, બીજા કશા એ પળોમાં આવે તેમ નહોતું.

સાડા આઠ થયા એટલે, ફોલસા ગુણોની બાજુમાં જ – ત્યાં દીવાની બરાબર, પૂરતી નિકટતાવાળો, ડાબી પાસનો પ્રકાશ હતો તેથી – ઓછાડ બિછાવી, અઢેલવાને અશીસું લઈ 'ફોકિલા' શરૂ કરી. બે કલાકમાં દસ પ્રકરણ પૂરાં થયાં. વચ્ચે, ફોકિલા વિજયા શેહાણીને ત્યાં દાગીના ગીરો મૂકવાનું શરૂ કરતી હતી ત્યારે, દરિયામાં જમણી પાસ – પૂર્વે ફે પૂર્વપડોશમાં–ગાઢ અંધારામાં જાણે અદ્ધર તરતી દીવાની અલગાર ફેટલેક દૂર દેખા એલી. દસપંદર મિનિટ વાંચવાનું છોડી, એ આસ્તે આસ્તે પ્રકાશનું તેજસ્વી ટપકું, પછી ઝાંખું જ ટપકું બની ગઈ ને છેવટ અદૃશ્ય થઈ ત્યાં લગી એને જોયા જ કરી. એ હતી એટલી વાર મૂર્તિમતી એ શોભાને શાંતિથી પીધા કરવાને બદલે ફેટલાક 'બોટ! બોટ!'ના ઉદ્‌ગાર કાઢતા હતા.

બોડેથી સૂતો ત્યારે, માથું હવે અમારી ધસતી બોટનાં પાટિયાંની બહુ નજીક હોવાથી, થોડી વાર માથામાં ફેર જેવું વર્તાએલું. પણ પછી તો — બેભાની નિદ્રા જ.

★

તા. ૧૦–૪–૨૯

મળસ્કાના સુસવાટાબંધ વાતા, થોડું થથરાવતા પવને આશરે સવા પાંચ સાડા પાંચ વાગ્યે ભાનમાં આણ્યો. સ્ટીમર માંડવી બંદર આવી ઊભી હતી...ઊઠતાં મેં જાણીને જ થોડી વાર લગાડી.

વિરતારી જળપટમાં નિર્ભયતાથી આખી રાત ને દિવસ માર્ગ કાપ્યે જતી આ ત્રણ હજાર ટનની સ્ટીમર તેમાં પહેલવહેલાં બેસું ત્યારે, માનવીએ કુદરત પર મેળવેલ જયના વિચારો પ્રેર્યા વિના કેમ રહે? અને પરદેશી બુદ્ધિશક્તિનું પરિણામ છે તેનું પણ તીવ્ર ભાન કેમ ન થાય?

જયની વાત તો એવી છે કે વિશ્વના 'માનવી' અને કુદરત' એવા વિભાગો કરવા વાસ્તવિક નથી લાગતા. આ સાગર એ કુદરતનું તત્ત્વ છે, તો તેમાં ઓછામાં ઓછાં જોખમે વહાણો અને સ્ટીમરો દોડાવનાર માનવીનાં મગજ, હૈયું ને હાથ પણ કયાં કુદરતનાં જ જુદા સ્વરૂપનાં તત્ત્વો નથી? એટલે, મનુષ્યે કુદરતને જીતી છે એમ કહેવા કરતાં, કુદરતના એક તત્ત્વે બીજાની સહાયતા મેળવી તેની સાથે અનુકૂળ સહકાર કરી જાણ્યો, એમ કહેવું એ વધારે સાચું છે. આ સાચ બરાબર પ્રીછીએ તો પછી આપણું ગુમાન આપમેળે કાબૂમાં રહે છે; પછી, કોપેલી કુદરત પણ બહુ કડવી નથી લાગતી કેમકે આપણાં ભાવ–ભાવના ટેવ બળે તેની વધુ નજદીક આવેલાં હોવાથી, કોપ અને આફતનું એ ક્રિસ્મત પણ આપણે પ્રમાણમાં ઓછી નિર્બળતાથી નભાવતાં શીખી જઈએ છીએ.

અને પરદેશીઓ? એમનો પણ આપણે સહકાર કર્યો એમ જ કહેવું ને? હિંદ ન હોત તો ગયા સૈકામાં એ લોકોને ત્યાં લક્ષ્મીની રેલછેલ ન થાત; અને તો પછી, એમની બુદ્ધિશક્તિ અને સાહસપ્રેમને ખીલવનાર આ બધાં સંચાકામો–જેમાંનું એક પણ હું તો આજ લગીમાં પૂરું પાધરું સમજી યે નથી શકયો – શોધવા અને ફેલાવવાની સગવડ એમને ન મળત. પણ એ કંઈ સહકાર કહેવાય? ચોખ્ખો પરોપકાર જ એમની પર તો એવી સગવડ આપીને આપણે કર્યો છે: ચોખ્ખો, નિષ્કામ ને નિઃસ્વાર્થી પરોપકાર. ગીતાપાઠી અને ગીતાજીવી દેશમાં બીજું કંઈ શકય પણ શી રીતે હોય?

★

અહીંથી ઊંચે દેખાતી, છેક ઉપલી તૂતક પરની 'લાઇફ બોટો' જોઈ કાલે એક બે વાર વિચાર આવેલોઃ બધું સહીસલામત ઠેઠ લગી રહેવાનું એની તો લગભગ ખાતરી. પણ ધારો કે કોઈ પ્રકારના અકસ્માતથી આ સ્ટીમરમાં ગાબડું પડે ને ડૂબવા લાગે તો હોડીમાં બેસતી વખતે હું આ સામાનનાં પાંચ છ વાનાંમાંથી શું શું ઝડપું? થેલી તો

ખરી જ; ને પેાટકામાંની આ ડાયરીની ચેાપડી; એમાંથી જ બીજી બે ત્રણ જરૂરી જેવી વસ્તુઓ—થેલીમાં સેરવાય તેવી. બાકીનું બધું કપડાં, બિસ્તરો, ફળેાના કંડિયા ને ફૂન્જે—અરબી સમુદ્રનાં મગર માછલાં ને બીજાં જળચરેાના ઉપભેાગ માટે ઊંડું ઊતરી જવા દેવું પડે....ટ્રેન નહિ પણ સ્ટીમરમાં જ ઊપડવું છે એમ નક્કી થયા પછી કરાંચીમાં જ એક કલ્પના-સ્વપ્ન એવું યે આવેલું કે ડૂબતી સ્ટીમરની તૂતક પર, લાઇફ બેાટમાં ઊતરવાની તક મળતાં લગી, સગાંવહાલાંને સંભારતેા ઊભેા છું, પણ ત્યાં ચં૦ એ ગ્રામેાફેાનમાં સંભળાવેલી, લડાઈ દરમિયાન 'ટેાર્પિડેા'થી ઘવાએલ સ્ટીમર પરના ૭૪મી હાઈલૅન્ડર્સ પલટણના પ્રસંગ વાળી તાસક અત્યારે યાદ આવે છે. એ લેાકેા કેટલા આનંદથી, ઉત્સાહભેર, ઘેર રહેલાં સ્ત્રી બાળકેાને ઈશ્વરાધીન ગણીને—અત્યાર લગી માનવી આપણેા દુશ્મન હતેા, હવે ઈશ્વરી (પ્રાકૃતિક ?) તત્ત્વેા દુશ્મન છે, અને તેની સામે પણ વીરતાથી જ લડશું, વણડગ્યા તેની સામે પણ ફૂચ કરશું ને ઝૂઝશું—આવી ભાવનાઓ હૃદયમાં ધારતા અને ઉચ્ચારતા, કેવા એ લેાકેા મેાતને ભેટી જીવનમુક્ત (જીવન્મુક્ત) થવા હતા ! આજે કેટલા હિંદીઓ હૈયે એવી અભયતાના ધારનાર છે ?

૭ વાગ્યે ઊઠીને નળે મેાં ધેાયું—તેમાં સ્વચ્છ પાણી ચેાવીસે કલાક આવે છે—ત્યારે તેા શિયાળાની જેમ દાંતની કચકચાટી ને હૃદયની ઝુન્જરી ચેાડી પળ ચાલુ રહી. મેાં કોરું કરી, શાલ પાછી ગળે વીંટી, એટલે કંઈક ફૂંફ મળી. પછી તેા સૂર્યેાદય પણ બેહકથી જરા જમણા હાથની ક્ષિતિજે થયેા.

વચ્ચે હું તાકીદ કરી આવેલ છતાં કલાક ડેાળા તણાવ્યા પછી સવા સાતે ચા આવી. પછી વીસેક મિનિટે ઊતારુઓ દઈ-લઈ રહેવાતાં સ્ટીમરે માંડવી છેાડ્યું.



લગભગ સાડા નવે એાખા, બારને સુમારે જમતેા'તેા ત્યારે દ્વારકા, ને પેાણા ચારે પેારબંદર. દ્વારકાકાંઠે મારી બેહકની લગભગ

સીધી લીટીમાં જ એક મંદિરનો શંકુઆકારી ઘૂમટ દેખાતો હતો. દ્વારકાનાથજીનાં (વધુ નહિ તો) એટલાં દર્શન કરતે કરતે પણ મેં ભોજન કર્યું છે, માટે તેથી હાંસલ થતા પુણ્યને ધ્યાનમાં લઈ એ હાકોરજી મહારાજ મારાં બધાં નહિ તો કેટલાંક શારીરિક ને આર્થિક દુઃખો કાપે તો સારું, અનેક વાર મને વિના કારણ નડતાં દુર્જનદુઃખો તો બધાં ય નિવારે તો સારું, એવી ઇચ્છા મનમાં થયા વગર રહી નહિ.

ઓખા બંદરથી માંડી પોરબંદર છોડ્યા પછી પણ, અત્યાર (સવા છ સાડા છ વાગ્યા) લગીના બે કલાક સુધી તો, રટીમરની ડાબી પાસ કિનારો જ દેખાયા કરે છે; એટલે અનંતતાના વિચારો કરવા હોય તો તે માટે મેં અને આંખને જમણી પાસ ફેરવવાં પડે. કિનારા પર આગલા ભાગમાં રેતાળ પટ, પછી સપાટ વગડાઉ પ્રદેશ, ઝાડપાન પણ જૂજ, એવી કાઠિયાવાડની ભૂમિ દેખાયા કરે છે. માત્ર પોરબંદર પહેલાં નાનો ડુંગર ને એ બંદરની પાછળ ઝાંખા વર્તાતા બરડાના ડુંગર: એટલી જ નોંધવા લાયક વિવિધતા.

બંદરોમાં આગલાં ત્રણ કરતાં પોરબંદર વધારે આકર્ષક લાગ્યું. એની ઓળખાણ એક ખારવાએ પેલા ચીનાને 'સુદામાપુરી' તરીકે આપી, ત્યારે મને વિચાર થયો કે ચીનો એ કૃષ્ણસખાની વાત જાણતો હશે ખરો? એના કરતાં તો 'ગાંધીજીની જન્મભૂમિ છે' એમ કહ્યું હોત તો બિચારાને વધુ રસ પડત. પણ ખારવો કદાચ એ હકીકતથી જ અજાણ હશે. હું વચ્ચે પડી શકયો હોત એ હકીકત જણાવવા; પણ એ રીતે ચીનાનું જ્ઞાન વધારવાની ઊર્મિ મારા અતડા દિલે કંઈ અનુભવી નહિ, એટલે મૂગો જ રહ્યો.

ચીનો છોકરો ગઈ કાલ રાતથી કોઈ તાજું નવું–નક્કોર ચીનાઈ માસિક વાંચતો ત્રણચાર વાર દેખાયો હતો. તેના પૂંઠા પર નીચેના ભાગમાં ચીનાણી બેઠેલી નજરે પડે છે – જુવાન ચીનાણી; ને તેનાથી સહેજ ઊંચી બેઠકે પણ બરાબર 'અડોઅડ કપોલ લાગી રહેલ' એવી દશામાં

છે તેનો આશક. આ જોઈ હું એક જાતની વિમાસણમાં પડ્યો. આમ કેમ? જુવાન ચીનને પણ પ્રેમચેષ્ટાઓ કરવાનું ને તેનાં વળી ચોપાનિયાં ચલાવવાનું ઘેલું હજી લાગેલું જ છે કે શું?...ત્યારે–એ હજી પૂરેપૂરું શૌર્યને પંથે પડ્યું જણાતું નથી...પણ ન કેમ પળે? પડ્યું હોવું જ જોઈએ. નહિ તો, આપણાં 'સૌરાષ્ટ્ર', 'ગાંડીવ' આદિમાં આપણે વારંવાર વાંચીએ છીએ કે ચીન–જુવાન ચીન–વિદ્યાર્થીઓનું ચીન - બસ દેશોદ્ધારમાં જ મશગૂલ બન્યું છે; એ એક જ લગનીમાં દિવસની ભૂખ ને રાતની ઊંઘ વિસારી બેઠું છે; – આવું બધું હર અઠવાડિયે છાપી છાપીને આપણી આંખે વંચાવાય છે, એ બધું ખોટું જ હરે ને? – પરાધીન દેશના તો કોઈ જ માનવ પ્રાણીએ નથી પ્રેમગોષ્ઠી કરવાની અને નથી ચોપાનિયું ચલાવવાનું. તેણે તો માનવ મટી, પ્રેમબેમ ટાળી, ચોપાનિયાં બાળી, કે...વળ દેશોદ્ધારક દેવ-પ્રાણીમાં જ પલટાઈ જવાનું છે. એ જ જો નવા જમાનાનાં વણબળ્યાં છાપાંચોપાનિયાંનો આદેશ છે, તો ચીનાઓ કાં હજી પ્રેમપ્યાસી જ રહ્યા?

☆

ગયાં પાંચસાત પાનાં સાંજના સવા પાંચથી પોણા સાત લગીમાં લખ્યાં. એ શરૂ કર્યાં પહેલાં બારવાઓના વડા જોડે થોડી વાત કરી. એ સૂરત જિલ્લાનો રહીશ અમેરિકા સિવાય આખી દુનિયા ફરી આવ્યો છે અને હમણાં છ મહિનાની ગિરમિટથી આ સ્ટીમર પર કામ કરે છે. તેણે મારો ધંધોધાપો ને વતન પૂછતાં તેને એ કહ્યાં. તેના જેવા અંગત ઇતિહાસમાં મને રસ પડેલો એનો અડધો પણ મારા ઇતિહાસમાં તેને પડ્યો લાગ્યો નહિ. કયાંથી પડે? જગત્પ્રવાસીને તો ભાવનગરી ચોપાનિયાચાલક પૃથ્વીને ભારે મારતું જંતુ જ લાગે.

પોણા સાતે પેલી તરફથી તૂતકે જઈ સૂર્યાસ્ત જોયો. સૂર્ય બરાબર ડૂબતો ન જોવાયો, કેમકે એ પળે તેનાથી ઊલટી એટલે કે ડાબી પાસ ભર દરિયે એક વહાણ ઝોલાં ખાતું આવતું હતું તેને જોવામાં આંખ

રોકાએલી. ત્યાં ઊભો હતો ત્યારે, મારી પુસ્તકપ્રકાશનપ્રવૃત્તિને અંગે એક જણની સાથે પડેલો ને હાલ બહુ ચુંથાતો વાંધો યાદ આવતાં, મન થયું ચિંતાતુર. એ ઘડી પહેલાં જ 'કોકિલા'ને વીસમે પ્રકરણે ટંકાએલી 'ચિત્ત! તું શીદ ને ચિંતા કરે?' એ પદની પહેલી બે લીટી તેથી ગાઈ ગયો. મને મારા પક્ષની નિર્દોષિતા માટે પૂરી ખાતરી છે; પણ 'કરવું હોય તે કરે' એવી શ્રી કૃષ્ણની આ દુનયામાં કેટલા બધા નિર્દોષો એ દેવે પોતાને જે કરવું હોય તે કરવાને લીધે, કે ખાસ જે કરવાનું તે ન કરવાને લીધે, માર્યા ગયા છે! એ પદ રચતી વખતે દયારામ માત્ર અનુપ્રાસની રમત નહિ રમતા હોય એમ સ્વીકારીએ તો પણ ચિંતાકાળે પણ નચિંત રહેવાની એમની શીખ અંશસત્યવાળી છે, પૂર્ણ સત્યથી ભરેલી નહિ, એમ મારા સરખાનો અનુભવ તો ઉચ્ચારે છે.

પછી ત્યાં જ ઊભે ઊભે, વાતાવરણ 'કવેતાઈ' હતું તેથી કે ગમે તેમ પણ, યાદ આવતાં ગયાં તેમ તેમ 'મારી હોડી ખરાબામાં તૂટી ગઈ,' 'ડોલી બહુ તારી કિસ્તી ભવસાગરને તોફાન,' પછી અનેક વાર મૂંઝવણ વખતે ગાએલું 'જય જય દીપક છે તૈયાર', ને ત્યાર પછી 'મધુરી'ની છેલ્લી ત્રણ કડીઓ: આ બધું છૂટે કંઠે ને હળવે હૈયે ગાયું એ થોડી પળો કોઈકિ જ વાર અનુભવાય છે તેવા સુખદ ભાવોભરી ગઈ—પણ એક વિક્ષેપ માફ, જે આખરે વિચ્છેદ નીવડ્યો એ અલ્પકાલીન સુખનો પણ. મારે હજી, ઉજાસ પહોંચે ત્યાં લગી, કુદરતને જ ખોળે લાડ્યા કરવું હતું, પણ મારા જેવા અ—ધરણીધરનું ધાર્યું કેટલી થોડી વાર આ દુનિયામાં થાય છે, પાર પડે છે!

—તા એ આખરે મને આઠ વાગ્યે છોડ્યો એટલે થોડી વાર, પહેલાં તો, આ તૂતકે આંટા માર્યા, પછી પેલી તરફને કઠેરે પણ થોડીક વાર ઊભી આવ્યો. ત્યાં તારાવૃંદને પ્રશ્નો પણ પૂછવાનું મન થાય તેવું વાતાવરણ હતું, એટલે પૂછ્યા: 'આ નાની નજીવી જિંદગીને ક્યાં દોરશો? ક્યાં લઈ જશો? તમારી કોઈ ખાસ સંભાળનું પાત્ર તો હું

નહિ હોઉં. કે છું ?' તુરત જ વિધાત્રીની જે કલ્પના ગયા થોડા દિવસથી મને આવ્યા કરે છે, તે મનોનયનમાં ઊગવા ને પછી તરવા લાગી... સ્ત્રીનાં બે સુવિશાલ ઉત્ફુલ્લ નયનો, પરમ ગંભીર પણ આર્દ્ર...બસ, બે નયનો જ દેખાય, અને એનું ધારનાર મુખ પ્રધાનપણે પ્રેમાળ હશે એમ જ લાગ્યા કરે, પ્રધાન ભાવ એ જ; બાકી, વિધાત્રીની ભાવના અને કૃત્યો સાથે જે કડકાઈ આપણે હમેશ સ્વાભાવિક રીતે અને અનિવાર્યપણે જોડીએ છીએ, તે એ નયનોની સ્થિરતામાં ને ગાંભીર્યમાં કેટલીક પ્રગટ થાય...આપણે જેને ક્રૂર દૈવ કે અદૃષ્ટ કહીએ છીએ તે આ જ ? કે આ તો પરમ દયામયની જ વિભૂતિનો સાક્ષાત્કાર ? અથવા સાક્ષાત્કાર નહિ તો ઝાંખી પણ ખરી જ ? કોણ કહી શકે ?

ગમે તેમ, પણ હાર્ડિના અંધ વિધાતા કરતાં તો બુદ્ધી જ આ શક્તિ છે. વિધાતા ઘણી યે વાર અંધ લાગે છે તેની ના નહિ. તેની એવી કલ્પના જે અનુભવોમાંથી ઊગતી હશે તેનાથી હું વંચિત હોઉં, તેથી જ દૃષ્ટિવાન વિધાતા મારાથી કલ્પાતો હોય એમ પણ બને. પણ વિધાતાની મંગલ આશિષ અનેક વાર પામેલો હું—અને તે પ્રાપ્તિ કેવળ હૃદયમાં એક ભાવ તરીકે નહિ પણ પ્રત્યક્ષ દુઃખનિવારણો, સહાયતાઓ આદિને રૂપે થએલી—એવો હું કયી જીભે (હાર્ડિની માફક) કહું કે વિધાતાને આપણાં દુઃખો જોવાની આંખ જ નથી ? તેણે તો એક વાર સૃષ્ટિ રચતાં રચી દીધી, ને પછી અનંત કાળને માટે આંખો બીડી લીધી...આવું કશું હું કેમ કહું ? જે મુસીબતોને મેં મારી પાસે ને પાસે પ્રતિપળ આવ્યા કરતી અનુભવી હોય તેને એ દૈવી શક્તિએ બરાબર અણીને સમયે એટલી બધી વાર ટાળી નાખી છે; મારી જેવી તેવી, પાંગળી સરખી પણ, પ્રગતિને માટે માર્ગ ફરીફરીને એવો મોકળો, સરળ નહિ તો અલ્પાયાસ જેવો જ, કરી આપ્યો છે કે કાલ્વિન કે કિચનર કે નેપોલિયન જેવાના બાબમાં બનેલું તેમ મારી જાતને ભલે નાનકડા માપનો પણ 'મૅન ઑફ ડેસ્ટિનિ' માનવાની મને ટેવ—જે પરિણામે કદાચ કુટેવ પણ હશે, નર્યું મિથ્યા-

ભિમાને નીવડે તે – પડતી જાય છે. એ ટેવને બળે જ રીતસરની નોકરી. લઈ બીજા બધાઓ કરે છે તેવું કુટુંબપોષણ કરવું એને જ જીવનધ્યેય. બનાવવાને બદલે, હજી યે મારાં વિચિત્ર સરખાં દેશકાળવિરોધી સાહસોને જ ધપાવ્યે રાખવાની વૃત્તિ કેટલીક વાર થયા કરે છે.

૯-૩૫ થઈ છે. મારા નવા સાથી તો ખુલ્લા હાથે ને ઉઘાડા હોઠે આ મારાથી ચારપાંચ હાથ દૂર ઘોરે. મારે સૂવાને હજી વાર છે. હજી તો, નિંદર આવતી થાય ત્યાં લગી, તૂતકો પર ભમ્યા કરવું છે; તારાદર્શન પણ બને એટલું કર્યા જ કરવું છે. એમની જોડેની આવી વસ્લની રાત આ છેલ્લી જ. કોને ખબર કે ફરીથી આવી સફર કોઈ દહાડો કરીશ કે નહિ કરું!

☆

પ્રાંશુલભ્ય ફૂલ

વિશ્વનાથ ભગનલાલ ભટ્ટ

(૧૮૯૮ –)

'ઊગતું સાહિત્ય'ના ભાષકનો અભિપ્રાય હવે ફરી ગયો છે. જે સૂઝે તે બેધડક લખી નાખવાની તે વખતે સલાહ આપનાર પુરુષ આજે હૃદયાદેશને અનુસરી વિવેચન કરનારથી ફફડી ઊઠ્યા છે. કારણ ખુલ્લું છે. હમણાં હમણાંનું વિવેચન જરા બંડખોર અને બેપરવા બનતું જાય છે. બંડ અને બેપરવાઈના એમના જેવા ઈજારદાર આ બાબતોમાં બીજા કોઈ એમની સાથે જાણે ભાગ પડાવવા આવે એ કેમ સાંખી શકે? અને એથી યે મોટું દુઃખ તો આ છે કે એમની અસાધારણ બુદ્ધિ, નિઃસ્વાર્થ સેવાભાવના તથા તેજસ્વી ઉદ્દયસ્વપ્નો એ બધાંનો વિચાર કર્યા વિના – એ કશાથી અંજાયા વિના સાચી વાત કહી દેનારાઓની સંખ્યા દહાડે દહાડે વધતી જાય છે. એકચકવે રાજ્ય કરવાના મહેચ્છુને એવી ઉદ્ધતાઈ કેવી રીતે પાલવે? આ ફેરફારમાં એક બીજી હકીકતનો પણ કદાચ હાથ હોય. બેચાર ઠેકડા મારી જોયા છતાં કંઈ નહિ વળવાથી વિવેચનની દ્રાક્ષ કદાચ એમને ખાટી લાગી હોય. પણ જો એમ હોય તો તેમાં કોઈ શું કરે? વિવેચન તો પ્રાંશુલભ્ય ફલ છે. અનન્ય નિષ્ઠા, અવિરત ઉદ્યોગ, ખંતીલી શોધ, દીર્ઘ ચિન્તન, અને નિર્મળ દૃષ્ટિ એ બધી સામગ્રીવાળો પૃથુપાણિ પુરુષ જ એને ગ્રહી શકે. ક્ષણિક ચાપલ્યથી રાચતા અને ત્વરિત વ્યાપ્તિથી ફૂદતા અસ્થિર વામનોનું એમાં શું ગજું?

પ્રવાહપતિત સાહિત્યકાર પ્રમાણિક હોય તો પણ તટસ્થ વિવેચક વિશે બોલવા બેસે ત્યારે એને હાથે થોડોઘણો અન્યાય થયા વિના તો જવલ્લે જ રહે છે. એમાં યે એના કથન પાછળ કોઈ ચોક્કસ બદદાનત

હોય ત્યારે તો પછી પૂછવું જ શું ? વિવેચન સામેના એકાદ બે કટુ આક્ષેપોનો પરિહાર અનિવાર્ય ન હોત તો જેની એવી દાનત સ્પષ્ટપણે વરતાઈ આવે છે એ 'રસાસ્વાદનો અધિકાર' નામે સંસદ્‌વ્યાખ્યાનનો આંહીં ઉલ્લેખ પણ ન કરત.

વિવેચકનું કાર્ય જ્યારે પોતાને અણગમતું રૂપ પકડે છે, ત્યારે તેની પ્રતિષ્ઠા તોડવામાં સર્જનલક્ષી લેખકને સ્વાર્થ દેખાય છે, તેથી જેમ તેમ કરતાં તેનું મહત્ત્વ ઘટે એવાં નિમિત્તોને માટે એ ફાંફાં માર્યા કરે છે. વિવેચક સર્જક નથી એ આક્ષેપ આવી અધમ સ્વાર્થપરાયણતામાંથી જન્મ્યો છે. એ આક્ષેપ સાવ ખોટો ન હોય તો પણ એ ઉપરથી વિવેચનની નિરર્થકતા સૂચિત કરવાનો જે ગર્ભિત આશય એમાં રહેલો છે તે તો જરૂર ખોટો જ છે. વિવેચક કાવ્યકાર કે વાર્તાકાર જેટલો સર્જક નથી એ ઘડીભર ધારી લઈએ તો પણ એ કારણે કંઈ એવા સર્જકોથી એ ઓછા ખપનો ઠરતો નથી. ખરી રીતે તો મેથ્યુ આર્નોલ્ડે વીગતવાર ચર્ચા કરીને બતાવ્યું છે તેમ વિવેચન–જીવનવિવેચન–વિના સર્વાંગસંપૂર્ણ ચિરંજીવ સર્જન સંભવતું જ નથી. કેમકે આવા સર્જનને માટે ઉત્તમ વિચારોથી પરિપ્લુત વાતાવરણની અપેક્ષા રહે છે, અને એવું વાતાવરણ જમાવવું એ સર્જકની નહિ પણ વિવેચકની શક્તિનું કામ છે. જીવનના ક્ષેત્રેક્ષેત્રમાં ઘૂમી પૃથક્કરણ વ્યાપાર દ્વારા સર્વ કચરોકાંકરી ચાળી નાખી સાફ કરેલી શ્રેષ્ઠ વિચારસામગ્રી વિવેચક જ્યારે રજૂ કરે છે, ત્યારે પછી સર્જક એનાથી મુગ્ધ બનીને એને ઉપાડી લે છે અને એમાંથી અપૂર્વ સૌંદર્યયુક્ત અમર ઘાટ ઘડે છે. એટલે સર્જક જે દિવ્ય સૃષ્ટિ ખડી કરે છે તેના ઉપાદાનને માટે તો એ વિવેચકનો જ ઋણી હોય છે. અને એ જોતાં સાહિત્યસમૃદ્ધિમાં વિવેચનનો ફાળો કંઈ નાનોસૂનો ન ગણાય. આપણી વર્ણવ્યવસ્થાની પરિભાષામાં બોલીએ તો વિવેચક અને સર્જક વચ્ચેનો સંબંધ અને સાહિત્યમાં એમનું સ્થાન બ્રાહ્મણ અને વૈશ્યનાં જેવાં છે. વૈશ્યો ધાન્ય પેદા કરે છે અને ધન રળે છે; છતાં એમને કેળવનાર અને દોરવનાર

તો નિષ્કિંચન બ્રાહ્મણો હોય છે. એમના પાકને કેવી રીતે ઊંચી કોટિનો બનાવવો અને એમની કમાણીમાં કેમ વધારો કરવો એનું શિક્ષણ એ વંદ્ય ગણાતા વિદ્વાનોને હાથે જ મળે છે. એટલે વિદ્વાન બ્રાહ્મણને 'તું બેડૂત – વૈશ્ય – નથી' એમ કહેવામાં જેવા અમુધવેડા છે, તેવા જ વિવેચકને 'તું સર્જક નથી' એમ કહેવામાં પણ છે.

પણ સર્જક સાહિત્ય અને વિવેચક સાહિત્ય વચ્ચે માની લેવામાં આવે છે એટલો મોટો ભેદ વસ્તુતઃ છે ખરો? ક્ષણમાં ઊપજીને વિલય પામી જતા કોકિલટુહૂકારે જગાવેલી ઊર્મિઓનો આવિષ્કાર જો સર્જન કહેવાય તો પછી કવિકોકિલના અમર કાવ્યટુહૂકારે જગાવેલી ઊર્મિઓનો આવિષ્કાર પણ શા માટે સર્જન નહિ? ચન્દ્રકાસ્નાનથી પ્રફુલ્લ બનેલા હૃદયનું ગાન જો સર્જન, તો પછી 'શાકુન્તલ' કે 'કાદમ્બરી'ની સૌન્દર્યચન્દ્રિકાથી પ્રફુલ્લ બનેલા હૃદયના ઉદ્‌ગારો પણ કેમ નહિ? અને કવિવર રવીન્દ્રનાથ ઠાકુરે 'પ્રાચીન સાહિત્ય'માં સુભગ વાણીમાં ઠાલવેલા આવા ઉદ્‌ગારો એમની અન્ય કૃતિઓના જેવા જ સર્જક નથી એમ કોણ કહી શકશે? આપણા જ સાહિત્યમાં 'મામેરા'નું નાનકડું, રસભર્યું વિવેચન લખનાર નવલરામ પ્રેમાનન્દનો જ જાતભાઈ નહોતો એમ કોણ કહી શકશે? રામ, અર્જુન, કે એકિલિઝના સંગ્રામ વિજયમાં જેટલું પરાક્રમ અને તેથી જીવન વસેલું છે, તેટલું જ વાલ્મીકિ વ્યાસ કે હોમરના અદ્‌ભુત વાણીવિજયમાં પણ શું નથી વસેલું? તો પછી સ્થૂલ પરાક્રમને મૂર્ત કરતી કલા જો સર્જક તો એથી પણ કપરા એવા સૂક્ષ્મ પરાક્રમને મૂર્ત કરતી કલા કયી રીતે એથી ઊતરતી કહી શકાય? આથી અધ્યાપક હડસનના શબ્દોમાં કહીએ તો સાચું વિવેચન પણ જીવનમાંથી જ વસ્તુ અને પ્રેરણા મેળવે છે, એટલે પોતાની વિશેષ રીતે તે પણ સર્જક જ છે,

સમકાલીન વિવેચન સદા ખોટું જ હોય, નિકટના સાહિત્યકારને એ કદી ન્યાય આપી શકે જ નહિ, એ વાદનાં મૂળ પણ અળખામણા લાગતા વિવેચનને હલકું પાડી આત્મરક્ષણ કરવાની વૃત્તિમાં જ રહેલાં

છે. બાકી નિષ્કામ દૃષ્ટિને તો એ વાદનું સમર્થન કરે એવું કંઈયે અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં દેખાતું નથી. એને તો આપણા વિવેચનનો ઇતિહાસ પહેલેથી જ એકધારી ન્યાયશીલતાના નમૂનારૂપ લાગે છે. ઉદાહરણ તરીકે, 'કરણઘેલો', 'કાન્તા' અને 'અંધેરીનગરીનો ગંધર્વસેન' એ ત્રણે કૃતિઓના જે જે દોષો નવલરામે તત્કાલ દર્શાવેલા તેમાંનો એક પણ મિથ્યા હતો એમ આજ ચાળીસ વર્ષ વીત્યાં છતાં કોઈ તટસ્થ સહૃદય તો નહિ કહી શકે. દલપતરામ કે 'મારી મજેહ'ની રચનાઓ તરફ રા રમણભાઈએ પાંત્રીસચાળીસ વર્ષ ઉપર જે વલણ બતાવેલું તે ખોટું હતું એમ કોઈ વિવેકી સાહિત્યપરીક્ષકને તો અત્યારે પણ નહિ લાગે. અને 'ઉત્તર રામચરિત'નું ભાષાન્તર કે 'વિલાસિકા' જેવાં પુસ્તકોનાં રા. નરસિંહરાવનાં અવલોકનો સામે બહુ બહુ તો આકરો કસોટી કર્યાની જ ફરિયાદ થઈ શકે, પણ અન્યાયનો આક્ષેપ તો કોઈ નિષ્પક્ષપાત રસિક નહિ મૂકી શકે. પણ બીજાની વાત શા માટે કરવી? રા. મુનશીની જ દસ વર્ષની કારકિર્દી ગુજરાતી વિવેચકોની ન્યાયવૃત્તિ પુરવાર કરવાને બસ નથી? ગુજરાતના વિવેચકો જો ન્યાયી ન હોત તો એમને જ (વિવેચકોને જ) યથેચ્છ ઝૂડવા જેટલી પ્રતિષ્ઠા રા. મુનશીને કોણ અપાવત?

આ પ્રમાણે સમકાલીન વિવેચન અન્યાયી જ હોય એ વાદ ખોટો છે. એ વાદમાં જે કાંઈ તથ્ય હોય તો તે એટલું જ કે જ્યાં સુધી કોઈ પણ સાહિત્યકારનું લેખનકાર્ય સમાપ્ત થયું ન હોય, એ લેખનકાર્ય કેવી પરિસ્થિતિ વચ્ચે શાની પ્રેરકતાથી થયું તેની સંપૂર્ણ વીગતો જણાઈ ન હોય, એનું જીવન જે વિવિધ દશાઓમાં સંક્રમણ કરીને જુદી જુદી અસરો નીચે ઘડાયું હોય તે પૂરેપૂરી માલૂમ પડી ન હોય, અને એ બધાનું અન્વેષણ કરી એના યુગમાં એનું સ્થાન નિર્ણીત કરી શકાય – સ્થાનનિર્ણય માટે જોઈતું યથાર્થદર્શન શક્ય બને – તેટલો ગાળો પસાર થયો ન હોય ત્યાં સુધી જે અભિપ્રાયો આપવામાં આવે તેમાં પુનરીક્ષણ અને પરિવર્તનને માટે હમેશાં અવકાશ રહે છે, એટલે એવો અભિપ્રાય

કદી અન્તિમતાનો દાવો ન કરી શકે. પણ આમ અન્તિમ મત ન આપી શકે એમાં એનો શો દોષ? જ્યાં સાધનો જ મર્યાદિત અને એ મર્યાદિતતા કોટિ ઉપાયે પણ ટાળવી અશક્ય, ત્યાં કોઈ શું કરે?

પણ વિવેચક ઉપર આવા આક્ષેપ સદૈવ થયા જ કરવાના. ગમે તેટલી કર્તવ્યબુદ્ધિથી શુદ્ધ ભાવે એ પોતાનું કામ કરવાનો, તો પણ એના સંબંધમાં નિરન્તર અસન્તોષ રહેવાનો જ. એનું ક્ષેત્ર જ મતભેદનું, અને જેના જેનાથી એનો મત જુદો પડવાનો તે બધા એને દુશ્મન ગણવાના. સૌ એની પાસેથી ઉદારતાની આશા રાખવાના, બધા એની પાસે સમભાવની માગણી કરવાના, સઘળા એને તાટસ્થ્યનો બોધ આપવાના, પણ એ બધાનો દસમો ભાગ પણ એના પોતાના તરફ કોઈ બતાવવાનું નહિ. એના એકેએક વચનમાં હેતુનું આરોપણ થવાનું; એ કંઈ યે લખે તો હિન્દુને ચડાવવા કે પારસીને ઉતારી પાડવા, મિત્રને આગળ લાવવા કે શત્રુને પાછળ પાડવા; ઉદ્દેશનિરપેક્ષ એક પણ મત ઉચ્ચારવાની એનામાં તાકાત જ શી? સાહિત્યની દુનિયામાં એનું નામ જ અળખામણું. જોડકણાં જોડનારો પણ ત્યાં કવિ કહેવાય અને વસ્તુવિધાન કે પાત્રાલેખનના ભાન વિના ગપ્પાં હાંકનારે ત્યાં નવલકથાકારનું મોટું નામ મેળવે, પણ ગમે તેટલી સફળ રીતે વિવેચન કરનારને તો એમાં નિષ્ફળ ગ્રન્થકાર કે સર્જનશક્તિહીન લેખકનો જ ઇલકાબ મળવાનો.

સાહિત્યપ્રદેશનો કોઈ ગાઝી (ધર્મયોદ્ધો) હોય તો તે, એની શુદ્ધિ સમૃદ્ધિ અને સુન્દરતા માટે આવી અનેક વિટંબણાઓ સહન કરી અવિરત તપ કરતો, વિવેચક છે. કોઈ પણ જાતની લાલચમાં લપટાયા વિના કે ડરામણીથી દબાયા વિના નગ્ન સત્યનું કથન કરવું એ એનું વ્રત છે.ઉત્કૃષ્ટતાના શુદ્ધ નિરપેક્ષ આદર્શને જ એ વળગી રહે છે, અને જ્યાં સાહિત્યકાર આત્મકૃતિથી મુગ્ધ થઈ અકારણ કૃતકૃત્યતા અનુભવવા જતો હોય ત્યાં એની પાસે પહોંચી જઈ સોક્રેટિસની પેઠે

એની પરીક્ષા દ્વારા એની અપૂર્ણતા દેખાડી દેવી અને એ રીતે પ્રગતિની રૂચમાં તેને આગળ ધકેલવો એ એનો રોજનો વ્યાપાર છે. સૌન્દર્યના સ્વર્ગીય પક્ષીની શોધમાં નીકળી પડનારાઓ જ્યારે ભ્રમણોમાં એના પીંછામાત્રથી તૃપ્ત થઈ જાય છે, ત્યારે એમને ઢંઢોળીને સમજાવવું કે એ કંઈ દિવ્ય પક્ષી નથી પણ કેવળ પીંછું જ છે એ એની કડવી ફરજ છે. આવી કડવી ફરજ બજાવનારા ગાઝી આપણા સાહિત્યમાં હજુ વિરલ જ છે. બધા એવા ગાઝી ન થઈ શકે ત્યાં સુધી તેમનો કોઈ સાહિત્યકારબન્ધુ દબાવવા આવે તો એટલી જ પ્રાર્થના કરવાની રહે છે કે :—

यो मे राजन्युज्यो वा सखा वा स्वप्ने भयं भोरवे मह्यमाह ।
स्तेनो वा यो दिप्सति नो वृको वा त्वं तस्माद्वरुण पाह्यस्मान् ॥

હે રાજન્, નિદ્રામાં છળી ઊઠેલા મને મારો જે કોઈ સંબન્ધી કે મિત્ર ભયજનક વચનો કહે છે, અથવા જે કોઈ ચોર કે વરુ મારી હિંસા કરવા માગે છે, તે બધાંથી, હે વરુણ, તું અમારું રક્ષણ કર.

—ઋગ્વેદ, ૨,૨૮,૧૦.

☆

સૌન્દર્યની ઉપાસના

વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી
(૧૮૯૯-)

આનન્દના આધારરૂપ સૌન્દર્યોદધિ અગાધ અને અનન્ત છે. ઠેરઠેર નજરે ચઢતાં વિરૂપતા, કલહ, યુદ્ધ ને શિકાર જોતાં વિશ્વ સમસ્ત સૌન્દર્ય જ છે એમ બુદ્ધિ માનતી નથી. પણ આપણી શક્તિઓ અતિ પરિમિત છે. વિશ્વ સમસ્ત સૌન્દર્ય જ હોય એ પણ સંભવિત, પણ તે વિશે વિશ્વાસ નથી. પરંતુ કેવલ ઇન્દ્રિયગોચર સૌન્દર્ય પણ અપર્યાપ્ત છે. આપણા મરજાદીઓને માન આપી સ્ત્રીસૌન્દર્ય બાતલ રાખીએ તો પણ મનુષ્યજીવન અને સૌન્દર્યનો સંબંધ દેહદેહી જેવો અપરિહાર્ય છે, એટલું જ નહીં, હવા જેટલો તે આવશ્યક છે. જેણે મોર અને સન્ધ્યાને રંગ આપ્યા, પૃથ્વીને ગંધવતી કીધી, પર્વત અને સમુદ્રની ભવ્ય રેખાઓ જેણે કોતરી તે શક્તિએ તેમ કરવામાં અનેક અજ્ઞાત હેતુઓમાં મનુષ્યનું જીવન ટકાવવા ને ઉન્નત કરવાનો હેતુ રાખ્યો હશે. સૌન્દર્ય અને મનુષ્યનો સંબંધ જે કુદરતી છે તે, બીજા અનેક પ્રાકૃતિક અને આગન્તુક સંબંધોમાં મનુષ્ય કરે છે તેમ, કેળવી શકાય છે, અને એમ કેળવનારને લોક કવિજન કહે છે. ભક્તજન પ્રભુદર્શનની ભૂખે રામનામના જપની, અર્જુનની કસરત કરે છે તેમ સૌન્દર્યદર્શનનો ભૂખ્યો સંગીતકાર, કવિ, કે કલાકાર રૂપ ઘડવા આલાપ આદિની જાણીબૂઝીને કસરત કરે છે, નથી કરતો તોય વારંવાર કસરત કરતો લાગે છે; પણ તે વ્યાપાર ધ્યેયે પહોંચવાનું અનુષંગી કર્તવ્ય છે. સિદ્ધિની ગમે તે કક્ષાએ સાધનને લક્ષ્ય માનવાની ભૂલ સૌન્દર્યદર્શી કરે; અલ્પ સિદ્ધિનો દુરુપયોગ કરી, અભિમાને કરી પડે; પણ એવાં

પતન ને દુરુપયોગ ભક્તનાં પણ કયાં અજ્ઞાણ્યાં છે !

તમે ગાઓ છો, મને નથી ગાતાં આવડતું તો ય ગાઉં છું; તમે સુન્દરી નથી, તમે કરાલ મુખાકૃતિવાળા પણ મશહૂર ગવૈયા મહમ્મદ વિલાયતહુસેન છો, તો ય ગાઓ છો ત્યારે હું ગાઉં છું. બાળક નાચે ત્યારે પથારીમાં પડ્યા પડ્યા પણ નચાય. પોપટના હલનચલનનું લાલિત્ય અને નરકપોતની સંવનનલીલા આપણા અંગવિન્યાસમાં સુડોળ આણે છે. યુરોપી સુન્દરીની ચાલ પંખિણી જેવી હોય છે, અહીં કેટલીક ઢંગ વગર ચાલે છે, તો ઘણી ગજગામિનીઓ પણ હોય છે. આસપાસના વાતાવરણનાં સૌન્દર્યતત્ત્વો આપણી ઇચ્છાઅનિચ્છાએ આપણને વશ કરે છે. સૂર્ય, આકાશ, વાયુ, જલાદિ આપણા જીવનને આવશ્યક છે તેમ તેમના વડે ઉદ્ભવતું સૌન્દર્ય પણ આપણા જીવનનું જીવન છે. નિશાચર પશુ પંખી ને માણસો આહાર આદિની શોધમાં, વૃક્ષ અને પ્રાસાદો પણ ઊંઘી જાય ત્યારે, જાગે છે એ ખરું; પણ શિકારની શોધમાં છુપાતું છુપાતું નહીં રહેતું ને નહીં ફરતું જગત તો સૂર્ય આથમતાં નિદ્રાની તૈયારી કરે છે. હું સૂઈ જાઉં છું ત્યારે હું જ સૂઈ નથી જતો. પાસેના ઘરમાં મારો મિત્ર પણ સૂઈ ગયો છે; પાસેના સાહેબનો કૂતરો સજાગરુ રહેતો છતો ઊંઘવા માંડે છે, છાપરા પરની કાબર ઊંઘે છે; વેલનાં ફૂલ ટૂંટિયું વાળી કુદરતને ખોળે સંપૂર્ણ શ્રદ્ધાથી પડ્યાં પડ્યાં ઘોરે છે. આ હકીકત ખરું જોતાં કેટલી અદ્ભુત છે ! સૂર્ય આથમતાં દીવાલો પડી નથી જતી, પર્વતો નથી ગબડતા, પણ તમે અને આ ફૂલ કેમ ઊંઘી જતાં હશો ?

માનવ લાઇબ્રિનઝનું બારી વગરનું અણુ નથી. એના જીવનને વીંટી લેતા આ સમભાવતંતુ દ્વારા જ સૌન્દર્યની દૃષ્ટિ તેની ઊઘડે છે. જેમણે જીવન આપ્યું તે સૂર્ય અને અવકાશમાં રમતાં તત્ત્વો આકાશમાં રંગ પૂરે છે; વાયુ પ્રાણ છે, પણ ઝાડના ડોળ ને પર્વતોનાં પાસાં તે ઘડે છે; ઘસારાભેર વહેતી નદી, ખેતરોને સમૃદ્ધ કરતી, રેતીરજને ભેગી કરી ઘસીઘસી આરસ બનાવે છે. પર્વત પરથી જ પથ્થર ફોડી લાવી

પુરુષે પર્વત જેવા ગગનચુમ્મી મિનારા રચ્યા; વૃક્ષઘાટ જોઈ તેણે મંદિરના ઘુમ્મટ ચણ્યા; થડ જેવા પ્રાસાદસ્તંભ ઊભા કર્યા; કર્ણિકાર જોઈ જલપાત્ર નિપજાવ્યાં; વેલ જોઈ વસ્ત્ર પર ભાત પાડી. ભારતનો રંગનો, સુવર્ણરજતના ભરતનો, દેવમંદિર અને રાજમહેલમાં દેખાતા તેના ઝળાં ઝળાં કરતા આડમ્બરનો શોખ તેના સૂર્યચન્દ્રમાંથી ઊતર્યો છે. અગણિત તારકથી મઢેલા ગગનમાંથી ચંદની વરસતી હોય ત્યારે ચંપા-રંગનું, તારાટપકી જડિત, ઝુટ્ટાદાર પાલવની આકાશગંગાવાળું અંબર ઓઢી પતિગૃહે સરતી રમણી તેની ભૂમિકામાં ભળી જાય છે. તેના પ્રકૃતિઘરમાંનું તે કુદરતી સર્જન છે.

હાસ્ય તંદુરસ્તી વધારે છે ને નૃત્ય મોહક છે, તથૈવ આકર્ષક મુખ હાસ્યથી સુન્દર બને છે, ને નૃત્યથી શક્તિ વધે છે. કલાવ્યાપાર દિવ્ય આત્મસંતોષ આપવા ઉપરાંત કલાકારનું સ્વાસ્થ્ય વધારે જ. કલાને નામે મનુષ્યો અધમ થાય છે, ભ્રષ્ટ થાય છે; અનાચારના લપસણા કર્દમમાં ખૂંપતા, જીવતા નરકમાં ઊતરી પડે છે; ખરું; તો ધર્મને નામે નિર્દોષો ઉપર બળાત્કાર અને લોહી વહેતાં અગણિત યુદ્ધો થયાં છે. કલાએ ધર્મને ભ્રષ્ટ કર્યો છે, તો ધર્મે કલાને કેદ કરી, તેની સમક્ષ તેના પ્રિય સર્જનને પગ તળે કચરી, ધાકમાં ને ધાકમાં વિકસવા જ નથી દીધી. ધર્મના ખરા સ્વરૂપની અણસમજથી તેને નામે માનવતા સામે, સ્ત્રીત્વ સામે, અત્યાચાર થયા છે, તેવી રીતે કલાની અણસમજથી કોઈ કોઈ કલાકારો ભ્રષ્ટ થયા હશે અને તેમના જમાનાએ નીતિનાં સનાતન ધોરણો ઢીલાં મૂકયાં હશે.

તાત્પર્ય કે કલા ધર્મ જેટલી જ શુચિ છે અને તેને મનુષ્ય-જીવનમાં સ્થાન પામવા ને સાચવવા વધુ નહિ તો ધર્મ જેટલો તો હક છે. આ 'વધુ નહિ તો' સપ્રયોજન ને સાર્થ છે, કેમ કે કલા ધર્મની માતા છે, તેની મોટી બહેન છે. નરસિંહરાવે ધર્મના અંકુરો બાળકમાં સહજ હોય છે તે વિષે એક બનાવ વર્ણવ્યો છે, પણ તેથી ધાર્મિક લાગણી એટલી બધી સહજ હોય એવી શ્રદ્ધા બેસતી નથી. એવા દાખલા અપવાદરૂપ લેખાય. પરંતુ કલા, કલ્પનાવ્યાપાર, બાળકમાં

અમુક અવિકસિત રૂપમાં સાહજિક છે. એની અનેક કવિઓનાં નાનપણનાં જોડકણાં પરથી પ્રતીતિ થશે. લાકડીના ઘોડા ને રેતીનાં દહેરાં ઉપરનો બાળકનો કલ્પનાજન્ય વિશ્વાસ આંગણે આંગણે દેખાય છે. અને છતાં ખરા ઘોડા અને લાકડીના ઘોડાનો ભેદ બાળક નથી સમજતું એમ નથી. લાકડીના ઘોડાની નાટકી દુનિયામાં રહેવું તેને ગમે છે. સુથારનું પાટિયું વહેરવાની છીણી જોઈ, તે ઘાટની દેવદારની છીણી કરાવી, બેન્ચને વહેરતો એક બાળ બેન્ચ (પાટલી) વહેરાય જ છે એમ ગઈ કાલે જ મનાવતો હતો. તેને ખરી છીણી આપી હોત તો લાકડું કાપવા તે તત્પર થાય ને હાથ કાપે અવશ્ય, પણ ખરીને અભાવે બોટીને સાચી છીણી માનવાની શક્તિ બાળકની અપાર છે. ધર્મહીન ને રાજ્યવ્યવસ્થા વિનાના વનૌકસોમાં કવિતા ને નૃત્ય વિકસેલાં જણાય છે. અંતર્યામી ને સર્વવ્યાપી બ્રહ્મની ઋષિએ કલ્પના કરી તે પહેલાં ઉષાનું સૌન્દર્ય ઋચામાં તેણે ઉતાર્યું હતું:

एषा व्येनी भवति द्विवर्हा आविष्कृण्वाना तन्वं पुरस्तात् ।
ऋतस्य पंथामन्वेति साधु प्रजानतीव न दिशो मिनाति ॥
एषा शुभ्रा न तन्वो विदाना ऊर्ध्वैव स्नाती दृशये नो अस्थात् ।
अप द्वेषो बाधमाना तमांसि उषा दिवो दुहिता ज्योतिषागात् ॥

કલ્પનાથી સૌન્દર્ય ગાતા ઋષિને એની કલ્પનાપ્રવૃત્તિમાં કેવલ પોતાની પામર શક્તિઓથી ન ઉપજાવી શકાય એવું સામર્થ્ય લાગવાથી પોતાથી ભિન્ન એવી સત્તાની જ પ્રવૃત્તિ દેખાઈ; પોતે તો જાણે વાદ્ય હોય અને કોઈ બીજી જ સત્તા તેમાંથી સૂર ઉપજાવતી હોય એમ તેને લાગ્યું–દરેક મનઃપૂત સમાચરનાર પયગમ્બરને, સાધુ પુરુષને, દરેક એકચિત્ત કલાકારને આમ કવચિત્ કવચિત્ લાગે છે–અને તેથી સૌન્દર્યવિષય પડતો મૂકી જે શક્તિથી પોતે નિમિત્ત જેવો બની સુન્દરતા નિપજાવતો હતો તેનો જ વિચાર કરવો તેણે શરૂ કર્યોઃ केनेषितं पतति प्रेषितं मनः ? અને આમ સૌન્દર્યઉપાસનામાંથી ધર્મ ઉદ્ભવ્યો. હિન્દુ ધર્મના ઉદયની આ રેખા સર્વાંશે સાચી નહીં હોય, પણ તેથી, સૌન્દર્યની ઉપાસના

અને નિરૂપણમાંથી માનવે ધર્મ - Religion – તરફ આપોઆપ ગતિ કરી એ માન્યતાને બાધ આવતો નથી.

સૌન્દર્યની ઉપાસના ધર્મપ્રેરક નીવડી અને નીવડે. કલા ધર્મની માતા જ નથી, તેને જીવંત રાખતી અમર સંજીવની છે. હું પુષ્ટિમાર્ગી વૈષ્ણવ નથી, પણ સાયંકાળે તેમના મંદિરે જઉં તો ત્યાં વહેતા સંગીતથી મુગ્ધ થાઉં અને અદ્‌ભુત સંવેદનો અનુભવું. ખ્રિસ્તી ધર્મનાં વેનિસ આદિનાં ભવ્ય પ્રાર્થનામંદિરનાં રસ્કિનનાં વર્ણનો વાંચતાં ધાર્મિક લાગણીઓ ઉદ્‌ભવે ને સંતોષાય છે. બાઇબલ કરતાં બૉટિચેલ્લી, રાફેલ, એન્જેલો આદિની કલાકૃતિઓથી ખ્રિસ્તી ધર્મ વધુ જીવંત રહ્યો છે; તેના સિદ્ધાંતો કરતાં નરસિંહ, સૂરદાસ, મીરાં વગેરેથી વૈષ્ણવ પંથ વધુ પ્રાણવંતો છે; અને પંથ ઉપપંથને વ્યાપી રહેતો ગગન જેવો આપણો હિન્દુધર્મ યુગે યુગે ભગવદ્‌ગીતા અને ઉપનિષદની કવિતામાંથી નવો અવતાર પામે છે. કલા આ વસ્તુ પોતાની જાતને સંપૂર્ણ પ્રમાણિક રહીને સાધી શકે. બાળક રમે છે તેમાં તેનો તંદુરસ્તી જાળવવાનો હેતુ નથી. પણ રમતથી સ્વાસ્થ્ય જળવાય ને શરીર કસાય છે. નદી વહે છે તેમાં ખેતરો પોષવાનો તેનો હેતુ નથી; તે તેનું સ્વભાવજન્ય કામ કરે છે અને ખેતરો પોષાય છે.

ધર્મતત્ત્વ યોગીને અનુભવગમ્ય છે; બીજા માટે તો એ બોલે તે પ્રમાણ ગણી, તેમાં શ્રદ્ધા રાખી, જેવું સમજાય તેવું સમજવાનું છે. એ તત્ત્વ એવડું સૂક્ષ્મ છે કે યોગી પણ અનુભવની ભૂમિકામાંથી ઊતરી, બીજાને એ સમજાવવા મથે ત્યારે રૂપકો અને નકારાત્મક વિધાનો યોજે છે, અર્થાત્ શ્રોતાને પરિચિત દુનિયામાંથી ખસેડી કવિતાદ્વારા ધર્મતત્ત્વને કંઈક કલ્પનાગમ્ય કરાવે છે. ઋષિએ ઊર્મિમય ગંભીર વાણીમાં સ્વપ્રત્યય ગાયો :

न तत्र सूर्यो भाति न चन्द्रतारकं
नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः ।
तमेव भान्तमनुभाति सर्वं
तस्य भासा सर्वमिदं विभाति ॥

લય તથા ભાષાની પ્રૌઢિથી શ્રોતા અપરિચિત ભોમમાં ગયો. ત્યાં તેણે 'સૂર્ય પ્રકાશ પાડી શકતો નથી, ત્યાં ચંદ્રતારા પ્રકાશતા નથી' એમ સમજવાને બદલે કલ્પનાની આંખથી એ અપરિચિત ભોમમાં પાર્થિવ અગ્નિ, ચંદ્રનું કોમળ તેજ, ટમકતા તારા અને ઝબકતી વીજળી એક-સામટાં જોયાં. એ દૃશ્યમાં જે જે ઊર્મિઓનો અનુભવ થયો તેના જેવો જ વા તે જ બ્રહ્મનો અનુભવ હશે એમ લાગવાથી અરણ્યે વસી ભૈક્ષચર્યા ચરતો તેવા અનુભવના સાતત્ય માટે તપ કરતો થયો.

ઊલટ પક્ષે, અનુભવની કવિતા જડ ગદ્યમાં ઊતરતાં, એટલે અક્ષરે-અક્ષર એક પ્રયોગની હકીકત પેઠે મૂકતાં, કાલક્રમે રૂપકોમાં લુપ્ત થાય છે. જે રૂપક કલ્પનાને ઉત્તેજતું તે સત્યને હવે મર્યાદિત કરે છે. બ્રહ્મ સૂર્ય છે, તો આપણે એમ સમજ્યા, સૂર્યની બહાર બ્રહ્મ નથી; બ્રહ્મ અગ્નિ છે તો આપણે એમ સમજ્યા કે યજ્ઞ જ મોક્ષનું એક સાધન છે. ધર્મનું વિચારઅંગ રૂપકોમાં ને આચારઅંગ વેશમાં, સંજ્ઞામાં મૂર્તિ ને મંદિરોમાં અદૃશ્ય થઈ જાય છે. આ જડતામાં ચેતન આણવા પુનરપિ અનુભવીઓની રૂપકભરી કવિતા કે તેમનું કવિતા જેવું ભાષ્ય જ આવશ્યક છે. બ્રહ્મના જેવા ઉચ્ચતમ પણ વૈયક્તિક અનુભવ બિન-અનુભવીને તેની કલ્પના સતેજ કર્યે જ કંઈક સમજાવી શકાય, તેથી તેમાં રૂપકાદિનો ઉપયોગ કુદરતી ને અનિવાર્ય છે; અર્થાત્ આવા વિષયમાં કવિતા એ એક જ ભાષા સદ્‌ગુરુ ને જિજ્ઞાસુ શિષ્યની હોઈ શકે. આનો અર્થ એ નથી કે ધર્મને ઉપકારક હોય તે જ કવિતા: ઉચ્ચ અને સૂક્ષ્મ એવા સર્વ અનુભવોની કવિતા જ ભાષા છે એ વ્યાપક સત્ય જ વિવક્ષિત છે.

કલાકારને કલ્પનાથી જે સુન્દર લાગ્યું તે સત્ય જ છે એ કીટ્સના મહાવાક્યનો અર્થ એ કે વિજ્ઞાનીનું પ્રત્યક્ષ ને તર્કશુદ્ધ સત્ય સૌન્દર્યના સત્યથી ઊંચી કક્ષાનું નથી. કૃષ્ણકમળની મુગ્ધ, શુચિ, રંગીલ, મૃદુ, રોમેરોમ સુસંસ્કૃત રચના અદ્‌ભુતસુન્દર છે એમ જાણવા કૃષ્ણકમળ અને મારી પોતાની મનઃપ્રવૃત્તિ સિવાય બીજી કોઈ બાહ્ય વસ્તુની

અપેક્ષા નથી. વિજ્ઞાનીને વિજ્ઞાની તરીકે કૃષ્ણકમળ એક હકીકત છે, બનાવ છે; સુન્દરઅસુન્દરનો પ્રશ્ન જ તેને માટે ઉદ્ભવતો નથી. અને મનોવ્યાપારની મર્યાદાઓ જ્યે સૌન્દર્યદર્શનની પણ મર્યાદાઓ હોય અથવા તેમની વડે જ સૌન્દર્યદર્શન થતું હોય, તો તે મર્યાદાઓ વિજ્ઞાની તથા વિચારકને પણ સરખી બાધક છે. પ્રયોગસિદ્ધ કે તર્કશુદ્ધ સત્ય અને કલ્પનાનું સત્ય સંવાદી ના હોય, 'सत्य सांच'નો સમન્વય આપણાથી અશક્ય હોય તો અને ત્યાં સુધી સૌન્દર્ય ને સત્યને જ્ઞાનનાં અન્યોન્ય-સ્વતંત્ર રૂપ જ માનવાં યુક્ત છે. મનની ઉપલી ભૂમિકાનું ઐશ્વર્ય પુરુષને પ્રાપ્ત થાય તો સંભવ છે કે આ મહાપ્રશ્નનો ઉત્તર જડે.

અનુભવ પર સ્વસત્યતાનો આધાર રાખતાં ધર્મતત્ત્વ ને સૌન્દર્ય-તત્ત્વ સરખાં નિરપેક્ષ કે સરખાં સાપેક્ષ છે. ત્યારે કલાસર્જન વાસનાને પોષે છે એ આરોપ શું છેક જ બકવાદ છે? સહશિક્ષણ આપતાં વિદ્યા-લયો પણ વાસનાને પોષે છે એ આરોપ પણ લવારો નથી. સભા કે મંદિરમાં જતાં સ્ત્રીપુરુષો, સત્યાગ્રહમાં સાથે જોડાતાં વીર ને વીરાંગનાઓ, હૉસ્પિતાલમાં કામ કરતાં દાક્તર ને નર્સો અન્યોન્યની વાસના ઉશ્કેરે છે. કુટુંબની શીતળ છાંયડીની બહાર સ્ત્રીપુરુષ સંબન્ધની અનુકૂળતા આપતી સર્વ પ્રવૃત્તિઓને માથે અપવાદ આવે છે, ને એ અપવાદ અકારણ નથી. જ્યાં જાતીય આકર્ષણ પ્રવેશ્યું—કલાપ્રવૃત્તિમાં જાતીય આકર્ષણનું તત્ત્વ ભળે છે તેથી જ તેના પર આ ભારે અપવાદ છે—ત્યાં અપવાદનું દ્વાર ઊઘડ્યું. માનવમાત્રને સંન્યાસી કે આરજ્જ બનાવવા સિવાય તેનો અસરકારક એકે ય ઉપાય નથી; અને તે પણ ભૂતકાળમાં કેટલો ઓછો અસરકારક નીવડ્યો છે! ત્યારે આપણે જનાવર નથી એ મંદ ભાગ્ય ગણવું? પાળેલા પશુને જાતીય આકર્ષણમાંથી ઉદ્ધારી શકાય છે; કલ્પનાશીલ મનુષ્યને ગુફામાં રાખ્યે પણ રક્ષી શકાતો નથી. હજારો વર્ષથી લોહીમાં ઊતરતી ભાવના તથા પરિચય ભાઈબહેનને જાતીય આકર્ષણમાંથી બચાવે છે, તેવી જ રીતે શરીરની દિવ્યતાની ભાવના અને વિવેકસર સ્ત્રીપુરુષોનો સામાજિક સંબંધ – સમાજે સ્વીકારેલો ને

નિયમોથી સંસ્કારેલો – ધીમે ધીમે પણ અવશ્યમેવ આ વિષમતામાંથી માનવને ઉગારશે.

પણ સૌન્દર્યનો ઉપાસક કલાકાર અપ્રમાણિક ન થઈ શકે. એ સૌન્દર્યનો ઉપાસક છે, સુન્દરીનો નહીં. એ સૌન્દર્યનો ઉપાસક છે, વિલાસ કે નિઃસાર હકીકતનો નહીં. કલાકાર પોતાને આટલું હંમેશ કહેઃ તારી કલ્પનાને જે સુન્દર લાગ્યું તે જ એકાગ્રતાથી તું સર્જ. તું આ વાત વારંવાર ભૂલી જાય છે ને વાસનાને ઉશ્કેરવાનો હેતુ કીર્તિ કે પેટ ખાતર તારી પ્રવૃત્તિમાં દાખલ કરે છે. તું નૃત્ય કરે કે ગાય તો સભાજનને કેમ અંગવિક્ષેપ કે અભિનયથી ઉદ્વેગી શકે? તારાં સ્ત્રીઓનાં ચિત્રો જો. તેમાંથી કેટલી તેમનાં આડંબરી નામને પાત્ર છે? તું 'વિચારમગ્ના' ચીતરે છે? તેના મુખ ઉપર તો કશો ય વિચાર નથી; માત્ર લુગડાં અસ્તવ્યસ્ત છે. 'અવિવેકી સ્ત્રી' 'માત્ર સ્ત્રી' એવાં નામ તારી અનેક કૃતિને ઘટે છે. રતનાદિનું સ્પષ્ટ આલેખન સૌન્દર્યસર્જનમાં આવશ્યક લાગે ત્યારે ભલે કર, પણ દસમાંથી નવ વખત તું કરે છે તેટલું બેશરમ નથી જરૂરી. જ્યાં જરૂરી નથી ત્યાં તેવું આલેખન નિઃસાર હકીકત જ છે.

આ એકાગ્રતા ને પ્રમાણિકતાનું ધ્યેય ખીંટીએ ભેરવી તું તારી કૃતિમાં સૌન્દર્યસર્જનથી બાહ્ય હેતુને પેસવા દઈશ, તો સાધુજનને અને સમાજહિતના ચોકીદારને તારું કાંડું પકડી 'ખબરદાર' કહેવાનો અધિકાર છે. તું તારી પ્રવૃત્તિનો હેતુસર વિનિયોગ તો કરે છે; તો પછી તારા હેતુની સારાસારતા વિચારવાનો હક સૌને પ્રાપ્ત થાય છે; તો સદસદ્નું, શ્રેયપ્રેયનું ભાન, જે મનુષ્યના ચિત્તમાં ઊંડે ઊંડે પણ સાચે જ છે, તેને અનુકૂળ, તે ભાન જાગ્રત અને સ્થિર રાખે એ રીતે જ, તારી પ્રવૃત્તિ થવી જોઈશે; ન અન્યથા.

પરંતુ, ભાવના કે કલ્પનાના સૌન્દર્યને મૂર્ત કરવા એકાગ્રતાએ મથતો કલાકાર નિઃશંક સ્વતંત્ર છે, ને સ્વતંત્ર રહેવો જોઈએ. તેની પ્રવૃત્તિ તેનો તેમ જ સમાજનો વિકાસ જ સાધશે. ધર્મ જેટલી જ તે શુચિ હોઈ મોક્ષદાયી નીવડશે.

શ્રી નરસિંહરાવ ભોળાનાથ
લીલાવતી મુનશી
(૧૮૯૯-)

થોડાં વર્ષો પહેલાં એક દહાડો ઘરમાં નવરાં બેઠાંબેઠાં મારા હાથમાં કયાંકથી શાકુંતલની એક પ્રત આવીને પડી અને વચ્ચેથી ઉઘાડીને વાંચતાં દુર્વાસા ઋષિ શકુંતલાને શાપ દે છે એ વિભાગ વાંચવામાં આવ્યો. ને વાંચેલી ચોપડી ફરી વાંચવી ન ગમવાથી સોફા ઉપર આંખો મીચીને હું બેઠી. "આ દુર્વાસા ઋષિ કેવા હશે? મોટી જટા ને મોટી ચળકતી આંખો ને ક્રોધથી રાતું થએલું મોઢું!" ને એક વિચારમાંથી કપિની જેમ, મગજે બીજી ડાળીએ ફાળ ભરી ને મને નરસિંહરાવભાઈ યાદ આવ્યા. જાણ્યા વગર ભૂત અને વર્તમાનની સરખી મૂર્તિઓની સરખામણી અંતરમાં સહેજે સ્ફુરી આવી હશે? હોય પણ.

રા. નરસિંહરાવભાઈમાં ઘણા ગુણો ને થોડા અવગુણો છે ને ક્રોધ તેમાં સૌથી મોખરે છે. એમને ગુસ્સે કરવા કે એમણે જાતે ગુસ્સે થવું એને માટે નાનામાં નાની બીના બસ છે. કોઈ એમની જોડણી પર ટીકા કરે, કોઈ એમના અભિપ્રાયથી સહેજ મતફેર બતાવે, કોઈ એમની માંદગીમાં જોવા ન જાય, કોઈના શબ્દોમાં પોતાને અપમાન લગાડવાનો ભાવ હતો એમ એ કલ્પના કરે, કોઈ એમની અગત્ય ઉતારી પાડે છે એમ એ માને, કે કોઈ એમના ઊંડા સંગીતજ્ઞાન ઉપર ડોકું ધુણાવવાની ના પાડે કે બસ. પછી એમનો મિજાજ જરૂર જાય. આ બધી વસ્તુઓ સાથે કે પૂરેપૂરી કરવી જોઈએ એમ પણ નહીં. તમારામાં આમાંની એક પણ વસ્તુ સહેજ હોવાની શંકા એમને થવી જોઈએ. એના પરિણામ રૂપે થોડા બડફા (લોકભાષાનો શબ્દ છે) સાંભળવાની સાદી

શિક્ષા પામી તમે છૂટી જાઓ કે કાં તો લાંબાંલાંબાં ચર્ચાપત્રો ને તેના ઉત્તરો ને પાછા તેના ઉત્તરોના ઝપાટામાં તમે આવો; ને કોઈ વાર વાત એનાથી પણ આગળ વધે તો શું થાય એ કલ્પવાનું કામ તમારું છે!

ને નરસિંહરાવભાઈની સાથેની લડાઈ ઘણી વાર અણસરખી હોય છે. એમની વયને તમારે માન આપવાનું એમ તમે પણ માનો ને એ પણ માને;: એટલે જે ભાષા ને જે લઢણ એ વાપરે તે તમારાથી વપરાય નહીં. એ જો સરસ અને યુક્તિપૂર્વકનું ચર્ચાપત્ર લખે અને તમારી મશ્કરી કરવાનો પ્રયત્ન કરે તો તે વય અને વિદ્વત્તાને શોભે એવું ગણાય, એમનું ભાષા પરનું પ્રભુત્વ વખણાય, અને એમની તરફ ઊગતા સાક્ષરોના માનનો વધારો થાય. એમનું ચર્ચાપત્ર જો અર્થ વગરનું અને મશ્કરી કરવાનો મિથ્યાભાસ બતાવતું હોય તો એ માત્ર ઘડપણની ભૂલ ગણાઈ એના તરફ લોકો દુર્લક્ષ કરે. પણ નરસિંહરાવભાઈના પ્રતિસ્પર્ધીને આમાંની એકે વસ્તુ સુલભ હોતી નથી. ઘણુંખરું એ સાક્ષરોમાં જૂને જોગી (past master) ન હોય, તેમ જ એની તરફ કોઈ માન બતાવવાને તત્પર પણ ન હોય. એનાથી ઉદ્ધત કે મશ્કરીની લઢણ તો વાપરી જ શકાય નહીં; નહીં તો પ્રમાણમાં આજકાલના છોકરાએ ઘરડેરાનું અપમાન કર્યું ગણાય. ને જો બહુ સરસ ને યુક્તિપૂર્વકનું લખી નાખે તો "બિચારા ડોસાને ખૂબ કહી નાખ્યું, હવે ઘરડે ઘડપણ એમને આમ છેડવા ન જોઈએ" સિવાય બીજો એક અક્ષર પ્રશંસાનો સાંભળવા ન મળે. ઘરડા થવામાં જેમ અગવડો બહુ છે તેમ કેટલીક સગવડો પણ છે જ.

પોતાની વિનોદવૃત્તિમાં કોઈને ખૂબ શ્રદ્ધા હોય તો તે રા. નરસિંહરાવભાઈને છે. બધાંનાં સ્મરણો એ પોતાના 'સ્મરણમુકુર'માં સંધરે છે ને એ મુકુરમાંથી વિનોદી ગણાતાં વાંકાં કિરણોનાં પ્રતિબિંબ એ પાછાં કાઢી શકે છે. ને એમનું મુકુર સંગ્રહણ પણ અજબ કરે છે. રા. ભોળાનાથ સારાભાઈનું કુટુંબ એમાં મધ્ય ભાગે હોય છે, ને એનું પ્રતિબિંબ બહુ સુંદર રીતે એમાં પડે છે. બાકીના બધા વાંકા ખૂણામાં

બેઠેલા હોય કે સ્મરણની વાંકી શક્તિએ સંધરેલા હોય તેમ ત્રાંસા કે વાંકા દેખાય છે. 'મુકુર'માં બધી મસ્કરીઓ રા. નરસિંહરાવભાઈ પોતે જ કરે છે ને કોઈને ઘેર દાળભાત ન મળ્યાં, કોઈના ઉચ્ચારો લાખા પટેલની પોળના ઘોરણે ગામડીઆ હતા એ બધી બાબતો એમને બહુ સુંદર રીતે યાદ રહે છે. ડહાપણ ને સંસ્કાર ભોળાનાથ સારાભાઈના કુટુંબની બહાર હોઈ શકે એ વાત નરસિંહરાવભાઈ માનતા હશે ખરા?

પણ માત્ર આ બધી બાબતોને માટે નરસિંહરાવભાઈ એકલી સ્મરણશક્તિ પર આધાર નથી રાખતા. એમની રોજનીશીમાં અથવા એમની કલાકનીશી કે મિનિટનીશી જે કહો તેમાં એમણે પોતાના મગજનાં ચશ્માંમાંથી જોએલા દરેક બનાવની નોંધ હોય છે. ને એનો ઉપયોગ એ વીસ કે પચીસ વર્ષે કોઈ અણધારી ઘડીએ કરે. જ્યારે એ બનાવમાં ભાગ લેનારને મન એ વાત છેક વીસરાઈ ગઈ હોય કે આવે વખતે સાક્ષીઓ કાં તો મરી ગયા હોય, કાં તો એમને એ વાત સાંભરતી ન હોય અને નરસિંહરાવભાઈની ડાયરી એ એક જ લખેલો દસ્તાવેજ રજૂ હોય તે વખતે બીજા દસ્તાવેજોની ગેરહાજરીમાં એ કહે છે એ ખરું છે કે ખોટું છે, એ તપાસવાનું કશું જ સાધન કોઈની પાસે હોતું નથી. ને નોંધ લખતી વખતે રા. નરસિંહરાવભાઈ કયી ઘડીએ કેવા 'મૂડ' (mood)માં હતા તે કોણ કહી શકે?

રા. નરસિંહરાવભાઈની વિનોદવૃત્તિનાં ચશ્માં પડેરેલી આંખોમાં એક ખૂબી છે. એમનો વિનોદ પારકાની મસ્કરીમાં મજા લે છે; પણ પોતાની સામે થતો વિનોદ સહન કરવા જેટલી સહનશક્તિ પ્રભુએ એમને બક્ષેલી નથી.

પણ એમના તકરારી સ્વભાવ નીચે પણ હૃદય સુંવાળું છે અને ગર્વભર્યા માનસ સાથે એક જાતનું ગૌરવ પણ એમનામાં છે. એમના શબ્દો – ઘણી વાર તપી ગએલા મગજે ઉતાવળમાં બોલાએલા શબ્દો – કડવા ભલે હોય પણ એમનો હેતુ કડવો ભાગ્યે જ હોય છે. એમને

પોતાના ગૌરવનું વધારે પડતું ભાન છે અને એ ગૌરવ તમે સાચવો છો એટલી ખાત્રી થાય પછી માયાળુપણું પણ બતાવવામાં એ ડોસા પાછી પાની કરે એવા નથી.

અને એમની પોતાનું ગૌરવ સાચવવાની આટલી બધી કાળજી આપણાથી સમજાય એવી પણ છે. જે જમાનામાં એ જન્મ્યા હતા તે જમાનામાં સ્વાતંત્ર્યની વાત શબ્દોમાં કરનારા બહુ હશે, પણ વર્તનમાં સ્વાતંત્ર્ય સાચવનાર અને ભલભલાની તમા ન રાખનાર સ્વભાવના માણસો થોડા જ હશે. રા. ભોળાનાથ સારાભાઈ જેવા આદ્ય સુધારકને ત્યાં જન્મ લઈને એક તો નરસિંહરાવભાઈ આ પ્રાંતના અને બંગાળાદિ પરપ્રાંતોના સુધારકોના સંબંધમાં આવ્યા. મૂળમાં મોટા માણસના પુત્ર, પછી સરકારી નોકરીમાં અમલદારી કરી અને કલેક્ટર સુધીની પદવીએ એ પહોંચ્યા. કવિ તરીકે પણ એમના સમયમાં એમની કારકિર્દી યશસ્વી નીવડી. અને આ બધાની મેળવણીથી એમના મનમાં પોતાના ગૌરવનું ભાન સવિશેષ પડતું થયું હોય એમાં નવાઈ પણ શી છે? ને એ ગૌરવનો કોઈ અજાણ્યો કે અળવીતરો સાક્ષર અજાણતાં ભંગ કરી ન બેસે એ વાતની કાળજી એમને હોય તે સ્વાભાવિક નથી શું?

અને આ બધું છતાં રા. નરસિંહરાવભાઈમાં બાળકની સાદાઈ છે. એમની વાત કરવાની રીત કોઈવાર મોટા બાળક જેવી લાગે છે, ને ખીજવાય ત્યારે એ છેક નાના બાળક બની જાય છે. બાળકની માફક એમની સાથે પણ સમજાવી પટાવીને કામ લેવું પડે છે. બાળકના જેવી એમનામાં જીદ પણ છે અને બાળકના જેવું એમનામાં આપમતિયાપણું પણ છે. પણ એ ખુશ થાય ત્યારે બાળકના જેવી જ મીઠી રીતે એ વર્તે છે. કદાચ ઘડપણ એ બીજું બાળપણ હોય તો કોણ જાણે!

નરસિંહરાવભાઈમાં ચોકસાઈ ખૂબ જ છે. દરેક વસ્તુની એ નોંધ કરે છે. દરેક લેખની પછવાડે એની વિગતો જોવાની એ મહેનત કરે છે. અને એમની 'હકારીઆ' 'સકારીઆ' જોડણીના 'હ' ને 'સ' પ્રૂફમાં

પણ રખેને બદલાઈ ન જાય તેની એ ખાસ કાળજી રાખે છે.

આ જોડણીની બાબતમાં તો એમને અત્યાર સુધી ઘણાં યુદ્ધ કરવાં પડ્યાં છે. જાતે યોદ્ધા અને તેમાં આ જોડણીનું ક્ષેત્ર મળ્યું. 'હ' અને 'સ' એમના બે ખાસ મૂળાક્ષરો છે અને 'હુમારું', 'હેમનું' 'સકવુ' 'સકે' વિ. વિ. એમના ખાસ શબ્દો છે. વળી અસલ લાખા પટેલની પોળના ઘણા ઉચ્ચારો જેવા કે 'કેાણી'ને બદલે 'કુહૂણી'ને એ નિમકહલાલીથી અત્યાર સુધી વળગી રહ્યા છે. આ બાબતો દેખીતી ઘણી નાની છે પણ એનાં સાહિત્યમાંનાં પરિણામો ઘણાં ચિરસ્થાયી છે. ને તેને માટે નરસિંહરાવભાઈ એ અતિ ઉગ્ર તપશ્ચર્યા પણ કરી છે. આ બાબતમાં એમણે ગંભીર અને વિનોદી ઘણા ઘા ખમ્યા છે છતાં હજુ સુધી એમણે બિલકુલ નમતું આપ્યું નથી, અને આપશે પણ નહીં.

રા. નરસિંહરાવભાઈ સર્વોત્તમ નહીં તો સારા કવિ છે એમ સૌ કોઈ કબૂલ કરશે. દલપત પછી જૂની કવિતાનો કાળ અસ્ત થયો ને નર્મદે નવી કવિતાનો માર્ગ દેખાડ્યો ને તે પછી નવી કવિતાના જે પાંચ છ સુંદર લેખકો થયા તેમાંના એક તરીકે રા. નરસિંહરાવભાઈનું સ્થાન મહત્ત્વનું છે. વર્ડઝવર્થની માફક એમનામાં એક પ્રકૃતિકવિના પણ ગુણો છે. કદાચ એમના પ્રિય અંગ્રેજી કવિઓનાં અનુકરણો પણ હોય! તારા, ચંદ્ર, મેઘ, વ્યોમ જેવાં પ્રકૃત્તિનાં તત્ત્વો એમને ખૂબ આકર્ષે છે ને એમની માનવદુઃખથી પ્રેરાએલી કવિતાઓમાં પણ પ્રકૃતિવર્ણન તો આવે છે જ.

ને રા. નરસિંહરાવભાઇ માત્ર કવિ છે એમ નહીં પણ ગુજરાતીના સારા ગદ્ય લેખક છે, ને સાથે એ ભાષાશાસ્ત્રી પણ છે. 'વિલ્સન ફાઈલોલોજિકલ લેકચર્સ' ઘણા કાળ લગી એમનાં સંભારણાં તરીકે જળવાઈ રહેશે.

ને ઉપરાંત તેઓ સંગીતનિષ્ણાત પણ ગણાય છે. રા. નરસિંહરાવભાઈના બધા દાવા કબૂલ છે પણ આ છેલ્લો દાવો તો નથી જ. એ કવિ છે એમ હું માનું છું, એ સારા ગદ્યલેખક છે એ પણ હું માનું

છું, એમના ભાષાશાસ્ત્ર વિષે પણ મને શંકા નથી. પણ સંગીત વિષેના એમના જ્ઞાનથી હું ખરેખર ગભરાઉં છું. જે બે ત્રણ પ્રસંગોએ મેં એમનું સંગીત સાંભળ્યું છે તેમાં એમનો સ્વર, લય, તાન, તાલ બધાં સંગીતથી વિરુદ્ધ હતાં. સંગીતશાસ્ત્રનું જ્ઞાન અને સંગીત ગાવાની શક્તિ એ બે જુદાં હોવાને લીધે એમ બની શકે, પણ નરસિંહરાવ-ભાઈ એ વાત કબૂલ કરે એમ હું માનતી નથી.

૨ા. નરસિંહરાવભાઈના જીવનમાં સુશીલાકાકીનું સ્થાન ઘણું મોટું છે. ૨ા. નરસિંહરાવભાઈનો મિજાજ સાચવવાની શક્તિ જો કોઈનામાં હોય તો એમનામાં છે, ને સુશીલાકાકી એમને એક જ રીતે નથી સાચવતાં. એમના માંદા શરીરની ચાકરી કરે, એ આકળા પડીને બોલીને કોઈને ખોટું લગાડે ત્યારે તેમને વારે, એમની બધી આજ્ઞાઓને અનુસરે અને નરસિંહરાવભાઈની દરેક ઇચ્છાને પહેલેથી ઓળખી તે પ્રમાણે પોતાનું વર્તન ઘડે, એ સૌ ગુણો સુશીલાકાકીમાં છે. કેટલાક મોટા માણસો પત્નીઓની બાબતમાં આવી રીતે ભાગ્યશાળી હોય છે. ગાંધીજીને કસ્તુરબા મળ્યાં, નાનાલાલને માણેકબા મળ્યાં. ગોપાળદાસને ભક્તિબા મળ્યાં, ચંદ્રશંકરને વસંતબા ને સુધા મળ્યાં, ને નરસિંહરાવભાઈને સુશીલા મળ્યાં. હજુ તો બીજાં ઘણાં જોડાં ગણાવી શકાય તેમ છે પણ આટલાં બસ છે.

નરસિંહરાવભાઈને હૈતનું બીજું એક મોટું સ્થાન છે અને તે તેમની પુત્રી લવંગિકા છે. દેવયાનીની માફક પિતાભક્તિ લવંગિકાના હૃદયમાં લખી છે. એ પિતાને પ્રશંસે, પિતાના આદર્શોને ખાતર જીવે, પિતાનું રક્ષણ કરવાનો ભાર માથા પર લે, અને પિતામય જીવન ગાળે. પિતાની શક્તિઓ અને સ્વભાવનો વારસો પણ થોડો ઘણો તેમનામાં ઊતર્યો છે. સૌ. લવંગિકા નરસિંહરાવભાઈની પુત્રસમોવડી પુત્રી છે.

અને પ્રેમલ! માબાપ વિનાનો નમાયો બાળક! જે ભાવથી દાદા દાદી એને સાચવે છે એમાં ખરે દિવ્યતાનો અંશ છે.

રા. નરસિંહરાવભાઈમાં જેવું સુંદર હૃદય છે એવી જ જો મીઠી વાણી હોત, જેટલી એમનામાં ઉદારતા છે એટલી જ જો એમના સ્વભાવમાં શાંતિ હોત, તો આજે જે એ છે એના કરતાં ઘણા મોટા ગણાત. કડવી વાણીને લીધે એમનો સ્વાતંત્ર્યપ્રેમ ઘણી વાર ઉદ્ધતાઈનું સ્વરૂપ લે છે, અને પોતાના ગૌરવ માટેની કાળજી મોટા ગણાવાના આડંબરનો ખોટો ભાસ આપે છે. સ્વભાવે એ લાગણીપ્રધાન છે અને 'નર્વસ' પણ છે. હવે તો નાની નાની બાબતોમાં પણ એ અકળાઈ ને ઉશ્કેરાઈ જાય છે. પણ એમાં શું ? સ્વતંત્ર સ્વભાવના માણસોનો જ્યારે સુકાળ ન હતો તે જમાનામાં એ સ્વતંત્ર માણસ હતા. એમણે સંસારસુધારાને માટે ઘણું કર્યું હતું. ગદ્ય, કાવ્ય અને ભાષાદેવીની ભક્તિ કરવામાં એમણે રાત ને દહાડો તનમન ખર્ચ્યાં હતાં. અને પ્રગતિના પંથમાં એમણે લાંબી વાટ ઉજાળી હતી એ વાત એમના જીવનની સફળતા પુરવાર કરવા બસ છે.

☆

આકાશનાં પુષ્પો

ગગનવિહારી લ. મહેતા

(૧૯૦૦ -)

૨ા નાનાલાલ કવિની જેમ પૂછું તો 'આકાશનાં પુષ્પો તમે કદી દીઠાં છે?' ત્યારે તમે શું જોયું છે? ધોળે દિવસે તારા જોયા છે? ઝાંઝવાંનાં જળ જોયાં છે? હથેલીમાં તમને કોઈએ ચન્દ્ર દેખાડ્યો છે?

૨ા. ચન્દ્રશંકર પંડ્યાની પેઠે કહું તો 'ધારો કે તમે કોઈ ઊંડા કૂવામાં ઊતર્યા અને કૂવામાં પાણી ન હોવાથી ઊંડા પાણીમાં તમે રમી ન શક્યા એટલે આકાશ તરફ જુઓ તો શું ધોળે દિવસે તમે તારા ન દેખી શકો? ધારો કે મિલના ભૂંગળાની વચ્ચે બેસીને ઉપર જુઓ તો તમે ખરે બપોરે પણ તારા ન જોઈ શકો? કોઈએ હજી એમ તારા જોયા છે કે નહિ એ ખબર નથી, પણ બાળપણમાં આપણને એમ કહેવામાં આવે છે કે આવી રીતે દિવસે તારા જોવાય. અલબત્ત, મિલનું કામ ચાલતું હોય ત્યારે આવી રીતે ભૂંગળામાં ન ઉતરાય કારણ કે ધૂમાડાની સાથે આપણે પણ આકાશમાં ઊડી જઈએ. વળી ધારો કે ૯-૫૫ ની લોકલ ટ્રેનમાં જવા માટે જેસમાં તમે ધસી જતા હો અને સામેથી બીજી તરફ જોતા ગૃહસ્થ સાથે અફળાઓ અને એ બંને માથાંનાં સંયોગથી તમે સવારે સવા નવ વાગ્યે પણ તારા ન જુઓ? અથવા તો ધારો કે તમે તરતાં શીખતા હો અને અનિચ્છાએ પણ પાણી પી જાઓ તથા પગથી સ્પર્શ કરવા જતાં તળિયું આવે જ નહિ ત્યારે પાણીમાં તમને તારા નથી દેખાતા? અને ધારો કે શ્રાવણની ઘનઘોર અને પ્રશાન્ત મધરાતે તમે આંખ ઉઘાડો અને દાઢીવાળો સવા

૧૭ ફૂટ ઊંચો એક પહાડ તમારી દૃષ્ટિએ પડે અને તમારું કપાટ ઉઘાડતો હોય તો આંખો બંધ કરી દો તો પણ આકાશમાં છે એથી સહસ્રગણા વધારે તારા તમારાં બંને નાનાં ચક્ષુઓમાં નહિ જણાય?

હવે એ ખરું કે રા. નરસિંહરાવે કહ્યું છે એમ ઉપરના સર્વ 'ધારો કે'માં 'યદ્દિતાનો શિથિલાંશ ભળવાથી વાસ્તવિકતાની તદ્રૂપતા ઝાંખી પડે છે.' પણ વાચકો આ ઊણપ (સમજશે તો) ક્ષમા કરશે.

અને ઝાંઝવાંનાં જળ તમે નથી જોયાં? સહરાના, અરબસ્તાનના, રજપૂતાનાના કે કચ્છના રણમાં તેમજ વઢવાણના ભોગાવા પાસે ઊનાળામાં તમે જાઓ તો તમને જે દૂર પાણી દેખાય છતાં પાણી ન હોય એ દૃશ્યથી કોણ છેતરાતું નથી? તૃષા ઉત્પન્ન કરાવી તૃષા ન છિપાવવી એ જે કલાનું લક્ષ્ય તો ઝાંઝવાંનાં જળ કલાના સુન્દર નમૂના છે. એવા જળના આભાસથી જ શ્રીમત્ શંકરાચાર્યને સૃષ્ટિની માયાની કલ્પના ઉદ્ભવી હોય તો આશ્ચર્ય નહિ. ઝાંઝવાંનાં જળમાં સત્યનો આભાસ હોવા છતાં એ મિથ્યા છે એવી જ જગતની રચના છે. પરંતુ ચાર્વાક કહે છે કે જગત મિથ્યા હોય તો શંકરાચાર્ય મિથ્યા છે અને તો પછી 'બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા' એ સૂત્ર પણ મિથ્યા છે. એટલે બ્રહ્મ પણ મિથ્યા છે ટૂંકમાં બ્રહ્મ ભ્રમ છે. પણ પ્રસન્નમન-શંકરના ભત્રીજા કુશલવપુશંકરે માધવ બાગની સભામાં ચાર્વાકનો આધાર આપ્યો હતો તે પછી ચાર્વાકને વિદ્વાનો ભૂલી ગયા લાગે છે.

વળી કેટલાક સજ્જન ટ્રેનમાં તમારી સાથે મીઠાશથી વાતો કરીને છેલ્લે તમારું પાકિટ ક્યાં છે તે જાણી લઈ ને ઉઠાવી જાય; કોઈ ગૃહસ્થ બે દિવસ પછી પાછા આપવાની શરત કરી રૂા. ૨૫ લઈ જઈ ને પાછા દેખાય જ નહિ; કોઈ ધરખમ વિજ્ઞાનશાસ્ત્રી તમારા પૈસે એક નવો ઉદ્યોગ કાઢવાનું કહી ૬૦ ટકા ડિવિડન્ડનો લોભ દેખાડીને પૈસા મેળવ્યા પછી વધારે પ્રયોગો એકાન્તમાં કરવા માટે સદા માટે અદૃશ્ય થઈ જાય; એવા એવા અસંખ્ય લોકો પોતાની હથેલીમાં આપણને ચન્દ્રનાં સાક્ષાત્ દર્શન કરાવે છે. કેટલીક સ્ત્રીઓ પોતાના પતિને વૃદ્ધા-

વરથા પર્યન્ત રોજ આવો ચન્દ્ર પોતાની હથેલીમાં દેખાડે છે. પ્રેમથી મુગ્ધ થઈ ગયેલાં યુગલો ઘણુંખરું આવો ચન્દ્ર એકબીજાની હથેલીમાં જુએ છે. આથી જ કદાચ પ્રેમને ચન્દ્ર સાથે, ચન્દ્રની કૌમુદી સાથે, પૂર્ણિમાની સાથે અને શુકલ પક્ષની સાથે આટલો ગાઢ સંબન્ધ હશે. ગુજરાતી નવલકથાનાં યુગલો કૃષ્ણ પક્ષની રાતે પ્રેમમાં પડી શકતાં નથી, સંવનન કરી શકતાં નથી, દંપતીભાવ અનુભવી શકતાં નથી. કારણ એવી રાત્રિએ હથેલીમાં ચન્દ્ર જોવા માટે આકાશના ચન્દ્રનું તેજ હોતું નથી.

આ સર્વ આકાશનાં પુષ્પો છે. આકાશનાં પુષ્પો અદ્‌ભુત હોય છે. સુભાષ (બોઝ નહિ) કહે છે:

मृगतृष्णांभसि स्नातः शशशृंगधनुर्धरः ।
एष वन्ध्यासुतो याति खपुष्पकृतशेखरः ॥

આવી આ અશકય વસ્તુઓ ગણાય છે. પરંતુ આ જમાનામાં અશકય કાંઈ નથી. 'અશકય આદર્શો' ને પણ રા. ઉમરવાડીઆએ એકાંકી નાટકમાં જકડીને બાંધી લીધા છે એટલે એ પણ ચસકીને છૂટી શકે એમ નથી. સૂર્યના કૃત્રિમ તેજમાં લોકો નહાઇ શકે છે, તો ઝાંઝવાંનાં જળમાં કેમ ન નહાઈ શકે? રોબોટ રૂપે યાંત્રિક મનુષ્ય સરજી શકે છે તો વન્ધ્યાને બાળકો કેમ ન હોઈ શકે? 'બ્રહ્મચારી એન્ડ સન્સ' નામની કંપની તમે નથી જાણતા? તો પછી આકાશનાં પુષ્પો ન હોય? જે ત્રિશંકુઓ આકાશ અને પૃથ્વી વચ્ચે લટકી રહે છે એમને આ કુસુમોની ખબર હોય છે.

આકાશનાં પુષ્પો હવાઈ કિલ્લાઓ હોય તો પણ શું? હવે તો લોકો હવામાં જમે છે, કેટલા યે દિવસો પર્યન્ત અદ્ધર ઊડ્યા કરે છે. પાદરીઓ હવામાં લગ્ન કરાવે છે, તો હવામાં કિલ્લા બાંધવા એ શું કહેણ વાત છે? ન્યૂટનનો ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત સાચો નથી એમ આઈન્સ્ટાઈને પુરવાર કર્યા પછી આવા કિલ્લા બાંધવા એ અશકય નથી!

હવાઈ કિલ્લા બાંધનાર મહાપુરુષ શેખચલ્લી હતો. ભવિષ્યનાં સ્વપ્ન જોવામાં એ વર્તમાનને ભૂલી જતો. પરંતુ થોડે ઘણે અંશે આપણે બધા શેખચલ્લીઓ છીએ અને શેખચલ્લી સર્વના માનસમાં વસે છે. આપણને સૌને બે જીવન હોય છે; એક નિષ્ઠુર વાસ્તવિક બાહ્ય લૌકિક જીવન, અને બીજું મૃદુ સ્વપ્નવત્ અદૃશ્ય આન્તરિક જીવન, બાલકો જ્યારે મોટી કલ્પના કરીને પોતાને પ્રાણી કે મોટી ઉમ્મરના ધારીને રમત રમે છે ત્યારે એમને હજી વાસ્તવિક જીવન જીવવાનું હોતું નથી; તેઓ કલ્પનામાં જ રહી અને જીવી શકે છે. પરંતુ ઉમ્મર વધતી જાય તેમ તેમ બહારની અને અંદરની જિંદગી વચ્ચેનું અન્તર વધતું જાય છે અને એ અસંગતિ આપણને વધારે ને વધારે સમજાતી જાય છે તથા સાલે છે. કોઈ કવિ થવાની કલ્પનાસૃષ્ટિમાં જ રમ્યા કર્યો હોય અને કલાર્ક થાય; કોઈ પોતાને વિદ્વાન અને વિચારક લેખતો હોય પણ તે વિચાર કરી શકે છે એ પણ બીજા સ્વીકારવા ના પાડે; કોઈ કે નાટકનાં કે નવલ કથાનાં યુગલો જેવું રસિક દંપતિજીવન ગાળવાનું ધાર્યું હોય અને એ આશા વ્યર્થ નીવડે; કોઈને મહાન નેતા તથા વક્તા થવાની આકાંક્ષા હોય પણ છેલ્લે પોતાના જેવા બેપાંચ નવરા ઠોળિયાઓને એકઠા કરીને જ ભાષણ આપી સંતોષ માનવો પડે—આવી આવી અનેક રીતે આપણને અભિલાષા અને વાસ્તવિક જિંદગી વચ્ચેના વિરોધનું ભાન થાય છે. લૌકિકતાના આઘાતથી આપણા માથા પરના ઘીના ઘડા ફૂટી જાય છે અને શેખચલ્લીની પેઠે જીવનની ક્રૂર છતાં હાસ્યજનક અસંગતિઓનું ભાન આપણને થાય છે. આકાશનાં પુષ્પો ચૂંટવા જવાના આપણા નિષ્ફળ પ્રયાસ ચારે દિશામાં હાસ્ય રેલાવે છે,

કારણ કે હાસ્ય આકાશનાં પુષ્પોને ચૂંટવા મથે છે. હાસ્ય મનુષ્યને ઊંચા વ્યોમમાં ઉડાડી જઈ શૂન્યમાં પણ કલા સરજે છે; અસંગતિની પાંખો ઉપર મનુષ્યને બેસાડીને ઊંચે લઈ જાય છે અને આનંદના રંગથી અનન્તને પણ રંગે છે. નભના જેવું જ એ હાસ્ય સૂક્ષ્મ છતાં ગાઢ છે, પ્રકૃતિના જેવું કઠિન છતાં સ્નિગ્ધ છે, આકાશનાં વજ્ર જેવું

કઠોર છતાં પુષ્પ જેવું મૃદુ છે. હાસ્યની એ અદ્‌ભુત જ્યોતિનાં થોડાં કિરણો કંઈ અંશે ઝીલવા પ્રયત્ન કરતા લેખો આકાશનાં પુષ્પો લેખાય તો શું ખોટું ?

☆

સાચી વાત એ છે કે આપણે જોઈએ તેટલું હસતા નથી. પરદેશથી આવતા ઘણા પ્રવાસીઓ તથા હિન્દુસ્તાનમાં વસતા ઘણા પરદેશીઓનું ધ્યાન આ વસ્તુસ્થિતિ તરફ ખેંચાયું છે. ટ્રેનમાં, ટ્રામમાં, રસ્તા પર, સ્ટેશનના પ્લેટફૉર્મ પર કે સભામાં હર્ષના ઉન્માદથી ઉદ્‌ભવતું બિનજવાબદારી અને આનન્દપૂર્ણ હાસ્ય આપણા દેશમાં કેટલું અલ્પ પ્રમાણમાં હોય છે ! બર્મામાં ત્યાંની સ્ત્રીઓ કેવું ખડખડાટ હસે છે એ જોઈએ ત્યારે આ ભેદનો અને ખામીનો ખ્યાલ આવે છે. આ સ્થિતિનાં કારણો ગમે તે હોય. બંગાળના એક માજી ગવર્નરે આ પ્રસન્નતા ન હોવાનાં કારણો વિશે લંબાણથી વિવેચન કર્યું છે. એના કારણભૂત કર્મ અને વિધિની ભાવના હિન્દુ માનસમાં દૃઢ કરનાર હિન્દુ ફિલસુફી હોય કે દરિદ્રતા હોય કે અસંખ્ય રોગોને લીધે થઈ ગએલી શારીરિક નબળાઈ હોય, પરંતુ એ હકીકત ખોટી નથી. હાસ્ય આપણા રાષ્ટ્ર-માનસમાં અને રાષ્ટ્રજીવનમાં ગૌણ સ્થાન જ લે છે.

આથી જ એક આઇરિશ મિત્રે મને કહ્યું હતું કે હિંદના લોકોને જો સ્વતંત્ર થવું હોય તો એમણે હસતાં શીખવું જોઈએ. અંગ્રેજોનો આત્મસંતોષ, અંગ્રેજ રાજ્યનેતાઓનો ઢોંગ, ઇંગ્લંડની પ્રજાનો મદ એ સર્વ હાસ્યાસ્પદ નથી ? અને એ સર્વને આપણે હાસ્યના વિષય ન બનાવી શકીએ ? એક લાંબા દલીલપૂર્વક ભાષણથી વિરોધીની પ્રતિષ્ઠાની જાળ કે એનો અહંકાર નષ્ટ પામતાં નથી એટલાં હાસ્યના એક તીક્ષ્ણ બાણ વડે એ વીંધાઈ જાય છે. એ તો અનુભવસિદ્ધ વાત છે કે એંગ્લો ઇંડિયન પત્રો તથા સરકારના પ્રતિનિધિઓ આપણા રાષ્ટ્રીય સંચલનનો

પ્રથમ તો કટાક્ષ અને ઉપહાસનાં શસ્ત્ર વડે સંહાર કરવા મથે છે. 'અસહકાર'ના આરંભમાં લૉર્ડ ચેમ્સફર્ડે એને 'most foolish of foolish movements' કહી એની હાંસી કરી હતી એ સુવિદિત છે. આપણી ગુલામી વૃત્તિ અને વિવિધ પ્રકારના મોહ તોડવા માટે પણ હાસ્ય ઉત્તમ ઉપાય છે. અંગ્રેજો પણ આપણા જેવા જ મનુષ્યો છે, તેઓ અત્યારે આપણા પર રાજ્ય કરે છે અને આપણા કરતાં ઘણી રીતે ચઢિયાતા છે એ ગ્રહો કે નક્ષત્રોના બલને લીધે નથી, એમાં પ્રારબ્ધનો કે વિધિનો દોષ નથી; પણ દોષ છે આપણો પોતાનો અને આપણી નૈતિક નિર્બળતાનો એ સત્ય હાસ્યની સહાયથી વિવિધ રીતે દર્શાવી શકાય. એટલે કે આપણે હસવું આવશ્યક છે: પણ તે માત્ર ઇંગ્લંડ કે સરકારનો ઉપહાસ કરવા પૂરતું જ નહિ. આપણે આપણા પોતાના ઉપર હસવું પણ જરૂરનું છે. આપણા નિરર્થક અને તુચ્છ ઝગડાઓ, ખોટી શબ્દજાળો અને મિથ્યા વાગ્યુદ્ધો, આપણા જ નેતાઓનાં વર્તન અને વચન વચ્ચેના ભેદ, ઢોંગ વગેરે આપણા સમાજનાં દૂષણો, આપણા મનની ક્ષુદ્રતા, સ્વાર્થવૃત્તિ, મિથ્યાભિમાન, ઈર્ષ્યા આ સર્વ ઉઘાડાં પાડવા માટે હાસ્ય સહાયે આવી શકે. આ વાસ્તે આપણી અસત્ય મૂર્તિઓ ભાંગનાર એક બર્નાડ શૉ જોઈએ જે આપણી સમક્ષ એક સરસ દર્પણ રજૂ કરે, કારણકે સાચી હાસ્યવૃત્તિને પરિણામે નમ્રતા ઉદ્ભવે અને અહંકાર નષ્ટ પામે; વિચારમાં અને વર્તનમાં સમતોલતા આવે અને સમપ્રમાણતા તથા સૌષ્ઠવ વધે; બુદ્ધિના વ્યાપારમાં પણ પ્રમાણિકતા અને વિચારવિનિમયમાં સરળતા આવે.

ફ્રાન્સમાં પ્રગટ થતા એક પત્રનો મુદ્રાલેખ છે કે 'હું સર્વનો ઉપહાસ કરવા આતુર છું કારણ કે નહિ તો મને એ સર્વથી રડવું આવે.' બધા હાસ્યમાં આવી કરુણતા છુપાઈ છે. બધાં આંસુ આ હાસ્યમાં શમે છે. જીવનનો ઉપહાસ કરનારા પણ જો સહૃદય હોય તો માનવ જાતિને ચહાય છે. મનની જાળને ભેદી નાખે એવી એની શક્તિ છે, દુરાગ્રહ અને પક્ષપાતના અંધકારને છેદી શકે એવી એની જ્યોતિ છે.

ઘણા હાસ્યાસ્પદ પ્રસંગો પ્રતિકૂલ હોય છે; ઘણાખરા પ્રતિકૂલ સંજોગોને હાસ્યનો વિષય બનાવી શકાય. જ્યારે કોઈ સંજોગોની પ્રતિકૂલતા સહન ન થઈ શકે ત્યારે એના હાસ્યજનક અંશ પ્રતિ આપણું લક્ષ ખેંચાય છે. આપણી અશાન્ત અને વિહ્વલ બનેલી લાગણીઓ એ મુક્તિના દ્વારમાંથી હાસ્યના ઉચ્ચ પ્રદેશમાં ઊડી જાય છે.

પ્રસંગમાં કંઈ રમૂજી બનતું નથી પણ આપણે એને હાસ્યજનક બનાવીને અસહ્ય વાતાવરણમાંથી પણ આનન્દ ઉપજાવીએ છીએ. એ પ્રસંગના હાસ્યજનક તત્ત્વનું આપણને ભાન થાય છે એમ નથી. કારણ કે ઘણી વાર તો એ પ્રસંગને આપણા જ હાસ્યના રંગે આપણે રંગીએ છીએ. આ પરિણામ આપણી વૃત્તિ પર આધાર રાખે છે. જ્યારે ઘણા માણસો પોતાના દુર્ભાગ્ય વિષે દુઃખ કરે છે અથવા કોઈ નાના બનાવથી આકુળ થઈ જાય છે કે ક્રોધે ભરાઈ જાય છે ત્યારે હાસ્યરસિક મનુષ્યને તો એમાં પણ જીવનની અસંગતિનું ભાન થતાં હસવું આવે છે. ગાંધીજીએ સદ્‌ગત ટિળક માટે એક વાર કહ્યું હતું કે 'વિનોદશક્તિ લોકમાન્યમાં ન હોત તો તેઓ ગાંડા થઈ જાત.' લોકમાન્ય કે ગાંધીજી જેટલો રાષ્ટ્રભારનો બોજો આપણે નથી ઊંચકતા છતાં દુ ખ વિસરાવે એવી થોડી ઘણી વિનોદવૃત્તિ વગર આપણે પણ ઘેલાં થઈ જઈએ.

હાસ્યની શક્તિ આવી વિરલ છે. જીવનની ક્ષણિકતા અને અનેક નાની મોટી આપત્તિઓ, જિંદગીની નિરાશા, પરાજય અને દુઃખ એ સર્વને વિસરાવી દે એવું દિવ્ય એનું બલ છે. પ્રકૃતિ પણ જ્યારે ઉલ્લાસમાં હોય ત્યારે આપણને હસતી નથી ભાસતી? પૂર્ણિમાનો ચન્દ્ર હસે છે અને એની આહ્લાદજનક કૌમુદી પૃથ્વી પર હાસ્ય રેલાવે છે

એ કવિઓની સામાન્ય કલ્પના છે.[૧] વિદ્યુત રૂપી હાસ્ય અને ગર્જના રૂપી હાસ્યના ધ્વનિ સાથે પ્રકૃતિ પણ અટ્ટહાસ્ય કરે છે એવું ચિત્ર કવિ દોરે છે. પક્ષીઓનો કલરવ ઘણી વાર આહ્લાદનો ધ્વનિ હોય એવું લાગે છે પણ એ ખરેખર હસે છે કે નહિ એ મને ખબર નથી. પ્રાણીઓ કોઈકિ વાર હસતાં હોય એમ જણાય છે. ઊંટ હસતું પ્રાણી છે એમ, કોણ જાણે શાથી, મને લાગે છે. બ્રહ્માંડનું ગીત હોય તો એ પણ હાસ્ય હશે કારણ કે સૃષ્ટિ એક ક્રીડા જ છે ને! બાળકો નિદ્રાવશ હોય ત્યારે હસે છે તે સ્વપ્નમાં પરીઓ કે દેવના દૂતો એમની સાથે વાત કરે છે તેથી, એવી અંગ્રેજીમાં એક ઉક્તિ છે અને એ અયોગ્ય નથી. હાસ્ય આ દુઃખી સૃષ્ટિ ઉપર સ્વર્ગ સરજવા મથે છે અને કો દિવ્ય લોકની ઝાંખી કરાવે છે.

હાસ્ય મનથી પણ પૂરેપૂરું ગ્રહણ ન થઈ શકે એવું સૂક્ષ્મ અને તોફાની તથા મસ્તીખોર છે એટલે એની સ્પષ્ટ વ્યાખ્યા આપવી કે સંપૂર્ણ મીમાંસા કરવી એ કઠણ છે. પરંતુ જે માનસ અને સંજોગોમાંથી એ ઉદ્ભવે છે એમાં જીવનની મીઠાશ અને આવેગ બંને વસેલાં છે.

☆

---

૧ હસે આકાશે ચન્દ્રમા, તારા લસે
મને સાંભરે આપણી રાત, સખી! — કાન્ત, આપણી રાત
શૂન્યનગરી નિરખી નિરખે હાસિ છિ પૂર્ણ ચન્દ્ર – રવીન્દ્રનાથ, અભિસાર
પૂર્ણિમા નિશીથે જબે દશ દિશે પરિપૂર્ણ હાસિ – એજન, ઉર્વશી

છત્રી

જ્યોતીન્દ્ર હ. દવે

(૧૯૦૧ -)

થોડા સમય પર મને એક મિત્ર રસ્તામાં અચાનક મળી ગયા. પ્રિયજનને સ્મશાન પહોંચાડીને જાણે પાછા ફર્યા હોય એવું એમનું મુખ જણાતું હતું. મેં પૂછ્યું : "કેમ, આમ કેમ ?'

"શું ?" એમણે પ્રતિપ્રશ્ન કર્યો.

"તમારા પર જાણે કોઈ ભારે દુઃખ પડ્યું હોય એમ તમારા મોં પરથી લાગે છે."

"ખરી વાત છે."

"ઓહ સૉરિ ! (દિલગીર છું.) શું બન્યું છે ? હરકત ન હોય તો કહેશો. કોઈક પ્રિયજનને ગુમાવ્યું હોય એવું લાગે છે."

"હા હા, એવું જ કંઈક."

"કોઈક બહુ પાસેનું છે ?" મેં બને એટલા ગંભીર થવાનો પ્રયત્ન કરી પૂછ્યું.

"હા, બહુ પાસેનું. હંમેશ મારી પાસે જ રહેતી. મને એના વગર ઘડી ચાલતું નહીં."

એમનાં પત્ની ગુજરી ગયાં છે એમ મને લાગ્યું. "ત્યારે તો તમે ખરેખર દુઃખી થઈ ગયા !" મેં કહ્યું.

"દુઃખી નહીં તો બીજું શું ? પોતે તાપ તડકા ખમતી, ને મને ઠંડક આપતી. મારા ઘરની શોભારૂપ હતી – મારી હાથલાકડી જેવી હતી.

હવે એ જતી રહી એટલે મને એવું એકલું એકલું લાગે છે !"

"ખરેખર, આટલી ઉંમરે ઘરભંગ થવાય એ બહુ બેદકારક છે."

"ઘરભંગ ?"

"કેમ–તમારાં–છે, તે – તમારાં – પત્ની કે ની ?" મેં કંઈક બકાયું છે સમજી પૂછ્યું.

"મારી પત્ની ?"

"હું તો એમ સમજ્યો."

"ના રે ! મારી પત્નીને શી ધાડ આવતી'તી ? એ બેડી ઘરમાં."

"ત્યારે ?"

"એ તો છત્રી આજ આઠ દિવસથી ગઈ છે તેની વાત કરતો'તો."

"છત્રી ! છત્રી ખોવાઈ તેમાં આટલા દિલગીર થઈ ગયા ! એમાં શું ? બીજી ખરીદો."

"અરે ભાઈ ! તમે જાણતા નથી. બીજી તો ખરીદાય, પણ ગઈ તે કંઈ આવવાની હતી ? એમ તો બૈરી પણ ક્યાં બીજી નથી મળતી ? પણ મને એ જ છત્રી ગમી ગઈ હતી. હવે એનાથી સારી મળે તોયે ચેન નહીં પડે"

આપણે ઘણી વાર પૈસા સિવાયની જડ વસ્તુઓને હલકી માની લઈએ છીએ; પણ કેટલીક જડ વસ્તુઓ આપણને સ્વજન જેવી થઈ પડે છે. છત્રી જતી રહ્યાથી સ્ત્રી મૃત્યુ પામી હોય એવો બેદ સાધારણ રીતે ભાગ્યે જ કોઈને થાય છે પણ મારા ઉપર્યુક્ત મિત્ર જેવા કોક એવા પણ હશે જેમને સ્ત્રી કરતાં યે છત્રી વધારે પ્રિય હોય, એટલું જ નહીં, પણ અમુક ઇષ્ટ કન્યા ન મળતાં અથવા મળેલી મૃત્યુ પામતાં જેમ ઘણાં 'પ્રેમી'ઓનું 'દિલ' બીજી ઉપર ચોંટી શકતું નથી તેમ એવા છત્રીપ્રેમીઓ પણ હોય છે જેનું હૃદય એક જ છત્રીને ચાહી શકે છે.

સામાન્ય રીતે છત્રીઓ એકસરખી લાગે છે, પણ દરેક છત્રીનું

વ્યક્તિત્વ નિરાળું હોય છે. સંસ્કૃત આલંકારિકોએ પાડેલા નાયિકા-ભેદોનાં લગભગ બધાં જ દૃષ્ટાંતો છત્રી પૂરાં પાડે છે. પરકીયા તરફની રતિથી રસોત્પત્તિ થતી નથી, પણ રસાભાસ માત્ર થાય છે એમ આલંકારિકો કહે છે; પરંતુ છત્રીની બાબતમાં તો મનુષ્યો ઘણુંખરું પરકીયા તરફ જ વધારે પ્રીતિ દર્શાવતા હોય છે. કેટલાકને સ્વકીયા વધારે વહાલી હોય છે એ ખરું, પણ પરકીયાનું હરણ કરી જતાં એ ખંચાતા નથી.

ચંપલ, ચોપડી ને છત્રીની બાબતમાં સામાન્ય રીતે ઉચ્ચ પ્રકારના ચારિત્ર્યવાળા માણસોની પણ નીતિની ભાવના જરા શિથિલ થઈ જાય છે. બીજા પાસેથી વાંચવા આણેલી ચોપડી તેને પાછી પહોંચાડવી જ જોઈએ એમ માનનારા–ને ખાસ કરીને એ મંતવ્યને અમલમાં મૂકનારા–વિરલ હોય છે. ચંપલ ને છત્રી કોઈ પાસેથી માગી લાવવાની જરૂર પડતી નથી, પણ મેળાવડો, સભા કે એવા સ્થાનમાં જાણે ભૂલથી જ હોય એમ, પોતાની ચંપલ કે છત્રીને બદલે પારકી ઉપાડી લઈ ચાલ્યા જવું એ સહેલું થઈ પડે છે. ઘણી વાર અજાણ્યે, ખરેખરી ભૂલને લીધે પણ આમ બને છે પણ જો બદલાયેલી ચંપલ કે છત્રી વધારે સારી હોય તો 'કંઈ નહિ, એને બદલે હું મારી મૂકી આવ્યો છું ને–' એમ કહીને ગમે એવો, પ્રામાણિક મનુષ્ય પણ પોતાને છેતરે છે. ગાર્ડિનરે આ પ્રકારની મનોવૃત્તિને 'અમ્બ્રેલા કોન્શ્યંસ' નામ આપ્યું છે, અને એ પ્રકારની વૃત્તિ, આપણા દેશ પેઠે ઇંગ્લંડમાં પણ કેટલી બધી વ્યાપક છે તે એણે બહુ સચોટ રીતે દર્શાવ્યું છે. હું પોતે આ પ્રમાણે કેટલી યે છત્રી ઉપાડી લાવ્યો છું–મારી સારી છત્રી ગુમાવી પણ આવ્યો છું હમણાં પણ મારી કને જે છત્રી છે – ના, છે નહીં પણ હતી, કારણ કે થોડા દિવસ પર જ હું એને ક્યાંક ભૂલી આવ્યો છું ને મારી વાટ જોતી પ્રોષિતભર્તૃકા જેવી અત્યારે પણ એ ત્યાં જ હશે – એ છત્રી આ વર્ષ દરમ્યાન બદલાયેલી આઠમી છે. એના ગયાનો મને બહુ શોક થતો નથી, કારણ કે એ મેં નહોતી બદલી લીધી પણ મારા કરતાં કોઈ વધારે ચતુર માણસ મારી.

છત્રી ઉપાડી તેના બદલામાં એને મૂકી ગયો હતો ને મારે પરાણે તેનો સ્વીકાર કરવો પડ્યો હતો. એના પહેલાંની મારી છત્રી ઘણી સુંદર હતી. પણ ખરું જોતાં તે મારી નહોતી–એના પર કોઈ બીજાનું નામ પણ હતું, પણ તે હું મારી એ પહેલાંની જૂની છત્રીને બદલે કોઈકિ સ્થળેથી ઉપાડી લાવ્યો હતો.

'સ્ત્રી રહે તો આપથી ને જાય તો સગા બાપથી' એ લોકોક્તિ જેટલી સ્ત્રીને લાગુ પડે છે તેટલી છત્રીને પણ પડે છે. પતિનું નામ ધારણ કરનારી સ્ત્રીઓ ને છત્રીઓ બંનેનાં હરણ ઘણી વાર થાય છે. તેમ કેટલીક વાર એમ પણ બને છે કે પતિથી છૂટા થવાની ગમે એટલી ઇચ્છા છતાં તેનો ત્યાગ તેનાથી થઈ શકતો નથી.

એવી એક પતિપરાયણા છત્રી મારે નસીબે આવી હતી. આજે એ છત્રી હયાત નથી એટલે કહી શકું છું કે મને એ જરા ગમતી નહોતી. એને સાથે લઈ ને બહાર નીકળતાં મને શરમ લાગતી. સભ્ય સમાજમાં ફરવા જેવું એનું રૂપ નહોતું. એની ઉપર ગુણપાટ જેવું જાડું ખાદીનું કપડું વરસાદથી પલળી પલળી કાળા હાથાના રંગથી રંગાઈ ચિત્રવર્ણું બની ગયું હતું. એનો હાથો સૂજીને ફૂલી ગયો હતો. કમરમાંથી મરડાઈ ગઈ હોય એમ એ વાંકી થઈ ગઈ હતી; અનેક વંદાઓ એના ઉપર પોતાની નિશાની મૂકી ગયા હતા.

એ છત્રીને દૂર કરવાના મેં બને એટલા પ્રયત્ન કર્યા. કોઈને ઘેર જતો ત્યાં એ છત્રી મૂકી આવતો. એ સદ્‌ગૃહસ્થ બીજે દિવસે કોઈકિ માણસ મારફત પાછી મોકલાવતા. મેં એને બદલી જોવાના પ્રયત્નો કર્યા, પણ જ્યારે જ્યારે એ છત્રીને બદલે હું એની જોડેની ઊંચકતો ત્યારે ત્યારે હમેશાં એ બીજી છત્રીના માલિકની નજર અચાનક મારા તરફ પડતી ને એ કહેતો : 'અરે, આ તો મારી છત્રી છે.' ને હું "ભૂલ થઈ ગઈ હોં, માફ કરજો," કહીને વીલે મુખે પાછી મૂકી દેતો. એક વખત તો હું એ જર્જરિત છત્રીને બદલે કોઈકિની નવી છત્રી

ઉપાડીને ઘર સુધી આવી પહોંચ્યો હતો, પણ ઘરમાં પ્રવેશ કરું તે પહેલાં એ છત્રીના માલિક દોડતા મારી પાછળ આવી પહોંચ્યા ને મારી ભૂલ બતાવી મને મારી જૂની છત્રી પાછી સોંપી પોતાની નવી પાછી લઈ ગયા. છેવટે મેં ચાલતી ટ્રામમાંથી છત્રીને ફેંકી દીધી, પણ રસ્તે ચાલતા કોઈ પરગજુ માણસની દૃષ્ટિએ પડવાથી એણે છત્રી લઈ ટ્રામ સાથે દોડવાની હરીફાઈમાં ઊતરી હાંફતાં હાંફતાં બારીમાંથી મને એ છત્રી પાછી સહીસલામત પહોંચાડી. એનું જ્યારે કુદરતી રીતે મોત થયું, ત્યારે જ એણે મારો ત્યાગ કર્યો. આવી સ્નેહાળ અને પતિપરાયણા છત્રીને છેહ દેવાના મારા પ્રયત્નો આજે સંભારું છું ત્યારે મને ખરેખર દુઃખ થાય છે. આટલી મમતા ત્યાર પછી – કે ત્યાર પહેલાં પણ – મારા તરફ છત્રીએ બતાવી નથી. જ્યાં હોય ત્યાં ઈશ્વર તેના આત્માને પરમ શાન્તિ આપે!

સ્વકીયા ને પરકીયા છત્રી પેઠે સામાન્યા પણ હોય છે. પૈસા બચાવવાની દુઃસાધ્ય કલામાં અતીવ નિપુણ એવા મારા એક ઓળખીતા ગૃહસ્થને ત્યાં દશ માણસ વચ્ચે એક જ છત્રી રાખવાનો રિવાજ છે. વરસાદ પડતો હોય તો જેને સૌથી વધારે જરૂરનું કામ હોય તે પહેલો જઈ પાછો આવે, ત્યાં સુધી બધાં ઘરમાં બેસી રહે. બહુ થાય તો એક છત્રીમાં બે જાય; પણ એક સાથે બેકથી વધારે છત્રી ઘરમાં કદી પણ હોવી ન જોઈએ એવો એમનો કડક નિયમ છે.

કેટલીક છત્રીઓ બહુ શરમાળ હોય છે. એના નાજુક હાથાને અડકો એટલે એનું આખું શરીર કંપી ઊઠે. કેટલીક કુપિતા નાયિકા જેવી હોય છે. મારે એવી એક કુપિતા જોડે પાનું પડ્યું હતું. કંઈ પણ કારણ હોય કે ન હોય પણ એ હંમેશાં ખીજવાયેલી જ રહેતી. હું એને ગમે એટલું સમજાવું, પટાવું પણ એ કદી દિલ ખોલે જ નહીં. વરસાદ પડવા માંડે ને હું એને ઉઘાડવા જાઉં તો એ છણુકો કરીને મારા હાથમાંથી સરી જાય. કદાચ ઊઘડે તો થોડી વારમાં અચાનક પોતાની મેળે બંધ થઈ જાય ને મારા માથા પર પ્રહાર કરે. આખરે

અકળાઈને મેં મારા એક ઘાટીને ભેટ આપી દીધી. ઘાટી જોડે થોડા વખત એ સીધી ચાલી ને પછી તો ઘાટી પણ એનાથી અકળાયો ને મને પાછી આપી ગયો. અંતે મેં કોઈ જળસંકટનિવારણના ફંડમાં એ છત્રી પધરાવી દીધી.

કેટલીક આરંભમાં બહુ કોમળ,, નાજુક ને ભલા સ્વભાવની દેખાય છે. પોતે વરસાદ ને તડકો વેઠીને આપણું સ્વરક્ષણ કરે. જ્યાં જઈએ ત્યાં આપણી શોભામાં વૃદ્ધિ કરે. પોતાની કુમાશથી આપણું દિલ હરે. કાર્યપરાયણતાથી આપણને અનિવાર્ય ઉપયોગની થઈ પડે, ને નિમકહલાલી ને ટકાઉપણાથી આપણો કદી ત્યાગ ન કરે. પણ પછીથી એનામાં પવન ભરાય છે ને એ એવી તો ફૂલાઈ જાય છે કે આપણી જરા ય પરવા કરતી નથી. આપણા તરફથી નજર ખસેડી વ્યસ્ત-વમના બની આકાશ તરફ મોં કરી બેસે છે ને વરસાદ કે તડકામાં આપણને નિઃસહાય બનાવી મૂકે છે.

તાપ અને વરસાદથી રક્ષણ કરવા ઉપરાંત છત્રીના બીજા ઘણા ઉપયોગ છે. એનાથી શોભામાં વૃદ્ધિ થાય છે. ગૌરવ અને પ્રતિષ્ઠાનો આધાર પણ કંઈક અંશે એના પર રહે છે. આથી જ રાજામહારાજા-ઓને છત્રચામર ધરવામાં આવે છે. તેમ જ પરણવા જતી વખતે વરરાજાને માથે હજામ છત્રી ઓઢાડે છે. કોઈક પ્રસંગે મારામારીમાં છત્રી લાઠી તરીકે વાપરી શકાય છે, જો કે એવા યુદ્ધને પ્રસંગે છત્રી વાગવા કરતાં ભાંગી જલદી જાય છે. કરડવા આવતા કુતરા સામે છત્રી જોરમાં ઉઘાડ–દે કરવાથી તે નાસી જાય છે. લપસણી જમીન ઉપર ચાલવું હોય ત્યારે છત્રીનો ટેકો લઈ શકાય છે.

અસહ્ય તાપમાં ચાલતાં છત્રી આપણને તડકો લાગવા દેતી નથી. ઘોધમાર વરસાદની અંદર છત્રી હેઠે આપણે વગર પલળે જઈ શકીએ છીએ તે જ પ્રમાણે જાહેરમાં હજાર આંખો જોતી હોય ત્યારે એકાંત ઇચ્છનારાઓ માટે છત્રી બહુ સુંદર સાધનરૂપ થાય છે. હ્રસ્વ ઇકારની અંદર રહેલા સંયુક્તાક્ષર જેવા છત્રીના ઓથામાં રહેલા યુગલને ખુલ્લી

સાર્વજનિક જગામાં હુન્નરો મનુષ્યો વચ્ચે પણ જોઈતું એકાંત મળી રહે છે. છત્રી આ પ્રમાણે જગતની નજરથી ઉરના પ્રેમાગ્નિ ઓલવવા ઇચ્છનારા પ્રેમી યુગલને ઢાંકી કલ્પનાનાં ઉડ્ડયન કરાવે છે ને બળતા ઘરમાંથી નાસવા ઇચ્છતા માણસને ત્રીજા માળની બારીએથી જમીન ઉપર કૂદી પડવાના કાર્યમાં પણ છત્રી સહાય કરે છે. એક રીતે કલ્પનાના પ્રદેશમાં લઈ જવા વિમાનનું કાર્ય કરે છે ને બીજી રીતે 'પેરેશુટ'નું કાર્ય પણ એ કરે છે,

આખી દુનિયાને સુધારવા કરતાં પોતાની જાતને સુધારવી એ જ સુખી થવાનો માર્ગ છે. એ છત્રીનું ઉદ્દિષ્ટ રહસ્ય છે. વરસાદ કે તડકાથી બચવા માટે આખા આકાશને કપડાથી ઢાંકી દેવાતું નથી, પણ મનુષ્ય પોતાની જાતને જ ઢાંકે છે. એટલે પછી આખા જગતમાં ફાવે તેટલો તાપ પડે કે વરસાદ પડે એ સર્વથી વિમુકત તે રહી શકે છે. સર્વ બાહ્ય ઉપાધિથી રક્ષણ કરે એવી એક છત્રી શોધી તેની શીતળ છાંય હેઠે રહેવાની ઇચ્છા દરેક મનુષ્યને હોય છે. એવી છત્રીની શોધમાં એ જીવન વ્યતીત કરે છે. એક પછી એક અનેક છત્રી અદલાબદલીમાં એને મળે છે. પણ આખા જગતના વૃષ્ટિતાપ પોતાને શિરે લઈ પોતાના ધારણ કરનારને હંમેશ હુંફાળી શીતળતામાં રાખે એવી છત્રી તો કોઈક વિરલ ભાગ્યશાળીને જ હાથે ચડે છે.

☆

છૂટાં પંખીડાં

પ્રભુદાસ છગનલાલ ગાંધી

(૧૯૦૧ -)

સ્મટ્સ અને બાપુજી વચ્ચે વાટાઘાટ ચાલી રહી હતી એ દિવસોમાં અમને ફિનિક્સના બાળકોને એક નવો જ રસ જાગ્યો હતો. એ વખતે જેલમાંથી છૂટીને આવેલા અમારા મુખ્યોઓ પેલા કમિશન સંબંધી ચર્ચાઓ અને સત્યાગ્રહની એ લડતના ભવિષ્યની ચિંતામાં રોકાયલા રહેતા હતા, મોટા વિદ્યાર્થીઓ ફિનિક્સનાં ફળઝાડની પ્રદક્ષિણા કરવામાં વખત ગાળતા હતા, અમે બાળકો ફિનિક્સનાં પંખીની શોધખોળમાં અને એમાંના કોઈકને પકડીને પાળવાના પ્રયત્નોમાં વળગ્યા હતા. અમારા ભાઈબંધ દોસ્તદારો જેલમાં પુરાઈ રહેલા એ અમને આખો વખત ખૂંચ્યા કરતું હતું, પણ અમારા બગીચાનાં છૂટાં પંખીડાંઓ માટે જેલખાનું ઊભું કરવામાં અમને સંકોચ નડોતો થતો. માણસો જેલમાં પુરાય એ અમને હડહડતો અન્યાય દેખાતો હતો. અને એકાદું પંખી અમારા પાંજરામાં ફસાઈ જાય તો અમે હરખથી નાચી ઊઠતા હતા !

ફિનિક્સમાં નાનામોટા જેટલા મહેમાનો આવતા એ સૌ અમારે ત્યાંનાં ફળોની મીઠાશનાં વખાણ કરતાં થાકતા નહોતા, અને જાતમહેનત કરી, પુષ્કળ કાળજી રાખી તથા પરસેવો પાડીને ઉપજાવેલાં એ અસાધારણ ફળોનું સૌંદર્ય નિહાળી નિહાળીને ફિનિક્સવાસી ભારોભાર આત્મસંતોષ અનુભવતા હતા. પણ એ ફળોનાં સાચાં પારખુઓની તરફ અમારું ઝાઝું ધ્યાન જતું ન હતું. જે પપૈયાં, સફરજન કે બીજાં ફળ ઉપર પંખીએ બેચાર ટોચા પાડેલા હોય એવા વનપક્વ ફળની કિંમત અમે

વધારે કરતા અને મહેમાનોને ચખાડતા, પણ પંખીઓની ફળ પારખવાની એ ચતુરાઈને માન આપવા ઉપરાંત એમની જોડે અમો ભાગ્યે જ કશી લેવાદેવા રાખી હતી. અમારે ત્યાં એવો કોઈ ઉત્સાહી હોવાનું મને યાદ નથી આવતું કે જેણે અમને બાળકોને પંખીઓના પરિચય સંબંધી બે-પાંચ વાત પણ કહી હોય, ઝેરી અને ઝેર વિનાના સરપોની ઓળખાણ-સંબંધી ઘણાઓને રસ હતો અને એનું શાસ્ત્રજ્ઞાન ચોપડીમાંથી તેમ જ સરપ પાળીને પણ અમારે ત્યાં કેટલાક જણ વધારી રહ્યા હતા,. પણ પક્ષીઓ સંબંધના જ્ઞાન વિશે કોઈને રસ ન હતો.

અમારા ઘરમાં પંખીઓ પ્રત્યે પ્રેમ હતો ખરો. કોઈકિ સમીસાંજે ક્રિનિકસના સીમાડાઓ ઉપર ચાંદની પથરાતી આવતી હોય અને તેના સ્વાગતમાં બુલબુલે પોતાનું સંગીત વહેતું મૂકયું હોય ત્યારે ઉલ્લાસમાં આવીને મગનકાકા બોલી ઊઠતાઃ "ભગવાને આ કંઠમાં કેટલું બધું માધુર્ય મૂકયું છે!" એ જ પ્રમાણે મારા પિતાશ્રીને રોબિન પંખી બહુ જ ગમતું. અંકગણિતના અઘરા દાખલાઓ તેઓ મને શીખવી રહ્યા હોય ત્યારે ય ઘરના આંગણામાં ચણતું ચણતું જો રોબિન આવી પહોંચે તો બેપાંચ મિનિટ પિતાશ્રી તેને ધ્યાનથી જોઈ રહેતા અને કહેતા કે "આ રોબિન બહુ મીઠડું પંખી છે. વિલાયતમાં હું હતો ત્યારે મેં જોયેલું કે અંગ્રેજો એને જોઈને બહુ જ હરખાય છે." તથા મારી બાને તો પંખીઓની સામે મીટ માંડીને એની હાલચાલ જોવામાં બહુ જ રસ હતો. રસોડાનું ને બીજું ઘરકામ કરતાં કરતાં યે તેઓ બારસરીમાં પોતાની બેઠક એવી રીતે રાખતાં કે આંગણે આવતાં-જતાં પંખીઓ દેખાતાં રહે. દાળચોખા વીણતી વખતે તો પંખીઓની વાણીમાં ઈશ્વરનું કીર્તન સાંભળવાનો એમનો કાર્યક્રમ જ રહેતો. અને અનેક વાર તેઓ રાજકોટના ઘરઆંગણે હળી ગયેલાં ચકલાંની અને ચણવાને આવતા પોપટની વાત કરતાં.

પરંતુ દક્ષિણ આફ્રિકામાં પંખીઓની કશી ખાસ જાણકારી

અમારે ત્યાં કોઈ ને ન હતી. બેપાંચ પંખીઓનાં અંગ્રેજી નામ અમે જાણતાં હતાં એટલું જ. અમને બાળકોને પંખીઓ પાછળ દોડાદોડ કરી મૂકવાનો રસ ઊભો કરનાર હતો અમારો બાળ–સાથી છોટમ, અને એની ખૂબ વાતો કરનાર હતી અમારી નવી દોસ્તદાર ફાતિમાબહેન.

મોટા રસોડા પાસે કદળીવનમાં આપણે ત્યાંની ઘરમાં વસનારી ચકલી જેવું અને લલેડાના જેવા ધૂળિયા રંગવાળું એક પંખી રખડુ છોટમને મળી આવ્યું. કોઈક કારણે તે પૂરી રીતે નહોતું ઊડી શકતું. જરાક ઊડીને તે પાસેની ડાળ ઉપર બેસી જતું. છોટમે એનો બરાબર પીછો લીધો અને એને પકડીને ઘરમાં લઈ આવ્યો. ફાતિમાબહેનનો અને છોટમનો સ્વભાવ કંઈક મળતો આવે. એમણે ઉત્સાહથી એ પંખીને પાળવાનું નક્કી કર્યું. પોતાને હાથે એક નાજુકડું પાંજરું બનાવ્યું, અને એને દાણોપાણી પૂર્યાં. બન્નેએ મળીને આખી બપોર સેવા કરી. બેએક દિવસમાં એ અમારી બધાની જોડે હળી ગયું. જમતી વખતે પાંજરાને અમે અમારી પાસે જ લાવીને મૂકતાં અને એને હેતથી ખવડાવતાં. પછી અમારા મોટા ઓરડાનાં બારીબારણાં વાસી એને પાંજરામાંથી છૂટું મૂકી દેતાં. અને તે ઊડી ઊડીને મેજ પર, કબાટ પર કે બીજે જઈને બેસે એટલે એને પકડી લાવવાને કૂદાકૂદ કરી મૂકતા. એ કૂદાકૂદમાં અમને હસવું ન આવતું હોય તોયે નાનો છોટમ કંઈક અડપલું કરીને અમને બધાને ખડખડાટ હસાવી મૂકતો. મગનકાકા અમારી રમતમાં ભળતા ત્યારે તો વળી ખૂબ મઝા પડતી. તેઓ અમને સૂચના આપતા કે આવી રીતે નહીં, આવી રીતે જઈને પકડી લો. એ પંખીનું નામ અમે ચકલી જ પાડ્યું હતું. અમે અમારી ગુજરાતી વાચનમાળાની ચોપડીમાં ચકલીનો પાઠ વાંચ્યો હતો અને ચકલીનું ચિત્ર પણ જોયું હતું. પણ અમારે ત્યાં ચકલી જોવા નહોતી મળતી. એટલે અમારે મન એ નામ બહુ ભાવભર્યું હતું. આશરે બાર પંદર દિવસ એ પંખીએ અમને આનંદ આપ્યો. એ પછી એક સાંજે અમે બધાં જમવાટાણે ભેગા થયા ત્યારે પાંજરું ખાલી જોયું. તપાસ

કરતાં ખબર પડી કે છોટમભાઇએ એને પાંજરામાંથી છૂટું મૂકી દીધું હતું. અમે કારણ પૂછયું તો તે બોલ્યા, મને મન થયું કે એને ખૂબ ઉડાડું. એટલે મેં એને પાંજરું ખોલીને ઉડાડ્યું. અને એ પાછું ન આવ્યું. પણ અમને ખાલી પાંજરું વરવું લાગ્યું એટલે અમે ફરી કોઈક પંખી પકડવાનો અખતરો માંડ્યો. અને એ અખતરામાં ફાતિમાબહેન સાથે હું ઠીકઠીક ભાગ લેતો હતો,

ફીનિકસનાં અનેક પંખીઓને જોતા બેસવામાં મને રસ હતો પણ તેમાં યે કેનેરી પંખી મને વધુ ગમતું હતું. એ આપણે ત્યાંની કાબરને મળતું ગણાય. કદમાં ને ઘાટમાં એ કાબર જેવડું લાગતું. એના અવાજમાં કાબર જેટલી કર્કશતા ન હતી, તેમ ખાસ માધુર્ય પણ ન હતું. એ કાબર જેટલું બોલકણું યે ન હતું. ફીનિકસના શાંત વાતાવરણને એ પંખીઓ વધારે પડતા કલબલાટથી અશાંત નહોતું બનાવી મૂકતાં, પણ અમારા આંગણામાં ટોળાબંધ આવી મીઠી કચકચ કર્યા કરતાં. એનું આખું આકર્ષણ એના રંગમાં હતું. એની પાંખ ચળકતા પીળા રંગની સોનેરી હતી. એની પીઠ ઉપર વાઘના જેવા સરસ ચટાપટા હતા. અને ચતુરાઈમાં એ કાગડાને મળતું હતું. ફીનિકસનાં પંખીઓમાં કેનેરી પંખીથી મોટા કદનું કોઈ પણ પંખી મને યાદ નથી આવતું. એ સોનેરી પંખીને પકડીને પેલા પાંજરામાં રાખવાનાં અમે ખૂબ ફાંફાં માર્યાં. અમારી વાસણ ઉટકવાની જગ્યાએ મેં નાનાં નાનાં બોખાં ગોહવ્યાં. પાતળા સાંઠીકડાને આધારે એને ઊંધાં ઢળતાં રાખી એની નીચે સરસ વાનગીઓ મૂકી અને લાંબી દોરી બાંધીને મેં એ ફાતિમાના હાથમાં પકડાવી કે જેથી કેનેરી પક્ષી એ સારું સારું ખાવાનું ખાવા બોખા તળે આવે કે તરત દોરી ખેંચી એ બોખું પાડી દઈ શકાય અને પાંચસાતમાંથી બેત્રણને તો એમાં ફસાવી શકાય. પણ લાગલગાટ દિવસોના દિવસો સુધી અમારો સવારસાંજનો એ પ્રયત્ન નકામો ગયો. એક વાર દેવીબહેને અમને ખૂબ શરમાવ્યાં કે એ બિચારાં પંખીઓની પાછળ તમે લોકો શું પડ્યાં છો. એ આપણે

આંગણે છૂટાં થઈને આવે છે ને રમે છે તે પછી નહીં આવે, જો તમે એમને સતાવશો તો..

ત્યાર પછી પંખી પકડવાની અમારી એ રમત બંધ થઈ ગઈ. પણ ક્લીનિકસ છોડીને આવ્યો તે દિવસ સુધી કેનેરી પંખીને પાંજરામાં પૂરીને એને નિહાળવાની મારા મનની તીવ્ર ઇચ્છા મનમાં જ રહી ગઈ. એ સિવાયનાં પણ ક્લીનિકસનાં બીજાં અનેક પંખીઓની સ્મૃતિ મને હજુ ફરી ત્યાં જવાને લલચાવ્યા કરે છે. એ કેટલાંક સ્મરણો અહીં નોંધી જાઉં તો બોટું નહીં.

જેટલી જાતનાં પંખી બોલતાં તે બધાંનું અનુકરણ કરવાનું હું ચૂકતો નહીં. બધાં જેલમાં હતાં ત્યારે તો મારા મન ઉપર કામનો કંઈક ભાર રહેતો અને વખતસર કામ ન ઉકેલું તો કાર્યક્રમ બગડવાની થોડીક ચિંતા રહેતી. પણ બધાં જેલમાંથી પાછાં આવી ગયાં ત્યારે મને તો એક રીતે પૂરેપૂરી રજા જ પડી હતી. ઘરનું, રસોડાનું, વાળઝૂડનું, કપડાં ધોવાનું જે કામ મારા માથા પર રહેતું તે મારી બા અને કાકી આવ્યાં એટલે મારે માથે મુદ્દલ ન રહ્યું. અને હવે મને મગનકાકાની ઉગ્રતાનો કે મારી બાના ઠપકાનો થોડોઘણો ભય હતો તે પણ જતો રહ્યો. એટલે મારે સમય જાળવવાની ઝાઝી પંચાત રહી નહીં. હું કામ કરું કે ન કરું : કોઈ મને પૂછનાર ન હતું. અને એ રીતે પંખીઓ પાછળ કલાકોના કલાકો હું વીતાડતો. નાનપણમાં મારા ગળાનો સાદ તીવ્ર સપ્તકમાં પણ સારી રીતે પહોંચતો. અને વળી કોયલ જેવું પંખી ત્યાં ન હતું કે જેમ સામો ટહુકો કરે તેમ વધારે ઊંચો ટહુકો કરવાને વાદે ચડે. એટલે સહેજે હું દરેક પંખીના ટહુકાનો પ્રતિધ્વનિ મારા ગળામાંથી કાઢી શકતો હતો. જરાક પણ નવી જાતનું પંખીગીત સંભળાતું કે તરત હું બીજું કામ પડતાં મૂકી એમાં જ બધું ધ્યાન પરોવતો અને જેટલી નાજુકાઇથી પંખીનો ટહુકો સંભળાય એટલી જ નાજુકાઇથી એની નકલ ઉતારતો. એમ કરતાં જો કોઈ વાર એ જાતનાં પંખી એ જાતનાં ગાન સાથે શરૂ કરી દેતાં તો મને મૂંઝવણ થઈ પડતી કે એમાંથી

કેાનું અનુકરણ કરું. અને એમાંથી રસ્તો એ કાઢતો કે એક વાર એક પંખીને જવાબ આપતો તો બીજી વાર બીજા પંખીને. ત્યાંનાં બધાં પંખીઓ સમૂહમાં જ ગાતાં, અને કેાઈના આલાપમાં દ્રુત ગતિ ન હતી. કેાઈ લાંબા હીંચકા ખાતું હેાય એમ બેાલતું, કેાઈ બેાલતાં બેાલતાં વચ્ચે ઝેાલું ખાઈ જતું. એટલે સ્વભાવે મંદ ગતિનેા હું એ પંખીને સાથ દેવામાં પાછળ નહેાતેા પડતેા.

પંખીઓની જમાતમાં કેટલાંક ગીત ગાવામાં ચડે, કેટલાંક રંગની છટામાં ચડે, કેટલાંક નૃત્યમાં ચડે અને કેટલાંક કળાકારીગીરીમાં ચડે. કેટલાંક એકલશૂરાં હેાય તેા કેટલાંક ટેાળેટેાળામાં જ ભમે. અહીં દેશમાં આવીને જે વિવિધ જાતનાં પંખીઓનેા પરિચય મને મળ્યેા એમાંનાં ભાગ્યે જ કેાઈ પંખી ફીનિકસમાં જોયેલાં યાદ આવે છે. તેમ ફીનિકસમાં જે પંખીઓ જોયેલાં કે જેનાં ગીત સાંભળેલાં એમાંના કેાઈક જ પંખીનું દર્શન કે શ્રવણ અહીં થાય છે. હું આફ્રિકાનાં બધાં પંખીઓને નથી જાણતેા. દક્ષિણ આફ્રિકામાં નાતાલ પ્રાંતનાં પંખી જોડે જ મારી થેાડીઘણી એાળખ ગણાય. અને નાતાલ પ્રાંતમાં ફીનિકસમાં આવજા કરનારાં પંખીઓ સિવાય બીજાંઓની હું વાત કરી શકું તેમ નથી. આપણે ત્યાં ગુજરાત કાઠિયાવાડમાં જે પંખીઓ જોવામાં આવે છે એમાંનાં મેાટા ભાગનાં આખા દેશમાં બધે જ જોવામાં આવે છે. કેાયલ, કાગડા, પેાપટ, ચીબરી, ચામાચીડિયાં, સમડી, ગીધ, મેાર, કૂંજડી, સારસ વગેરે પંખીઓ આપણી સાબરમતીને કાંઠે પણ દેખાય છે અને ગંગા-કાંઠે પણ દેખાય છે, સહ્યાદ્રિની બીણમાં આવેલાં ગામડાંમાં પણ દેખા દે છે અને હિમાલયના પ્રદેશમાં પણ નજરે પડે છે, કાઠિયાવાડમાં પણ જોવા મળે છે ને બંગાળમાં પણ જોવા મળે છે. પણ ઉપર ગણાવ્યાં એમાંનું એકેય પંખી ફીનિકસમાં જોયાનું મને યાદ નથી આવતું, વળી ફીનિકસના બગીચાઓમાં એટલાં બધાં ફળફૂલ લચી રહેતાં કે ત્યાં ઓછાં પંખીઓ આવતાં હશે એમ તેા ન જ કહેવાય. એ ઉપરથી હું એ અનુમાન બાંધું કે દક્ષિણ આફ્રિકામાં આપણા હિન્દુસ્તાનમાં થતાં પંખી હતાં જ નહીં તેા.

ઓછું ન ગણાય. પંખીસૃષ્ટિને હિસાબે એ આખો પ્રદેશ જ જુદો હતો.

ત્યાંનાં ગાનારાં પંખીઓમાં સૌની ટોચે આવે એવું પંખી બુલબુલ હતું. આપણે ત્યાંની કોયલ કરતાં એનું સંગીત જરા પણ ઊતરતું ન લેખાય. જ્યારે ગ્રીષ્મ ઋતુનો ધોમ ધખી રહ્યો હોય ત્યારે જેમ કોયલને શૂર ચડે છે અને પોતાના કોળવાયેલા કંઠના મીઠા ટહુકાનો આરોહ લેવા માંડી, ખરે બપોરે ગરમીથી અકળાઈ ઊઠેલા અને થાકેલા જીવને હૈયે જેમ એ શીતળતા અને ઉત્સાહ પૂરે છે; તેમ ભર્યાં અજવાળિયાની સમીસાંજથી માંડીને પાછલી રાત સુધી જ્યારે ખીણોમાં ને ટેકરીઓ પર, ઝાડવે ને પાંદડે જ્યોત્સ્ના વરસી રહી હોય ત્યારે બુલબુલ પોતાનો સુકોમળ કંઠનો આરોહ અવરોહ કળામય રીતે વહેતો મૂકે છે અને એકલવાયા હૈયાને અનેરી હૂંફ આપે છે. કોયલનું ગાન એ પુરુષ કોકિલના કંઠનું ગાન છે એમ કહેવાય છે એ વાત બુલબુલના ગાનની સરખામણીમાં વધારે સાચી જણાય છે. કોયલનો ટહુકો સાંભળતાં કોઈક બહુ જ સુરીલા કંઠવાળા કુમાર ગવૈયાનું સ્મરણ થાય છે, તેમ બુલબુલના ગળાનો રણકો સાંભળતાં મોરલીથી યે કોમળ કંઠવાળી કોઈક અત્યંત સુંદર ગાનારીનું સ્મરણ થઈ આવે છે. કોયલના ગળામાં હૈયાને પ્રફુલ્લ કરનારો સુરીલો જુવાળ ચડતો જણાય છે ત્યારે બુલબુલના ધ્વનિમાં હૈયાં સોંસરવી ઊતરી જનારી રેશમી લહેરો વહેતી જણાય છે. કોયલનો ટહુકો એકધારો જરા યે કંપ વનાનો હોય છે ત્યારે બુલબુલ પોતાના ટહુકાની શરૂઆતમાં થોડોક આરોહ લઈને પછી ગદ્‌ગદ્‌ કંઠે કંપી ઊઠતા સ્વરોના અવરોહ લહેરાવી મૂકે છે. આપણે હિંદુસ્તાનમાં જે પંખીને બુલબુલ કહીએ છીએ તે બુલબુલને મેં કદી ગાતાં સાંભળ્યું નથી. તેમ જ ફીનિકસમાં અમે જે બુલબુલ પંખીને સાંભળતા એને નજરોનજર કદી જોયું નથી. છતાં હું ધારું છું કે જેને ફીનિકસમાં બુલબુલ કહેતા એ એનું ખરું નામ ન હતું. અંગ્રેજીમાં અમે એને "નાઇટિંગેલ" કહેતા, કોઈકે સ્થળે મેં "નાઇટિંગેલ"–ને માટે ગુજરાતીમાં ચંડોળ પક્ષીનું નામ વપરાતું સાંભળ્યું છે.

પણ ચંડોળ પક્ષા માટે પરંપરાગત માન્યતા એ છે કે એ સૂર્યોદય વખતે આકાશમાં ખૂબ જ ઊંચે ચઢી જાય છે, અને સૌ પહેલાં સૂર્યને જોઈને એના સ્વાગતમાં સંગીત રેલાવે છે. પણ હું જે ફીનિક્સના બુલબુલની વાત કરું છું એનું મધુરું ગીત મોટે ભાગે રાત પડયે જ સાંભળ્યાનું મને યાદ છે. એટલે આપણે ત્યાં જે બુલબુલ કે ચંડોળ તરીકે પ્રખ્યાત છે એનાથી જુદી જ જાતનું એ પંખી હતું એમ કહેવાય. મેં એનું રૂપ ને કદ તો જોયું જ નથી પણ કંઠને હિસાબે જો ગણીએ તો પંખી કોયલ કે બપૈયો (પપીહા) એની ભેગી મીઠાશના મેળનું ગણાય.

ગામમાં જેમ બુલબુલ પંખી ફીનિક્સમાં પહેલું આવે તેમ કળા-કૌશલ્યમાં આપણા "કાળાકોશી"ના દેખાવવાળું પંખી ત્યાં પહેલું આવે. અહીં કાળાકોશી બબ્બેની જોડીમાં જ નજરે પડે છે, ત્યારે પેલા પંખીનાં ટોળેટોળાં ભેગાં જોયાં છે. એક ઘરની ઓસરીના છાપરાની લગોલગ એમણે માટીના માળા બાંધેલા. એ ઘણી જ મજબૂત સિમેંટના બંધાયલા હોય એવા દેખાતા હતા. બહુ જ કુમાશવાળાં ઝીણાં પીંછાં તથા આકડાના રૂ જેવી નરમ ચીજો પોતાની ચાંચમાં ભરીભરીને એ પંખી પોતાના માળામાં લઈ જતાં દેખાતાં હતાં. આશ્ચર્યચકિત થઈને અમે બાળકો એ માળાઓ સામું જોયા કરતા અને વતો કરતા કે રાત પડયે આ પંખીઓને આ માળામાં સૂવાની કેવી લહેર આવતી હશે! માળાનું મોં છાપરાને અડોઅડ દેખાતું અને તુંબડીના આકારમાં માળો નીચે મોટા પેટવાળો દેખાતો. અમારામાંના કેટલાકનું અનુમાન એવું હતું કે એ માળામાં મોટા પંખીને સૂવાના તથા એનાં નાનાં બચ્ચાંને રહેવાના જુદા જુદા ઓરડાઓ પણ હતા. બહારથી યે માળાનો આકાર ઘણો જ કળામય રહેતો. બુંદીના લાડવાની જેમ સેંકડો બુંદીઓથી એની દિવાલ ચણેલી જણાતી, અને મોટા કાંકરો મારતાં યે એની એક પણ બુંદી ખરી ન પડતી. માળો બાંધવામાં એનાથી ચડિયાતાં પંખી મેં જોયાં નથી. રંગે એ કાળાં અને એને છેડે લાંબી લાંબી બે પૂંછડી

હતી એટલે મેં એને કાળાકોશીને મળતાં કહ્યાં, પણ એ કાળાકોશીની જેમ લહેરથી એહાં એહાં ખાતાં નજરે ન પડતાં. ઝીણી ઝીણી ચકચક કરતાં ખરાં, પણ મોટે ભાગે તેઓ પોતાના રૂપાળા ઘરનું રાચરચીલું વસાવવાના અને નાનાં બચ્ચાંને ચણ લાવી આપવાના કામમાં જ સવારથી સાંજ સુધી દોડાદોડ કરી રહેલાં નજરે પડતાં. જરાક વાર પડખેના ઝાડ ઉપર વિસામો લઈ લેતાં ખરાં. એ પંખીના નામનો પત્તો આજ લગી મને લાગ્યો નથી. એ પંખીના માટીના માળાની જેમ અહીંનાં અબાબિલ નામનાં પંખી માટીના માળા બાંધે છે ખરાં, પણ તે રંગે કાળાં કે પેલા પંખીનાં જેટલાં મોટા કદનાં નથી હોતાં.

આપણે ત્યાંના નાચનારા મોર પંખીને તોલે આવનારું એકે ય નૃત્યકાર પંખી ફીનિકસમાં હતું નહીં; હોય તો મેં જોયું નથી. બહુ જ વિનોદી ગણાતાં બગલાંનાં ટોળાં ત્યાં હતાં ખરાં, પણ તે અમારા બગીચામાં ન આવતાં. અમે એને અમારે માથે થઈ આકાશમાં ઊડતાં જ જોતાં.

રંગીન પંખીઓમાં અમારે આંગણે આવતાં પીળાં કેનેરી પંખી બહુ જ આકર્ષક હતાં. કદે તો એ કાબર જેવડાં હતાં, પણ કાબર જેટલાં તે કલબલિયાં ન હતાં. પાંચ પાંચ સાત સાતની ટોળીમાં એ અમારે આંગણે આવી ચણી જતાં. એ શોભીતાં પંખીઓને પકડવા અમે અનેક જાતના પ્રયત્નો કર્યા, પણ એ ચતુર પંખી અમારા કાવાદાવામાં કદી ફસાયાં નહીં.

આમ અમે નાના બાળકો પંખીનો તમાશો જોવામાં રાચતા ત્યારે મોટા છોકરાઓ એ દિવસોમાં ફળના ઢગલા કરવામાં રસ લેતા હતા. ઋતુના હિસાબે એ ઈ. સ. ૧૯૧૪ના જાનેવારી ફેબ્રુઆરી માસના મહિના હતા. અહીં એ મહિનાઓ કડકડતા શિયાળાના ગણાય, ત્યારે ત્યાં દક્ષિણ આફ્રિકામાં એ વખતે ઠીકઠીક લાંબા ને ગરમીના દિવસો હતા, ફળોમાં પહેલી વાર મોટા પ્રમાણમાં કેરીઓ પાકી હતી. સંતરાં, કેળાં વગેરે તો ફીનિકસમાં પહેલેથી જ પુષ્કળ થતાં, પણ આંબાનાં ઝાડ ગણ્યાંગાંઠ્યાં જ હતાં. પૂજ્ય બાની માંદગી વખતે જ્યારે રસોડાનું

કામ ઓછામાં ઓછું કરવાનો પ્રયત્ન ચાલતો હતો ત્યારે આ ફળોનો પાક ઘણો મદદરૂપ થઈ પડ્યો હતો. એક સાંજની વાત મને યાદ આવે છે કે ચાર પાંચ મોટા છોકરાઓએ ફીનિકસના બધા બગીચામાં ઘૂમી વળી જેટલાં પાકાં અનેનાસ મળ્યાં એનો ઢગલો પૂજ્ય બાપુજીના ઘરના આંગણામાં કર્યો. અને જ્યારે સૂર્ય ડૂબી રહ્યો હતો ત્યારે પીળા સોનેરી તડકામાં સોનેરી રંગનો એ ઢગલો ખરેખર સોના જેવો દીપી રહ્યો હતો. એક બે જણને શૂર ચડ્યું અને એમણે અનેનાસ ગણવા માંડ્યાં. અને ગણાઇ રહેતાં એ એકસો જેટલાં થયાં હતાં એવો મને ખ્યાલ છે. આજે યે એ સુવર્ણ રસનો ઢગલો મારી નજર સામે તરી રહ્યો છે. જ્યારે આટલાં બધાં અનેનાસ વધી ગયાં ત્યારે અનેક દિવસ સુધી સાંજના વાળુમાં રોટલી સાથે કેવળ એ જ પીરસવાનું બાપુજીએ શરૂ કરાવ્યું. મોટાં અનેનાસને અધવચથી કાપી બે કટકા કરી દેતા અને ચમચા વડે એનો ગરભ કોતરી લઈ બાકીનું અનેનાસ અમે જતું કરતાં. રોટલી સાથે તાજાં અનેનાસનાં ફોડવાં મુરબ્બા કરતાં યે વધારે સ્વાદભર્યાં લાગતાં.

એ જ રીતે કેટલીક વાર કેપટાઉનથી કોઈ શેઠિયાઓ લીલી દ્રાક્ષના ટોપલા મોકલી આપતા. એ ખોલીને અમે પાથરતાં તો નાનાં મોતીનાં ઝુમખાં જેવી દ્રાક્ષથી આખી ઓસરી ભરાઈ જતી. એ સડી જાય એ પહેલાં એને પૂરી કરવા અમે અડવાડિયા સુધી લીલી દ્રાક્ષ ને રોટલીનું જ શિરામણ કરતા. કેટલીક વાર બંને ટંકમાં મુખ્ય ખોરાક ફળનો જ થઈ પડતો.

ભાણે એવી જમવાને અમને એટલાં બધાં ફળ મળતાં છતાં ચોરી કરીને ફળ ખાવાનો અમારો બાળરસ શમ્યો ન હતો. ભણવા માટે અમે ભેગા થતા અને શિક્ષકને આવતાં વાર લાગતી તો ચોપડીઓ ચોપડીઓને ઠેકાણે રહેતી અને અમારામાંના કેટલાક જણ સંતરાં ઉપર ધાડ પાડવા ઊપડી જતા.

મારાં બા અને કાકી ફીનિકસનાં આ ફળોમાંથી અનેક વાર અનેનાસ તથા સફરજનના મુરબ્બા બનાવતાં. સંતરાં મોસંબીનાં મારમેલેડ અને

આંટાગુલુ (એક જાતનાં મોટાં કરમદાં)નો પણ મુરબ્બો બનાવતાં. પણ ફ્રીનિકસનાં ફળોની આવી ઉજાણી કરવાનો વખત આવ્યો ત્યાં તો અમારે હિંદુસ્તાન આવવાનું થયું. દેશમાં આવતી વખતે અનેનાસના મુરબ્બાનો એક મોટો ડબ્બો અને કેળાંનાં પતીકાંની કાચરી તથા કેળાંના લોટના બબ્બે ડબ્બા અમારી સાથે લાવ્યાનું યાદ છે. ત્યાંની એ ફળ–સમૃદ્ધિને આજે પણ બહુ પ્રેમથી યાદ કરીએ છીએ.

આ મુજબ અમે છોકરાઓ છૂટાં પંખીની જેમ લહેર ઉડાવતા હતા, ત્યારે બીજી બાજુ બાપુજી અમને સંયમી, નિયમિત, અને ખૂબ જ મહેનતુ બનાવવાની કાળજીમાં હતા. એટલું જ નહીં પણ અમારો સ્વચ્છંદ અને સ્વેચ્છાચાર ટાળવાને બાપુજી જીવસટોસટની બાજી માથે વહોરી લેતાં યે અચકાતા ન હતા.

☆

પાણી મૂક !

કિશનસિંહ ચાવડા

(૧૯૦૪ –)

પ્લેગના દિવસો હતા. આ રોગથી આખા શહેરમાં ભય અને ત્રાસનો પાર નહોતો. જેમને ગામ બહાર જવાની સગવડ હતી તેઓ શહેર છોડીને ચાલ્યાં ગયાં હતાં. પૈસાપાત્ર અને ઉચ્ચમધ્યમ વર્ગના ઘણા માણસોએ શહેર બહાર માંડવા બાંધીને રહેવા માંડ્યું હતું. શહેરમાં રુદન અને વ્યથા રઝળતાં હતાં. અમારા ફળિયામાંથી બહાર માંડવામાં કે બહારગામ જઈ શકે એવી કોઈની સ્થિતિ અને સગવડ નહોતી. ફળિયું ભયું ભયું હતું. હજી સુધી કોઈનો આ રોગે ભોગ લીધો નહોતો. ઘણાં ઘરોમાં બિલાડાઓ પાળવામાં આવ્યા હતા. ઉંદરના દર્શનમાત્રથી લોક કંપી ઊઠતા હતા. મૃત્યુની ભયંકરતા અને ભયથી સમગ્ર વાતાવરણ ધ્રૂજતું હતું.

ત્યાં તો એક સવારે અમારાં પાડોશી ફૂલીકાકી ત્યેરથી રડતાં રડતાં બહાર દોડી આવ્યાં. બિચારા ફકીરકાકાને બગલમાં ગાંઠ નીકળી હતી અને વેદના વધતી જતી હતી. ફૂલીકાકી અને ફળિયાનાં બીજાં માણસો સારવારમાં મચી પડ્યાં. પણ પ્લેગના રોગની દવા નહોતી. ઇંજેકશન તે વખતે નીકળ્યાં નહોતાં. આજથી ત્રીસ વર્ષ પહેલાંની એ વાત. સારવાર એમને પહોંચે તે પહેલાં તો તે જ સાંજે ફકીરકાકાએ દેહ છોડ્યો. આખી રાત અમારા ફળિયામાં ભયંકરતા ભટકતી રહી. પ્લેગના રોગનો ફળિયામાં આ પહેલો શિકાર હતો. લોકો ફકીરકાકાને સ્મશાનમાં બાળીને મધરાતે ઘેર આવ્યા ત્યારે ફળિયામાં પાછી રડારોળ થઈ રહી હતી. રતન કાકીના એકના એક દીકરાને પ્લેગ થયો હતો.

સાથળમાં ગાંઠ નીકળી હતી. એની વેદનાથી જુવાન છોકરો વછેરાતા બકરાની જેમ ચીસો પાડતો હતો. રતનકાકી વિધવા હતાં. છોકરો એક જ આધાર હતો. કૂલીકાકીને ત્યાં ડાઘુઓએ પાણીનો કોગળો ય કર્યો ના કર્યો ત્યાં રતનકાકી રુદનથી ફાટી પડ્યાં. આખા ફળિયામાં જેના પરગજુપણાનો જોટો નહોતો એ રતનકાકીનો દીકરો શંકર મૃત્યુના મુખમાં સમાઈ ગયો. પ્લેગના શબને વધારે સમય ઘરમાં રખાય નહીં. એટલે મસાણમાંથી ફકીરકાકાને બાળીને આવેલા માણસોએ શંકરને ઉપાડીને ચાલવા માંડ્યું.

હું, મારી મોટી બહેન અને મારી બા આખી રાત ઊંઘી શકયાં નહીં. સવારે સાત વાગે બાપુજી સ્મશાનમાંથી પાછા આવ્યા. આખી રાતનો ઉજાગરો, મહેનત, ભયનું વાતાવરણ અને અંતરની ગમગીનીને કારણે એમના ચહેરા પર દુઃખ પથરાયું હતું. બાના આગ્રહથી બાપુજી નાહીધોઈને થોડોક નાસ્તો કરીને આડા પડ્યા. એટલામાં અમારા સામા ઘરમાંથી મગનમામા દોડતા આવ્યા ને ડૂસકે ડૂસકે રડી પડ્યા. લખમીમામીને પ્લેગની ગાંઠ નીકળી હતી. મગનમામાના રડવાના અવાજથી બાપુજી જાગી ઊઠ્યા. એમણે મગનમામાના બંને હાથ મૂકયો અને સાંત્વનાનો શબ્દ કહેવા જાય ત્યાં તો પાલીમાસી રડતાં રડતાં ખબર લાવ્યાં કે પાછલી ઓળમાં આંધળી સદાડોસીની એકની એક જુવાનજોધ દીકરી મણિને ગંગાજળ આપ્યું છે. તે દિવસે મધ્યાહ્ન ફળિયામાંથી બે નનામી લઈને જ્યારે માણસો નીકળ્યા ત્યારે હાહાકાર મચી ગયો. બે દિવસ પહેલાં આ ફળિયું ક્ષેમકુશળ હતું. અડતાલીસ કલાકમાં અહીં મૃત્યુના ઓળાઓએ ધમસાણ મચાવી મૂકયું.

હજી તો ચિતાના અંગારા ઠારીને માણસો પાછા આવ્યા નહોતા. સમીસાંજ પડવા આવી હતી. મારી બા રોટલા ને શાક પીરસીને અમને બહેનભાઈને જમાડતી હતી અને બાપુજીની ચિંતાથી ઉદ્વિગ્ન હતી. ત્યાં તો કૂલીકાકી આવીને અમારી પરસાળમાં ફસકાઈ પડ્યાં. બા બહાવરી બનીને દોડી ગઈ. જોયું તો કૂલીકાકીને બન્ને સાથળોએ બે

ગાંઠો નીકળી હતી. હું ને મારી બહેન તો મોઢાંમાંનો ફોળિયો પણ ઉતારી શકયાં નહીં. થાળી એમ ને એમ મૂકીને બહાર આવ્યાં. ફૂલીકાકીને સંભાળીને એમના ઘરમાં લઈ ગયાં. અમારો ઓટલો એક હતો. મારી બહેન તો મારા કરતાં ઘણી મોટી હતી : લગભગ પચ્ચીસેક વરસની. પણ હું તેર ચૌદ વર્ષનો કિશોર જોરથી ચીસ પાડી ઊઠયો. મારી ચીસો સાંભળીને ફળિયાના લોકો ધસી આવ્યા. પુરુષો તો સ્મશાનમાં ગયા હતા. એટલે છોકરાંઓ અને સ્ત્રીઓ જ મુખ્ય તો હતાં. ફૂલીકાકી પોતાની મીહાશ ને સેવાભાવ માટે જાણીતાં હતાં. એકઠા થયેલા લોકો ગભરાયેલા હતા. એમાં દૂરથી ચીસો સંભળાઇ. કોઈએ રેવામાસીનો અવાજ છે એમ કહ્યું. કોઈ જઈ ને ખબર લઈ આવ્યું કે દોલતમાસા ચાલતા થયા. સ્મશાનમાંથી લોકો પાછા આવ્યા ત્યારે ફળિયામાં દોલત-માસા ઉપરાંત કાશીફોઈના મોટા દીકરા ચુનીલાલની અને ફૂલીકાકીની છેલ્લી ઘડીઓ ગણાતી હતી.

બાપુજીએ નનામીને બદલે નવો રસ્તો સૂચવ્યોઃ શહેરની સેવા સમિતિ તરફથી જે ગાડીઓ મુડદાં લઈ જવા માટે રાખવામાં આવી છે તેનો ઉપયોગ કરવો. ફળિયાના લોકોએ તરત જ વાત માની લીધી. બીજે દિવસે સવારે ત્રણ ગાડીઓ ફળિયામાંથી નીકળી. ફકીરકાકાનું ઘર ઉજ્જડ થઈ ગયું અને ફળિયાનો રખેવાળ ચુનીલાલ પણ ચાલતો થયો. શેતરંજ રમવામાં ઉસ્તાદ દોલતમાસાના અવાજ વિના ફળિયું સૂનું થઈ ગયું.

તે જ સાંજે મારી બહેનને રડતી જોઈને મારી બા સચિંત થઈ ગઈ. બહેને કહ્યું બગલમાં બહુ પીડા થાય છે. બાને ફ્રાસકો પડ્યો. બાપુજી દોડી આવ્યા. જોયું તો બહેન પ્લેગના પંજામાં સપડાઈ ચૂકી હતી. વેદનાની મારી રડી રડીને મારી મોટી બહેન એ મધરાતે સદાને માટે મૂગી થઈ ગઈ. ફળિયામાં અમારું ઘર સાંત્વનાનું સ્થાન હતું. એટલે અમારા કરતાં બીજા સૌની અનાથતા ઊપસી આવી. વહેલી સવારે

બાપુજી અને એમના મિત્રો મોટી બહેનને સ્મશાનમાં લઈ ગયા. હું અને બા તો એક બીજાને જોઈ ને રડ્યા જ કરીએ. મોટી માસી અને બીજી સ્ત્રીઓએ ઘણું આશ્વાસન આપ્યું પણ બાના હૃદયનું દરદ ઓસરે જ નહીં. આશ્વાસન જેટલું વધારે સહૃદય થતું જાય તેટલું બાનું રુદન વધારે ઊંડું ઊતરતું જાય અને એમનાં ડુસકાં જોઈ ને મારી આંખમાંથી પાણી સુકાય જ નહીં.

બપોરે બાપુજી ઘેર આવ્યા ત્યારે બાની ગંગાજમના ફરી છલકી પડી. બાના આ રુદનથી ગભરાયેલું મારું ગભરુ અંતર ભયભીત બનીને અવાક બની ગયું. અમારા ઘરમાં મારે માટે શોક અને દુઃખનો આ પ્રથમ પ્રસંગ હતો. ગમગીનીથી અજાણ હું એના સ્પર્શથી દિગ્મૂઢ થઈ ગયો. તે રાતે કોઈ ઊંઘી ના શક્યું. બીજે દિવસે સવારે બાપુએ મને અમારે ગામ મોકલવાનો નિર્ણય કર્યો અને તરત જ એમણે એમના જૂના મિત્ર છગન પટેલને તાર કરીને બોલાવ્યા. બાની દશા વિચિત્ર હતી. એ મને મોકલવા રાજી નહોતી. સૂરત જિલ્લો પ્લેગથી મુક્ત હતો. પણ મને જુદો કરતાં બાનું અંતર વલોવાતું હતું અને રોગના ભયાનક ચાળામાં રાખવા એનું હૈયું ના પાડતું હતું. રોજ હું બાપુજીની સાથમાં જમતો પણ જુદી થાળીમાં. તે દિવસે એમણે મને પોતાની થાળીમાં જ જમવા બેસાડ્યો. એટલું જ નહીં બાને પણ આગ્રહ કરીને પોતાની થાળીમાં બેસાડ્યાં. મારી સમજણમાં હું, બા અને બાપુજી પહેલી વખત એક થાળીમાં સાથે જમ્યાં. દુઃખથી આળાં થયેલાં હૃદયને નિકટતાથી ઠંડક મળતાં આત્મીયતા પોતે જ આશ્વાસન બની ગઈ.

ત્રણ ચાર દિવસથી સાંજે ભજન થતાં નહોતાં. દરેક સાંજ મૃત્યુની ચીસોથી લપટાયેલી હતી, અને દરેક સાંજ લગભગ સ્મશાનમાં જ વીતી હતી. આજે સમીસાંજે બાપુજીએ મિત્રોને એકઠા કર્યા. ભજનની ધૂન શરૂ થઈ, અને એમણે એમનું કબીરસાહેબનું પ્રિય ભજન "ઇસ તન ધનકી કૌન બડાઈ, દેખત નૈનોમેં મિટ્ટી મિલાઈ" એટલા બધા આર્દ્રવથી

ગાયું કે પોતે રહ્યા અને સૌને રડાવ્યાં.

રાતે બાપુજીને શરીરે ઠીક નહોતું એટલે એ જમ્યા નહીં. મેં અને બાએ એક જ થાળીમાં થોડું જેમતેમ ખાઈ લીધું. રાતે બાએ બાટલીવાળાનું 'પેનકિલર' બાપુજીને પાયું. અમે સૂઈ ગયાં. મધરાતે હું ચોંકીને જાગી ઊઠ્યો. જોયું તો બાપુજી વેદના ન સહન થવાથી બિછાનામાં બેસી પોતાના એક હાથ વડે બીજા હાથને દબાવી રહ્યા છે. બાને દીઠી નહીં. દીવો તેજ થયેલો હતો. મારાથી પુછાઈ ગયું : શું છે બાપુજી? બા ક્યાં ગઈ?

"હમણાં આવે છે, બેટા. આ તો સહેજ હાથ દુઃખે છે." એમણે કહ્યું. પરંતુ એમના મુખ ઉપર વિવશતા અને વેદના હતાં. બીજાને આશ્વાસન આપતો એમનો પ્રતાપી અવાજ દીનતા ધારી રહ્યો અને શ્રદ્ધા પ્રેરતી એમની તેજસ્વી આંખોમાં ગમગીની આંસુ બનીને બેઠી હતી. હું વિકળ થઈ ગયો. એટલામાં બા મામા અને મામીને બોલાવી આવી. થોડી વારમાં અમારું નાનું ઘર માણસોથી ખીચોખીચ ભરાઈ ગયું. મામા દોડીને છોટાલાલ વૈદ્યને બોલાવી લાવ્યા. મામી મને બહાર લઈ ગયાં. કલાકેક પણ નહીં વીત્યો હોય ને મેં બાની ચીસ સાંભળી. હું ફાળ ભરીને અંદર દોડ્યો. બાપુજીને પ્લેગની ગાંઠ નીકળી હતી. બાને રડતી જોઈને મારા હૈયે પણ માઝા મૂકી દીધી. છોટાકાકા આખો દિવસ બાપુજીની સારવારમાં રહ્યા. બપોરે શહેરના બે ડોકટરો આવ્યા પણ સૌએ આશા છોડી દીધી.

સમીસાંજ હતી, સૌનો જીવ તાળવે ચોંટ્યો હતો. બાની સ્થિતિ બહુ કરુણ હતી. છગન પટેલ મને તેડવા આવી પહોંચ્યા હતા. એ તો બિચારા પરિસ્થિતિ જોઈને ડઘાઈ જ ગયા. બાપુજીએ બાને કહીને સૌને બહાર મોકલાવ્યા અને મને અંદર બોલાવ્યો. માત્ર બા, છગન પટેલ, મામા અને છોટાલાલ વૈદ્ય અંદર રહ્યા. બાપુજીએ મને પાસે બોલાવ્યો. માથે હાથ ફેરવ્યો. ગાલ પર આંગળી મૂકી. દૃષ્ટિ મળી ને હું

રોઈ પડ્યો. ધીરે અવાજે બાપુએ બા પાસે પાણી માગ્યું. મારી ઉપર નજર ઠેરવીને બોલ્યા: "બેટા, પાણી મૂક." બા અને પાસે બેઠેલા સૌ જરાક ઊંચાં થઈ ગયાં. વધુ ધીરા અવાજે એમણે કહ્યું: "મારા બાપુએ આપણી પરંપરાગત બધી મિલકત સૂરતના નિરાંત મંદિરને બક્ષિસ આપી દીધી છે પણ એનું વિલ કર્યું નથી. મારી પાસે મરતી વખતે પાણી મુકાવ્યું હતું કે હું એ મિલકત પાછી નહીં માગું અને મેં પાણી મૂકયું હતું. બીજે વરસે હું ને તારી બા સ્વેચ્છાએ ગરીબી સ્વીકારીને અહીં ચાલ્યાં આવ્યાં. માસીએ આ ઘર ના આપ્યું હોત તો રહેવા છાપરું પણ નહોતું. પણ ઈશ્વરે આપણને ભૂખ્યાં નથી સૂવા દીધાં. એ જ ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખીને તું પણ પાણી મૂક કે એ વંશપરંપરાની મિલકત તું પણ પાછી નહીં માગે, અને મેળવવા માટે દાવાદૂવી નહીં કરે."

બાએ મારા જમણા હાથની અંજલિમાં પાણી રેડ્યું અને કહ્યું: "બેટા, પાણી મૂકો કે એ મિલકત આપણે પાછી મેળવવાનો વિચાર સુદ્ધાં નહીં કરીએ." અને મેં બાપુજીના શબ્દોની સાથે બાના શબ્દો ઉમેરીને પાણી મૂક્યું.

"બેટા, કોઈનું ભલું ના કરી શકો તો કાંઈ નહીં, પણ કોઈનું બૂરું ના કરશો!" કહીને બાપુજીએ ફરીથી મારે માથે હાથ મૂક્યો. એ હાથ મારે માથે જ રહ્યો ને બાપુજી ચાલ્યા ગયા.

☆

કલાનો ધર્મ

મનસુખલાલ ઝવેરી

(૧૯૦૬-)

મનુષ્ય માત્રની પ્રવૃત્તિનું પ્રેરક બળ આનન્દ હોય છે. જે પ્રવૃત્તિ કરતાં આનન્દ પડ્યો હોય તે પ્રવૃત્તિ વારંવાર કરવાને મનુષ્ય પ્રેરાતો હોય છે. જે પ્રવૃત્તિ કરતાં ચિત્તને કલેશ થયો હોય કે ત્રાસ પડ્યો હોય તે પ્રવૃત્તિ ફરીથી કરતાં મનુષ્યનું મન અચકાતું હોય છે.

મનુષ્ય જાતિને મળેલા આનન્દોમાં કલાનો આનન્દ સર્વોત્તમ છે. ભોગો ભોગવીને આનન્દ મેળવવાની મનુષ્યની વૃત્તિને અંત હોતો નથી, ત્યારે ભોગો ભોગવવાની તેની ઇન્દ્રિયોની શક્તિ પરિમિત હોય છે. એટલે ઇન્દ્રિયજન્ય આનંદોને અંતે હંમેશાં અતૃપ્તિ, તૃષ્ણા, વિષાદ, ગ્લાનિ કે ખિન્નતાનો અનુભવ મનુષ્યને થતો હોય છે. એથી ઊલટું, કલાના રસાનુભવનો આનન્દ ઇન્દ્રિયાતીત અને શુદ્ધ કલ્પનાભૂમિનો હોવાથી એને અંતે ચિત્ત હંમેશાં પરિતૃપ્તિ અને પ્રફુલ્લતા અનુભવતું હોય છે. કળાના આનંદનો સ્પર્શ થતાં જ ચીમળાઈ ગએલું જીવનપુષ્પ પ્રફુલ્લિત થઇ ઊઠે છે.

કલાના આનંદનું એક લક્ષણ એ છે કે દુઃખને પણ એ સુખમય બનાવી દે છે. જે કલાકૃતિનો રસાસ્વાદ લેતાં ચિત્ત સકરુણ બની ગયું હોય તે કલાકૃતિ ચિત્તને સવિશેષ આકર્ષતી હોય છે, અને તેનો રસાનુભવ લેવા માટે ચિત્ત વધારે ને વધારે સમુત્સુક બનતું હોય છે. મમ્મટે એટલા માટે જ કવિની ભારતીને 'હ્લાદૈકમયી' કહી છે.

કલાકૃતિ આ જાતનો સંતર્પક આનંદ ભાવકના હૃદયને વાસ્તવ-વિસ્મરણ કરાવીને આપતી હોય છે. ભાવક જ્યારે કલાકૃતિનો રસાનુભવ લેતો હોય છે ત્યારે જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાનની ત્રિપુટીનો તેનો ભેદ શમી ગયો હોય છે અને એ નિર્વિકલ્પ રસસમાધિમાં લીન થઈ જતો હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો ભાવક એ વખતે પોતાની જાતને અને પોતાના વાસ્તવિક જગતને વીસરી જતો હોય છે, અને કવિકલ્પનાએ રચેલી સૃષ્ટિનો જીવ બની જતો હોય છે. કવિનાં પાત્રોની સાથે તેનું તાદાત્મ્ય સધાતું જાય છે અને એ રીતે એનું વ્યક્તિત્વ વિસ્તરતું જતું હોય છે. મનુષ્ય પોતાના વાસ્તવિક જીવનમાં પોતાના દેશકાલની મર્યાદાઓને ઉવેખી શકતો નથી કે ઓળંગી શકતો નથી. કલા એને એ મર્યાદાઓથી મુકત કરે છે અને એના અત્યંત અનુકૂળ અને ગ્રહણશીલ થઈ ગએલા ચિત્તંત્રને જુદા જુદા દેશ અને જુદા જુદા કાળના જીવનની અનુભવસમૃદ્ધિથી કૃતાર્થ કરે છે. કલાકાર આમ ભાવકને એની વાસ્તવિક સૃષ્ટિમાંથી ઉપાડીને પોતાની કાલ્પનિક સૃષ્ટિમાં મૂકી દે છે. અંગ્રેજીમાં જેને ટ્રાન્સપોર્ટ (transport) કહે છે તે આ.

કલાનો આ નિરતિશય આનંદ આમ વાસ્તવિકતાના વિસ્મરણમાંથી જન્મે છે. માદક પદાર્થો પણ વાસ્તવિકતાનું વિસ્મરણ કરાવતા હોય છે એ ખરું, અને વાસ્તવિકતાનું વિસ્મરણ કલા દ્વારા થયું હોય કે માદક પદાર્થો દ્વારા, પણ એ વિસ્મરણ માત્ર વિસ્મરણ જ છે અને એ બે વિસ્મરણો વચ્ચે કશો તાત્ત્વિક ભેદ ન હોઈ શકે એ પણ ખરું; પણ એ બેનાં પરિણામ વચ્ચે ઘણો મોટો ભેદ છે. માદક પદાર્થોના અનુભવને અંતે ચિત્ત જ્યારે શિથિલતા અને અવસાદ અનુભવતું હોય છે ત્યારે કલાના આનંદના અનુભવને અન્તે ચિત્ત સતેજ અને પ્રફુલ્લ બનતું હોય છે. માદક પદાર્થોનો અનુભવ જેમ જેમ વધતો જાય છે તેમ તેમ મનુષ્યનું રુચિતંત્ર વધારે ને વધારે જડ બનતું જાય છે, ત્યારે કલાના આનંદનો અનુભવ જેમ જેમ વધતો જાય છે તેમ તેમ ભાવકનું રુચિતંત્ર

વધારે ને વધારે સૂક્ષ્મ અને સદ્યોવેદી બનતું જાય છે. એમ કહીએ તો પણ ચાલે કે ભાદક પદાર્થોનો આનંદ મનુષ્યભાગને ઉત્તરોત્તર કુંઠિત કરતો જાય છે; કલાનો આનંદ મનુષ્યના મનુષ્યભાગને ઉત્તરોત્તર વિકસિત કરતો જાય છે.

ભાવકના હૃદયને વાસ્તવવિસ્મરણ કરાવીને નિરતિશય આનંદની સમાધિમાં લીન કરી દેવું તે આ પ્રમાણે કળાનું અપરિહાર્ય લક્ષણ છે. જે કૃતિ આટલું ન કરી શકે તેને કદી પણ કલાકૃતિ કહેવાય નહિ; અને જે કૃતિ બીજું કંઈ જ ન કરે અને આટલું જ કરતી હોય તે કૃતિ કદી પણ કલાકૃતિ મટતી નથી.

પણ કોઈ પણ કલાકૃતિ માત્ર નિરતિશય આનંદ આપીને અટકી જતી નથી. આવો આનંદ આપવાની સાથોસાથ એ સૂક્ષ્મ અને અકળ રીતે ભાવકને કલાકારની દૃષ્ટિએ જગતને જોતો કરી દેતી હોય છે. ઑપરેશન થિયેટરમાં દાખલ થતી વખતે દર્દી રોગયુક્ત હોય છે. થિયેટરમાં શસ્ત્ર-વૈદ્ય એને બેભાન બનાવે છે અને એની બેભાનાવસ્થામાં એના પર એવી શસ્ત્રક્રિયા કરે છે કે એનો રોગ દૂર થઈ જાય છે. દર્દીને પોતાને આની કશી જ ખબર પડતી નથી હોતી, તેમ જ એ જ્યારે પાછો શુદ્ધિમાં આવે ત્યારે ઑપરેશન થિયેટરમાં શું થયું હતું તે પણ તેને સાંભરતું હોતું નથી. પણ એ બહાર આવે ત્યારે એના શરીરમાં કશુંક થઈ ગયું હોય છે અને એ રોગમુક્ત બની ગયો હોય છે. તે જ પ્રમાણે ભાવક જ્યારે કલાકૃતિના નિરતિશય આનન્દની સમાધિમાં વાસ્તવિક જગતને વીસરી ગયો હોય છે ત્યારે કલાકાર ભાવકને પોતાને કશી જ ખબર ન પડે તેવી રીતે તેના માનસમાં ફેરફાર કરી નાખતો હોય છે અને ભાવકનું સમાધિમાંથી જ્યારે વ્યુત્થાન થાય ત્યારે તેનું જગત પ્રત્યેનું દૃષ્ટિબિન્દુ બદલાઈ ગયું હોય છે, ભાવક કલાકારની દૃષ્ટિએ જગતને જોતો થઈ ગયો હોય છે. કલાકાર ભાવક સાથે ચર્ચા કે વાદવિવાદ નથી કરતો, કે એને સીધેસીધો બોધ કે ઉપદેશ પણ નથી આપતો. એ તો એને માત્ર પોતાની દૃષ્ટિ જ આપતો હોય છે, અને એમાં જ બધું આવી જતું હોય છે.

કલાકૃતિના રસાસ્વાદને અંતે ભાવક જે આમ કલાકારની દૃષ્ટિએ જગતને જોતો થઈ જતો હોય તો એ દૃષ્ટિ કયી છે, કેવી છે, સ્વીકારવા લાયક છે કે નહિ એ પ્રશ્નનો વિચાર કર્યા વિના ચાલે નહિ. ભાવકના હૃદય પર આટલી બધી ઊંડી ને અનન્યસાધારણ અસર કરી જવાની શક્તિ જો કલામાં હોય તો એની જવાબદારી પણ એટલી જ મોટી અને એટલી જ અનન્યસાધારણ હોવી જોઈએ એ સ્વાભાવિક છે.

એ જવાબદારી, ત્યારે, કયી? આ પ્રશ્નનો વિચાર કરતી વેળા કલા એ મનુષ્યના મનુષ્યભાગનું સર્જન છે એ હકીકતને આપણે યાદ રાખવી જોઈએ.

મનુષ્યમાં પશુભાગ અને મનુષ્યભાગ બન્ને છે. અથવા વધારે સાચી રીતે કહીએ તો પશુભાગનું નિયન્ત્રણ કરીને જ મનુષ્યે મનુષ્ય-ભાગને વિકસાવ્યો હોય છે.

પશુ અને મનુષ્ય એ બેની વચ્ચે જે કેટલાક ભેદો છે એમાંનો એક ભેદ એ પણ છે કે પશુને જેવું જગત મળ્યું હોય છે તેવું જ તે સ્વીકારી લેતું હોય છે. પ્રકૃતિનાં બળોની પાસે પશુ આધીન અને અવશ બનીને બેસી રહેતું હોય છે. મનુષ્ય એના કરતાં જુદો પડે છે. એ તો પોતાને મળ્યું હોય તેના કરતાં વધારે સારું જગત – અલબત્ત, એની પોતાની કલ્પના પ્રમાણેનું વધારે સારું જગત - મૂકી જવા ઝંખતો ને મથતો હોય છે. કોઈ પણ મનુષ્યને પોતાને મળ્યું હોય તેવા જગતથી કદી સંતોષ થતો નથી હોતો, અને તેથી એ વધારે સારા જગતની કલ્પના કર્યા જ કરતો હોય છે. એટલું જ નહિ, પણ પોતાની કલ્પના પ્રમાણે એ પોતાની આસપાસના જગતને ઘડવાનો પ્રયત્ન કરતો હોય છે. એનો એ પ્રયત્ન સફળ થાય કે નિષ્ફળ, એ જુદી વાત છે; પણ એનો એ પ્રયત્ન હોય છે એ નિર્વિવાદ છે.

ઉપરાંત, મનુષ્ય પ્રકૃતિનાં બળોની પાસે, પશુ બેસી જાય છે તેમ, લાચાર ને નિરાધાર થઈને બેસી નથી રહેતો. એ તો એ બળો સામે

લડવા અને બને તો તેમના પર પોતાનું વર્ચસ્ સ્થાપવા મથતો હોય છે. ચોમાસામાં વરસાદ મૂશળધાર ઝીંકાતો હોય ત્યારે પશુ કોઈ ઝાડની નીચે કે ભીંતને ઓથે ટાઢથી થરથરતું ને પાણીથી નીતરતું નિશ્ચેષ્ટ જેવું થઈને ઊભું રહી જતું હોય છે. મનુષ્ય એમ કરવાને બદલે એની સામે ટકી રહેવાનાં સાધનો શોધે છે અને પોતાનું કામ કર્યે રાખે છે.

પશુ પોતાને મળ્યું હોય છે તેવું જ જગત પોતાની સંતતિને આપતું જતું હોય છે. એટલે પશુઓના આહારવિહાર અને એમનાં આશ્રયસ્થાનો વગેરે આદિ કાળથી હતાં તેવાં ને તેવાં જ રહે છે. નથી એમાં કશો ફેરફાર થતો, નથી એમાં કશા સુધારાવધારા થતા, નથી એમાં પુરોગામી પેઢીઓના અનુભવને કશા ઉપયોગમાં લેવાતો. પશુને નથી મળ્યાં તે સ્મૃતિ અને દૃષ્ટિ મનુષ્યને મળ્યાં છે, એટલે એ પોતાની પુરોગામી પેઢીઓના અને પોતાના અનુભવનો ઉપયોગ કરે છે. અને પોતાની સંતતિ માટે – અલબત્ત, પોતાની કલ્પના પ્રમાણેનું – વધારે સારું જગત મૂકી જવાને મથતો હોય છે. મને જો એમ લાગે કે જગતમાંનાં અનિષ્ટોને દૂર કરવાનો એકમાત્ર ઉપાય ધન છે તો હું ધન ભેગું કરવા લાગું છું ને મારાં બોળકો માટે ધન મૂકી જાઉં છું. મને જો એમ લાગે કે મને વિદ્યા મળી હોત તો મારું જગત વધારે સારું બનત તો હું મારાં બાળકોને વિદ્યા આપતો જાઉં છું. ટૂંકામાં, મને જે મર્યાદાઓ નડી તે મારાં બાળકોને ન નડે તેની ચિંતા હું અહોરાત્ર કર્યા કરતો હોઉં છું. એટલે કે મને મળ્યું તેના કરતાં વધારે સારું જગત હું મારાં બાળકો માટે મૂકી જવાનો પ્રયત્ન કરતો હોઉં છું.

કલાનું સર્જન મનુષ્યની વધારે સારા જગત વિષેની કલ્પનામાંથી થતું હોય છે. જેમ સૌ મનુષ્યોને તેમ કલાકારને પણ છે તેવા જગતથી સંતોષ હોતો નથી. એટલે એ પોતાની કલ્પનામાં બધી જ ત્રુટિઓથી મુક્ત અને નિતાન્તરમણીય એવી સૃષ્ટિનું ચિત્ર દોરતો હોય છે અને એ ચિત્રને શબ્દમાં કે સૂરમાં, રંગમાં કે રેખામાં, અંગના હાવભાવમાં કે પગના હમકામાં મૂર્ત કરવાનો પ્રયત્ન કરતો હોય છે. આ વિધાન જેને

વાસ્તવલક્ષી કહેવામાં આવે છે તે કલાને પણ લાગુ પડે છે; કારણ કે એવી કલામાં પણ કલાકાર નિર્ભેળ ને નિર્વિવાદ ગણી શકાય તેવી યથાર્થ વાસ્તવિકતા તો કદી આપી શકતો જ નથી. એવી વાસ્તવિકતા આપવી એ કુદરતનું કામ છે: કલાકારનું કામ તો પોતે એ કુદરતી વાસ્તવિકતાને જે દૃષ્ટિબિન્દુથી જોઈ હોય તે દૃષ્ટિબિન્દુથી આલેખવાનું હોય છે. આવા આલેખનમાં સમગ્ર વાસ્તવિકતા નહિ, પણ કલાકારે વાસ્તવિકતાના જે અંશો પસંદ કર્યા તે જ આવે એ સ્વાભાવિક છે. બીજા શબ્દોમાં કહીએ તો વાસ્તવલક્ષી આલેખન કરતી વેળા પણ કલાકાર વાસ્તવિકતાના અમુક અમુક અંશોનો પુરસ્કાર ને અમુક અમુક અંશોનો તિરસ્કાર કરતો હોય છે અને તેથી, અંગ્રેજી વિવેચનોની પરિભાષામાં કહીએ તો, કલાકાર Reality (સત્) નહિ પણ Reality સત્) માટેનો પોતાનો mental aspect (માનસ દૃષ્ટિકોણ) આપતો હોય છે. આમ, જેને વાસ્તવલક્ષી કહેવામાં આવે છે એવી કૃતિઓમાં પણ કાં તો કલાકાર વાસ્તવિકતામાં પોતે જે સૌન્દર્ય જોયું હોય છે તેને રજૂ કરતો હોય છે અને કાં તો વાસ્તવિક જગતની જે ત્રુટિઓ દૂર થાય તો જગત વધારે સુંદર બને એમ તેને લાગતું હોય તે ત્રુટિઓને તે એવી રીતે આલેખતો હોય છે. એટલે કલાકાર વાસ્તવલક્ષી હોય કે આદર્શલક્ષી, પણ એ પોતાના સર્જન દ્વારા વધારે સુંદર અને વધારે મંગલ જગતની પોતાની કલ્પના જ રજૂ કરી રહ્યો હોય છે. કલા, આમ, મનુષ્યના પશુભાગનું નહિ પણ મનુષ્યભાગનું સર્જન છે.

આ જ હકીકત એક બીજા દૃષ્ટિબિન્દુથી પણ સ્પષ્ટ થશે. કલાનું સર્જન માત્ર મનુષ્ય જ કરી શકે છે, પશુપંખી કે પ્રકૃતિનું મનુષ્યેતર બીજું કોઈ સત્ત્વ નહિ. મોર કલા કરે છે એમ આપણે કહીએ છીએ ખરા; પણ ખરું કહીએ તોએ એના મનની અમુક અમુક પ્રકારની પરિસ્થિતિમાં એના શરીર પર દેખાઈ આવતી વિક્રિયા જ માત્ર છે. કલા તો જન્મે, જ્યારે કોઈ મનુષ્ય મોર જેવી વેશભૂષા ધરીને સમુચિત છાયાપ્રકાશ અને તાલબદ્ધ સંગીતના લયમધુર વાતાવરણમાં એની માફક નૃત્ય

કરવા લાગે અને એ મનુષ્ય નથી પણ મોર છે એવી ભ્રાન્તિમાં આપણને નાખી દે ત્યારે. કલાનું તત્ત્વ ભ્રાન્તિ (illusion) છે એમ પ્લેટો કહે છે અને કલા એટલે અનુકરણ (imitation) એમ એરિસ્ટોટલ કહે છે તેનો સમન્વય અહીં થાય છે. કલાકાર કુદરતનું– અલબત્ત, પુરસ્કાર અને તિરસ્કારની પ્રક્રિયા દ્વારા–અનુકરણ કરે છે ને પદાર્થનું વાસ્તવિક સ્વરૂપ ભુલાવી દઈને એ કંઈક બીજું છે એવી ભ્રાન્તિ ઊભી થાય તેવી રીતે તેને આલેખે છે. કુદરતી રીતે ઊગેલું કમળ એ કલાકૃતિ ન કહેવાય. પણ કોઈ કુશળ ચિત્રકારે ચીતરેલું કે શિલ્પીએ આરસમાં કંડારેલું કમળ એ કલાકૃતિ છે કારણ કે વાસ્તવિક રીતે તો એ કાગળ કે કેન્વાસ કે આરસ જ છે, તેમ છતાં આપણે ભ્રાન્તિમાં પડી જઈએ છીએ અને તેને કમળ તરીકે ઓળખવા લાગીએ છીએ. કુદરતમાં, આમ, કલા ક્યાંય નથી; કલા માટેની માત્ર સામગ્રી જ એમાં ભરી છે. કલા જન્મે છે, જ્યારે મનુષ્ય પુરસ્કાર અને તિરસ્કારની પ્રક્રિયા દ્વારા તેનું અનુકરણ કરે છે ત્યારે.

કલા, આમ, મનુષ્યના મનુષ્યભાગનું સર્જન છે, અને મનુષ્યભાગ પશુભાગ કરતાં જુદો ને ઊંચો છે, ઉત્ક્રાન્તિના ચડિયાતા ક્રમમાં છે. એટલે કલાએ મનુષ્યભાગની વૃત્તિઓને અથવા જે વૃત્તિઓ વડે મનુષ્ય પશુથી જુદો પડયો ને ઊંચે ચડયો તેવી જ વૃત્તિઓને સ્પર્શવું જોઈએ. દાખલા તરીકે ભય, લાલચ કે સ્થૂલ જાતીયતા પશુભાગની વૃત્તિઓ છે; અભય, લાગણીઓની વિશુદ્ધિ અને સંયમ, સૂક્ષ્મ ને સંસ્કારી પ્રણય વગેરે મનુષ્યભાગની વૃત્તિઓ છે. અથવા ભગવદ્ગીતાની પરિભાષામાં કહીએ તો આસુરી સંપત્ પશુભાગની વૃત્તિ છે; દૈવી સંપત્, મનુષ્યભાગની. એટલે કલાએ સ્પર્શવાની અને સ્પર્શીને સતેજ બનાવવાની હોય તો તે મનુષ્યભાગની વૃત્તિઓને છે, પશુભાગની વૃત્તિઓને નહિ. કલા પશુ-ભાગની વૃત્તિઓને સ્પર્શે એ તો પ્રતિક્રાન્તિ કહેવાય. ઉત્ક્રાન્તિના ક્રમમાં પાછાં પગલાં ભરવાનાં હોય જ નહિ. હાથીના દાંત નીકળ્યા તે નીકળ્યા જ.

એથી પણ આગળ વધીને એમ કહેવું હોય તો કહી શકાય કે

મનુષ્ય કંઈ ઉત્ક્રાન્તિનું ચરમ શિખર નથી, અવાન્તર સોપાન માત્ર છે. ચરમ શિખર તો જેમાં મનુષ્યભાગ જ પરિપૂર્ણ રીતે વિકસિત થયો હોય તેવું સત્ત્વ હોય; કે પછી એવું સત્ત્વ પણ માત્ર અવાન્તર સોપાન જ હોય અને ચરમ શિખર તો મહેશ્વર જ હોય. મનુષ્યની આજ સુધીની શારીરિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક ઉત્ક્રાન્તિ આ દિશામાં થઈ રહી છે. ઉત્ક્રાન્તિના જે ક્રમમાં કલા જન્મી છે તે ક્રમમાં જ તેણે રહેવું જોઈએ. એટલું જ નહિ પણ, એ ક્રમનું અંતિમ લક્ષ્ય તેણે પારખવું, નીરખવું ને આલેખવું જોઈએ. જે કલા મનુષ્યને મનુષ્ય મટાડીને પશુ બનાવવાને પ્રેરે એ કલા પોતાનો ધર્મ બજાવતી નથી એમ કહેવાય. એટલે નિરતિશય આનન્દ આપીને કોઈ પણ કૃતિ કલાકૃતિ ભલે બની શકે, પણ તેની ઉચ્ચતાનો કે અવચતાનો નિર્ણય કરતી વેળા એ કલાકૃતિ ભાવકના હૃદયમાં કયું દૃષ્ટિબિન્દુ મૂકે છે ને કયી જાતની વૃત્તિઓને સ્પર્શે છે તેનો વિચાર કરવો પણ આવશ્યક બની જાય છે.

☆

મને સાંભરે છે

વિનોદિની નીલકંઠ

(૧૯૦૭-)

અમારા મોસાળના ઘરનો એક મોટો ખંડ છે. ખાટ ઉપર અમારાં દાદીમા બાળાબહેન આંખે પાટો બાંધી બેઠાં છે. તેમણે પહેાળી લાલ રેશમી કોરની, કથ્થાઈ જેવા રંગની ચંદ્રકળા પહેરેલી છે. તેમના વિશાળ કપાળ ઉપર કોરા કંકુનો ચાંદલો દીપે છે. તેમના દૂબળા હાથ ઉપર સોનાની તાછેલી તેમ જ કાચની બંગડીઓ શોભે છે. તેમના નાનકડા નાજુક શરીરમાં માત્ર અંબોડો જ મોટો જણાઈ આવે છે. તે બંને આંખે દેખી શકતાં નથી પણ શાંત, સ્વસ્થ પ્રફુલ્લ ચિત્તે બેઠાં છે.

પાસે સ્વચ્છ સફેદ ચાદર પાથરેલી ગાદી છે. તકિયાને અઢેલીને અમારા દાદા ગોપીલાલ ત્યાં બેઠા છે. તાજા જ 'પ્રાર્થના સમાજ'માંથી ઘેર આવેલા છે. કાળી અમદાવાદી પાઘડી પાસે લીંપણની ભોંય ઉપર પડેલા ઈસ્ત્રીતરા પર મૂકી જાડા ખાદીના રૂમાલ વડે પોતે ભવ્ય તેજસ્વી કપાળ ઉપરથી પરસેવો લૂછે છે. તેમનાં વહાલસોયાં નેત્રોમાંથી હંમેશ મુજબ નરી વત્સલતા ઝરી રહી છે. પાસે તેમનો એકઢાળિયો મેજ તથા બાજુમાં પ્રાર્થનાનાં પુસ્તકો મૂકવાની લાકડાની ઘોડી પડેલાં છે પિતાજી પણ સીધા 'પ્રાર્થના સમાજ'માંથી આવેલા છે. હંમેશની જેમ ઈશ્વરની ભક્તિ તથા ચારિત્ર્યની દૃઢતાથી તેમનો ચહેરો દીપ્તિમાન જણાય છે. માતા, માશી, મામાઓ, મામી તથા ભાઈબહેનો, સર્વ ભોંય પાથરેલી લાલ જાજમ ઉપર કે સાંગામાચીઓ ઉપર બેઠેલાં છે. હું તો ફક્ત ચાર વર્ષની છું. માતાનાં વસ્ત્રો પાછળ લપાઈને હું એકચિત્તે કોને જોઉં છું ? શું સાંભળું છું ?

ખંડની વચ્ચોવચ્ચ ઊભી છે પ્રેમલીલા. સાત વર્ષની તેની ઉમ્મર છે. રવિવાર હોઈ વાળ ચોળેલા છે. સુંવાળા રેશમ જેવા સુંદર કેશકલાપને છૂટો રહેવા દઈ મામીએ તેની વચ્ચે ઝીણી સેર ગૂંથી દીધી છે. તેણે સફેદ ફ્રોક પહેર્યું છે. ગળે તથા બાંયે કોઈ ઝીણી લેસ ચોંટાડેલી છે. દાદીમાની ખાટનો સળિયો પકડી તે ગીત ગાય છે :–

મારે મોઢે મનાવી રાજી કે'વડાવી કલાવી પટાવી પૂછો શું તમે?
ફૂલ રંગે રૂપાળાં રૂડાં ઝાડપાન તેની મીઠી સુગન્ધી કોને ના ગમે?
લીલાં પીળાં ઝાડપાન ઉપર પંખી કરે ગાન ગીત કોને સાંભળવાં ના ગમે?

ગીત તો કોઈ નાટકનું છે, પણ ગાનારના કંઠની મધુરતા સર્વ કુટુંબ-મંડળને સ્તબ્ધ બનાવી દે છે, તેના સંગીતમાં ચાર વર્ષની હું પણ પંખીના ગાન અને ફૂલની ફોરમ અનુભવી ધન્ય થાઉં છું.

દૃશ્ય બદલાય છે.

એ જ મોસાળનું ઘર છે. શિયાળાના ટૂંકા દિવસોની સાંજ છે. પશ્ચિમનું આકાશ હજી રાતું છે. બાકી બીજી દિશાઓમાં રાત્રિનો અંધકાર ઊતરવા માંડ્યો છે. અમે સૌ આગલા છજ્જામાં બેઠાં છીએ. એક નાનકડો લાકડાનો કોચ છે. તેના ઉપર સફેદ ગાદી બિછાવેલી છે. છજ્જાની છતે એક ગલાસવાળી હાંડી લટકે છે. તેના દીવાનો ઝાંખો પ્રકાશ વાતાવરણને સુંદરતર બનાવે છે. બાળાબહેન પ્રેમલીલાને કહે છે, 'મિનર્વા! (પોતાની વહાલી દૌહિત્રીનું દાદીમાએ પાડેલું એ નામ છે.) શરૂ કર.' દૌહિત્રી પણ જાણે જ છે કે શું ગાવાનું છે. ગીત શરૂ થાય છે :

મોહન વિરહે આલી હું દીવાની ફરું!
આલી ગરજે ઘનઘેરી હું ક્યાં જઈ હરું?
બિન્દુ વરસે આલી, મોહન વિરહે હું ક્યાં જઈ વસું?

સંગીત સાંભળતાં બાળાબહેનની અંધ આંખોમાંથી આંસુ વહી જાય છે. ગીતધ્વનિની મીઠાશમાં તલ્લીન બનેલાં અમે બાળકો ભૂખ અને નિદ્રા

પણ ભૂલી જઈ એ છીએ...સર્વ પ્રિયજનોને વિરહમાં ઝૂરતાં મૂકી, પ્રેમલીલા, તું આજે કયાં જઈ ને વસી છે?

બીજું ગીત પણ અનહદ સરસ લઢણથી તે ઉપાડે છે:

મારા કેસરભીના કંથ! સિધાવો જી રણવાટ.

સમી સાંજે (કવિ નાનાલાલ કૃત) એ માઢના સૂરથી મીઠું કરુણ વાતાવરણ અમારા મોસાળના છજ્જને આવરી લે છે.

ચોમાસાના દિવસ છે. ઘોધમાર વરસાદ પડે છે. અમારા 'રસદ્વાર' બંગલામાં પ્રેમલીલા થોડા દિવસ રહેવા આવી છે. કૌટુમ્બિક સાયં-પ્રાર્થનાનો સમય છે. નાનકડા દીવાનખાનામાં વચ્ચે લટકતા (ઘાસલેટના) દીવાનો-ફૂલગુલાબી ગોળાનો-પ્રકાશ પડે છે. પ્રેમલીલાના કર્ણપ્રિય કંઠમાંથી વહી જતું એ ભજન આજે વર્ષો પછી પણ અમારા કાનમાં ગુંજે છે:

દીનનો દયાળ છોડી કોને શરણે જાઉં?
માત તાત જાણી પ્રભુચરણ પ્રતિ ધાઉં.

સંગીતના ઉસ્તાદ મીરખાં પાસે મોટો કાળો તંબૂરો લઈ નાનકડી પ્રેમલીલા સ્વસ્થતાથી બેઠી છે-ગાય છે.

બાંકે મીરઝાંને ધૂમ મચાઈ
આજ તલવારસે ખેલેંગે હોરી

હોરીના આલાપમાં ઉસ્તાદ મીરખાં પણ ઓતપ્રોત બની ગયા છે!

૧૯૧૮ની સાલ. દુકાળ નિવારણ ફાળો ઉઘરાવવા અમે 'શિશુ મંડળ'નાં બાળકોએ નાટય પ્રયોગોનો એક સમારંભ યોજ્યો હતો. કૃષ્ણ સુદામાના સંગીતસંવાદમાં પ્રેમલીલાએ શ્રીકૃષ્ણનું પાત્ર ભજવ્યું હતું. હું સુદામા હતી. માથે મોરપીંછાનો મુગટ અને પીળું પીતાંબર પહેરી સુદામાના પગ પખાળતી અને 'ઋષિ! પાવન કર્યાં મુજ ગામ-તમે પવિત્ર કર્યાં રંકધામ' ગાતી તથા ખીચોખીચ ભરાઈ ગએલા નાટક-

ઘરના રસિક શ્રોતાવર્ગની તાળીઓના ગડગડાટ શાંતિથી ઝીલતી પ્રેમલીલાનાં દર્શન હું અત્યારે કરું છું.

૧૯૨૦ની સાલમાં કવિવર ટાગોર ગુજરાતમાં આવ્યા હતા. પ્રેમલીલાની સંગીત સુધાનું પાન કર્યાં પછી કવિશિરોમણિ શારદાબહેનને કહે છે, 'Your daughter sings exquisitely well. તમારી દીકરી અદ્‌ભૂત સરસ ગાય છે.' કવિ તથા સંગીતકોવિદ એ મહાન વિભૂતિની પ્રેમલીલાના સંગીતને એ અંજલિ હતી.

શરદ પૂનમની રાત છે. મહિલા મંડળ તરફથી ગરબા ગાવા માટે પ્રેમલીલા ખાસ વડોદરેથી અમદાવાદ આવી છે. ગરબા તો ઘણા ગવાયે જતા હતા, અને તે સર્વ મીઠી હલકવાળા તો ખરા જ. પરન્તુ જ્યારે માણેકઠારી પૂનમનો ચન્દ્ર બરાબર માથે આવ્યો ત્યારે પ્રેમલીલાએ

મારા સૂના મંદિરિયા માંય
ગાજે મધરાતલડી.
સખી! એકલાં તે કેમ રહેવાય?
ગાજે મધરાતલડી.

નો ગરબો ઉપાડ્યો! અમદાવાદનો સંસ્કારી શ્રોતાવર્ગ તે વખતે ચકિત-મુગ્ધ-બની ગયો હતો!

બાર્ટન ટ્રેનિંગ કૉલેજમાં કાઠિયાવાડી ઢબે ગરબા ગવાતા. સંગીતની દેવી જેના ઉપર ચારે હાથે પ્રસન્ન, તેને આ નવી ઢબ ઉપાડતાં શી વાર લાગે? આજે મારાં મનઃચક્ષુ સમક્ષ રાજકોટ ટ્રેનિંગ કૉલેજનાં કમળાબહેન, ગીરજાબહેન અને બીજી અનેક વિદ્યાર્થિનીઓની વચમાં ઘૂમતી અને સૌને પોતાના ઉત્સાહથી પ્રેરતી, મધુરતમ કંઠથી રાસડા લેવડાવતી પ્રેમલીલાને જોઉં છું:

કુંજલડી રે સંદેશો અમારો
જઈ વહાલમને કહેજો જી રે!

ઘણાં વર્ષો વીતી ગયાં. હું પણ એક બાળકની માતા બની છું.

નાનકડો બાળક હઠે ભરાયેા છે. કેમે કરતાં ઊંઘતેા નથી. અનેક નિષ્ફળ ઉપાયેા કર્યા પછી મને કાંઈક સાંભરી આવે છે. હું રેડિયેાગ્રામ ઉપર રેકર્ડ મૂકું છું. ખળખળ વહેતા હિમાલયના ઠંડા સ્વચ્છ પાણીના ઝરણા જેવેા પ્રેમલીલાનેા સુમધુર કંઠ રેલાઈ રહે છે :

તમે આડેા મહેલેા, કહાન;
પેાઢેા પારણિયે, ભગવાન.

પ્રેમલીલાના ગીતઝરણમાં નહાતેા નહાતેા બાળક પેાઢી જાય છે. ત્યાર પછી ઘણા મહિનાઓ સુધી તે જ મીઠા હાલરડાથી એને પારણામાં ઉંઘાડ્યેા છે.

મેં છેલ્લી વાર તેનું સંગીત સાંભળ્યું હતું ત્રણેક વર્ષ ઉપર. મુંબઈમાં લાંબે વખતે અમે બાળપણનાં ઘણાં મિત્રેા ભેગાં મળ્યાં હતાં. જમણ પછી સંગીત શરૂ થયું. મેં પ્રેમલીલાને બિહાગ રાગ ગાવા વિનંતી કરી. બિહાગના એ રુદનભર્યા મીઠા સૂર સાંભળતાં બાળપણનાં અનેકાનેક સ્મરણેામાં અમે સૌ તરબેાળ થઈ ગયાં હતાં.

* * *

ते हि नो दिवसा गताः ।

પ્રેમલીલાની સંગીતસૌરભ આજે બ્રહ્માંડસૌરભમાં વિલીન બની છે.

મૃત્યુલેાકમાંથી અમૃતધામમાં ગએલી એ પ્રિય બહેનને આ મારી સ્મરણરૂપી અંજલિ ધરું છું.

☆

કાવેરી – કુંજમાં

ત્રિભુવનદાસ પુ. લુહાર : 'સુન્દરમ્'

(૧૯૧૦ –)

હવે પૂર્વમાં. અનેક માઈલો સુધી પોતાના વરદ હસ્ત લંબાવી કાવેરીએ આ પ્રદેશને લીલોકુંજાર કરી મૂકયો છે. તાંજોર જિલ્લો દક્ષિણનો બગીચો કહેવાય છે. અહીં પ્રકૃતિ અત્યંત મધુર અને સમૃદ્ધ બનેલી છે. આ સમૃદ્ધ પ્રકૃતિમાં ધાર્મિકતા પણ એટલી જ ફાલેલી છે. આટલા સોદોઢસો માઈલના વિસ્તારમાં જ મોટા મોટા મહિમાવાળાં તીર્થ આવેલાં છે. કોઈ એની પુરાતનતાથી, કોઈ શિલ્પથી, કોઈ ધાર્મિક મહિમાથી અને કોઈકિ એ સર્વથી પોતપોતાનું અનોખું મહત્ત્વ ધરાવે છે. એ સર્વની યાત્રા કરનારે તો આટલામાં જ મહિનો આપવો પડે. એ અસંખ્ય તીર્થોમાં અમે ત્રણ જ પસંદ કર્યાં: તાંજોર, કુંભકોનમ્ અને ચિદંબરમ્. આ સ્થળો એટલાં પાસે પાસે છે કે તમે ધારો તો એક જ દિવસમાં બધાં જોઈ શકો. ત્રિચીથી તાંજોર ૩૦ માઈલ, ત્યાંથી ૨૫ માઈલ પર કુંભકોનમ્ અને કુંભકોનમ્થી ૪૩ માઈલે ચિદંબરમ્.

આજના તાંજોરને ત્રિચીનું પરું જ કહેવું જોઈએ. ચોલ નાયક અને મરાઠા રાજાઓ અહીં રહેતા હશે ત્યારે ત્રિચી પણ તાંજોરનું પરું ગણાતું હોવું જોઈએ. તાંજોરના મરાઠા રાજાઓ ઘેર બેઠાં બેઠાં, એક ઊંચા ઝરૂખા પર ચડી, શ્રીરંગમ્નાં દર્શન કરતા હતા. આજે પણ શ્રીરંગમ્નાં ગોપુરોની ટોચ પરથી કે તાંજોરના દર્શનશિખર પરથી અરસપરસને જોઈ શકાય તેમ છે.

સાઠ હજારની વસ્તીનું ત્રણેક માઈલના વિસ્તારનું તાંજોર ઘણું

શાંત લાગ્યું. મરાઠા કાળનું વાતાવરણ હજી એના પર વળગી રહ્યું લાગે છે. સાંકડી બજારો, નાનાં ઘર અને મામુલી બજાર જોતા જોતા અમે બૃહદીશ્વરના મંદિરે પહોંચ્યા. તાંજોરમાં બે દર્શનીય વસ્તુઓ છે, બૃહદીશ્વરનું મંદિર અને મરાઠા રાજાઓનો મહેલ.

આ ભૂમિ ઉપર એક કાળે તેજન નામે રાક્ષસ હતો. રાક્ષસ હોય એટલે તે ઉપદ્રવ તો કરે જ, અને તેને મારવા વિષ્ણુને આવવું પણ પડે જ. વિષ્ણુ નિલમેગ પેરુમલ રૂપે આવ્યા. રાક્ષસને સંહાર્યો. પણ ભૂમિ સાથે તેમનું નહીં પણ રાક્ષસનું નામ જ જોડાઈ ગયું. તે આ તંજનપુર અને તેમાંથી તંજાવર–તાંજોર.

અગિયારમી સદીની પ્રથમ પચીસીઓમાં રાજા રાજદેવ ચોલે બૃહદીશ્વરનું મંદિર બંધાવ્યું. નવ સદીના ઘસારા મંદિર ઉપર ચોખ્ખા દેખાય છે. આખા દક્ષિણમાં તાંજોરનું મંદિર ખાસ વિશિષ્ટતા ધરાવે છે. આ મંદિરની રચનામાં પ્રધાન સ્થાન મંદિરના મુખ્ય શિખરને જ છે. આપણા તરફનાં મંદિરોની જ જાણે ઘણી મોટી આવૃત્તિ. સ્થાપત્યના અભ્યાસીઓને માટે મંદિરોનાં શિખરો એ એક રસિક વિષય થઈ પડેલો છે. લગભગ બસો ફૂટ ઊંચાઈનું. આકાશમાં સળંગ ઊંચે વધ્યે જતું, કોઈ ચતુર્ભાજુ વિરાટ સોગટી જેવું એ શિખર પોતાની ઉત્તુંગતાથી આખી રચનાને પ્રભાવિત કરતું ભવ્ય અસર પ્રગટાવે છે. આવી ભવ્ય અસર ઉપજાવનાર હિંદભરમાં બીજું શિખર ભુવનેશ્વરના મંદિરનું જ છે. અહીંથી જેમ જેમ દક્ષિણમાં જતા જઈએ છીએ તેમ તેમ મંદિરનું શિખર નીચું થતું જાય છે, મંદિરની આખી યોજનામાં તેને ગૌણ સ્થાન મળતું જાય છે અને ગોપુરમ્ ઊંચાં ને ઊંચાં વધતાં જાય છે. ગોપુરમ્‌ની ભવ્ય છાયામાં શિખર ઢંકાતું જાય છે, તે એટલે સુધી કે મદુરામાં મીનાક્ષીના સુવર્ણ શિખરને જોવા માટે તો કોટમાં ખાસ કાણું કરવું પડ્યું છે. અમે તો દક્ષિણમાંથી ઉત્તરમાં આવ્યા હતા એટલે અમને મંદિરશિખરનો આ અધોવિકાસ ઊર્ધ્વવિકાસ રૂપે જ જોવાનો મળ્યો.

મંદિરના કેન્દ્રવર્તી શિખરને ઢાંકી દેતી ગગનગામી ગોપુરોવાળી રચનામાં એક ગેરલાભ એ છે કે મંદિરની કલાકૃતિ તરીકેની સમગ્ર અસર કદી ઊઠતી નથી. બૃહદીશ્વરને જોતાં જ તેનું ઉત્તુંગ શિખર તેની આજુબાજુની મનોરમ રચનાઓની રસિકતાને એકાગ્ર કરતું રસકેન્દ્ર બની રહે છે. મદુરા, રામેશ્વર કે શ્રીરંગનાં મંદિરોમાં રસનું કેન્દ્ર શોધવું કઠણ થઈ પડે છે. અલબત્ત, તે મહા મંદિરો પાછળ પણ યોજના તો છે જ, છતાં દૃષ્ટાની રસવૃત્તિને કેન્દ્રિત કરી શકે એવું એકે અંગ તેમાં નથી.

આનું કારણ આપણને મંદિરોના ઇતિહાસમાં મળી આવે છે. પ્રથમથી યોજાયેલી યોજના પ્રમાણે બંધાયેલાં અને તેવા જ રૂપે ટકી રહેલાં મંદિરોમાં મૂળ યોજકની કલ્પનાની સુંદરતા બરાબર જળવાઈ રહી છે; પણ તે પછીથી નવા નવા ઉત્સાહી ભક્તો મંદિરની ઉપર પોતાની ભક્તિ ઠાલવતા જાય છે. એક વાર પ્રાણપ્રતિષ્ઠા પ્રાપ્ત કરી ચૂકેલા દેવના મંદિરમાં સુધારાવધારા શક્ય નથી રહેતા. બહુ બહુ તો મંદિરનું શિખર પથ્થરનું હોય તે ચાંદી કે સોનાનું કરી શકાય. એટલે ભક્તોએ મંદિરની પાસે બીજું મંદિર બાંધવાનું રહે, મંદિરને ફરતો કોટ બંધાવવાનો રહે કે પસંદ પડે તેટલાં ગોપુર બંધાવવાનાં રહે. આમ મૂળ મંદિર કાયમ રહી તેની આજુબાજુ નાનીમોટી રચનાઓ ઊભી થતી જાય છે. એમાં પછી સંવાદ બહુ થોડો રહે છે. કળાકૃતિ તરીકેનું ઐક્ય તેમાં ભાગ્યે જ ટકી રહે છે. મંદિરોમાં ભક્તિભાવની સાથે સાથે ચાલતો કળાભાવ ગૌણ બની જાય છે. એ ભક્તિની ભાવના કળાસર્જનના પ્રયત્નમાં પરિણમતી છતાં, તે કળા સરજાવતી નથી. અહીં સરજાય છે ભક્તિનાં સ્મારકો ને અસંવાદિત કળા. અને તેની સામે કોઈ વાંધો પણ ઉઠાવતું નથી. ભક્તજનોને ભક્તિના પાત્રરૂપ દેવતાની જ પહેલી જરૂર હોય છે. એ ભક્તિને લીધે એક જ મંદિરની આસપાસ ધર્મશાળામાં પડેલા ઉતારુઓ પેઠે અસ્તવ્યસ્ત દેવાલયો ઊભાં થાય છે.

મદુરા ઇત્યાદિનાં ગગનગામી ગોપુરમ્ રાજસંસ્થાની આસપાસ ઊભી થયેલી ભવ્ય પ્રજાકીય સંસ્થાઓ જેવાં લાગે છે. પ્રજા ઉપર

ખરો પ્રભાવ તેઓ જ પાડે છે. બૃહદીશ્વરનું મંદિર અનાવૃત રાજત્વ જેવું પોતાનો શુદ્ધ પ્રતાપ પાથરતું ઊભું છે. પણ રાજસંસ્થા પેઠે તેના પર પણ કાળના ઘસારા સ્પષ્ટ દેખાય છે. આ મંદિર બંધાયા પછી એની મૂળ રચનામાં કાંઈ ખાસ ફેરફાર થયા નથી. એના કોટની આસપાસ મરાઠા રાજાઓએ ખાઈ ખોદાવી છે, એટલો એક ધ્યેટ ઉમેરો નોંધવો જોઈએ.

નાનકડા ગોપુરમ્માં પ્રવેશતાં સામે જ વિશાળ ચોકમાં નંદીમંડપ અને તેની પછી ઉત્તુંગ શિખરનું રથાકાર બૃહદીશ્વરનું દેવાલય. અહીંનો નંદી દક્ષિણમાં મોટામાં મોટો છે. રતુમડી કીરમજી વિરાટ કાયાવાળો તે ચામુંડી હિલ, બેંગલોર કે રામેશ્વરમ્‌ના નંદીઓનો મોટો ભાઈ લાગે છે. એ છે શાંત ગંભીર અને દૃઢદેહ. તેની આસપાસ ગોઠવેલી સળિયાની જાળી તેના રક્ષણ માટે આવશ્યક હશે, પણ તેના સૌંદર્યને તો તે રુંધે જ છે. મંદિરોમાં પુરાયેલા આ સૌ સાંઢિયાઓ કરતાં પેલો ચામુંડી હિલ પરનો નંદી વધારે મુક્ત અને ગૌરવયુક્ત લાગે છે.

મંદિરમાં કેટલાક વિરાટ અંગોવાળા દ્વારપાળો, ગણેશ આદિ શિવમંડળ અને છેવટે શિવ તો હોય જ. એકાદ બે ભિક્ષાર્થી છોકરાઓ સિવાય બીજું કોઈ અહીં હતું નહીં. રામેશ્વરમ્ જેવા ભવ્ય વિશાળ પ્રદક્ષિણાપથ – સ્તંભમાર્ગો – પણ અહીં ન હતા. આની અસર એક એકલ ખંડકાવ્ય જેવી નિરાળી જ હતી.

બહાર નીકળીને અમે મંદિરની ટોચ તરફ નજર નાખી. આ ટોચને દક્ષિણમાં અજોડ બનાવવી એ સ્પષ્ટ ઉદ્દેશથી જ આ રચના થઈ છે. ૨૦૦ ફૂટ ઉંચાઈ એ એ શિખરના અખંડ પથ્થરને ચડાવ્યો શી રીતે હશે? અહીંથી પાંચ માઈલ લાંબો રેતીનો ઢાળ કરીને! જે ઠેકાણે આ ઢાળ પડોંચતો હતો તે સ્થળે આવેલા ગામનું નામ પણ આ ઘટનાના સ્મારકરૂપે રાખ્યું છે. આ શિખરની બીજી ખૂબી એ છે કે

એનો પડછાયો કદી જમીન ઉપર પડતો નથી.

મંદિરનાં ઉત્તર, દક્ષિણ અને પશ્ચિમ પડખાં ઉપર આછું પણ સુરેખ શિલ્પ છે. શિખર ઉપર એક વિચિત્ર સંયોજન ધ્યાન ખેંચે છે. આ મંદિરના બાંધનાર શિલ્પીને ઇતિહાસદેવતાની પ્રેરણા થઈ અને તેણે તાંજોરના ભાવિ અધિષ્ઠાતાઓને અહીં આલેખ્યા. ચોલ, નાયક, મરાઠાં અને અંગ્રેજની મૂર્તિઓ બનાવી તેણે વિમાન ઉપર ગોઠવી દીધી. આ ઐતિહાસિક ઘટનાનો ક્રમ તો સાચો છે. માત્ર આ મૂર્તિઓની ઐતિહાસિકતા સાચી છે કે કેમ તે જોવાનું રહે છે. તે પછીથી પણ મૂકેલી કેમ ન હોય? રાજાનું બંધાવેલું મંદિર રાજાઓ હિંદુ રહ્યા ત્યાં લગી પુષ્કળ રાજ્યાશ્રય પામતું રહ્યું. પણ વૈષ્ણવ મરાઠા રાજાઓમાં તે જરા ઉપેક્ષાયું તો હશે જ. ઘરઆંગણના બૃહદીશ્વરનાં દર્શન કરવાનાં મૂકી તેમની રાણીઓ ત્રીસ માઈલ દૂરના શ્રીરંગમ્‌નાં દર્શન ઝંખતી. તેના દર્શન વિના અન્ન ન ખાતી. મરાઠા રાજાના મહેલના ભાગમાં અહીં રહ્યાં રહ્યાં શ્રીરંગમ્‌નાં દર્શન કરવાને યોજેલો એ ઊંચો ટાવર હજી પણ છે જ.

મંદિરના ઉત્તર ભાગમાં સુબ્રહ્મણ્યમ્‌નું એક અતિશય નાનુક નમણું દેવાલય છે. એની ભીંતો પર શિલ્પ નથી. પણ તેની આજુબાજુઓનું માત્ર ઊભી રેખાઓમાંથી જ એવું ઉત્તમ સંયોજન છે, તેની આખી રચનાનો એવો માર્દવભર્યો ઉઠાવ છે, કે તેની જોડ દક્ષિણમાં મળવી મુશ્કેલ છે.

મરાઠા રાજાઓનો મહેલ ઇતિહાસનું એક ગ્લાનિભર્યું જીવતું ખંડેર છે. તંજાવરના રાજવીઓમાં છેલ્લા આવતા મરાઠા રાજાઓનો વંશજ અંગ્રેજ સરકારનું પેન્શન ખાતો આ મહેલના એક ઉજ્જડ ભાગમાં વસે છે. ભોમિયાનું કામ કરતો એક માણસ તમને આ સ્થળનો ઇતિહાસ અને તેની નાની મોટી વસ્તુઓની હકીકતો સમજાવે છે. આ મહેલમાં પણ દ્રવ્યાર્થીઓ મંદિર બનાવવાનું ચૂકયા નથી. એમની

દયા ખાતર પણ એક પૈસો મૂકવાનું મન થાય.

મહેલનો મોટા ભવ્ય દરવાજાવાળો ભાગ ઉજ્જડ છે. મહેલ જ્યાં જ્યાં સારો રહ્યો છે ત્યાં સરકારની ઑફિસો બેસે છે. પ્રતાપી ચોલ રાજાઓની આ વિક્રમભૂમિ ઉપર આજે અંગ્રેજ સરકારના મુલ્કી કારકૂનો બેઠા બેઠા સરકારી કાગળિયાં પર બિલાડાં ચીતર્યા કરે છે. એ રાજાઓની કથા અત્યારે એકાદ ભોમિયાને દિવસનું ચારઆઠ આનાનું પેટિયું મેળવી આપે છે. રાજાનો વંશજ મહેલના એક ખૂણામાં પડ્યો રહે છે. અર્થપરાયણ સરકાર મહેલનો ખપજોગો ભાગ જાળવી રહી છે, અને બાકીનો ભાગ કાળના ઘસારાને ધીરતાપૂર્વક ઝીલી રહી પોતાના મૂળ મિટ્ટી રૂપમાં મળી જવાની રાહ જોઈ રહ્યો છે.

તાંજોર છોડ્યું ત્યારે મનમાં એક વસવસો રહી ગયો. તાંજોરની જીવતી સમૃદ્ધિ એવાં, દક્ષિણમાં ઉત્તમોત્તમ ગણાતાં, તાંજોરી નૃત્ય અને સંગીત એ અમે જોયા વિના જ જતા રહ્યા હતા. અમારી જોવાની ઇચ્છા છતાં એ શક્ય ન હતું. મલબારમાં ફરી આવ્યા છતાં ત્યાંની કથકલી ન જોઈ શક્યા. તાંજોર આવી ગયા છતાં ત્યાંનું નૃત્ય અને સંગીત જોઈ સાંભળી ન શક્યા. પણ એ વસવસો ઓછો થવાનો હવે સંભવ છે. પ્રાંતોમાં પુરાયેલી આપણી કલાઓ આખા દેશને પ્રવાસે નીકળવા માંડી છે એ આનંદની વાત છે. કથકલી અમદાવાદ સુધી આવી ગઈ. હવે તાંજોરનું નૃત્ય પણ જોવા મળશે, ત્યાંનું સંગીત પણ સાંભળવા મળશે. આપણી પ્રત્યેક વિશિષ્ટ પ્રાંતીય સમૃદ્ધિ આંતરપ્રાન્તીય થવી જોઈએ. નહીં તો આટલા વિશાળ દેશની દૂર દૂર પડેલી બધી પ્રજા પ્રાંતે પ્રાંતે ટાંકણાસર પહોંચીને તેનો આસ્વાદ કેવી રીતે લઈ શકવાની છે?

આ ભાગનો પ્રવાસ અમે મોટરમાં કર્યો એ જ સારું થયું. રેલવે ટ્રેન અમને આ સમૃદ્ધ કુદરતની હરિયાળી કુંજગલીઓમાં આટલી નિકટતાથી શું ફેરવવાની હતી કદી? રેલવેના રસ્તા હમેશાં એમનું ચાલે

ત્યાં લગી પૃથ્વીના હૃદયની મધુરી લહરીઓને સપાટ કરતા, આસપાસની ખૂબસુરતીને દૂર ઠેલતા જાય છે. મોટર બેશક ઝડપથી જાય છે. ધરતીના હૃદય સાથે પગલે પગલે આપણું શરીર ચાંપીને ચાલવાનું પરિભ્રમણ એ જ ખરું પૃથ્વીપર્યટન છે. છતાં સમયની સંકડાશના આ યુગમાં ખૂબ મદદરૂપ બનતું આ ઝડપી વાહન આપણને પૃથ્વીના હૃદયથી બહુ દૂર તો લઈ જતું નથી જ. પૃથ્વીના હૃદયની લહરીઓની ચટકીતર માણતા, તેના પ્રત્યેક અંગનો પુણ્ય સ્પર્શ મેળવતા, અમે વધ્યા ગયા.

તાંજોર જિલ્લો ખરે જ મદ્રાસ ઈલાકાનો બગીચો છે. રસ્તાને પડખેથી નાની નાની નહેરો કાવેરીનાં પાણીને લઈને દોડયે જતી હતી. લીલાંછમ ખેતરો ગીચ ઝાડીમાંથી થોડાંક થોડાંક ડોકિયાં કરતાં હતાં. મલબાર કરતાં પણ આ ભૂમિ એક રીતે વધારે રળિયામણી હતી. અહીં મલબારનો ભેજ નહોતો અને છતાં મલબારની બધી ભરચક હરિયાળી હતી. પચીસ માઈલનો રસ્તો એક નવજુવાન તાંજોરી સાથે વાતોમાં વીતી ગયો. તાંજોરની સરકારી કચેરીમાં જ તે કામ કરતો હતો. ગુજરાતની સામાજિક ધાર્મિક વિશેષતાઓ અતિ આતુરતાથી એ પૂછવા લાગ્યો. મેં એના દેશની વિશેષતાઓ પૂછી. સામાજિક જીવનમાં અનિષ્ટો આખા હિંદમાં સરખાં જ છે. સંસ્કૃતિની એકતાનું આ પણ એક પ્રબળ ઉદાહરણ છે ને!

તાંજોર અને કુંભકોનમ્‌માં ઘણો ફેર છે. કુંભકોનમ્ તાંજોર કરતાં મોટું છે. વસતી બેએક હજાર વધારે છે. કેળવણીનું કેન્દ્ર છે. અને એનું ધાર્મિક માહાત્મ્ય તો તાંજોર કરતાં કેટલા ય ગણું છે, બલકે આખા દક્ષિણનાં ઉત્તમ તીર્થોમાંનું આ એક છે.

કુંભકોનમ્‌માં પુષ્કળ મંદિરો છે. એને મંદિરોનું જ શહેર કહીએ તો પણ ચાલે. આટલાં બધાં મંદિરો અહીં ક્યાંથી અને શા માટે આવ્યાં? જલપ્રલયમાં પૃથ્વી ગરક થઈ ગઈ. કલિયુગ માટે બ્રહ્મા જગતનું નવવિધાન કરવા લાગ્યા. પ્રલયકર રુદ્રે તેમને કહ્યું, 'વાત કહું, બ્રહ્મદેવ! જરા સાંભળી લો. પૃથ્વીનો પ્રલય કરવા છતાં પણ મેં તેનું

અમૃત આ કુંભમાં સંગ્રહ્યું છે. પ્રલય પૂરો થયે આ કુંભ પૃથ્વી પર પર્યટન કરશે, અને એક પવિત્ર સ્થળે વિરમશે. પૃથ્વી પર તેનાથી વધુ પવિત્ર ધામ બીજું નહીં થાય.' બ્રહ્માએ પૃથ્વી પાછી ઠીક કરી દીધી. અમૃત-કુંભ પૃથ્વીમાં ફરવા લાગ્યો. ફરતો ફરતો તે આ સ્થળે આવ્યો. શિવે કિરાતનું રૂપ લઈ બાણ મારી કુંભને અહીં છેદ્યો. એ અમૃત અહીંના મહામાઘ તળાવમાં સંધરાયું અને તેના ઊડેલા છાંટામાંથી અહીં અસંખ્ય તીર્થો ઊપજ્યાં. કુંભકોનમની આસપાસ દસ માઈલમાં બીજાં ૧૮ તીર્થ છે. કથા સિદ્ધ કરે છે કે અહીંના મુખ્ય દેવ કુંભેશ્વરનું લિંગ આ ઘડાના કાચલાનું જ બનેલું છે.

ચોલ રાજાઓ અહીં પણ પોતાની રાજધાની કરી ચૂકેલા છે. વિદ્વત્તા અહીં પણ પુષ્કળ ખીલેલી હતી. પૂર્વ મીમાંસાના ટીકાકાર અને પ્રભાકર મતના પ્રવર્તક ભટ્ટ પ્રભાકર અહીં ૮મી સદીના પ્રારંભમાં થઈ ગયા. એ રાજા તરફથી મળેલી બક્ષિસનો શિલાલેખ મળી આવેલો છે. તાંજોર રાજધાની બન્યા પછી પણ આ તીર્થધામ રાજ્યાશ્રય તો પામ્યા જ કર્યું. પ્રતાપસિંહ રાજાના વખતમાં શંકરાચાર્યનો મઠ અહીં સ્થપાયો. અહીંનો ઇતિહાસ બે પરાક્રમી ભાઈઓની એક કરુણ કથા નોંધે છે. ગોવળકોંડાના અકન્ના અને મકન્ના નામના બે ગરીબ ભાઈઓ અહીં આવ્યા અને બુદ્ધિબળે કરીને ચાતુર્યથી રાજાના અમાત્ય બન્યા. ઈ. સ. ૧૬૬૬માં ઔરંગઝેબે દક્ષિણની એની લાંબી ચડાઈમાં આ રાજાને સપાટામાં લીધો. એ મહાપ્રબળ અમાત્યોનાં ઘરબાર લૂંટી લઈ, તેમને રસ્તા પર ઘસડ્યા. મોટાને હાથીના પગે બાંધીને માર્યો. નાનાનું મસ્તક કાપી નાખ્યું. પણ મુસલમાનો અહીં ટકી ન શકયા. એ પછી મરાઠાઓનું ચક્ર અહીં ઊતર્યું અને તે પછી અંગ્રેજોનું. આ નાનકડા શહેરમાં પણ બેબેક કોલેજો છે. તાંજોર કરતાં અહીંનું બજાર પણ મોટું અને કંઈક આકર્ષક કહેવાય. અહીંનાં તાંબાનાં વાસણો ખાસ જાણીતાં છે.

કુંભકોનમનાં મંદિરોમાં એક લાક્ષણિકતા જોઈ. દરેક મંદિરના

મુખ્ય કોટ ઉપર તેના અધિષ્ઠાતા દેવનું વાહન અલંકાર રૂપે અનેક પ્રતિમાઓમાં ગોઠવ્યું છે. શિવમંદિરમાં કોટ ઉપર થોડે થોડે અંતરે નંદીઓ, વૈષ્ણવ મંદિરમાં ગરુડો અને હનુમાનો હતા. કુંભેશ્વરના કોટ ઉપર મઝાના નંદીઓ હતા. જાણે બો બો રમવાને જ બેઠા ન હોય! જો કે દાવ લેનારી પાર્ટીનો અહીં અભાવ હતો. નંદી પણ માત્ર વાહન તરીકેની પૂજ્યતા ઉપરાંત સુંદર અલંકરણની શક્યતા પણ ધરાવે છે એ અહીં જોયું.

અહીંનું સૌથી મોટું મંદિર કુંભેશ્વરનું છે. પણ તેમાં ઝાઝું મનોહર શિલ્પ નથી. તેના ગોપુરમાં આલેખેલું સમુદ્રમંથન સૌથી વધુ આકર્ષક કહી શકાય. જેમાં કુંભકોનમ્‌નું રમણીયતમ શિલ્પ સંધરાયું છે એ છે રામસ્વામીનું મંદિર. એને સીધો રાજ્યાશ્રય મળેલો છે. સોળમી સદીમાં તાંજોરના રાજા રઘુનાથ નાયકને અહીંથી બે માઈલ પર આવેલા દારાસુરમના તળાવમાંથી રામસીતા મળી આવ્યાં. રાજાએ તેમની અહીં પ્રતિષ્ઠા કરી અને આ મનોરમ મંડપ બંધાવ્યો.

બેલુરના શિલ્પમાં અપ્રતિમ કોમળતા છે. મદુરામાં ઉગ્ર ભવ્યતા છે. અહીં કેવળ નમણી રમણીયતા છે. બારપંદર ફૂટ ઊંચા કાળા પથ્થરના બત્રીસેક થાંભલાઓ ઉપર અનેક કથાપ્રસંગો તથા સ્ત્રીપુરુષની સુરેખ આહ્લાદક પ્રતિમાઓ કોતરેલી છે. કૃષ્ણલીલાનાં કેટલાંક મધુર દૃશ્યો, ગોપિકાઓ, સૈનિકો, રામ સીતા લક્ષ્મણ, હનુમાન સુગ્રીવ તારા આદિની પ્રતિમાઓ છે. શિલ્પીએ પુરુષનો દેહ સપ્રમાણતા જાળવી ઘટતી રમ્યતા સાથે ભિન્ન ભિન્ન અવસ્થામાં આલેખ્યો છે. દેવના ગર્ભદ્વાર પાસે મૂકેલી સ્ત્રીપ્રતિમાઓની રમણીયતા મદુરામાં પણ નથી. વીણાધારિણી અને ચામરધારિણી બે સ્ત્રી પ્રતિમાઓ અતિ મનોહર હતી. તેમનાં કંઠ, કર્ણાભૂષણો. કટિમેખલા અને છેવટે સાડીની કિનારો –બધું ખૂબ સુભગતાથી ઉપજાવેલું હતું, આ નાનકડા મોકળા મંડપની પ્રસન્નતા મનમાં કાયમનો વસવાટ કરી ગઈ છે.

ગર્વિષ્ઠ બની ગયેલા સૂર્યનું અભિમાન ભંજવા વિષ્ણુએ ચક્રપાણિનું રૂપ લઈ તેને મહાત કર્યો. એ ચક્રપાણિ ભગવાન તો અન્યત્ર બેઠા છે. પરંતુ વિનત થઈને ઈશ્વરશરણ શોધતો સૂર્ય અહીં નાગેશ્વર મંદિરમાં આવીને બેઠો. મંદિરમાં તેની એક મૂર્તિ છે. આકાશસ્થ સૂર્યનાં કિરણ વરસમાં એક દિવસે મહાશિવરાત્રિ પછી શિવલિંગના બરાબર લલાટ પર પડે છે. અને એ રીતે સૂર્ય શિવનું દર્શન કરવાનું ચૂકતો નથી. ધન્યભાગ્ય સૂર્યનાં કે આ દેવ એમને વરસમાં એક વાર દર્શન દે છે. કારણ બીજા કોઈ દેવો તો સૂર્યને કે તેના પ્રકાશને જન્માંતરે પણ પાસે આવવા દેતા નથી.

કુંભકોનમ્‌ની ખરી મહત્તા તેના મહામાઘ તળાવમાં છે. બાર વર્ષે સિંહસ્થ વર્ષમાં નાશકની ગોદાવરી પેઠે અહીં ગજબ મોટા મેળા ભરાય છે. તે પવિત્ર વર્ષના પવિત્ર માઘ માસમાં અહીં સ્નાન કરીને હરકોઈ પાપપ્રક્ષાલન કરી પુણ્યાર્જન કરી શકે છે. બ્રહ્મા વિષ્ણુ શિવ ત્રણે દેવ તે વેળા અહીં હાજર રહે છે. અને આ ધોવાતા પાપના મહાસંચયને ઉપાડવામાં મદદ કરવા નવ નદીઓ પણ આ તળાવમાં પ્રવેશ કરે છે. આ તીર્થની પવિત્રતાની કથાઓ એક ચોપડો ભરાય તેટલી છે. આ વિશાળ તળાવને કિનારે આવેલી સોળ દહેરીઓ એક આકર્ષક દૃશ્ય બને છે.

રાત્રે આઠ વાગે ચિદમ્બરમ્‌ પહોંચ્યા. પંડાઓએ સાધી રાખેલો એક વંડીવાળો છત્રમમાં લઈ જવાનું કહેવા છતાં અમને પંડાને ઘેર લઈ ગયો. પંડાની ધર્મશાળા નામે કહેવાતા એ ખાનગી મકાનમાં જ પછી તો અમે એક સાંકડી કોટડીમાં પડાવ નાખ્યો. આ સાંકડી જગામાં આવવાથી એક ફાયદો થયો. ત્યાં એક કાઠિયાવાડી રબારણો અને બીજા પુરુષોનું મોટું ટોળું પડાવ નાંખી પડ્યું હતું. અમે તો જાણે નેસમાં જ આવી પડ્યા.

☆

કલકત્તાથી ચીન

ઉમાશંકર જોશી

(૧૯૧૧ –)

(૧)

હોંગકોંગ, તા. ૨૧–૯–૫૨

.....,

કાલે એરોપ્લેનમાં બેસતાં બેસતાં કલકત્તાથી લખેલો કાગળ મળ્યો હશે. અમારું વિમાન સહેજ મોડું આવ્યું હતું. ૦૦.૨૯ મિનિટે ઊપડવાને બદલે બે વાગે રાત્રે ઊપડ્યું હતું. વિમાનઘર ઉપર ભાઈશ્રી ચંદ્રસેન, મોટાભાઈ વીરેન્દ્રભાઈ, રમણીક મેઘાણી અને બીજા મિત્રો તથા ભૂપતભાઈ વસા અચાનક હાજર હતા; તે અને શ્રી સુરેશ દેસાઈ હાજર હતા. સાંજે કલકત્તામાં મોટી સભા ભરાઈ હતી. દિવસે અનેક મિત્રોને મળ્યા હતા, આગલે દિવસે પણ સભા મળી હતી. એકંદરે સમય સારી રીતે ગાળ્યો. કલકત્તાના રામકૃષ્ણ પરમહંસના દક્ષિણેશ્વરની અને વિવેકાનંદના બેલુડ મઠની વાત મેં કરી હશે. બન્ને સ્થળો જોતાં ધરાઈ એ નહીં એવાં છે. દક્ષિણેશ્વર હતા ત્યારે જ સૂરજ આથમતો હતો, અને નદીના વિશાળ પટ ઉપર થઈને રંગનો પટ અમે ઊભા ત્યાં સુધી ઘાટ પર ધસી આવતો હતો. રામકૃષ્ણની સાધનાનાં સ્થળો, મેડી અને પાંચ વૃક્ષો, અત્યંત સુંદર છે. બેલુડનું મકાન પૂના પાસેની કાર્લા ગુફાની યાદ આપે છે. એમાં રાધાકૃષ્ણની મૂર્તિ જાણે હમણાં બોલશે એવી સુંદર છે. દક્ષિણેશ્વરમાં રામકૃષ્ણ સૂતા તે પાટ જોઈ. નાની અમથી. મોટા માણસોને કેટલું ઓછું જોઈતું હોય છે! કલકત્તાથી ૧૮ માઈલ દૂર આવેલા ગાંધી ઘાટ ઉપર અમે ગયા. અત્યારની સ્થાપત્ય કળાનો લાભ લઈને એક સાદી પણ સુંદર રચના કરી છે. એક બાજુ ગાંધીજીના છેલ્લાં વરસોના પ્રસંગો શિલ્પાકૃતિરૂપે

રજૂ કરવામાં આવ્યા છે. એટલામાં બે ભભૂતિ ચોળેલા સાધુઓ આવી પહોંચ્યા અને તુલસી રામાયણ મધુર કંઠે લલકારવા લાગ્યા. ફરવા આવવા જેવું સ્થળ પણ છે. પરદેશીઓ પણ હતા. સૌને તુલસી રામાયણે થોડી વાર મંત્રમુગ્ધ કરી દીધા. કલકત્તામાં હાવરાનો પુલ છે, તે એશિયામાં કદાચ સૌથી મોટો હોય. નીચેથી આગબોટને જવું હોય ત્યારે કળથી એ ઊંચો થઈ જગા કરી આપે છે. એક બગીચામાં મોટો વડ છે તે જોવા ગયો નહિ. આપણે સૌ સાથે જ જોઈશું.....

કલકત્તાથી વિમાન ઊપડ્યું તે વખતે અમને કમરે એક પટ્ટો બરાબર બાંધી રાખવાનું કહેવામાં આવ્યું હતું, જેથી ઊછળી ન પડાય. આરામખુરશી જેવી બેઠક, જેવી જોઈએ તેવી ગોઠવી શકાય. સગવડપૂર્વક ઊંઘી શકાય તેવી. પ્લેઇન ઊડે ત્યારે કાનમાં દુઃખે નહિ. તે માટે રૂનાં પૂમડાં મૂકવાનું કહેવામાં આવ્યું અને પિપરમિન્ટ જેવી ટીકડીઓ ચૂસવા આપી, ગળામાં રસ ઉતારીએ તો એથી કાનમાં એવું હલનચલન થાય કે એને આરામ રહે. અમને કોઈને કાંઈ થયું નહિ. ઊલટી જેવું પણ ન થયું. મને તો કશું જ લાગ્યું નહિ. વિમાન તરત જ બહુ ઊંચે ચઢયું. ચાર એંજિનનું મોટું દૈત્ય વિમાન હતું. અંદર પેસીએ તો મોટા ખંડ જેવું લાગે. થેલી ને એવો સામાન મૂકવાને ઉપર અભરાઈ જેવું પણ હતું. છેડે ડાબી બાજુ સ્ત્રીઓ માટે અને જમણી તરફ પુરુષો માટે હાથમોં ધોવાની અને બજરૂની ઓરડીઓ હતી. આ વિમાનો પંદરથી સાડાસત્તરસો ફૂટની ઊંચાઈએ ઊડે છે. ૩૦૦ માઈલ જેટલી ગતિ હોય. થોડાક આંચકા સાથે વિમાન ઊંચું ગયું. હું વડોદરાથી અમદાવાદ વિમાનમાં આવેલો, પણ એ તો શી વિસાતમાં ! રાત હતી એટલે કલકત્તા આખું નીચે દીવાના ઢગલા જેવું લાગતું હતું. રસ્તાઓ હારબંધ હોય એટલે દીવાઓની સુંદર આકૃતિઓ દેખાતી. કયાંક જાણે દીવાઓનું એક ખાબોચિયું ન હોય તેમ બધા ઠેકઠેકાણે ઢગલાબંધ દેખાતા.

ધીમે ધીમે કલકત્તા સરકી ગયું. અંધારું જ બસ અંધારું. આંખો

પણ ઊંઘથી ઘેરાવા માંડી. અવાજ આવતો હતો, પણ આપણને નીચેથી સંભળાય છે એટલો બધો અંદર લાગતો નથી. સ્વાતિની હાલા જેવો મને તો લાગ્યો. સારી ઊંઘ આવી. વહેલે પરોઢિયે જાગ્યો તો બહાર ઉજાસ થયો હતો. માણસને પૂછ્યું તો કહે કે દસ મિનિટમાં રંગૂન ઉપર થઈ ને પસાર થઈશું. નીચે નદી દેખાતી હતી. વાદળાં આવી ગયાં. શહેર જણાયું નહિ. પણ તરત જ એક અદ્‌ભુત દૃશ્ય જોવા મળ્યું. પૂર્વ દિશામાં સૂર્યનાં કિરણો ડોકિયાં કરવા ગયાં એવાં જ વાદળોએ પકડી પાડ્યાં હતાં. સૂર્યોદય જોવા માટે ૧૫૦૦૦ ફૂટ ઊંચે જવું જોઈએ એમ થયું. નીચે વાદળાંઓનાં જૂથ છૂટાંછવાયાં પડ્યાં હતાં, ધોળાં, સફેદ, નાના નાના પર્વતો જેવાં. એ પર્વતોના કાંગરા સૂર્યકિરણો અડતાં સોનેરી થઈ ગયા હતા. અને નીચે રંગોની એક દુનિયા રચાઈ હતી. તદ્દન નીચે સમુદ્રનાં ભૂરાં પાણી, ઉપર ભૂરું આકાશ. દરિયાનો કિનારો એટલામાં આવી પહોંચ્યો. પાણી છીછરાં એટલે આરપાર નીચેની જમીન પણ દેખાતી હતી. સામેથી એક નદી આવીને મળતી હતી. ડુંગરોની હારો હવે શરૂ થઈ. લીલાછમ ડુંગરો જ ડુંગરો. રૂના પોલની ચાદરો પડી પડી હોય એમ આછાં પાતળાં સફેદ વાદળો રસળતાં હતાં. હવે ગામો, ખેતરો, કુંજો જણાવા માંડ્યાં, એટલામાં તો બૅંગકોક પાસે આવી પહોંચ્યું. પહેલાં નદી આવી. નદીમાં ડહોળાં પાણી હતાં. વરસાદ આવ્યો હોવો જોઈએ. નદી વંકવોળામણી સુંદર વહી જાય છે. આંતરરાષ્ટ્રીયતાનો અનુભવ કરાવે એવું મોટું છે. પેલે છેડે વિમાનઘર તરફ અમે જઈ રહ્યા હતા. વચ્ચે એક બાજુ ખેતરો દેખાતાં હતાં. કેવાં સ્વચ્છ ઘાટીલાં લીલાંછમ ખેતરો ! પાણીથી તરબોળ હતાં. ડાંગરનો પાક બહુ સારો થવો જોઈએ. નહેરો જોઈને પણ મન ઠરે.

બૅંગકોક વિમાનઘરે ઊતર્યા. એક બસ આવી. નાસ્તા માટે લઈ ગઈ. ૪૫ મિનિટ જેટલું રોકાયા હોઈશું. ત્યાં બાજુ પર મજૂરો કામ કરતા હતા. શરીરસમૃદ્ધિ સારી. માંસલ મજબૂત કાયા. એ લોકો ટોપલાથી ભાર ઉપાડે નહિ, કાવડથી ઉપાડે છે. તાપ તો સવારે પણ ગજબનો

લાગતો હતો. મજૂરોએ મોટી ઘાસની ટોપી પહેરેલી. વિમાન ઊપડ્યું. મેં ઊંઘનું દેવું થોડું કે ચૂકવ્યું. ત્યાં નાસ્તાવાળાએ જગાડ્યા. બ્રેડ, માખણ, ફળ કાપેલાં, મુરબ્બો વચ્ચે હોય એવો ઘૂઘરો, કેળાં, મોસંબી, નાસપાતી, નારંગીનો રસ, કૉફી–આટલું હતું. આપણે તો ભોજન જ થઈ ગયું. પછીથી બાથરૂમમાં બહુ સગવડ હતી એટલે હજામત પણ કરી લીધી. નીચે જોવાનું તો ચાલ્યા જ કરે. સિયામથી હવે થાઈલેન્ડ પણ વટાવી ચૂક્યા. જમીનને જયજય કર્યા.

હવે સમુદ્ર, ચીની સમુદ્ર – પ્રશાંત મહાસાગર. ઘેરાં નીલ પાણી ઉપર બરફકુંગર જેમ તરતાં શ્વેત વાદળ. પાણીમાં વાદળના તરતા પડછાયા પણ તરતા દેખાય. કેટલુંક અંતર ગયા પછી એક ટાપુ દેખાયો. તેની આસપાસ છીછરા પાણીને લીધે આછા પીળા રંગનું કુંડાળું હતું. લાંબો ટાપુ હતો. વિમાનના પંખા ચાલ્યા જ કરતા હતા – તે જોઈને થાય કે માણસ આવું આવું કરી શકે છે તો એને નિરાંતે રહેતાં એક આવડ્યું હોય તો કેવું! હૉંગકૉંગને અર્ધો કલાક હતો ને જોરથી ઘૂમતાં વાદળોમાં અમે પેઠા. બારીએ પાણી ટપકવા લાગ્યું. વાદળોની વચ્ચે વિમાન ચાલ્યું જાય. થોડી વારમાં બહાર નીકળે ને સૂર્યનો પ્રકાશ ક્યાંક દેખાય તો નીચેના ભૂરા ભૂરા સમુદ્ર અને ધોળા વાદળપુંજોનું દૃશ્ય ઝલકી જાય. પંખાની નીચેથી વાદળો જોરથી કપાતાં જોઈ શકાતાં.

હૉંગકૉંગ આવ્યું. જમીન દેખાવા માંડી. કિનારાને દરિયાનું પાણી અફળાતું જોઈ ફરી આકાશ અને સમુદ્રની સફરેથી પાછા જમીન ઉપર આવ્યા એવું થયું. નાની નાની ટેકરીઓ દરિયામાં ટાપુરૂપે હતી; સુંદર લાગે. હૉંગકૉંગ સુંદર શહેર લાગ્યું. કુંગરને પડખે વસ્યું છે. ખાડીમાં આગબોટો અને હોડીઓ પાર વગરની. કુંગર ઘેરા લીલા રંગનો. ઉપર સફેદ મકાનો. રળિયામણું લાગે. પણ અમારા સ્વાગત માટે એને બહુ મન લાગ્યું નહિ. હવા એવી ખરાબ હશે અથવા બીજું કોઈ વિમાન ઊતરવાથી વિમાનઘરે તરત ઊતરાય એવું નહિ હોય. અમારા વિમાને શહેર ઉપર ચક્કર લગાવ્યાં. કદાચ હૉંગકૉંગને સારી રીતે જોવાની આવી.

તક અમને નહિ મળત. દરિયા ઉપર સહેજ જ ઊંચે વિમાન ચકરાવો લેતું હતું. ધોળાં ધોળાં ફીણ મોજાં ઉપરથી ઊભાં કરે અને વાદળી દરિયો આખો લહેરાયા કરે. ટેકરી–ટાપુઓ આખાના આખા ધોળા ધોળા ફીણની માળાઓથી વીંટળાયા કરે. ત્યાં તો હિંમતભેર મકાનોની ચગાસીઓથી જાણે એ ઘસાયું એમ વિમાન ઊતરવા લાગ્યું. વરસાદ વરસતો હતો. અમારા ઘડિયાળમાં ૧૨॥ વાગ્યા હતા. અહીં ચાર વાગ્યા હતા. એ વખતે અમદાવાદમાં ૧૨॥ વાગ્યા હશે. અમારા ૩॥ કલાક છૂટી પડ્યા. એ કલાક અમને મળવાના જ નહિ! બપોરનું ખાવાનું પણ કોણ આપે? પાંચ વાગે બધી વિધિઓથી પરવારી ઇન્ટરનેશનલ હોટેલમાં આવ્યા. ત્યાં અમારા સ્વાગત માટે ચીન સરકારના પ્રતિનિધિઓ હાજર હતા. તેઓ અમને બીજી એક હોટેલમાં– સામે જ–લઈ ગયા. ચા આપી – આપણા જેવી. બપોરનું ખાવાનું તો હવે ગયું જ, પણ ચીનના સૅન્ડવીચથી તાજા થયા. પાંચમે માળ બબ્બે જણા વચ્ચે ઓરડી મળી. હોટેલ આલેશાન છે. રાજાઓને ચાલે એવી. સરકારો જ્યારે ગોઠવણો કરે છે ત્યારે સામા લોકો નખીરાઓ હશે એમ જ કરે છે, એ હવે બંધ થવું જોઈએ. અમારું સદ્‌ભાગ્ય એ કે અમને બારીમાંથી હોંગકોંગનું અત્યારે અત્યંત મનોહર દૃશ્ય દેખાય છે. અમે છીએ ચીનની મુખ્ય ભૂમિ ઉપર. (એ પણ જૂના કરાર પ્રમાણે હજી બ્રિટિશ તાબે છે.) હોંગકોંગનો ટાપુ અમારી સામે છે. ડુંગર ઉપર ઘરો પથરાયેલાં હોઈ દીવાઓનો આખો ચંદરવો અમારી સામે લટકે છે. વરસાદ પડ્યા જ કરે છે. વીજળી ચમકે છે. અમે નાહીધોઈ સ્વચ્છ થઈ અહીંના નવે હમણાં જમી આવ્યા. બ્રેડ બહુ સારી. ઠંડું દૂધ, ટોમેટો–ભાજી–નો સૂપ, ભાત – બાફેલાં ફ્લાવર, બટાટા, કેળાં–સંતરાં. બહુ ખાવું પણ ન હતું. પણ નિરામિષાહારીઓને અહીં મુશ્કેલી પડશે એવો ભય નકામો છે. આ રીતે ભાત ને બ્રેડ ને બાફેલું શાક મળે એટલે બસ. જમ્યા પછી હિંદી મંડળે પરસ્પર ઓળખાણો કરી. જુદા જુદા પ્રદેશના ભાઈઓ છે. એક પારસી બહેન પણ છે. ગુજરાતી

ભાષા બોલનાર દસ જણ નીકળ્યાં. સરદાર પૃથ્વીસિંહ આજે અમારી સાથે જ આવ્યા. હજી થોડા કાલે આવવાના છે. અને હવે કાલ સવારે હોંગકોંગ ફરીશું અને ૧૧-૨૦ની ગાડીથી કેન્ટોન જવા રવાના થઈશું. સાંજે સાત વાગે પહોંચીશું. ત્યાંથી પણ ગાડીમાં જ પેકિંગ જવાનો કાર્યક્રમ લાગે છે. મને તો આજે વિમાનમાંથી ઊતરતાં જ થતું હતું: આટલી વિમાની સફર બસ છે. વળતાં સમુદ્રથી જવું અને ચીનમાં પણ ગાડીથી પ્રવાસ હોય તો દેશ બરાબર જોવા મળે. ગાડીઓ સારી છે એમ કહે છે.

જેટલા ચીનવાસી મળ્યા તે ઉંમરે છોકરડા જેવા. કલકત્તામાં એલચી ખાતામાંથી જ એ જોવા મળ્યું હતું. અહીં તો હમણાં જાણ્યું તેમ શાંતિસમિતિએ 'નૂતન ચીન સમાચાર સંસ્થા'ના કાર્યકરોને અમારો સત્કાર કરવાનું સોંપેલું. એટલે તે ભાઈ ઓએ અમારો હવાલો લઈ લીધો હતો. કાચી ઉંમરના લાગે. પણ બહુ જ કાર્યકુશળ. રીતભાતમાં મીનમેખ નહિ. હસમુખા. આત્મશ્રદ્ધા કોઈ જુદી જ. અહીં એક સાઠ વર્ષ જૂનું ચીની પત્ર ચાલે છે તેના રિપોર્ટરો આવી ગયા. ફોટોઝ લીધેલ. મુલાકાતમાં એ જુવાન સહેજમાં ભળી ગયો. પણ વાતચીતમાં બહુ ખબરદાર. બધા જ જુવાનો વધારાનું કાંઈ બોલે નહિ. પેટનું પાણી હાલે નહિ. એનો અભિપ્રાય પણ આપે નહિ, તમારા અભિપ્રાય જાણી લે, વિનય-પૂર્વક. આ જુવાનો બહુ ઊંડા, દક્ષ અને વ્યવહારચતુર લાગ્યા. ચીનનું હજારો વરસનું ડહાપણ એમની રગોમાં છે. એક તો ફિફથમાં હોય તેવડો છોકરડો. પણ સૌ કામ સરસ રીતે બજાવે. અમને ઉત્તરો મુદ્દાસર આપે અને શંકા તરત દૂર કરે. આ વાત એવી ઊડીને આંખે વળગે છે કે તરત લખવી જોઈએ. સ્વાતિને ખૂબ ખૂબ રમાડજો.

તા. ૨૨-૯-૫૨: અત્યારે અગિયાર વાગે કેન્ટોન જવા ગાડીથી ઊપડીએ છીએ. સવારે હોંગકોંગ ફર્યા. બધા મઝામાં છીએ. સ્વાતિને રમાડશો.

ઉમાશંકર જોશીના સપ્રેમ શુભાશિષ

(૨)

221, Peking Hotel,
Peking, New China.

.....

અમે સૌ હોંગકોંગથી નીકળ્યા ત્યારે લખેલો કાગળ મળ્યો હશે. ત્યાંથી બીજે ત્રીજે દિવસે મળે એટલે ૨૫મી સુધીમાં મળ્યો હશે. હોંગકોંગથી અમે ગાડીરસ્તે કેન્ટોન આવ્યા.

કેન્ટોન આવ્યા ત્યારે ઝીણી ફરફર આવતી હતી. દીવાબત્તીનો સમય હતો. ઊતરતાં જ એક બાળક હાથમાં ફૂલનો ગુચ્છો આપે અને આપણી આંગળી પકડી રાખીને સાથે સાથે ચાલે. સ્વાતિ કરતાં મોટી અને નંદિનીથી નાની છોકરીએ મને પકડ્યો હતો. ચાલતા ચાલતા દરવાજે આવ્યા ત્યાં અનેક છોકરાછોકરીઓ હારમાં ટોળાબંધ ઊભાં હતાં. હાથ માથા જેટલા ઊંચા કરીને તાળીઓ પાડતાં પાડતાં શાંતિ-ગીત ગાતાં હતાં. ઢાળ આપણાં ગીતોને કાંઈક મળતો, આપણને ગમે એવો હતો. બહાર આવ્યા ત્યાં ટોળાંઓએ તાળીઓ પાડી વધાવી લીધા. બસમાં બેઠા ત્યારે આંગળીએથી પેલી છોકરી છૂટી પડી. બધાં જુવાનો પણ ગાતાં ગાતાં અહીં આવીને ઊભાં. બહુ ઉત્સાહ અને આનંદનું વાતાવરણ હતું.

બસથી હોટેલ ઉપર પહોંચ્યા. ૧૧ માળની હોટેલ પર્લ (મોતી) નદી ઉપર આવેલી છે. ચોથે માળે મુકામ હતો. ત્રિપી રિટાયરીંગ રૂમ જેવી સગવડ હતી. બાથરૂમમાં ટૂથબ્રશ, સાબુ, પેસ્ટ, અને ઘાસનાં ચંપલ મૂકેલાં હતાં. અમે ચંપલ થોડી વાર પહેર્યાં. બાકીની ચીજો ખોલીને કાઢી નહિ. સ્થાનિક શાંતિસમિતિ તરફથી મિજબાની હતી. ચીની ઢબનું ખાવાનું હતું. વાનીઓનો પાર નહિ. એક પછી એક આવ્યે જ જાય, વાંસના ફૂણા કકડા, બિલાડીના ટોપ, ભાત ભાતનાં શાક. ચીની ઢબનો શાકાહારી ખોરાક અમને આપવામાં આવ્યો હતો. બ્રેડ, ભાત, સૂપ, સેવ, કાચાં શાક હોઈ ભૂખ્યા રહેવાનો તો સવાલ જ ન હતો. કેટલો સમય ખાણું ચાલ્યું હશે? સવા બે કલાક. પેકિંગથી શ્રીયુત

લો ખાસ આવ્યા હતા. તેમણે મહારાજનો હવાલો સ્ટેશન ઉપર જ લીધો હતો. એ દુભાષિયાનું કામ કરતા હતા. ચીની નેતાઓ સાથે ઘણી વાતો થઈ. બહુ જ શાંતિથી, વિવેકથી વાતો કરે. ૧૧॥ જેટલા સમયે સૂઈ ગયા.

સવારે ૫॥ વાગે ઊઠવાનું હતું. ૬। વાગે તૈયાર થઈ નાસ્તા માટે પહોંચવાનું હતું. નદીનું સુંદર દર્શન થયું. સામેથી સૂર્ય ઊગી રહ્યો હતો. નદીમાં હોડીઓ ચાલવા માંડી હતી. એક મોટો ગંજાવર તરાપો પસાર થયો. હોડીઓને ઘર તરીકે પણ અહીં વાપરે છે. એવાં હોડીઘરો ઉપર સવારથી કૂકડા બોલતા હતા. નદીનો સળવળાટ ચીનની એક ખાસ પ્રવૃત્તિનો ખ્યાલ આપતો હતો. આ નદીનું બંદર ચીનમાં પ્રખ્યાત છે. નીચે નાસ્તો પતાવ્યો હતો. આ હોટેલમાં ખાવાનું બધું ઉપર ૧૧મે માળ થાય અને લિફ્ટમાં નીચે લાવી પીરસવામાં આવે. મમરા મળ્યા. બહુ સુંદર હતા. ૭। વાગે ઊપડ્યા. વિમાનઘર ઉપર ગયા ત્યાં આગેવાનો મૂકવા આવેલા. થોડી વારમાં વિમાન તૈયાર થયું. અમને બોલાવવાગાં આવ્યા. વિમાનઘરમાં પણ સામયિકો એક ખૂણામાં વાંચવા માટે ગોઠવેલાં હતાં. વિમાનઘર જૂના રાજ્યના વખતનું હતું. ૩ દિવસ ને ૩ રાત ગાડીની મુસાફરી છે. અગાઉની મંડળી એ રીતે ગયેલી. શાંતિસમિતિના મંત્રી વગેરે જ. પણ ૨૫મી તારીખ નક્કી હોઈ અમને વિમાનથી મોકલવાની વ્યવસ્થા થઈ હતી.

વિમાન ઊપડવા માટે શરૂ થયું. ત્યાં એક ભાઈ ખૂટે. સુકાનીને ખબર કરવામાં આવી. કાચમાંથી બહાર જોતાં શ્રી મનોજબાબુ દોડતા દોડતા-હાંફળાફાંફળા આવી રહ્યા હતા. બંગાળીના એક લોકપ્રિય લેખક છે. 'આમિ ભૂલિ નાઈ' (હું ભૂલ્યો નથી) નામની એમની નવલકથા છે. છતાં ભૂલી ગયા. આ વિમાન પાનઅમેરિકન વિમાન કરતાં નાનું હતું. પણ જાણે ઘેર આવ્યા. પેલામાં એક જુવાન તહેનાતમાં હતો પણ એની વિનયશીલ વર્તણૂંકમાં પણ તિરસ્કાર – બલકે નફરત છૂપી રહેતી ન હતી. અહીં એક બહેન હતી. કોણ જાણે શાની બનેલી હશે. આખો

વખત ફરકડીની પેઠે ફર્યાં જ કરે અને માવજતમાં અને વિનયમાં ભારે કુશળ. ખાવાનું પણ પેલા કરતાં સાદ્ધું પણ સારું હતું. ચીનમાં ભોજન પૂરું થયા પછી દાંત ખોતરવા દીવાસળી જેવડી સળી આપવામાં આવે છે, એવી સળી વિમાનમાં પણ આપવામાં આવેલી. પડીકામાં. આ વિમાનયાત્રા પણ ઘણી મઝાની અને બોધપ્રદ નીકળી.

ચીનની ભૂમિનાં દર્શન થયાં. માઈલોના માઈલો સુધી ખેતરો જ ખેતરો. એક તસુ પણ જમીન રહેવા દીધેલી ન જણાય. એક સાથે ૨૫–૩૦ ગામ નજરે પડે. ૧૧૦૦૦ ફૂટ ઊંચે ઊડતા હતા. યાંગત્સે–કિયાંગ નદી આવી. એટલે ઊંચેથી એ મહાન નદીને મોટા મોટા વળાંકો લેતી જોવામાં કેટલી બધી મઝા આવી હશે ! પાણીનો પ્રવાહ પીળો લાગે. અનેક નાની નદીઓ આવીને એને મળતી હતી. લાંબી નહેરો ખેતીને પોષણ આપતી ચમકી રહી હતી. ખેતી જોઈ હૈયું ઠરે. વચ્ચે થોડોક પ્રદેશ પહાડનો આવ્યો. સારા ઊંચા એવા પહાડોનું ધણ હતું. એક મોટું સરોવર – માઈલો લાંબું– દેખાયું. થોડાક કલાક પછી હેન્કાઉ કરીને શહેર છે ત્યાં વિમાન ઊતર્યું. વિમાનઘરની સડક પાકી ન હતી, બલકે સાફ કરેલી જમીન જ હતી. ઘાસ ઊગેલું હતું. નંદિની જેવડી બહેનોએ ફૂલકલગીઓ આપી અને સૌ આરામ માટે ચાલ્યા. ત્યાં ચાનાસ્તો હતો. ત્યાંના આગેવાનો સાથે સારી ચર્ચા થઈ. પછી ઊપડ્યા. પેકિંગ પહોંચતા પહેલાં યલો રિવર આવે. પણ નદી અને અમારી વચ્ચે દૂધનો સાગર હતો. દૂધના ઊભરા ઉપર ઊભરા આવ્યા કરતા હોય એમ ધોળાં વાદળો અમારી નીચે ઊછળ્યા કરતા હતાં. કયારેક કયાંક બાકોરું મળે તો નીચેની ધરતી, ગામો, સુધડ ખેતરો – બધું જરીક ડોકિયું કરી જાય. આજે સવારે ઊપડ્યા પછી એક અદ્‌ભુત દૃશ્ય જોવા મળ્યું હતું. વિમાનની નીચેનાં વાદળોમાં એની છાયા પડતી હતીઃ બીજું વિમાન આપણી સાથે ને સાથે જાણે ઊડી રહ્યું ન હોય ! કયારેક કયારેક વળી એની આસપાસ રંગીન કુંડાળું રચાઈ જતું. મેઘધનુષ્યના રંગોમાં વીંટળાયેલી અમારા વિમાનની છાયા જોતા જોતા અમે ઊડતા હતા.

સાંજે પાંચ વાગે પેકિંગ ઊતર્યા ત્યાં અનેક ઊંચી કક્ષાના આગેવાનો, અગાઉથી આવેલા હિંદીઓ અને અન્ય દેશના પ્રતિનિધિઓ અને નંદિનીઓ હાજર હતાં. ફૂલ અપાયાં. આરામઘરમાં જઈ ચા પીધી. થોડી વારમાં શહેર તરફ જવા ઊપડ્યા. હેન્કાઉ થોડુંક રોકાયા. ત્યાં અને અહીં બંને વિમાનઘરો ઉપર અમારી સાથેના એક બંગાળી ગાયકે ગીતો ગાયાં અને ચીની બાલિકાઓએ પણ ગીતો ગાયાં. અહીં તો નૃત્ય પણ થયું. ઉલ્લાસનું વાતાવરણ તરત જ રચાઈ જતું. આ તો દુનિયાની એક મોટી સરકારનું વિમાનઘર, પણ અત્યંત સાદું. આખું દૃશ્ય આપણા બામણા આસપાસનાં ગામો જેવું: ઝૂંપડીઓ, તસુએ તસુ જમીન ઉપર ખેતી, દૂર દૂર ડુંગરો. ધીમે ધીમે પેકિંગ શહેરના જૂના કિલ્લામાં પેઠા. અંતે પેકિંગ હોટેલ પર આવી પહોંચ્યા.

☆

ક્રાન્તિની પ્રક્રિયાઓ

યશવંત શુક્લ

(૧૯૧૫ –)

સહેજ વાતે વાપરીને 'ક્રાન્તિ' શબ્દને બહુ સસ્તો કરી નાખવામાં આવ્યો છે. કોઈ પણ તંત્ર યા વ્યવસ્થામાં ઉપરચોટિયો ફેરફાર થયો હોય તો પણ એમાં 'ક્રાન્તિ' થઈ છે એમ બહુ સહેલાઈથી કહી દેવાનો જાણે કે એક રિવાજ પડી ગયો છે. શબ્દ શબ્દ વચ્ચેના અર્થનો વિવેક કરવામાં આપણાં વર્તમાનપત્રો એટલું ઓછું સમજે છે કે આ શબ્દનો અર્થ બગાડી મૂકવામાં કદાચ એમનો હિસ્સો સૌથી મોટો છે.

ક્રાન્તિ એટલે ધરમૂળનો પલટો. કોઈ પણ જૂની વ્યવસ્થા સામેનો ધૂમાઈ રહેલો રોષ એકદમ સળગી ઊઠે અને એને હોલવવાના એ વ્યવસ્થાના બધા પ્રયત્નોને છેદીને, એને ઉથલાવીને, તુમુલ સંઘર્ષને અન્તે, નવી, જુદા જ પ્રકારની, વ્યવસ્થા કરવામાં આવે ત્યારે ક્રાન્તિ થઈ કહેવાય. સંઘર્ષ તેમ જ મૂલથી અગ્ર સુધીની નવી રચના અને નવી દૃષ્ટિ એ ક્રાન્તિનાં આવશ્યક લક્ષણો છે. કેવળ જૂની વ્યવસ્થાનો કે જૂના સત્તાધરોનો નિકાલ એ ક્રાન્તિ નથી. જૂના વખતમાં રાજમહેલોમાં જે 'ક્રાન્તિ'ઓ થતી, એક રાજાને મારીને બીજાને ગાદીએ બેસાડવામાં આવતો, તે વાસ્તવિક અર્થમાં ક્રાન્તિઓ નહોતી, કેમકે તંત્રરચનામાં અને તેની પાછળની દૃષ્ટિમાં એથી કશો ફેર પડતો નહિ. એ જ રીતે, બંધારણીય રીતે એક પક્ષ બહુમતીનો ટેકો ગુમાવતાં સત્તા પરથી ખસે ને બીજો તેને ઠેકાણે સત્તા પર આવે તે પણ ક્રાન્તિ નથી. અથવા તો, એક સરમુખત્યાર કે આપખુદ શાસકને ઉથલાવી પાડીને બીજા સરમુખત્યાર કે આપખુદ શાસકને તંત્ર સોંપવામાં આવે તે પણ ક્રાન્તિ

નથી, ક્રેમક્રે એમાં ગાનારા બદલાયા છે પણ ગાન તો એનું એ જ હોય છે. ગાનારાની સાથે ગાન પણ બદલાય ત્યારે ક્રાન્તિ થઈ કહેવાય.

રાજ્યઘટના સાથે સંબંધ ધરાવતી ક્રાન્તિનો જ અત્રે વિચાર કરવો ધાર્યો છે. ક્રાન્તિનું જલદમાં જલદ રૂપ રાજ્યક્રાન્તિમાં પ્રત્યક્ષ થતું હોય છે. વ્યક્તિજીવન અને સમૂહજીવન ઉપર રાજ્યનો પ્રભાવ સૌથી વિશેષ હોવાથી રાજ્યતંત્ર બદલવાથી સમસ્ત જીવન પલટી શકાશે, નવેસરથી બધું રચી શકાશે, એવી સમજ એની પાછળ રહેલી હોય છે. અને છતાં વારંવાર એવું પણ જોવા મળે છે કે જૂના રાજ્ય-તંત્રને ઉથલાવી પાડવામાં જે જુસ્સો કામે લાગ્યો હોય તે નવી તંત્રરચના કરતી વખતે ખૂબ નરમ પડી ગયો હોય. લગભગ બધી ક્રાન્તિઓની લાંબે ગાળે એ જ દશા થતી હોય છે. મોટા ભાગની ક્રાન્તિઓની સિદ્ધિઓ તપાસીશું તો મોળી પડી ગયેલી કે જીર્ણ થયેલી નેતાગીરીને ઠેકાણે ઉગ્ર કે તેજસ્વી નેતાગીરીને બેસાડવા ઉપરાંત ભાગ્યે જ કંઈ વિશેષ એણે સાધ્યું હોય. ક્રાન્તિ પૂર્વેનો આડંબર ગમે તેટલો મોટો ભલેને રહ્યો, પણ વ્યવસ્થા સ્થપાતાંની સાથે જ જૂની ને જાણીતી ઘરેડોમાં એ અટવાઈ જાય છે. માઇકેલ્સ તો કહે છે કે, "આ ધાતકી રમત, સંભવ છે કે, અનંત કાળ લગી ચાલ્યા કરે."

ક્રેન બ્રિન્ટન નામના લેખકે ક્રાન્તિને માટે આતંક અથવા તાવનું સચોટ રૂપક પ્રયોજ્યું છે. ક્રાન્તિ એ રાજ્યશરીરને આવેલો તાવ છે એમ કહીને રૂપકને આગળ ચલાવતાં એ કહે છે કે રાજ્યશરીરને તાવ લાગુ પડતાં એક વાર તો ધખારો પુષ્કળ વધી જાય છે, પણ એની પરાકાષ્ઠા આવી ગયા પછી તાવ નરમ પડે છે, અને સૂતકાવસ્થા (convalescence) આવે છે, જે પછી દરદી સાજો થઈ જાય છે એટલે કે પૂર્વે હતો તેવો થઈ જાય છે.

પણ આ વિચારસરણીમાં ને આ રૂપકમાં ઠીક ઠીક સત્યાંશ હોવા છતાં એમાં થોડીક અપૂર્ણતા રહેલી છે. તે એ કે ક્રાન્તિ પૂર્વેના સિદ્ધાંતો

ક્રાન્તિ પછી ગમે તેટલા ઝાંખા પડી જાય, કે સમૂળગા વિસરાઈ જાય તો પણ ક્રાન્તિને લીધે ઇતિહાસનો ક્રમ જે ફર્યો તે તો ફર્યો જ. એક નવો યુગ, એક નવો શક, એને લીધે પ્રવર્ત્યો તે તો પ્રવર્ત્યો જ. રાજ્યક્રાન્તિને લીધે જૂની વ્યવસ્થા તો જાય જ, પણ શાસક અને શાસિતના સંબંધનું સ્વરૂપ પણ બદલાય; અને આ કારણે રાજ્યતંત્રમાં જે આમૂલ પરિવર્તન સધાય તે વત્તેઓછે અંશે ચિરંજીવ પણ નીવડે.

ખરેખરી રાજ્યક્રાન્તિના બે મુખ્ય પ્રકારોનો આપણે ભેદ કરવો જોઈશે. એક તો રાષ્ટ્રીય ક્રાન્તિનો પ્રકાર છે, અને બીજો છે વર્ગીય ક્રાન્તિનો. પ્રજા જેને પરાયી માનતી હોય તેવી રાજસત્તાને તે ઉથલાવી પાડે ત્યારે રાષ્ટ્રીય ક્રાન્તિ થઈ કહેવાય. પ્રજાની સ્વાતંત્ર્યની ચળવળની એ પરાકાષ્ઠા સૂચવે છે. આ ચળવળને આખી પ્રજાનો ટેકો ન હોય કે શુદ્ધ રાષ્ટ્રવાદથી પણ એ ન પ્રેરાઈ હોય એ બનવા જોગ છે. અમુક એક વર્ગ સંકુચિત આકાંક્ષાઓથી પ્રેરાઈને પણ જો દેશ પર બહારથી લદાયેલી સત્તાને હાંકી કાઢે તો તેથી પણ રાષ્ટ્રીય ક્રાન્તિ સિદ્ધ થઈ ગણાય, કેમકે એ રીતે પણ પોતાના દેશમાં પોતાનું જ રાજ્ય હોવાનો અધિકાર પ્રજા સ્થાપિત કરે છે અને એમાં સફળ થતાં રાષ્ટ્રીયતાને જ વેગ મળે છે. ઇતિહાસમાં પરદેશી વિજેતાઓને પદભ્રષ્ટ કર્યાના, ભિન્ન પરંપરા કે ભિન્ન સંસ્કૃતિને કારણે મોટાં સામ્રાજ્યોમાંથી ટુકડાઓ અલગ પડ્યાના કે વસાહતોએ પિતૃભૂમિ સાથેના સંબંધો છેદ્યાના જે દાખલાઓ નોંધાયા છે તે આ કોટિના છે. આ પ્રકારની ક્રાન્તિ માટેનાં આંદોલનોને કચડી નાખવામાં આવ્યાનાં પણ ઉદાહરણો છે, જેમકે ૧૮૫૭નો હિંદનો 'બળવો.' પણ એવા નિષ્ફળ આંદોલનથી યે પરરાજ્ય નંબળું અવશ્ય પડે છે અને પ્રજાકીય આંદોલન એટલી સફળતા તો અચૂક પ્રાપ્ત કરે છે.

એથી સ્વરાજ્યનો એનો માર્ગ ખુલ્લો થઈ જાય છે, અને રફ્તે રફ્તે એની મજલ સ્વરાજ્ય સુધી પહોંચે છે. આ પ્રકારની ક્રાન્તિની પ્રક્રિયામાં હિંસા ન ફાટી નીકળી હોય અને પ્રતિકાર તથા કાયદાભંગનાં

બીજાં સ્વરૂપોનો આશ્રય લેવાયો હોય એમ પણ બને. હિંદ એનું દૃષ્ટાંત અમુક અંશે પૂરું પાડે છે, જો કે '૪૨ની લડત ઠીક ઉગ્ર હતી. અને 'આઝાદ સેના'ની સ્થાપના તથા 'નાવિકોનો બળવો' ઓછો સૂચક નહોતો. જો સત્તાસોંપણીની વાટાઘાટો બ્રિટિશ સરકારે યથાસમય શરૂ કરી દીધી ન હોત તો આ બધું કયાં જઈને વિરમત તે કહેવું મુશ્કેલ છે..

આ પ્રકારની ક્રાન્તિઓએ સંસ્કૃતિનો ઇતિહાસ રચવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે એ કારણે તેમનું મહત્ત્વ તો છે જ, પરંતુ એથી પણ મહત્ત્વની એક બીજી હકીકત એમાંથી તરી રહે છે તે સમજવા જેવી છે. તે એ કે જ્યારે એક પ્રજા દૃઢ સંકલ્પથી પરચક્રનો પ્રતિકાર કરવા માંડે ત્યારે બહારથી લદાયેલી સત્તાઓનું લશ્કરી બળ નિર્વીર્ય પુરવાર થાય છે. સ્વાતંત્ર્ય માટે લડતી પ્રજાની લશ્કરી તાકાત ભલેને એના દુશ્મન કરતાં હજાર દરજ્જે ઊતરતી હોય તો પણ એનું નૈતિક બળ ખૂબ કામ લાગે છે. પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન સામ્રાજ્યો એક પછી એક જે રીતે પડી ભાંગ્યાં છે તે આ વિધાનનું સમર્થન કરે છે. દેશ મોટો હોય તો તો વિદેશી સત્તાનો નમ્યે જ છૂટકો થાય છે.. પણ દેશ નાનો હોય છતાં પ્રજાની બંડવૃત્તિ જલદ હોય તો પારકી સત્તાનો થાકીહારીને પણ ખસ્યા વિના છૂટકો થતો નથી. આયર્લેન્ડનો દાખલો એ માટે પૂરતો થઈ પડશે. સામ્રાજ્યોનો ક્ષય એ તો ઇતિહાસનો એક સાધારણ બનાવ છે. મોટું કદ એ કંઈ દીર્ઘાયુષ્યની બાંહેધરી નથી; જો કે મોટા કદની સાથે અનર્ગળ સત્તા અને અનર્ગળ સાધનોની વાત સમજી જ લેવાની છે, તો પણ એનો ગુજારો કેવળ બળ ઉપર જ થતો હોવાથી એમાં ભંગાણ પડ્યા વિના રહેતું નથી. અત્યારે તો દુનિયાભરમાં રાષ્ટ્રવાદ અર્થાત્ 'અપને દેશમેં અપના રાજ'ની ભાવના એટલી પ્રબળપણે ફાલી છે કે જૂના સામ્રાજ્યનો યુગ આથમ્યો ગણાય. કાં તો એમણે પોતાનું રૂપ બદલી નાખવું જોઈએ (જે બ્રિટિશ સામ્રાજ્યે કર્યું છે અને સ્વતંત્ર, સાર્વભૌમ અને સમાન રાષ્ટ્રોના સમૂહ રૂપે હવે

પોતાનું અસ્તિત્વ ટકાવવા એ મથે છે,) કાં તો પૃથ્વીપટ પરથી અદૃશ્ય થવું જોઈએ.

આ પછી વર્ગીય ક્રાન્તિવાળો બીજો પ્રકાર જોઈએ. કાર્લ માર્ક્સે એની મહત્તા વધારી આપ્યા પછી અભ્યાસીઓનું ધ્યાન એની પ્રત્યે સવિશેષ ગયું છે. તમામ વર્ગીય ક્રાન્તિઓ અમુક એકસરખી અવસ્થાઓમાંથી પસાર થાય છે એ માન્યતા પણ કાર્લ માર્ક્સ પછી રૂઢ થતી ચાલી છે. એ અવસ્થાઓનો સંક્ષેપમાં નીચે પ્રમાણે ખ્યાલ આપી શકાય:

પ્રથમ વાત એ કે આ પ્રકારની ક્રાન્તિ પૂર્વેની રાજસત્તા એટલે કાં તો સત્તા બથાવી બેઠેલી ટોળકી અથવા તો દમનશાહી. એમાં શાસકોનો એક એવો વર્ગ જન્મ્યો હોય, જે કાં જડતાથી કાં હેતુપૂર્વક, પલટાતા સમાજની જરૂરતો અને માગણીઓ પ્રત્યે દુર્લક્ષ કરે. રાજતંત્રમાં દૃષ્ટિ કે કલ્પનાનો અભાવ હોય, ઘણી વાર તો ચેતન અથવા સ્ફૂર્તિનો પણ અભાવ હોય, કયારેક અંદર અંદર ફાટફૂટ પણ પડી હોય. અસંતોષ વધ્યા જ કરે અને સ્થાપિત સત્તાનું જડ થતું જતું તંત્ર જેમની આડે આવતું હોય તેઓ અસંતોષ વધાર્યા પણ કરે. સરકાર પાસે દમન સિવાય બીજો ઇલાજ જ ન રહ્યો હોય, અને દમનને પરિણામે અસંતોષ ઊલટો વધે, એટલું જ નહીં, એ તંત્રનું અસલનું વશીકરણ ઓગળી જાય, એની પ્રત્યેની પ્રજાના મોટા ભાગની વફાદારી ઓસરવા લાગે અને એ જુલમગારીનો પર્યાયશબ્દ બની રહે. જડ, અકુશળ શાસકવર્ગ ન તો આ નવી પરિસ્થિતિનો પ્રતિકાર કરી શકે અને ન તો પરિવર્તનની પ્રક્રિયાને અનુકૂળ બની શકે. જે અધિકારસૂત્રો એના હાથમાં હોય તેને છોડી દેવાનો એ ઇનકાર કરે, એટલું જ નહીં, બંડખોર જૂથો કે વર્ગોનો ભાગ રાખવાનો પણ ઇનકાર કરે, પરિણામે બળવો ફાટી નીકળે. પણ ત્યારે પણ પ્રચલિત રાજયતંત્રની સત્તાનો ખ્યાલ આખા સમાજના ચિત્તમાં એટલો ઘર કરી બેઠેલો હોય કે બંધારણીય રીતો અને પરંપરા-

ઓને અનુસરવાનું એ વધારે પસંદ કરે. દાખલા તરીકે, રાજાશાહી સામે ઇંગ્લેંડની પ્રજાનું ક્રાન્તિકારી આંદોલન પાર્લમેન્ટ દ્વારા ચાલ્યું હતું. જે આંદોલન પ્રસિદ્ધ ફ્રેન્ચ ક્રાંતિમાં પરિણમ્યું હતું. તેણે રાષ્ટ્રીય ધારાસભાના રૂપમાં મરી પરવારેલી 'એસ્ટેટસ જનરલ'ને પુનર્જીવન આપવાનો પ્રયત્ન કરેલો; અને ૧૯૧૭ની રશિયન ક્રાંતિએ પણ જે પહેલી કામચલાઉ સરકાર રચી તે ડ્યૂમા (રશિયન ધારાસભા)ની ભૂમિકા પર રચાયેલી. પરંતુ જે ક્રાંતિનું આંદોલન લાંબા સમયથી ચાલતું આવ્યું હોય તો પ્રજાનો સંચિત થયેલો રોષ અને સંચિત થયેલું બળ બંધારણીય રૂપોમાં પુરાઈ બેસવાને સદંતર નારાજ હોય; પરિણામે જૂના તંત્રના ફુરચ્ચેફુરચ્ચા ઊડી જાય.

જૂનું તંત્ર પડી ભાગવાને પરિણામે આખા રાષ્ટ્રમાં ભયંકર કંપ પેદા થાય; નવી નવી શક્યતાઓ દેખાવા માંડે, નવા નવા મનોરથો પેદા થાય અને ક્રાંતિની ચળવળમાં અતિ ઉદ્દામ તત્ત્વોને પુષ્કળ વેગ મળે. નવું બંધારણ તો ઘડાય પણ એ બંધારણ અને એના ઘડવૈયાઓની હજી પ્રતિષ્ઠા બંધાઈ ન હોય, પોતાના લાભ માટે મથતા વિરોધી જૂથોનો એને મુકાબલો કરવો પડે. અતિ સમર્થ, અતિ સ્ફુર્તિલા, અતિ જોશીલા નેતાને માટે તક ઝડપવાની જે ઘડી, તે આ જ. રશિયન ક્રાંતિ પછી ઝારને ગાદીત્યાગ કરવો પડ્યો, અને પ્રથમ પ્રિન્સ લ્વોવ ને પછી કેરેન્સ્કીની સરકાર રચાઈ તે ઉદારમતવાદી અને ડ્યૂમા દ્વારા લોકશાહી ધોરણે કામ લેતી સરકાર હતી. પણ યુદ્ધ ચાલુ રાખવાની એની નીતિ યુદ્ધથી કંટાળેલી પ્રજાને રુચતી નહોતી; વળી જમીનમાલિક થવાને થનગની રહેલા ખેડૂતોને તાબડતોબ જમીન સોંપવાનો એનાથી નિર્ણય ન લઈ શકાયો. આ અસંતોષનો બોલ્શેવિક પક્ષે લાભ લીધો. બોલ્શેવિક પક્ષ આમ તો લઘુમતી પક્ષ હતો પણ એ અત્યંત ઉગ્ર, કોઈ પણ પગલું ભરતાં પાછું વાળીને જુએ નહીં એવો, ઝડપ મારીને પડાવી લેવામાં માનનારો પક્ષ હતો. એનો નેતા પણ ધીર અને સમર્થ

હતો. લેનિન. પરિણામે રશિયન ક્રાંતિને અંતે બોલ્શેવિક પક્ષ સત્તા પર આવી શક્યો.

આવી તમામ કટોકટીની પરિસ્થિતિઓમાં નેતાગીરીનો મહિમા સોળે કળાએ ઝગે છે. જે અંતિમવાદી હોય છે તે વધારે શૂર, વધારે કઠોર અને નિષ્ઠુર, અને પોતાને અનુસરનારાઓને નવા સ્વર્ગનું અને નવી પૃથ્વીનું વચન આપી દેવાને પણ વધારે ઇંતેજાર હોય છે. વેળા કટોકટીની હોય છે, લાગણીઓ ખૂબ ઉત્કટ, ખૂબ તંગ બની હોય છે. એટલે એ સમયે પ્રકાશતા અંતિમવાદી નેતાનાં વચનો અસલના કરતાં વધારે આદરથી પ્રજા કાને ધરે છે. જૂના રાજ્યતંત્રને ઉથલાવી પાડવામાં જે હિંસક લાગણીઓ પ્રવૃત્ત થઈ હોય તેને ધાર ચડવાથી હજી વધારે ધરમૂળના ફેરફારો કરવાનો નશો પણ પ્રજાને ચડે છે. જૂના સામાજિક બંધો તૂટી ગયા હોવાથી માનવધણ ઊંધું ઘાલીને પૂરપાટ દોટ મૂકે છે. એને દિશા જોઈએ છે, પણ તે વર્ગતની એની મનોદશાને અનુકૂળ. એ ક્રાંતિબુદ્ધિના અવતારરૂપે જે નેતા ઉદય પામે છે તે જ પોતાની વર્ચસ્વી પ્રતિભાથી ખાલી પડેલા સત્તાસ્થાનને ભરી દે છે. પ્રાચીન ગ્રીસમાં જે "જુલમગારો" સત્તા પર આવેલા તે આ રીતે; ક્રૉમ્વેલ, શેક્સપિયર અને લેનિનના પ્રાકટયનો ખુલાસો પણ આ જ.

આવા ઉદ્દામ ક્રાન્તિકારોના ઉદ્દેશો ગમે તેટલા ઊંચા હોય અને પોતાના સિદ્ધાંતો વિશેની તેમની નિષ્ઠા ગમે તેટલી ઊંચી ને સાચી હોય તો પણ એમણે પોતે નવરચનાનો એક એવો કાર્યક્રમ પ્રજા સમક્ષ ધર્યો હોય છે, જે ક્રાન્તિ પછી એમણે પાળી બતાવવો જ રહ્યો અને જે કાર્યક્રમ અત્યંત જલદ અને નિષ્ઠુર પદ્ધતિ અજમાવ્યા વિના અમલમાં મુકાય એવો ભાગ્યે જ હોય. પરિણામે, જેટલી હદ સુધી હિંસા આચરી શકાય તેટલી હદ સુધી તેમણે એ આચરવી જ રહી. આ સમયનાં તોફાન અને ધાંધલને જુદી નીકમાં એમણે વાળવાં જોઈએ. એટલે પોતાના તમામ પ્રકારના વિરોધીઓની સામે, અને ક્વચિત્ બહારના દુશ્મનની સામે આ તોફાની બળોને એ છોડી મૂકે. નીતિ-

અનીતિની પંચાત કર્યા વિના આ નવી નેતાગીરીએ પોતાની સત્તા જમાવવા માટે જે તે પગલાં ઝટ ભરવાં જોઈએ, અંધાધૂંધી અને અવ્યવસ્થામાંથી એણે વ્યવસ્થા ને તંત્ર ઉપજાવવાં જોઈએ, લોકોની હાડમારીઓ અને યાતનાઓ દૂર કરવાના કામે એકદમ મંડી પડવું જોઈએ, કેમકે નહીં તો જે નવો અસંતોષ પેદા થાય તે એને જ ભરખી જાય. આથી વર્ગીય ક્રાન્તિ પછી જે નવી રાજસત્તા સ્થપાય તે અનિવાર્યપણે સરમુખત્યારીવાળી હોય અને નવો નેતા એનો સરમુખત્યાર હોય. જો એ માર્કસ્વાદી વિચારસરણી પઢેલો હોય તો પોતાના મનને એમ મનાવી શકે કે આ સરમુખત્યારી એક કામચલાઉ યોજના જ છે, ક્રાન્તિના અંતિમ લક્ષ્ય સુધીની યાત્રાનું એક વિશ્રાન્તિ-સ્થાન છે, અનિવાર્યપણે એની જરૂર પણ છે. પણ તેથી કંઈ અંતિમ લક્ષ્ય સાથે જેનો મેળ મળે એવા સિદ્ધાન્તોથી એ પોતાના વર્તનને નિયમી શકે નહીં. મોટા અને વ્યાપક સુધારાઓની યોજના એ પાર પાડી આપે પણ એને વિશેનો જરાક જેટલો મતભેદ એ સાંખી શકે નહિ. પોતાના ટેકેદારોનો પણ વિરોધી સૂર એ ચલાવી ન લે. પોતે જે કંઈ કરે તેની લાખ્ખો ને કરોડોના જીવન અને નસીબ પર અસર પડે, પણ કોઈએ જરા વાંધોવચકો પાડ્યો યા ફરિયાદની ચૂંચાં કરી કે તેનું આવી બન્યું જ સમજવું. આમ નવી સ્વતંત્રતાનું પરોઢ એક વાર તો અત્યંત દમનકારી શિસ્ત અને ત્રાસનું સામ્રાજ્ય બની રહે. આ નવનિર્માણના ઉપાસકોએ પ્રથમ તો જે કંઈ પોતાના માર્ગમાં આડે આવતું હોય, જેનો જેનો પોતાને અણગમો હોય તેને ધરમૂળથી ઉખેડીને સાફ કરી નાખવું રહ્યું. જૂની રૂઢિચુસ્તતાને સ્થાને જરા ચસે નહીં એવી નવી રૂઢિચુસ્તતાને એમણે પ્રતિષ્ઠિત કરવી પડે. સર્વત્ર આકરામાં આકરો જાપતો રાખવો પડે, કાવતરાની લગીર ગંધ આવતાં આકરામાં આકરી સજાઓ કરવી પડે, જાસૂસો અને બાતમીદારોની જાળ સર્વત્ર બિછાવી દેવી પડે.

પણ ક્રાન્તિકારો જેવા સત્તા પર આવે કે તેમનામાં અને તેમના

પક્ષકારોમાં એક માનસિક પરિવર્તનની પ્રક્રિયા દેખા દે. નેતા અને એનું મંડળ સત્તાની મોહમૂર્છામાં પડી જાય. પહેલાં જે આદર્શવાદી ધ્યેય ઉપર તેઓ ભાર મૂકતા હોય તેને બદલે હવે 'વિરોધમાત્રને નિર્મૂળ કરીને સત્તા ટકાવી રાખવાના નવા ધ્યેય પર ભાર મૂકવામાં આવે. પેલા આદર્શવાદી ધ્યેય સુધી પહોંચવું કઠણ છે. ક્રાન્તિના પેગંબરોએ જે માયાવી સૃષ્ટિની ઝાંખી કરાવી હોય તેની સાથે મનુષ્યસ્વભાવને બનતી રાશ આવતી નથી. સામાજિક અને રાજકીય સંસ્થાઓમાં જબ્બર પરિવર્તન થાય એટલે કંઈ જૂના ચાલક હેતુઓ નાશ પામતા નથી. એટલે સત્તાની ટોચે ગમે તે આવે, પ્રોલિટેરિયેટ (શ્રમજીવીઓ) આવે, તેથી પણ શું? સ્વાતંત્ર્ય, સમાનતા અને ભ્રાતૃભાવ તો હજી સિદ્ધ થવાં બાકી જ રહે. વર્ગવિહીન સમાજનું પણ હજી શમણું જ હોય. બીજી બાજુએ ક્રાન્તિધર્મની ધગશ ઓછી થઈ ગઈ હોય, આસ્તિકોની શ્રદ્ધાને પણ અનેક આઘાતો પહોંચતા હોય; ક્રાન્તિ પર જેઓ અતિ ફિદા હોય, તેમનો જ ઉત્સાહ માત્ર ટકી રહ્યો હોય, સરકારનો પ્રચાર તો પહેલાંના જેવો જ જોરદાર હોય પણ એનો અવાજ ધીમે ધીમે બદલાય, અંદરનાં મંડળોમાં તડાં પડવા માંડે. વર્ચસ્વ માટેની સ્પર્ધા મચે અને જે હારે તે સાફ થઈ જાય એ એનો અંજામ હોય. આ સ્થિતિએ નવી કટોકટી પેદા થાય અને ઘણી વાર તો યુદ્ધ કે એની તૈયારીઓ ચાલે. અલબત્ત, પરદેશના દુશ્મનોની સામે પહેલાં ક્રાન્તિધર્મને જે અગત્ય મળતી હોય તે હવે સરકારની ઇચ્છાને વશ વર્તવાની બાબતને મળે. આ રીતે એક એવી અવસ્થાનું નિર્માણ થાય, જેને ક્રાન્તિના માર્કસવાદી નિષ્ણાતો "થર્મિડોર"ને નામે ઓળખે છે. થર્મિડોરમાં – એટલે કે ૧૭૯૪ના જુલાઈ માસમાં – રોબ્સપિયરનું પતન થયું હતું અને ફ્રેંચ ક્રાંતિની અતિશયતાઓ તેમ જ એના સિદ્ધાંતો સામે પ્રત્યાઘાતો શરૂ થઈ ગયા હતા. પણ આથી એમ નથી માનવાનું કે "થર્મિડોર" થતાં અવશ્ય કરીને નેતા ઊથલી પડવો જ જોઈએ. પ્રત્યાઘાતી પ્રક્રિયા શરૂ થાય એટલું જ એ માટે પૂરતું છે. તાત્પર્ય

એટલું જ કે ક્રાન્તિનો આવેશ પણ નરમ પડી જાય છે અને રાજ્યની કાયાપલટ થાય છે. ક્રાન્તિની પ્રક્રિયા અહીં સંપૂર્ણ થાય છે.

ક્રાન્તિનું ચક્ર કેમ આંટો પૂરો કરે છે તેની રૂપરેખા ઉપર આપી છે. એને વ્યાપ્તિનું રૂપ આપવું પડ્યું છે, તે પ્રક્રિયામાં મુખ્ય તત્ત્વો બરાબર સમજાવવા માટે. એનો અર્થ એવો નથી કે જ્યારે પણ ક્રાન્તિ થાય ત્યારે ઉપર ગણાવી બરાબર તેવી જ અવસ્થાઓમાં રહીને એને પસાર થવું પડે. એમાં ઘણી વિવિધતાને અવકાશ છે: ઇતિહાસનું પુનરાવર્તન કદી થતું નથી; તેમ છતાં મનુષ્યસ્વભાવનાં પ્રમાણમાં સ્થાયી કહી શકાય તેવાં વલણો એકેએક પરિસ્થિતિમાં નવી નવી રીતે પ્રગટ થતાં હોય છે. ઇતિહાસે નોંધાયેલી જબ્બર ક્રાન્તિઓમાં એકબીજાને તદ્દન મળતા આવતા હોય એવા બનાવો શોધવા બેસવું વ્યર્થ છે. દાખલા તરીકે છેલ્લી ગણાવી તે "થર્મિડોર"વાળી અવસ્થા લઈએ. એ ઓર્ચિતા ફેરફાર રૂપે પણ આવી શકે. "થર્મિડોર"વાળી અવસ્થા રશિયામાં સ્તાલિનના સમયમાં આવી ગણવી કે લેનિનના સમયમાં આવી ગણવી તે વિશે મતભેદ સંભવે છે. આટલું જાણવું પૂરતું છે કે પ્રત્યેક ક્રાન્તિને એનાં પોતાનાં ખાસ લક્ષણો હોય છે, પ્રત્યેકનો માર્ગ નિરાળો હોય છે. પ્રત્યેક પોતાની વિશિષ્ટ પરિસ્થિતિમાંથી જન્મી હોય છે અને કોઈ પણ બે ક્રાંન્તિઓની વ્યૂહરચના કદાપિ એકસરખી હોતી નથી.

રાજ્યપ્રકરણના સમર્થ ચિન્તકોએ ક્રાન્તિની પુષ્કળ મીમાંસા કીધી છે. એમણે એનાં કારણોનો – અને એના નિવારણનો પણ – ઊંડો વિચાર કર્યો છે. પેલોપોનેશિયન વિગ્રહ દરમ્યાન ગ્રીસનાં નગરરાજ્યોમાં જે પરિસ્થિતિને લીધે ક્રાન્તિની ભૂમિકા રચાતી હતી તેનું થસિડાઇડ્સે સમર્થ નિરૂપણ કર્યું છે. એણે સમજાવ્યું છે કે ક્રાન્તિને વેગ આપનારી મોટામાં મોટી કોઈ વસ્તુ હોય તો તે યુદ્ધ છે, કેમકે યુદ્ધ સમયે જન-સમાજના મોટા ભાગના મિજાજને પંપાળવો પડતો હોય છે એટલે. એમની તે સમયની સ્થિતિનો ઉપાય પણ કરવો પડતો હોય છે. પણ એણે એ વાત પણ કરી છે કે ક્રાન્તિ, યુદ્ધ વગેરેનું કારણ મનુષ્યો લોભ અને મહત્વાકાંક્ષાથી ઉત્તેજિત થઇને સત્તા કબજે કરવા જાય

છે, તે છે, એરિસ્ટોટલે ક્રાન્તિનાં મૂળ કારણ તરીકે અસમાનતા અને તેમાંથી અન્યાયનું જે ભાન પ્રગટે છે તે ગણાવ્યાં છે. દરજ્જા વચ્ચેની, માન આદર વચ્ચેની અને વ્યક્તિ વ્યક્તિની સંપત્તિ વચ્ચેની અસમાનતાનો એણે નિર્દેશ કર્યો છે. એણે યથાર્થ જ કહ્યું છે કે જ્યાં થોડા માણસો સત્તા બથાવી બેસીને ઘણા માણસો પર રાજ ચલાવે છે, ત્યાં ક્રાન્તિને સૌથી વધારે અવકાશ રહે છે. પ્રજાની સંમતિની ભૂમિકાને વધારે ને વધારે વ્યાપક કરતા જવી એ ક્રાન્તિની તકલીફ ટાળવાનો સારામાં સારો ઉપાય છે. લોકશાસનમાં ક્રાન્તિને ઓછામાં ઓછો અવકાશ છે એમ પણ એરિસ્ટોટલે કહ્યું છે.

એરિસ્ટોટલના સમયથી લઈને તે છેક ઓગણીસમી સદી સુધી ક્રાન્તિ વિશેનો તર્ક આથી આગળ વધ્યો નહોતો. પણ ઓગણીસમા સૈકામાં માર્ક્સ અને એંગલ્સે એને નવો જ ઝોક આપ્યો. 'કમ્યુનિસ્ટ મેનિફેસ્ટો'એ ક્રાન્તિને ઐતિહાસિક મહત્ત્વ બક્ષ્યું. એની પહેલાંના વિચારકોએ ક્રાન્તિને વાજબી કે ક્ષમ્ય ગણી હોય ત્યારે પણ ધૂતકારી કાઢી હતી, પણ માર્ક્સે એનું પુષ્કળ ગૌરવ કર્યું અને પ્રચંડ સામાજિક પ્રગતિ સાધવાનું એને નિમિત્ત બનાવી. એને મન ક્રાન્તિ એ "ઇતિહાસનું ચાલક બળ" હતી.

પણ ઇતિહાસનું ચાલક બળ એ એક નથી, અનેક છે. ક્રાન્તિ એક મોટું ચાલક બળ છે એ નિર્વિવાદ છે, પણ દરેક પ્રસંગે એને જ આરાધ્ય કે ઇષ્ટ ગણવાથી વસ્તુસ્થિતિમાં કે પ્રજાની મનોદશામાં ફરક પાડી શકાય, પણ એથી માનવજાતિનું કલ્યાણ જ થશે એમ નિઃસંશય-પણે કહી શકાય નહિ. ઇતિહાસમાં એવા પણ કાળ આવ્યા છે જેમાં મોટી મોટી ક્રાન્તિઓ, મોટીમોટી ઊથલપાથલો મચી છે જે પરિણામક નીવડી છે; અને એવા પણ કાળ આવ્યા છે જેમાં ક્રાન્તિનો અભાવ વરતાય છે અથવા એ વિરલ દીસે છે. અંતે એટલું જ કહી શકાય કે માનવકલ્યાણ અને માનવપ્રગતિ માટે ક્રાન્તિ કરવી અનિવાર્ય હોય ત્યારે જ એ ધર્મ બને છે.

ટિપ્પણી

પૃ. ૩ દેશજનતાનું સ્વરૂપ કેવું હતું.....જુઓ, નર્મદનું મંદિર, ગદ્યવિભાગ, પૃ. ૧૩૨–૪.

૫ સુધારાના વિચાર.....જુઓ, એજન, પૃ. ૧૩૬–૮,

૬ 'સુધારો' ઇંગ્લંડમાં ટયૂડરોના રાજ્યસમયમાં ચાલેલી ધર્મસુધારણા (Reformation) ની પ્રવૃત્તિ જેવી અહીં અંગ્રેજી અમલના આરંભના અરસામાં શરૂ થયેલી પ્રવૃત્તિ. કલાસાહિત્યગત સંચલન તે 'પુનરુત્થાન' (Renascence અથવા Renaissance).

૯ સુધારાની નિશાની...સુધારો–સંસ્કૃતિના આધુનિક અર્થમાં.

૨૦ અદૃષ્ટ....સરખાવો. 'અદૃષ્ટ' પૃ, ૭૨ તથા ૧૦૬.

૨૫ પ્રતિ વર્ષે...લાખ રૂપિયાનો ખર્ચ....."પ્રતિ વર્ષ એક લાખ રૂપિયાના ખર્ચથી આજ લગભગ ૩૨ વર્ષથી જે મહાયજ્ઞ થયા કરે છે એમાં ખરું જોતાં સરકારના રાજ્યવહીવટ ઉપર થતી ટીકાનું મહત્ત્વ નથી, પણ જે ચૈતન્યની એમાં સ્ફૂર્તિ છે તે જ ખરા આદરને પાત્ર છે."

—આ. બા. ધ્રુવ, વસંત, વૈશાખ ૧૯૭૨.

૨૭–૨૮ રાજા પરદેશી...સર. 'દુર્ગારામ ચરિત્ર'માંથી ઉતારો, અર્વાચીન ચિન્તનાત્મક ગદ્ય, પૃ. ૬.

૩૧ પાંચ ભાવનાઓ...(૪) ઉપેક્ષા (૫) અશુભ. યોગસૂત્ર પ્રથમ ચાર જ સ્વીકારે છે.

૩૩ એક અંગ્રેજ નવલકથાકાર...'The Coming of Amos' by William J. Locke, પ્ર. ૧૩, પૃ. ૧૬૩.

એક ચિન્તક...એજન, પ્ર. ૨૧, પૃ. ૨૭૮.

૫૨ અંબાલાલભાઈનો ચોથો સિદ્ધાંત...પહેલા ત્રણ સિદ્ધાંતો-(૧) 'સ્વતંત્રતા. પણ આ મહા વિચારનો હિતકર વ્યવહારશોધક, ઉન્નતિસાધક આવિર્ભાવ નૈતિક જ હોઈ શકે, એનો આત્મા શુદ્ધ કર્તવ્યનિષ્ઠ આત્મમંથનમાંથી ઉદ્ભવતું ચારિત્રઘટન છે એ પ્રતીતિ એમના રોમેરોમમાં હતી.* [*રામનારાયણ પાઠક જેવા ગાંધીભક્ત અંબાલાલને ગાંધીજીના પુરોગામી ગણે છે, તે આ મૌલિક અંશમાં તો વાસ્તવિક જ છે; પણ (કેટલાક) અંશોમાં ગાંધીજી પહેલાંના જમાનામાં ગાંધીજી સાથે સૌથી ઓછો મેળ એવા અગ્રણી અંબાલાલભાઈ જણાય છે.]'-પૃ. ૧૧૨. (૨) 'ખરી પ્રગતિ વ્યક્તિઓ અને સંસ્થાઓના આગ્રહી નિર્ણાલસ અને બુદ્ધિપૂર્વક મથનની કુદરતી રીતે અને યોગ્ય સમયે પાકતી સમુત્ક્રન્તિના રૂપની જ હોઈ શકે.'-પૃ. ૧૧૮. (૩) 'ઇંગ્લાંદ ઇંગ્લિશ પ્રજા અને ઇંગ્લિશ રાજ્યનીતિમાં અવિચલ બેહદ શ્રદ્ધા.'-પૃ ૧૨૧.

સૂરતની કૉંગ્રેસ...જુઓ મુનશી કૃત નવલકથા 'સ્વપ્નદૃષ્ટા'.

૫૪ એ ખૂણો...લાલ જ રહ્યો...'લાગણીઓની આટલી ઉંમરે આવી તીવ્રતા, તેમને વશ રાખવામાં આવી સફલતા,...જુવાન મનસ્વી માણસોને દાબમાં રાખવાનો આવો વિજય, આ પારદર્શી બુદ્ધિ, આ જ્વલન્ત દેશદાઝ, તેજસ્વી આંખનો આ લાલચોળ ખૂણો...એમનું આ દર્શન જ મારા સ્મૃતિપટમાં ઊંડામાં ઊંડી રેખાઓ વડે કોતરાયું છે,'-બ. ક. ઠાકોર, પ્રયોગમાળા, અંબાલાલભાઈ, પૃ. ૧૩૧.

૬૪ મારે ક્યાં વસવું...શાંતિનિકેતન, કુંભમેળો અને કાંગડી ગુરુકુળની મુલાકાત પછી ગાંધીજીએ અમદાવાદ વસવાનો કરેલો નિર્ણય સૂચક અને લાક્ષણિક છે.

૭૪ ત્યાં અતિથિ આવ્યો...જુઓ ગાંધીજીની આત્મકથા, ખંડ ૫, પ્ર. ૧.

૭૫ યોગસૂત્રમાંનાં રીંગણાં....મુનશીએ પાતંજલ યોગશાસ્ત્રમાંથી લીધેલો શબ્દ (ગુજરાતની) અસ્મિતા. જુઓ, પૃ. ૭૭.

૯૪ નચાવ્યું નાચનાર...સર૦ પૃ. ૧૦૫.

૯૮ ચં૦...ચંદ્રશંકર અમૃતલાલ શુચ, ભુજ. સિંધિયામાંથી નિવૃત્ત થઈ ભારત સરકારના ઍસિ. ડિરેક્ટર ઑફ શિપિંગ. રંગદર્શી દરિયાઈ સાહસકથાના કર્તા...

૧૦૦ 'કોકિલા'...જુઓ કથનકલાનો વિજય–'જૂઈ અને કેતકી', પૃ. ૨૫૩ તથા ૩૦૮.

૧૦૬ હાર્ડિના અંધ વિધાતા...જુઓ હાર્ડિનું અંગ્રેજી કાવ્ય 'Hap', ૧૮૬૬માં ૨૬ વર્ષની વયે લખેલું. જીવનની કરુણભવ્યતા દર્શાવતી એની નવલકથાઓમાં નિયતિનો અભાવ એ મધ્યવર્તી વિચાર છે.

૧૦૮ વિવેચન તો પ્રાંશુલભ્ય ફલ....प्रांशुलभ्ये फले मोहाद् उद्बाहुरिव वामनः રઘુવંશ, પ્રાસ્તાવિક ૪.

૧૧૮ न तत्र सूर्यो...कठ उपनिषद्

૧૨૭ પુત્રસમોવડી...આ જ નામનું મુનશીકૃત નાટક કચદેવયાની વિષે છે.

પ્રેમલ...લવંગિકાની મોટી બહેનનો પુત્ર. સુશીલા, લવંગિકા ને પ્રેમલ પણ નરસિંહરાવ પહેલાં વિદેહ થયાં. કરુણામય વિધિવૈચિત્ર્ય !

૧૨૮ પ્રગતિના પંથમાં...ઉજાળી હતી...'પ્રેમળ જ્યોતિ તારો દાખવી

મુજ જીવનપંથ ઉજાળ' એ પંક્તિનો અર્થભેદે વિનિયોગ.

૧૩૦ પ્રસન્નમનશંકર...જુઓ રમણભાઈ કૃત 'ભદ્રંભદ્ર'.

૧૩૧ કૃષ્ણપક્ષની...A Midsummer Night's Dreamની પ્રેમકથા કૃષ્ણપક્ષની છે.

૧૩૩ માજી ગવર્નર લૉર્ડ રોનાલ્ડશે કૃત India–A Bird'seye-view.

૧૩૪ લૉર્ડ ચેમ્સફર્ડ...હિંદનો બ્રિટિશ વાઇસરૉય, ૧૯૧૯.

૧૪૪ સ્મટ્સ અને બાપુજી...પંખીઓની મૈત્રી અને ફળફૂલના આનંદના વાતાવરણ ઉપર દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહની છાયાનું સૂચન છે એ વૈચિત્ર્ય વિચારપ્રેરક વાસ્તવદૃષ્ટિ બતાવે છે.

૧૫૪ પ્લેગના દિવસો...૧૮૬૪ની વેપારી ઉથલપાથલ, ૧૯૨૭ની અતિવૃષ્ટિ, ૧૯૨૮ની બારડોલીની લડત એ સૌ જેવો આ ગુજરાતનો ઇતિહાસ છે, વાર્તા નથી. વડોદરા, ખેડા આદિ જિલ્લાઓમાં ૧૯૧૭–૧૮માં થએલો છેલ્લો પ્લેગનો ઉપદ્રવ.

૧૮૫ સ્વાતિની હાલા....નન્દિની અને સ્વાતિ, ઉમાશંકરની પુત્રીઓ.

૧૯૧ મહારાજનો હવાલો...'શાંતિસમિતિ'માં ભારતીય ગુજરાતી પ્રતિનિધિ તરીકે રવિશંકર મહારાજ ચીન ગયા હતા. તેમની સાથે ઉમાશંકર જોશી અને યશવન્ત શુકલ ગયેલા. ત્રણે જણે એ પ્રવાસ વિષે લખ્યું છે. સંયોગવશાત્ તા. ૨૫ને બદલે ગાંધી જન્મદિન બીજી ઑક્ટોબરે પરિષદનો આરંભ થયેલો.

૧૯૩ નન્દિનીઓ...લક્ષણાર્થે. બામણા...કર્તાનું વતન.

૧૯૭ આઝાદ સેના...બીજા વિશ્વયુદ્ધ દરમિયાન હિંદ બહાર સુભાષ

બોઝે સ્થાપેલી.

૧૯૯૬ ક્રાન્તિકારી આંદોલન....ઇંગ્લેંડમાં ક્રોમવેલ પ્રેરિત, ૧૬૪૨-
ત્યાર બાદ Bloodless Revolution, ૧૬૮૯.
ફ્રેંચ ક્રાન્તિ....૧૭૮૯ની. યુદ્ધ...પ્રથમ વિશ્વયુદ્ધ, ૧૯૧૪-૧૮.

૨૦૦ રૉબ્સપિયર...ફ્રેન્ચ અગ્રણી.

ઐતિહાસિક વિચારણાપૂર્વક નર્મદે આપણો દેશજનતા (રાષ્ટ્રત્વ)નો ખ્યાલ સ્થાપ્યો. સમાપન દાખલ 'દેડકાંની પાંચ-શેરી'માં બ. ક. ઠાકોરનું પાત્ર ભજવનાર પ્રો. યશવંત શુક્લ પ્રો. ઠાકોરને અનુરૂપ નવીન સમયોચિત ઐતિહાસિક દૃષ્ટિ દર્શાવે એ વિરલ યોગ છે.

☆

